
# તત્વવિચાર

અને

# અભિવંદના

ચીમનલાલ ચકુભાઈ શાહ



# તત્ત્વવિચાર અને અભિવંદના


લેખક

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ

સંપાદકો

રમણલાલ ચી. શાહ

પન્નાલાલ ર. શાહ

ગુલાબ દેઢિયા



પ્રકાશક

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ,

મુંબઈ ૪૦૦ ૦૦૪

મુખ્ય વિક્રેતા

**નવભારત સાહિત્ય મંદિર**

૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨

*

ગાંધી રોડ, પતાસાપોળની સામે,

જૈન દેરાસર પાસે, અમદાવાદ–૧.

TATTVAVICHĀR ANE ABHIVANDANĀ
by Chimanlal Chakubhai Shah

Published by
Shri Bombay Jain Yuvak Sangh
385, Sardar V. P. Rd., Bombay 400 004

પ્રથમ આવૃત્તિ : નવેમ્બર, ૧૯૮૫

પ્રત ૧૧૦૦

કિંમત રૂ. ૩૫/-

●

પ્રકાશક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૮૫, સરદાર વી. પી. રોડ,
પ્રાર્થના સમાજ, મુંબઈ ૪૦૦ ૦૦૪

●

મુદ્રક

શિવલાલ જેસલપુરા
ગિરીશ જેસલપુરા
સ્વાતિ પ્રિન્ટિંગ પ્રેસ,
૧૩, તેજપાલ સોસાયટી,
અમદાવાદ ૩૮૦ ૦૦૭

●

આવરણચિત્ર

જય પંચોલી

# પ્રકાશકીય

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓમાં એના પાક્ષિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'નું નિયમિત પ્રકાશન એ એક મહત્ત્વની પ્રવૃત્તિ છે. છેલ્લાં ૪૭ વર્ષથી નિયમિત પ્રગટ થતું રહેલું આ પાક્ષિક ગુજરાતના વિશાળ વાચકવર્ગનું પ્રીતિપાત્ર બન્યું છે. એમ થવામાં સૌથી મહત્ત્વનું પ્રદાન એના તંત્રીઓનું રહ્યું છે.

ઈ. સ. ૧૯૭૧માં 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી પરમાનંદ કાપડિયાના સ્વર્ગવાસ પછી સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આ પાક્ષિકનું સુકાન એમના જીવનના અંત સુધી સંભાળ્યું હતું. એક દાયકા જેટલા એ સમયમાં એમણે મૌલિક દૃષ્ટિ અને સ્વસ્થ, સમતોલ ચિંતન વડે આ સામયિકને ઉત્તરોત્તર ઉચ્ચતર ભૂમિકાએ લાવીને મૂક્યું હતું.

'પ્રબુદ્ધ જીવન'ના પ્રત્યેક અંકમાં સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ એક લેખ અચૂક લખતા. વળી ક્યારેક ક્યારેક વિવિધ ઘટનાઓ ઉપર તંત્રીનોંધ પણ લખતા. એ લેખોમાંથી ચિરંતન મૂલ્યવાળા કેટલાક લેખો તારવીને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આ અગાઉ બે પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે: (૧) અવગાહન અને (૨) સમયચિંતન.

સ્વ. ચીમનભાઈ છેક ૧૯૩૯થી 'પ્રબુદ્ધ જીવન'માં લખતા રહ્યા હતા. ત્યારથી તે ઈ. સ. ૧૯૭૧ સુધીમાં એમની કલમે લખાયેલા આવા ઘણા લેખો હજુ અગ્રંથસ્થ રહ્યા છે. તેમાંથી મહત્ત્વના કેટલાક લેખો તારવી એક પુસ્તક પ્રકાશિત કરવાનો નિર્ણય અમારી કાર્યવાહક સમિતિએ કર્યો અને આ પુસ્તકના સંપાદનનું કામ ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી પન્નાલાલ ર. શાહ અને પ્રા. ગુલાબ દેઢિયાને સોંપવામાં આવ્યું. એમણે 'પ્રબુદ્ધ જીવન'ની વર્ષવાર ફાઈલો તપાસી, લેખોની પસંદગી કરી, વિષય-અનુસાર ગોઠવી આ પુસ્તકનું સંપાદન કર્યું છે. આવું પરિશ્રમયુક્ત કાર્ય કરી આપવા માટે અમે તેઓના આભારી છીએ.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના અવસાન બાદ એમની સ્મૃતિમાં ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક નિધિના નામથી દ્રવ્યસંચય કરવામાં આવ્યો હતો. આ નિધિમાંથી સ્વ. ચીમનભાઈના લેખોનું એક પુસ્તક 'સમય-ચિંતન' પ્રગટ કરવામાં આવ્યું હતું. હવે આ પુસ્તકનું પ્રકાશન પણ એ નિધિમાંથી જ થઈ રહ્યું છે તે અમારા માટે અત્યંત આનંદની વાત છે.

સ્વ. ચીમનલાલ ચકુભાઈ સ્મારક નિધિના દાતાઓનો, વિવિધ પ્રવૃત્તિ-ઓની જવાબદારી ઉપાડી લેનાર કાર્યકર્તાઓનો તથા 'તત્ત્વવિચાર અને અભિવંદના'ના પ્રકાશનમાં જેમના જેમના તરફથી એક યા બીજી રીતે સહકાર સાંપડ્યો છે તે માટે અમે તે સહુનો આભાર માનીએ છીએ.

મુંબઈ
તા. ૧૨-૧૧-૧૯૮૫
દીપોત્સવી પર્વ

કે. પી. શાહ
પન્નાલાલ ર. શાહ
મંત્રીઓ

# સંપાદકીય

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે છેક ઈ. સ. ૧૯૩૬ થી સંકળાયેલા હતા. પર્યુષણ વ્યાખ્યાનમાળાના એક વ્યાખ્યાતા તરીકે તેઓ ઈ. સ. ૧૯૩૬ થી એકાદ-બે અપવાદ સિવાય ઈ. સ. ૧૯૮૨ સુધી એટલે કે એમના દેહોત્સર્ગ સુધી સંકળાયેલા હતા. તદુપરાંત ઈ. સ. ૧૯૩૯ થી 'પ્રબુદ્ધ જૈન' અને ઈ. સ. ૧૯૫૩ થી 'પ્રબુદ્ધ જીવન'માં જીવનને વ્યાપકપણે સ્પર્શે એવા પ્રશ્નો અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાઓ વિશે એમના વિચારો પ્રગટ થતા રહ્યા હતા. છેલ્લો એક દાયકા જેટલો સમય તેઓ જૈન યુવક સંઘના પ્રમુખપદે રહ્યા હતા.

ઈ. સ. ૧૯૭૧ માં પરમાનંદ કુંવરજી કાપડિયાના અવસાન બાદ તેઓ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી થયા. તેટલે 'પ્રબુદ્ધ જીવન'માં એમને નિયમિત લખવાનું થયું. આ રીતે એમણે લખેલા લેખોનો એક સંચય 'અવગાહન'ના નામે ઈ. સ. ૧૯૭૭ માં પ્રગટ કરવામાં આવ્યો હતો. ઈ. સ. ૧૯૮૨ માં એમનું અવસાન થયું. ઈ. સ. ૧૯૭૭ થી એમના દેહોત્સર્ગ સુધીમાં એમણે લખેલા લેખોનું એક પુસ્તક 'સમયચિંતન'ના નામે એમની પ્રથમ પુણ્યતિથિએ ઈ. સ. ૧૯૮૩ માં પ્રગટ કરવામાં આવ્યું હતું. પરંતુ તેમાં ઈ. સ. ૧૯૩૯ થી ઈ. સ. ૧૯૭૧ સુધીમાં 'પ્રબુદ્ધ જૈન' કે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા એમના લેખો હજુ સુધી ગ્રંથસ્થ થયા ન હતા. આવા લેખોમાંથી ચિરંતન મૂલ્યોવાળા લેખો તારવીને પુસ્તકરૂપે પ્રગટ કરવાનો શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કારોબારી સમિતિએ નિર્ણય કર્યો અને એનું સંપાદનકાર્ય અમને સોંપવામાં આવ્યું. એ માટે અમો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઋણી છીએ.

સ્વ. ચીમનભાઈની વિચારસરણી મૌલિક, સ્પષ્ટ અને તટસ્થ હતી. સ્વભાવે તેઓ ચિંતક હતા અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી હોવાના કારણે વિષયના મૂળ સુધી જવાની એમની દૃષ્ટિ રહેતી. કાયદાના તેઓ નિષ્ણાત હતા એટલે સંક્ષેપમાં ચોકસાઈપૂર્વક લખવાનો એમને મહાવરો હતો. એમની વિચારસરણી

તર્કબદ્ધ અને વિશદ હતી. કોઈ પણ વિષય લ્યો, એ વિષયોનાં બધાં પાસાંઓને આવરી લઈ નિચોડરૂપે ચીમનભાઈને જે કંઈ કહેવાનું હોય તે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ જ હોય. આપણા પ્રાચીન ઋષિ-મહર્ષિના વૈચારિક વારસાને, તેઓ આજના સંદર્ભમાં, ન્યાયસંગત રીતે ઢાળી શકતા. વ્યક્તિ વિશે લખતાં એમની દૃષ્ટિ ગુણગ્રાહી રહી હતી. 'અવગાહન' અને 'સમયચિંતન' એ બે એમનાં પ્રકાશનોએ એમને ગુજરાતના પ્રથમ કોટિના ચિંતકોમાં સ્થાન અપાવ્યું છે.

પ્રસ્તુત પુસ્તકમાં મુખ્યત્વે ઈ. સ. ૧૯૩૯થી ૧૯૭૧ સુધીમાં 'પ્રબુદ્ધ જૈન' કે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા લેખોમાંથી કેટલાક મહત્ત્વના લેખો પસંદ કરીને અહીં ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. ચીમનભાઈએ ગોવર્ધનધી વિશે 'પ્રબુદ્ધ જીવન'માં અવારનવાર લખ્યું છે. એ બધા લેખો યથાતથ અહીં પ્રગટ કરવાને બદલે એ લેખોનું સંકલન કરીને મૂકવામાં આવ્યા છે. તદુપરાંત વિષય, પ્રકાશનવર્ષ ઇત્યાદિની બાબતમાં વર્તમાન સંદર્ભની દૃષ્ટિએ આવશ્યક એવું સંકલન-સંપાદન જ્યાં ઉચિત અને આવશ્યક લાગ્યું ત્યાં કર્યું છે.

ચીમનભાઈના આ બધા લેખો માટે 'પ્રબુદ્ધ જૈન' અને 'પ્રબુદ્ધ જીવન'ની વર્ષવાર ફાઈલો અમને સુલભ કરી આપવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો કર્મચારીગણ ઉપયોગી થયો છે. આ બધા લેખોની પ્રેસકોપી તૈયાર કરી આપવાની શ્રી જયેન્દ્રભાઈ સચદેએ જવાબદારી વહન કરી છે અને પ્રૂફ-વાચનનું કામ સ્વાતિ પ્રિન્ટિંગ પ્રેસના ડૉ. શિવલાલ જેસલપુરાએ સંભાળી અમને મહદંશે ચિંતામુક્ત કર્યા છે. આ બધા મિત્રોના અમે તે માટે આભારી છીએ. તદુપરાંત આ સંપાદનકાર્યમાં એક યા બીજી રીતે સહાય કરનાર સૌ મિત્રોનો પણ અમે આ તકે આભાર માનીએ છીએ.

મુંબઈ,
તા. ૧૨-૧૧-'૮૫
દીપોત્સવી પર્વ

**રમણલાલ ચી. શાહ**
**પન્નાલાલ ર. શાહ**
**ગુલાબ દેઢિયા**
સંપાદકો

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય એકતા | ૧ |
| ૨ | અણુશસ્ત્રો | ૮ |
| ૩ | સ્ત્રી-પુરુષ-સંબંધ | ૧૧ |
| ૪ | લગ્ન : ચારિત્ર્યઘડતરનું સાધન | ૧૯ |
| ૫ | વિદેશમાં સ્થિર થતા ભારતીય વિદ્યાર્થીઓ અંગે | ૨૩ |
| ૬ | સર્વધર્મસમભાવ | ૨૭ |
| ૭ | વિધાયક અહિંસા | ૩૨ |
| ૮ | અહિંસા પરમો ધર્મ | ૪૧ |
| ૯ | મહામૂલા જીવનમાંથી હું શું શીખ્યો ? | ૪૫ |
| ૧૦ | ગીતાસંદેશ | ૪૮ |
| ૧૧ | સાધના | ૫૬ |
| ૧૨ | માનવીની ચેતનશક્તિ | ૫૯ |
| ૧૩ | મૂર્ખાઈની પરાકાષ્ઠા | ૬૧ |
| ૧૪ | કયે માર્ગે ? | ૭૨ |
| ૧૫ | જૈન સાહિત્ય | ૭૫ |
| ૧૬ | ધાર્મિક શિક્ષણ | ૭૯ |
| ૧૭ | ભગવાન બુદ્ધ | ૮૩ |
| ૧૮ | શતાવધાની મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજ | ૯૧ |
| ૧૯ | સ્વામી વિવેકાનંદ | ૯૩ |

| | | |
|---|---|---|
| ૨૦ | સંત ગાડગે મહારાજ | ૧૦૧ |
| ૨૧ | ગુરુદેવ ટાગોર | ૧૦૩ |
| ૨૨ | બર્ટ્રાન્ડ રસેલ | ૧૦૯ |
| ૨૩ | ગાંધીજી અને ટોલસ્ટોય | ૧૧૪ |
| ૨૪ | આલ્બર્ટ સ્વાઇટ્ઝર–૧ | ૧૨૪ |
| ૨૫ | આલ્બર્ટ સ્વાઇટ્ઝર–૨ | ૧૩૦ |
| ૨૬ | દાગ હેમરશીલ્ડ | ૧૩૬ |
| ૨૭ | ભગવાન મહાવીર | ૧૩૮ |
| ૨૮ | ગોવધબંધી, અહિંસા, ગોસંરક્ષણ અને ગોવંશવધ-પ્રતિબંધક કાયદો | ૧૪૩ |
| ૨૯ | મૂળ અધિકાર ( Fundamental Rights ) | ૧૪૮ |
| ૩૦ | અનામત બેઠકો – બંધારણની જોગવાઈ | ૧૫૫ |

# ૧

# રાષ્ટ્રીય એકતા

**રા**ષ્ટ્રીય એકતાનાં વિઘાતક બળો ભાષાવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ, પ્રાંતવાદ, ધર્મવાદ વગેરે નવાં નથી, પણ દેશને સ્વતંત્રતા મળ્યા પછી એકતાની દિશામાં પ્રગતિ થવાને બદલે ભિન્નતા અને જુદાઈ વધેલ છે.

સ્વતંત્રતા મળી ન હતી ત્યાં સુધી દેશ એક જ ધ્યેયને વરેલો હતો, પ્રજા એકતા અનુભવતી હતી અને ધ્યેયની સિદ્ધિ અર્થે સમર્પણની ભાવનામાં તે તલ્લીન રહેતી હતી. જે કોઈ વિઘાતક બળો હતાં તે સ્વાર્થી અને દેશદ્રોહી બળો હતાં – મુસ્લિમ લીગ કે કેટલાક રાજવીઓ. મુસ્લિમ લીગે ધર્મના નામે છેવટે દેશના ભાગલા કરાવ્યા અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવા આપણે ભારે મોટી કિંમત આપવી પડી. દેશના ભાગલા થતાં એક મહાન વિઘાતક શક્તિમાંથી આપણે મુક્ત થયા છીએ એમ લાગ્યું. પણ બીજું એક મોટું વિઘાતક બળ આપણી વચ્ચે ઊભું હતું – દેશી રાજ્યોનું. અંગ્રેજો હિંદુસ્તાન છોડી ગયા ત્યારે ઘણા લોકો એમ માનતા હતા કે હિંદના હજી વિશેષ ટુકડા થશે. સાર્વભૌમ સત્તા ખેંચી લેવાઈ તે પછી દેશી રાજ્યો સ્વતંત્ર થયાં અને ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ પછીનાં બે વર્ષો દરમિયાન કાંઈક ખટપટ, રાજરમત અને યોજનાઓ થઈ. સરદાર પટેલની દીર્ઘદૃષ્ટિ, કુનેહ અને દૃઢ નિશ્ચયબળ ન હોત તો દેશના વિશેષ ભાગલા થઈ જાત. પણ ૧૯૪૯ની આખર સુધીમાં આ ગંભીર કટોકટીનો અંત આવ્યો અને દેશના ભાગલા થયા છતાં પણ જે બાકી રહ્યું તે એક સબળ રાષ્ટ્ર થવાને લાયક બન્યું. હિંદુસ્તાનના ઇતિહાસમાં કોઈ કાળે ન હતું તેવું એક અખંડ અને અવિભાજ્ય રાષ્ટ્ર – કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને કલકત્તાથી કચ્છ સુધી – એક તંત્ર, એક બંધારણ નીચે સર્જાયું.

પણ રાષ્ટ્રીય એકતાને બાધક એવાં બીજાં બળો પણ હતાં અને તેને પહોંચી વળવાના પ્રયત્નો ગતિમાન થયા હતા. બંધારણ સભા (Constituent Assembly)માં છેક એપ્રિલ ૧૯૪૮માં નીચે મુજબ પ્રસ્તાવ સર્વાનુમતે થયો હતો.

"લોકશાહીને પૂરો અમલી આકાર આપવા માટે તેમજ રાષ્ટ્રીય એકતા અને સંગઠન સાધવા માટે ભારતમાંથી કોમવાદ નાબૂદ થાય એ જરૂરી છે એટલા માટે, આ બંધારણ-સભાનો એવો અભિપ્રાય છે કે પોતાના બંધારણના કારણે અથવા તો તેના કોઈ પણ અધિકારીને તેમજ તેની કોઈ શાખા-પ્રશાખાને મળેલી વિશિષ્ટ સત્તાના કારણે ધર્મ, જાતિ અને જ્ઞાતિ અથવા તો એ ત્રણમાંના કોઈ એક કારણસર જે કોઈ કોમી સંસ્થા અમુક જ વ્યક્તિઓને સભ્ય તરીકે સ્વીકારી શકતી હોય કે અમુક વ્યક્તિઓને રદ કરી શકતી હોય તેવી કોઈ પણ કોમી સંસ્થાને તે કોમની ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક જરૂરિયાતો માટે જરૂરી હોય તે સિવાયની બીજી કોઈ પણ પ્રવૃત્તિ ચલાવવાની રજા આપવામાં ન આવે અને આવી પ્રવૃત્તિઓ અટકાવવા માટે આવશ્યક એવાં કાનૂની કે વહીવટી પગલાં લેવામાં આવે."

આ પ્રસ્તાવ ઘણી રીતે ધ્યાન ખેંચે તેવો છે. આ પ્રસ્તાવમાં રહેલ ભાવના વિચારીશું તો આપણે અત્યારે કેટલા દૂર ગયા છીએ અને પરિસ્થિતિ કેવી પલટાઈ છે તેનું ભાન થશે.

(૧) પ્રસ્તાવ માત્ર કોમવાદ( comnunalism )નો ઉલ્લેખ કરે છે. અત્યારે આપણે ચાર-પાંચ બળોનો ઉલ્લેખ કરવો પડે છે: ભાષાવાદ ( linguism ), જ્ઞાતિવાદ ( casteism ), પ્રાંત અથવા પ્રદેશવાદ ( regionalism), ધર્મવાદ ( religion ) વગેરે. આ ઉપરથી આપણને સમજાશે કે સ્વતંત્રતા મળ્યા પછી એકતાવિરોધી કેવાં નવાં બળો ઊભાં થયાં છે.

(૨) આ પ્રસ્તાવમાં કોમી સંસ્થાઓને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં અટકાવવી એવો નિર્ણય છે. પણ એવી સંસ્થાઓની પ્રામાણિકપણે જરૂરી એવી ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનો કોઈ વિરોધ નથી, એટલું જ નહિ પણ તેને જરૂરી માની છે. હવે બધી કોમી સંસ્થાઓ—જેમાં ધાર્મિક સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે—ની બધી પ્રવૃત્તિઓ પ્રત્યે અણગમો, સૂગ અને તિરસ્કાર દર્શાવાય છે અને બધી કોમી સંસ્થાઓના અસ્તિત્વ ઉપર પ્રતિબંધ મૂકવાની વાતો થાય છે. જે કોમી સંસ્થા કોઈ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતી ન હોય અને માત્ર પોતાની કોમની જરૂરિયાત પૂરતી સાંસ્કૃતિક, ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિ જ કરતી હોય એવી સંસ્થાઓ પણ અનિષ્ટ છે અને તેમાં ભાગ લેવાવાળા અથવા કામ કરવાવાળા રાષ્ટ્રીય દૃષ્ટિવાળા નથી પણ કોમી માનસ ધરાવે છે એમ માનવામાં આવે છે અથવા એવો પ્રચાર થાય છે.

(૩) ઉપરના પ્રસ્તાવમાં કોમી સંસ્થાઓને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતી અટકાવવા માટે કાયદાથી અને વહીવટી રીતે (legislative and administrative) જે કાંઈ પગલાં જરૂરી લાગે તે લેવાનો ઉલ્લેખ છે. કાયદાથી આવાં કોઈ પગલાં લેવાયાં નથી અને હિંદુસ્તાનનું નવું બંધારણ થયું તે પછી આવાં કોઈ પગલાં કાયદાથી લઈ શકાય તેમ નથી, એમ સરકારના કાયદાના સલાહકારોએ સલાહ આપી છે, કારણ કે બંધારણમાં નાગરિકોને જે મૂળભૂત હક્કો (fundamental rights) આપવામાં આવ્યા છે તેમાં right of association – સંસ્થાઓ રચવાનો અધિકાર છે અને તે હક ઉપર કોઈ પ્રતિબંધ મૂકી શકાય નહિ સિવાય કે તે સંસ્થાની પ્રવૃત્તિ દેશના હિત કે સલામતી જોખમાયે તેવી હોય તો તે પ્રવૃત્તિ પૂરતો પ્રતિબંધ મૂકી શકાય. તાજેતરમાં Indian Penal Code, s—153 A અને People's Representation Act, s—125 માં થોડો ફેરફાર કર્યો છે જેથી કોમ-કોમ કે વર્ગ-વર્ગ વચ્ચે જે કોઈ વેરઝેર ફેલાવવાનો પ્રયત્ન કરે – ચૂંટણી દરમિયાન અથવા બીજી રીતે – તો તે ત્રણ વર્ષની જેલ અથવા દંડ અથવા બંને સજાને પાત્ર થાય છે. પણ આ ફેરફારથી રાષ્ટ્રીય એકતા સબળ થાય અથવા તેનાં સ્ફોટક તત્ત્વો દબાય એમ માનવાને કોઈ કારણ નથી.

૧૯૪૭થી ૧૯૬૧ સુધી આ પરિસ્થિતિ ઉત્તરોત્તર વણસતી કેમ રહી તેનાં થોડાં કારણો તપાસીએ તો તેના ઉકેલની કાંઈક સૂઝ પડે. ચૂંટણી નજીક આવે ત્યારે એકતાની વધારે બૂમો પડે અને કોમવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ વગેરેની સખત ઝાટકણી કાઢવામાં આવે.

આશ્ચર્યજનક લાગશે છતાં હકીકત છે, કે આઝાદી પ્રાપ્ત થયા પછી અને કેટલેક દરજ્જે તેને કારણે રાષ્ટ્રીય એકતાનાં વિઘાતક બળોએ જોર કર્યું અને ભેદભાવ વધ્યા. આઝાદીની લડત દરમિયાન એક જ ધ્યેય હતું – સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું – જેને કારણે ત્યાગ અને બલિદાનની ભાવના પ્રબળ હતી. આઝાદી મળ્યા પછી સત્તા આવી અને આબાદીની શક્યતા અને માર્ગ ખુલ્લાં થયાં. સત્તા અને આબાદીની વહેંચણી માટે ખેંચતાણ – fight for acquisition of power and prosperity – શરૂ થઈ. જે પક્ષના હાથમાં રાજકીય સત્તા આવી અને આટલાં વર્ષો રહી તે પક્ષમાં ખેંચતાણ વિશેષ થઈ. બીજા પક્ષો, લઘુમતી કોમો, પછાત વર્ગો, વગેરેને ઇર્ષ્યા થઈ અને વાતાવરણ વિશેષ તંગ થયું.

આવા સંજોગોમાં સત્તાધારી પક્ષ, તેના આગેવાનો અને બહુમતી કોમમાં જે ઉદારતા અને ત્યાગની ભાવના જોઈએ તેનો અભાવ માલૂમ પડ્યો, એટલું

જ નહિ પણ આ પરિસ્થિતિનો પોતાને માટે વધુમાં વધુ લાભ ઉઠાવવાની વૃત્તિ દેખાઈ. દરેક વર્ગ, કોમ, પ્રદેશ અને વ્યક્તિને એમ થયું, કે સત્તા અને આબાદી, પોતાને માટે વધુમાં વધુ મેળવી શકાય તેમ કરવું, એ જ સ્વાભાવિક છે. પુખ્તવયમતાધિકારને કારણે અંતિમ સત્તા આમજનતાના હાથમાં આવી, એટલે તેનામાં ખૂબ જાગૃતિ આવી અને પોતાના હક્કોનું તીવ્ર ભાન થયું અને તે સાથે પોતાની પાસે હથિયાર છે તેનું પણ ભાન થયું. પછાત વર્ગો, પછાત પ્રદેશો, લઘુમતી કોમો, સ્ત્રીઓ, હરિજનો વગેરેની ઉન્નતિ કરવાનું કોંગ્રેસનું ધ્યેય છે તે સાથે પોતાના પક્ષની સત્તા ટકાવી રાખવી છે, એટલે આ બધાં તત્ત્વોને સાથે રાખવાનું તેને માટે અનિવાર્ય બન્યું.

ચૂંટણીના સમયે દરેક કોમ કે વર્ગના સહકાર માટે વચનો આપવાં પડે. ઉમેદવારોની પસંદગીમાં કોમ અને વર્ગનું લક્ષ રાખવું પડે. તેથી આ બધાં તત્ત્વોને જોર મળ્યું.

પણ આ પરિસ્થિતિ માત્ર આમજનતાની છે એમ નથી. આગેવાનોનું પણ એવું જ માનસ છે. પોતાની કોમ કે પોતાના પ્રદેશનું હિત પ્રથમ મૂકવામાં આવે, દરેક રાજ્યના મુખ્ય પ્રધાન પોતાના રાજ્યની આબાદી કેમ વધે તે જ જુએ. તેમાં પણ દરેક પ્રધાન વળી પોતાના પ્રદેશનું હિત જુએ. દરેક ધારાસભ્ય પોતાના મતદાર વિભાગનું હિત આગળ કરે—પછી તે ઔદ્યોગિક વિકાસ માટે હોય, નહેરનાં પાણી માટે હોય, સીમાંઓ માટે હોય, સામાજિક અને શૈક્ષણિક લાભો માટે હોય. ગમે તે ક્ષેત્રે પોતાની કોમ અને પોતાના વિભાગ કે રાજ્યનું હિત જોરપૂર્વક આગળ કરવું એથી જ પોતાની સત્તા અથવા સ્થાન ટકી રહે. સમસ્ત દેશની આબાદીમાં પોતાની આબાદી છે, એ ભાવના ઉત્તરોત્તર ઘટતી જાય ત્યાં ભાવનાત્મક ઐક્ય (emotional integration) થાય ક્યાંથી ? પ્રાન્ત અથવા પ્રદેશવાદ (regionalism) જ વધે. ગુજરાતનું રાજ્ય થાય તેમાં ગુજરાત, સૌરાષ્ટ્ર કે કચ્છનાં હિતો જુદાં જુદાં ખેંચાય, મહારાષ્ટ્રમાં વિદર્ભ, મરાઠાવાડા કે મહારાષ્ટ્રનાં હિતોની ખેંચતાણ થાય – એવું બધે. એકલા સૌરાષ્ટ્રમાં જુઓ તો ઝાલાવાડ, ગોહિલવાડ, સોરઠ વગેરે પ્રદેશોની વચ્ચે ખેંચતાણ થાય. ગુજરાત-સૌરાષ્ટ્રનો માત્ર દાખલો જ આપું છું. બધે એવું છે, એથી પણ ખરાબ. આ પ્રમાણે કરે નહિ તો આગેવાની ટકે નહિ.

સૌથી ભયાનક વસ્તુ બની છે ભાષાવાદની. જેમ દેશના ભાગલા કરવાથી હિંદુ–મુસ્લિમ પ્રશ્ન પત્યો નહિ તેમ ભાષાકીય ધોરણે રાજ્યરચના કરવાથી

કોઈ પ્રશ્ન પત્યો નથી, એટલું જ નહિ પણ વધારે ગૂંચ ઊભી થઈ છે. એકભાષી રાજ્યરચનાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, તે ભાષા બોલતા લોકો લઘુમતીમાં હોય અને તેમનું સ્થાન ઊતરતું રહે. વહીવટીતંત્રમાં બહુમતી ભાષાવાળાનું જ વર્ચસ્વ રહે, અનેક રીતે તે ભાષાભાષી લોકોનું જ પ્રાબલ્ય વધે તેવાં પગલાં લેવાય. પછી Bengal for Bengalis, Bihar for Biharis – બંગાળ બંગાળીઓ માટે, બિહાર બિહારીઓ માટે અને એવું જ બીજાં રાજ્યોમાં થતાં વાર ન લાગે.

આજે એ થઈ રહ્યું છે. વળી બહુમતીની ભાષાને વહીવટીતંત્રની ભાષા બનાવતાં, અન્ય ભાષાભાષીને વહીવટમાં ઘણું ઓછું સ્થાન રહે. શિક્ષણની પણ એ જ ભાષા થાય એટલે રાજ્ય-રાજ્ય વચ્ચેની દીવાલો વધતી જાય. મુંબઈનો જ દાખલો લો. જૂના મુંબઈ રાજ્યનું વિભાજન થયું ત્યારે સર્વોચ્ચ કક્ષાએ વચનો આપવામાં આવ્યાં હતાં કે મુંબઈનું પચરંગી અને ભાતીગળ વ્યક્તિત્વ જાળવી રાખવામાં આવશે. આ વ્યક્તિત્વ એટલે તેનું બહુભાષાભાષી સ્વરૂપ કે હિન્દુસ્તાનના કોઈ પણ ભાગનો નાગરિક ત્યાં આત્મીયતા અનુભવે. હવે વહીવટી ભાષા, કોર્ટોની ભાષા, શિક્ષણનું માધ્યમ – બધું મરાઠી ફરજિયાત કરવામાં આવે, તો શું થાય તે કલ્પવું અઘરું નથી. ભાષાવાદનાં પરિણામો ટૂંક સમયમાં જ જે દેખાયાં છે તેથી તેની ગંભીરતા આપણે સમજી શકયા છીએ. રાજ્ય પુનર્રચના પંચ પણ આ ભયસ્થાનોથી પરિચિત હતું અને તેને ટાળવા કેટલાય ઉપાયો – safeguards – સૂચવાય છે, જેવા કે દરેક રાજ્યની હાઇકોર્ટના ત્રીજા ભાગના ન્યાયાધીશો પરપ્રાન્તના હોવા જોઈએ, અખિલ હિંદ સનદી નોકરીઓ વધારવી અને અમલદારોની વખતોવખત ફેરબદલી કરવી, ૧૫ થી ૨૦ ટકા અન્ય ભાષાભાષી લોકોની માગણી હોય તો તે ભાષાને પણ વહીવટી ભાષા તરીકે સ્વીકારવી, શિક્ષણના માધ્યમમાં કેટલીક જોગવાઈ અન્ય ભાષાભાષી માટે કરવી, લઘુમતી કોમોને વહીવટીતંત્રમાં પૂરતું સ્થાન આપવું, લઘુમતી કોમો અને પછાત વર્ગોને પોતાની પ્રગતિ માટે પૂરતો અવકાશ આપવો અને સમાન તક આપવી, સરકારી નોકરી અને અન્ય વહીવટીતંત્રોમાં લઘુમતી અને અન્ય વર્ગોને પૂરતું સ્થાન આપવું વગેરે. એમાંથી કોનો કેટલો અમલ થાય છે? વરિષ્ઠ અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક કરવામાં પણ ગુણદોષ કરતાં પ્રદેશ, કોમ અને ભાષાને લક્ષમાં લેવામાં આવે છે ત્યાં બીજાં ક્ષેત્રોનું તો શું કહેવું? દાખલા તરીકે, એક સૂચન એવું કરવામાં આવ્યું હતું કે અમલદારોની, અને ખાસ કરીને ઉચ્ચ કક્ષાના અમલદારોની, નિમણૂક કરવામાં

એવી વ્યક્તિઓની નિમણૂક કરવી કે જેનામાં સાચી રાષ્ટ્રીય દૃષ્ટિ હોય. પણ તેમના ઉપરી પ્રધાનોમાં જ રાષ્ટ્રીય દૃષ્ટિ ન હોય તો અમલદારોમાં ક્યાંથી આવે અથવા હોય તો પણ ક્યાં સુધી ટકે ? સુવિદિત છે કે કોમી અને પ્રાદેશિક માનસનું ઝેર ઉપરથી છેક નીચે સુધી ફેલાયેલું છે.

ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે પ્રાદેશિક ભાષાને સ્વીકારીને તો હદ કરી છે. આથી થતું નુકસાન સ્પષ્ટ દેખાય છે, પણ તેને અટકાવવાની હિંમત નથી એટલે અંગ્રેજી ઉપર વધારે ભાર મુકાતો જાય છે. અંગ્રેજીનું સ્થાન હિન્દીએ લેવું જોઈએ એ સ્પષ્ટ છે, છતાં અનેક કારણોને લીધે તે દિશામાં દૃષ્ટિ જતી નથી.

રાષ્ટ્રીય એકતા સર્જવી, ભાવનાત્મક ઐક્ય અનુભવવું તે સહેલું કામ નથી. હિન્દુસ્તાને આવી રાજકીય એકતા – political unity – ભૂતકાળમાં કદી અનુભવી નથી. સાંસ્કૃતિક અને ભૌગોલિક એકતા સદીઓથી છે અને રહી છે, પરંતુ તેને પણ હવે આંચકા લાગે છે. આપણા લોહીમાં જ કાંઈક આવું છે કે એક જ્ઞાતિની બે અને બેની ચાર જ્ઞાતિ કરીએ, પણ બેની એક કરી શકતા નથી. તે સાથે એકતાનાં જે બળો હતાં – ધાર્મિક તથા સામાજિક – તેની અસર ઘટતી ગઈ છે.

સાચી રાજકીય એકતા સ્થાપવા માટે રાજકર્તા પક્ષ અને તેના આગેવાનોમાં તથા બીજા રાજકીય પક્ષોમાં ઉદારતા, દીર્ઘદૃષ્ટિ, પ્રામાણિકતા, ત્યાગ વગેરે જોઈએ.

કોમી સંસ્થાઓ પ્રત્યેનું વલણ પણ ભૂલભરેલું જણાય છે. જે કોમી સંસ્થા માત્ર ધાર્મિક, સાંસ્કૃતિક કે શૈક્ષણિક પ્રવૃત્તિઓ જ કરતી હોય અને રાજકારણમાં કોઈ ભાગ લેતી ન હોય તેવી સંસ્થાઓ પ્રત્યે પણ જે અણગમો અને તિરસ્કારની વૃત્તિ પેદા કરવામાં આવી છે તે ખેદજનક છે. બંધારણ સભા– Constituent Assembly — ના ઠરાવથી આ વલણ વિરોધી છે. એવી સંસ્થાઓ ઉપર સીધો પ્રતિબંધ મૂકી શકાતો નથી એટલે તેને બીજી રીતે દાબી દેવાના પ્રયત્ન થઈ રહ્યા છે. કરવેરામાંથી તેને મુક્તિ અપાતી નથી. છેવટે તેની આવક ઉપર ઇન્કમટેક્સ વગેરે કરો નાખી તેને બંધ કરવી પડે એવા પ્રયત્નો થઈ રહ્યા છે. તે યોગ્ય નથી. ધર્મને નામે મુસ્લિમ લીગ કે અકાલી દળે, જનસંઘ કે હિન્દુ સભાએ રાજકીય ક્ષેત્રે જે ભારે અનર્થ કર્યો છે, તેને કારણે ધર્મ પ્રત્યે સૂગ અને અણગમો દર્શાવાય છે અને ધાર્મિક સંસ્થાઓ જેને રાજકારણ સાથે કોઈ સંબંધ નથી તે પણ દંડાય છે. રાજકીય પુરુષોએ

રાજકારણ માટે જે ભૂતાવળો ઊભી કરી છે તેને હવે કાબૂમાં લેવાને તેઓ અસમર્થ જણાય છે ત્યારે સૂકા સાથે લીલાને પણ બાળવાની વૃત્તિ દેખાય છે.

મેં કોંગ્રેસ અને તેના આગેવાનો માટે સવિશેષ લખ્યું છે તે એટલા માટે કે કોંગ્રેસની આ બાબતમાં સવિશેષ જવાબદારી છે. રાજકીય એકતા કાયદાથી આવવાની નથી. રાજકર્તા પક્ષ અને તેના આગેવાનો તથા બીજા રાજકીય પક્ષોના વર્તનથી જ એકતાનું વાતાવરણ સર્જી શકાશે. એક વખત સત્તા જતી કરવી પડે તો પણ સાચા માર્ગે રહીશું તો પ્રજાને સાચું માર્ગદર્શન મળશે. અને ભૂલ થઈ હોય અથવા થતી હોય ત્યાં પ્રામાણિકપણે ભૂલ સ્વીકારી, પાછાં પગલાં કરવાની હિંમત દાખવવી પડશે.

૧-૧૧-'૬૧

૨

# અણુશસ્ત્રો

**ચીને** અણુબૉમ્બ બનાવ્યો અને હવે અવકાશગ્રહ છોડયો, પછી ભારતે અણુશસ્ત્રો બનાવવાં જોઈએ તેવી માંગણી જોરદાર બની છે. ચીન અને પાકિસ્તાનના ભય સામે બચવા માટે ભારત પાસે અણુશસ્ત્રો હોવાં અનિવાર્ય છે એમ કહેવાય છે. ભારતીય વૈજ્ઞાનિકો ખાતરી આપે છે કે અણુશસ્ત્રો બનાવવા માટેનું જ્ઞાન અને સાધનો – technical know-how – ભારત પાસે છે અને ભારતીય વૈજ્ઞાનિકો બીજા દેશોના વૈજ્ઞાનિકોથી કોઈ રીતે ઊતરતા નથી. કેટલાક અર્થશાસ્ત્રીઓ ખાતરી આપે છે કે અણુશસ્ત્રો બનાવવા માટેની આર્થિક શક્તિ અને સાધનો – economic resources – પણ ભારત ઊભાં કરી શકે તેમ છે. એમ પણ કહેવાય છે કે ભારત એટલો મોટો દેશ છે કે અમેરિકા, રશિયા અને ચીન તથા ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ પણ કેટલેક દરજ્જે અણુશસ્ત્રો માટે સ્વાવલંબી થાય ત્યારે ભારત પરાવલંબી રહે તેમાં આપણી પ્રતિષ્ઠા નથી, અને અણુશસ્ત્રો નહિ બનાવીએ ત્યાં સુધી દુનિયામાં આપણો વટ નહિ પડે.

આ પ્રશ્ન નવો નથી. વર્ષોથી ચર્ચાતો આવે છે. ૧૯૬૨માં ચીને આક્રમણ કર્યું ત્યારે અને ત્યારપછી તેણે વધારે જોર પકડયું. ભારત અણુશસ્ત્રો બનાવી શકે એમાં શંકાને સ્થાન નથી. કોઈ પણ દેશ ધારે તો વહેલો-મોડો અણુશસ્ત્રો ઓછા-વત્તા પ્રમાણમાં બનાવી શકે તેમ છે. તેને માટેનાં જ્ઞાન અને માહિતી હવે એટલાં ખાનગી નથી કે તે મેળવી ન શકાય. ભારત પાસે તો કુશળ વૈજ્ઞાનિકો છે જ. અમેરિકાએ અણુબૉમ્બ બનાવ્યો. ત્યારબાદ કેટલાંક વર્ષો સુધી એમ માનવામાં આવતું હતું કે બીજો કોઈ દેશ બનાવી નહિ શકે. પણ થોડાં વર્ષમાં જ રશિયાએ અણુબૉમ્બ બનાવ્યો. હવે તો તે અમેરિકાની બરાબરી કરે છે. ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સે પણ પરાવલંબી ન રહેવા શરૂઆત કરી. ચીન જેવો પછાત અને ગરીબ દેશ અણુશસ્ત્રો નહિ બનાવી શકે અથવા આર્થિક વિકાસની તેની જરૂરિયાત જોતાં અણુશસ્ત્રોના ઉત્પાદન પાછળ અબજોનું ખર્ચ નહિ કરે એમ માનવામાં આવતું હતું. સરમુખત્યારી દેશ પેટે પાટા બાંધીને અથવા પ્રજાને ભૂખે મારીને પણ ધાર્યું કરી શકે છે. અણુશસ્ત્રોનો

વિસ્તાર દુનિયાની શાંતિ માટે મોટા ભયરૂપ છે એમ માની મહાસત્તાઓએ આ વિસ્તાર અટકાવવા Non-Proliferation Treaty કરી અને કોઈ દેશ ઉપર અણુ-આક્રમણ થાય તો રક્ષણ આપવાની બાંયધરી આપવાની તૈયારી બતાવી. કેટલાય દેશોએ આ કરાર સ્વીકાર્યો છે. આપણા દેશે સ્વીકાર્યો નથી. યુદ્ધ માટે ભારત અણુશક્તિનો ઉપયોગ નહિ કરે એવી આપણી નીતિ હોવા છતાં બીજાની છત્રછાયા નીચે રહેવાનું અને તેવી રીતે પરાવલંબી બનવાનું આપણને માન્ય નથી. ચીની આક્રમણ સમયે અને પછી nuclear umbrellaનું રક્ષણ આપણને આપવા અમેરિકાએ તૈયારી બતાવી હતી, જે આપણને સ્વીકાર્ય ન હતી.

જગતભરના વૈજ્ઞાનિકો, તત્ત્વચિંતકો અને રાજપુરુષો પણ એકમત છે કે અણુશસ્ત્રો માનવજાત અને માનવસંસ્કૃતિ માટે મહાવિનાશકારી અને ભયંકર અનિષ્ટ છે. ધર્મ, નીતિ કે વિશ્વશાંતિની દૃષ્ટિએ અણુશસ્ત્રો માનવતાના મહાશત્રુ છે. બધા દેશો સાથે મળી બધાં અણુશસ્ત્રોનો સર્વથા વિનાશ કરે અને હવે પછી કોઈ દેશ અણુશસ્ત્રો બનાવશે નહિ એવો નિર્ણય થઈ શકે તો સૌ સહર્ષ આવકારશે. આ દિશામાં પ્રયત્નો થયા છે અને થાય છે. પણ એ સંતોષકારક રીતે સફળ થાય એવી આશા અત્યારે દેખાતી નથી. અણુશસ્ત્રો બનાવવાની તરફેણમાં એક જ દલીલ છે: બીજા પાસે છે માટે આપણા રક્ષણ માટે જરૂરનાં છે. ધર્મ, નીતિ કે માનવતાના બધા વિચારો ઠોકરે મારીએ અને માત્ર રક્ષણની દૃષ્ટિએ વિચારીએ, તો પણ શું અણુશસ્ત્રોથી ખરેખર રક્ષણ મળવાનું છે? એમ કહેવાય છે કે આપણી પાસે અણુશસ્ત્રો હોય તો આક્રમણ કરતાં બીજો દેશ ડરે, deterrent બને. થોડો પણ વિચાર કરીએ તો આ દલીલની પોકળતા તરત સમજાશે. ક્યુબાની કટોકટી વખતે ક્રુશ્ચેવે ડહાપણ વાપર્યું ન હોત તો અણુ-યુદ્ધ અટકી શકત નહિ. એક હિટલર, માઓ કે ટ્રુમેન અણુબૉમ્બનો ઉપયોગ કરવાનો નિર્ણય કરે તો કોઈ અટકાવી શકે નહિ. ૧૯૪૫માં અમેરિકાએ જાપાન ઉપર અણુબૉમ્બનો ઉપયોગ કર્યો ત્યારે જર્મની કે જાપાન પાસે અણુ-બૉમ્બ હોત તો કેટલો બધો વિનાશ સર્જાયો હોત? ભય અને ધમકી ઉપર રચાયેલ શાંતિ ક્યાં સુધી ટકે? બીજાને સતત દુશ્મન માનતાં રહેવું અને તેમના પ્રત્યે ધિક્કાર વધારતાં જ રહેવું, એવી સ્થિતિ કરતાં મરણભય તજી બીજાને નિશ્ચિંત કરવા, એમ સાદી સમજણથી વિચારીએ તે વધારે હિતાવહ છે.

અને અણુશસ્ત્રો બનાવીએ તો પણ નિત્યનવીન શોધ અને બીજા દેશોના ગંજાવર જથ્થા – stock-pile – પાસે આપણે કેટલું ટકી શકવાના? અને જેની

પાસે આવો ગંજાવર જથ્થો છે તે પણ બચી શકવાના છે? અણુયુદ્ધ શરૂ થાય તો પ્રતિ-આક્રમણ કરતાં પહેલાં તો નાશ થઈ જાય, અને કદાચ પ્રતિ-આક્રમણ કરવાની શક્તિ બચી જાય તો સામાનો વિનાશ કરીએ, પણ જેના પર આક્રમણ થયું હોય તે દેશનું રક્ષણ તો નથી જ થતું. એટલો જ સંતોષ લેવાય કે કદાચ સામાનો પણ વિનાશ કરીશું.

દુનિયાને આ ગાંડપણમાંથી કેમ બચાવવી? કોઈકે તો શરૂઆત કરવી પડશે, જોખમ ખેડવું પડશે. અણુશસ્ત્રો બનાવીએ તો પણ વિનાશમાંથી બચવાના નથી. તો તે જતાં કરી, નિર્ભયતા અને નૈતિકતાનું એક દૃષ્ટાંત કેમ પૂરું ન પાડીએ? અણુશસ્ત્રો આપણી પાસે નહિ હોય તો કદાચ અણુ-આક્રમણનો ભય ઓછો રહેશે. અને આર્થિક દૃષ્ટિએ તો દેવાળિયા સ્થિતિમાંથી કદાચ બચીશું. આ દેશની ભયંકર ગરીબાઈ દૂર કરવા પાઈએ પાઈ જોઈએ છે, ત્યાં અણુશસ્ત્રો બનાવવા અબજો રૂપિયાનું ખર્ચ કરવું એ મહા પાપ છે. પ્રજાની ગરીબાઈ દૂર કરી હશે તો બીજી રીતે સામનો કરવાની શક્તિ કેળવાશે. અંતે તો આ શ્રદ્ધાનો વિષય છે.

૧૬–૫–'૭૦

૩

# સ્ત્રી-પુરુષ-સંબંધ

સ્ત્રી-પુરુષ-સંબંધ સમગ્ર જીવનને આવરી લે છે – સ્પર્શે છે. આથી ઘણાં એકબીજાને સુખી કરે છે તો ઘણાં દુઃખી પણ કરે છે. માટે આ વિષયનું સાચું મૂલ્યાંકન થવું જરૂરી છે.

આ સંબંધો પરત્વે બાહ્ય આચારોની નહિ, પણ પાયાની સમજણ કેળવવાની જરૂર છે.

જીવનમાં ચાર પુરુષાર્થ કહ્યા છે – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આમાં કામ તે સ્ત્રી-પુરુષ-સંબંધ (sex relation). પણ sex શબ્દમાં કામનો પૂરો ભાવ નથી આવતો. Sex શારીરિક સંબંધ મુખ્યત્વે દર્શાવે છે, જ્યારે કામ શબ્દમાં માનસિક ભાવ પણ આવે છે. એટલે હું જે કાંઈ કહીશ તે માત્ર sexના નહીં પણ કામના વ્યાપક અર્થમાં જ કહીશ.

અંગ્રેજીમાં આવી જ રીતે ધર્મને માટે રીલિજિયન (religion) શબ્દ વપરાય છે. પણ ધર્મનો ભાવ 'રીલિજિયન'માં આવતો નથી. રીલિજિયનનો અર્થ કંઈક એસ્ટાબ્લિશ્ડ ચર્ચ (established church)ના જેવો થાય છે, પણ ધર્મમાં વ્યાપકતા છે.

કામના અર્થમાં મર્યાદા ને વ્યાપ બન્ને આવી જાય છે. વિષય નાજુક છે તેમજ દરેક વ્યક્તિને ગાઢ સ્પર્શતો હોઈ, તે વિષયે રૂઢિ, અનુભવ, રુચિ વગેરેને આધારે દરેકની દૃઢ માન્યતાઓ બંધાઈ હોય છે.

આજે દુનિયા એક થઈ રહી છે. તેમાં બધે જ ભારતીય સંસ્કૃતિનો આધાર ટાંકવો અશક્ય છે. દુનિયાનો પવન સૌને અસર કરે છે. વિચાર-પરિવર્તન થયા જ કરે છે. એટલે કોઈ ચોક્કસપણે પૂર્વનું કે પશ્ચિમનું એવું અલગ રહ્યું નથી.

આ વિષય પસંદ કરવાનું નિમિત્ત છે એક પત્ર. દલસુખભાઈ માલવણિયા-એ પોતાના કેનેડાના નિવાસ દરમિયાન અવારનવાર જે પત્રો લખ્યા હતા, તે 'પ્રબુદ્ધ જીવન'માં છપાયા છે. એક પત્રમાં તેમણે પશ્ચિમના દેશોમાં સ્ત્રી-પુરુષ-સંબંધો અંગે શું ચાલી રહ્યું છે તે લખ્યું હતું. એટલેથી જ ન અટકતાં તેમણે તો કહ્યું છે કે આપણા દેશમાં પણ આવી જ સ્થિતિ થનાર છે. માટે સાવધ રહીએ.

મેં તેનો ટૂંકો જવાબ 'પ્રબુદ્ધ જીવન'માં લખ્યો હતો. આપણા દેશમાં પણ શું એવું જ થવું જરૂરી છે? પશ્ચિમનું બધું જ અપનાવવાની જરૂર છે?

હા, એ વાત સાચી છે કે પાંચ હજાર વર્ષની આપણી સંસ્કૃતિને કોઈ પણ ઉથલાવી નહીં શકે એવી શકયતા હવે રહી નથી. એનો નજીકમાં જ ચીનનો દાખલો છે. માઓએ કોન્ફયૂશ્યસની સંસ્કૃતિ ૧૯ વર્ષમાં જ ઉખેડી નાંખી. તેમાંની કુટુંબ-ભાવના અને સામાજિક વ્યવસ્થામાં ક્રાંતિ આણી.

રશિયામાં પણ જ્યારે ક્રાંતિ થઈ ત્યારે તે કેવળ આર્થિક નહોતી, સમૂળી ક્રાંતિ હતી. તેમાં લગ્નવિચ્છેદની એટલી બધી છૂટ આપી દીધી હતી કે તેનાં ભયંકર પરિણામો જોઈને પછી લેનિનને જ લગ્નવ્યવસ્થા સ્થિર કરવા પ્રયત્ન કરવો પડ્યો. તેણે 'અજીઠા ગ્લાસ'નો દાખલો (drinking water-glass example) આપીને કહ્યું કે એક જણે પીધેલા પ્યાલાથી તમે પાણી પીઓ તો તે આરોગ્યને કેટલું હાનિકારક છે? આજે હવે રશિયામાં કંઈક સ્થિરતા આવી છે, કુટુંબભાવના આવી છે.

પશ્ચિમમાં હિપ્પી ને બીટલ્સનો પવન ફેલાયો છે. પરિણામે પ્રોફ્યુમો પ્રકરણ, જેની ભયંકરતા ડેનિંગ રિપોર્ટમાં આછી બતાવી છે તેવાં અનેક પ્રકરણો સર્જાઈ રહ્યાં છે.

આપણે ત્યાં પણ એવું થઈ રહ્યું છે અને આપણે નિઃસહાયપણે જોઈ રહ્યા છીએ, ત્યારે તે અંગે વિચારીએ.

મારું માનવું છે કે સંતપુરુષો ને ધર્મશાસ્ત્રીઓની સ્ત્રી-પુરુષ-સંબંધ વિશે એક દૃષ્ટિ હોય છે તે આધ્યાત્મિક દૃષ્ટિ છે. પણ માનવીના હૃદયનું અવગાહન કરનારા તો કવિઓ જ છે.

કાલિદાસ, ટાગોર, ટૉલ્સ્ટૉય, શેક્સપિયર, ગેટે વગેરેની દૃષ્ટિએ માનવીને જુઓ. સ્ત્રી-પુરુષ-સંબંધ કેવો હોવો જોઈએ તે સમજવા માટે શ્રેષ્ઠ સાહિત્ય ઉત્તમ સાધન છે.

સ્ત્રી-પુરુષના આકર્ષણને તેઓ તિરસ્કારતા નથી, જ્યારે ધર્મશાસ્ત્રો તેના પ્રત્યે તિરસ્કાર કેળવી મનુષ્યને તેનાથી વિમુખ કરવા પ્રયત્ન કરે છે. 'શાકુંતલ', 'ચોખેરવાલી', 'ઘરે બાહિરે', 'મેડમ બોવરી', વગેરે કૃતિઓ આ વાતની પ્રતીતિ કરાવે છે. કુદરતે સર્જેલ આકર્ષણ એ એક એલીમેન્ટલ બાયોલોજિકલ ફેક્ટ (elemental biological fact) છે. આ વસ્તુ પાયારૂપ છે. તેના ઉપર ઊર્મિનું તંત્ર રચાયેલું છે. તેના ઉપર આધ્યાત્મિક તંત્ર આવે છે.

કુદરતે પોતાનો તંતુ ચાલુ રાખવા પ્રજોત્પત્તિની પ્રબળ પ્રેરણા આપી છે. પણ વ્યક્તિગત સંબંધ એ એક વસ્તુ છે અને સામાજિક વ્યવસ્થા બીજી વસ્તુ છે. એક નિર્જન અરણ્યમાં બે જણાં ગમે તેમ વર્તી શકે, પણ સમાજમાં રહેવું હોય તો મન ફાવે તેમ વર્તી ન શકાય.

લગ્નસંસ્થા એક સોશ્યલ ઇન્સ્ટિટ્યુશન છે, એટલે સ્ત્રી-પુરુષ-સંબંધના પરિણામે સામાજિક સ્વાસ્થ્ય, આર્થિક સંબંધો, આર્થિક હક્કો વગેરે પ્રશ્નો ઊભા થાય છે. એટલા માટે પર-સ્ત્રી કે પર-પુરુષ પ્રત્યેની દૃષ્ટિનો નિર્ણય લેવો જરૂરી બને છે.

શાસ્ત્રકારો કહે છે કે લગ્નજીવનનો પાયો સંયમ છે. લગ્ન એટલે એક સ્ત્રી ને એક પુરુષનું જોડાણ. તેમણે સંયમની પાળ બાંધી; બીજો વિચાર, બીજી વસ્તુ છોડી દીધી – છોડી દેવાં જોઈએ. લગ્ન સંયમનું મહાવ્રત છે. પરસ્પરની વફાદારી તેનો પાયો છે. એક પતિત્વ, એક પત્નીત્વ, બહુપત્નીત્વ કે પતિત્વ – બધાંમાં ક્યાંક તો મર્યાદા છે જ.

હિન્દુ લગ્નપ્રથા કેમ ઘડાઈ ? આર્યો ભારતમાં આવ્યા ને ઉત્તરમાં વસ્યા. તેઓની સાથે સ્ત્રીઓ થોડી હતી. ભારતમાં અનાર્યોની સંખ્યા વધુ હતી. એટલે પોતાની સંખ્યા વધારવા તેમણે બહુપત્નીત્વની છૂટ આપી. એ જ પ્રમાણે અનુલોમ, એટલે કે આર્ય પુરુષ સાથે અનાર્ય સ્ત્રીનો લગ્નસંબંધ માન્ય રાખ્યો; પણ પ્રતિલોમ એટલે કે આર્ય સ્ત્રી સાથે અનાર્ય પુરુષના લગ્નસંબંધની મનાઈ કરી. આશીર્વાદોમાં પણ અષ્ટપુત્રવતી ભવ, શતપુત્રવતી ભવ વગેરે હતા. વિધવાવિવાહની છૂટ હતી. જ્યારે આર્ય સ્ત્રીઓની સંખ્યા વધી એટલે તે બંધ કરી અને સતીની પ્રથા દાખલ કરી. જુદાં શાસ્ત્રો ને આચારવિચારો ઘડાયાં. બ્રાહ્મણના જેવી બુદ્ધિમાન કોમ દુનિયામાં બીજી કોઈ નથી, જે સતત પરિવર્તનશીલ છે. બાળલગ્નની જરૂર હોય ત્યારે કહે છે કે अष्टवर्षा भवेत् गौरी અને લખે છે કે રજસ્વલા પુત્રીનું મોં જોનાર બાપ નરકે જાય છે. સ્ત્રીઓને પરાધીન રાખવી હોય ત્યારે તે કહે છે पतिः सतीनाम् परमम् हि दैवतम् અને જ્યારે તેને ખુશ કરવી હોય ત્યારે તે કહે છે यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । એ જ બ્રાહ્મણ વળી કહે છે કે न स्त्रीस्वातंत्र्यमर्हति । આમ તેણે જરૂર પડી ત્યારે સ્ત્રીને થાબડી છે, સમાનતા આપી છે ને જરૂર પડી ત્યારે ગૌણ પણ બનાવી છે. પણ આ બધી સ્મૃતિઓ છે. કેવળ આચારવિધિઓ છે. તે સ્થાયી નથી. દ્રૌપદીને પાંચ પતિ હતા, છતાં તેને સતી ગણવામાં આવી છે. એ

દ્રૌપદીની અવદશા તો જુઓ ! યુધિષ્ઠિર, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ ને દ્રોણ જેવા મહાનુભાવોની હાજરીમાં દુઃશાસન જેવો માણસ રજસ્વલા દ્રૌપદીનાં ચીર ખેંચી શકે છે ! એ માનવીના અધઃપતનનો કાળ હતો. છેવટે લેખકે ભગવાનને વચ્ચે લાવીને દ્રૌપદીની લાજ બચાવી છે.

પણ રામાયણમાં આપણને જુદો જ આદર્શ જોવા મળે છે. રામ નિર્બળ હતા ? લોકાપવાદના ભયથી તેમણે સીતાનો ત્યાગ કર્યો ? સાંપ્રત ઇતિહાસમાં તેનાથી વિપરીત દૃષ્ટાંત જોવા મળે છે. ડયુક ઓવ વિંડસરે સિમ્પસનના પ્રેમને ખાતર રાજપાટ જતું કર્યું હતું. રામે રાજધર્મ બજાવ્યો, ડયુકે વ્યક્તિસુખ જોયું.

પતિ તરીકેનો ધર્મ સાચો કે રાજા તરીકેનો ધર્મ સાચો ? આવો સંઘર્ષ આવે તે જીવનની કરુણતા છે.

રામે સીતાનો ત્યાગ કરી તેને અન્યાય કર્યો છે ? શું તેમના હૃદયમાં સીતા પ્રત્યે પ્રેમ નહોતો ? તેઓ સીતા વિશે કહે છે :

त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयम् ।
त्वं कौमुदी नयनयोरमृतं हि अंगे ॥

એટલે રામને સીતા માટે પ્રેમ નહોતો એવું નથી. હૈયું કઠણ કરી તેમણે રાજધર્મ બજાવ્યો. પણ યજ્ઞમાં સોનાની સીતા તો મૂકી જ.

તેવી જ રીતે સીતાને જ્યારે રામ ત્યજે છે ત્યારે સીતા એને થતા અન્યાય સામે ફરિયાદ નથી કરતી. તે લક્ષ્મણને એટલું જ કહે છે :

"તારા રાજાને કહેજે (કારણ કે હવે સીતાને તજવાથી તેના રામ પતિ નથી રહ્યા) કે રાવણ પાસેથી અગ્નિમાં વિશુદ્ધ થઈને હું આવી એ તમે આંખે જોયું છે એ નથી માનતા ને લોકોએ કરેલી વાત કાને સાંભળી તે માનો છો ? તમારા કુળને આ શોભે છે ?"

પણ ફરી સીતા મનને વાળે છે કે મારાં જ ગયા ભવનાં કોઈ પાપ મને નડી રહ્યાં છે તેમાં તેમનો શો વાંક ? આ આર્ય નારીની ઉદાત્ત ભાવના છે.

*આથી વિપરીત દ્રૌપદી ભીમ, અર્જુન બધાને જ તતડાવી દે છે કે* "હું કંઈ તમારી ચીજ-વસ્તુ નથી, મિલકત નથી. મને જુગારમાં મૂકવાનો તમને શો અધિકાર છે ?"

આમ બન્ને પ્રકારની સ્ત્રીઓના દાખલા મળી આવે છે.

આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. સ્ત્રી-પુરુષને નજીક આવવાના અને સમાગમના પ્રસંગો વધી ગયા છે. પુરુષને સ્ત્રીથી દૂર રાખવા શાસ્ત્રકારો વિધિ-નિષેધોથી પ્રયાસો કરે છે. સ્ત્રી-પુરુષ-સંબંધ ભય પર રચાયેલ હોય તો વાડો બાંધવી પડે. ભેદ પાડવા પડે. સમાનતા ન આવે. ધર્મની વિવિધ આજ્ઞાઓ સ્ત્રીથી પુરુષને અળગો રહેવા સૂચવે છે. વળી તેઓ ઘૃણાનો ભાવ પણ લાવે છે, જેમ કે સ્ત્રી તો હાડમાંસની પૂતળી છે, નારી નરકની ખાણ છે વગેરે. લાલચ પણ આપે છે: અહીં સારી રીતે વર્તશો તો સ્વર્ગમાં અપ્સરા મળશે, એમ પણ કહે છે.

પણ આમ ભય, ઘૃણા, લાલચના આધારે સ્ત્રી-પુરુષ-સંબંધો ન ટકી શકે.

ગાંધીજીએ આ સંબંધોને નિર્ભયતાના અને સમાનતાના ધોરણે લાવી ક્રાંતિ કરી. તેમણે સ્ત્રીઓને દારૂના પીઠા પર ચોકી કરતી, જેલમાં જતી, પુરુષ સાથે કામ કરતી કરી.

ગાંધીજી પોતે મનુ અને આભાના ખભે હાથ મૂકીને ફરવા જતા. તે અંગેની લોકનિંદાને તેમણે ગણકારી નહોતી. તેમણે સ્ત્રી-પુરુષ-સંબંધો અંગે, બ્રહ્મચર્ય અંગે ઘણા પ્રયોગો કર્યા છે. છેલ્લા પ્રયોગો માટે પ્યારેલાલનું 'ધી લાસ્ટ ફેઝ' ('The Last Phase') વાંચી જવું.

ગાંધીજીએ પોતાના પ્રયોગોને અંતે નક્કી કર્યું છે કે "સાચો બ્રહ્મચારી થવા પુરુષે વિજાતીય આકર્ષણ જ ખતમ કરવું જોઈએ. નપુંસક થવું જોઈએ."

માનવીનું મન અતિ ચંચળ છે. મન જો એક જ વિચાર કર્યા કરે કે આજે મારે કઈ સ્ત્રી સાથે ફરવા જવાનું છે, કોની સાથે રહેવાનું છે તો તે વાતથી જ તેનું મન ભરાઈ જાય, વ્યગ્ર થાય. ત્યાં પાળ બાંધવી જ પડશે.

કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ નથી. દરેકમાં કંઈ ને કંઈ ખામી તો રહેવાની જ. મારી પત્ની કરતાં ઘણી સારી સ્ત્રીઓ ઘણી મળશે. મારા પતિ કરતાં ઘણા સારા-પુરુષો પણ ઘણા હશે. પણ એમ વિચારીએ તો જીવન જ નષ્ટ થાય. જે સંબંધ બંધાયો તે નિભાવવો જ રહ્યો. જીવન પ્રત્યેની તમારી દૃષ્ટિ શી છે એ જ મહત્ત્વનો પ્રશ્ન છે. હા, અનિવાર્ય હોય તો લગ્નવિચ્છેદ થઈ શકે, પણ સિનેમાનાં નટનટીઓની જેમ રોજ ને રોજ તો પાત્ર ન જ બદલાવી શકાય.

આજે નવા પ્રશ્નો ઊભા થયા છે. Working girls (ઑફિસમાં કામ કરતી છોકરીઓ)નો પ્રશ્ન જુઓ. બધાને લેડી ટાઈપિસ્ટ કે પ્રાઇવેટ સેક્રેટરી શા માટે જોઈએ છે? તેની પાછળ વિજાતીય આકર્ષણ જ છે. એના અનાચારો ઓછા નથી. માણસ કઈ દિશામાં જઈ રહ્યો છે?

વિક્ટોરિયન યુગમાં અનેક જાતનાં સામાજિક બંધન હતાં. તે વેળા લખાયેલ 'લેડી ચેસ્ટરલીઝ લવર' ('Lady Chesterly's Lover') વાંચવા પડાપડી થાય છે. શા માટે?

આજે માનવીને ચંચળ બનાવે એવા સાહિત્યનો ઉપાડ વધ્યો છે. આનું કારણ? - સોરોકીને 'Sane Sex Order'માં કહ્યું તેમ "જીવનનું સેક્સુઅલાઈઝેશન (sexualisation) થઈ ગયું છે." રેડિયો, ફિલ્મો, જાહેરાતો બધાંમાં જ સ્ત્રીઓનાં ઉઘાડાં અંગ-ઉપાંગો દર્શાવી આકર્ષણ પેદા કરાય છે. એટલે કેવળ ઉપરના નિયમોથી આ વૃત્તિ નહીં દબાય. વ્યક્તિએ પોતાની પાળ બાંધવી પડશે.

ભલે હું જૂનવાણી (orthodox) ગણાઉં કે પ્રગતિશીલ ન કહેવાઉં, પણ મારે કહેવું જોઈએ કે આ બધું ખોટું છે.

સ્ત્રી-પુરુષની સમાનતા એ આજની સિદ્ધિ છે. આજે વડા પ્રધાન કે મહાન વૈજ્ઞાનિક-ગમે તે પદ પર સ્ત્રી આવી શકે છે, જેમ કે ઈન્દિરાજી છે. મેડમ ક્યુરી હતાં. છતાં તેમનો વ્યવહાર કેવો રહે એ નિર્ણય જરૂરી છે. પ્રત્યેક માનવીને પોતાના આગવા વિચારો હોય છે, જે તેના પોતાના અનુભવથી ઘડાયેલા હોય છે. તે જ જીવનને આવરી લે છે.

આજના સ્વચ્છંદી જીવનનું કારણ છે ફ્રોઈડ (Freud)ની વિચારધારા. પશ્ચિમના જીવનનો પાયો, 'માનવીના જીવનનું પ્રેરણાબળ sex છે' એ સિદ્ધાંત પર રચાયેલો છે. 'સેક્સુઅલ મેન ઈઝ ધ હોલ મેન' (sexual man is the whole man)નો તેનો સિદ્ધાંત જ આ બધાંનું મૂળ છે. પણ તેણે તો sexના અસાધારણ (abnormal) દાખલાઓ જ જોયા હતા. પહેલા વિશ્વયુદ્ધના વિષય-ભૂખ્યા સૈનિકોનાં જીવનની તેણે ચકાસણી કરી હતી.

ફ્રોઈડના નિયમ મુજબ માનવીની ચાર ક્રિયા - આહાર, નિદ્રા, ભય ને મૈથુન - ને નિયંત્રણ ન હોવું જોઈએ. પણ વિચારપૂર્વકનું નિયંત્રણ શક્ય છે, જરૂરનું છે. સ્વચ્છંદમાં વિનાશ છે.

કાલિદાસનું 'શાકુંતલ' જુઓ. તેમાંય પ્રથમ દૃષ્ટિના પ્રેમની વાત છે. પણ અંતે ત્યાગ અને તપશ્ચર્યામાંથી થતા સાચા મિલનની ગૂંથણી છે. પ્રેમથી ઊંચી કોઈ ચીજ નથી. પણ એ તો જેને સદ્‌ભાગ્ય સાંપડ્યું હોય તેને જ સાચો પ્રેમ મળે. મનની ચંચળતાનું સરસ વર્ણન ભર્તૃહરિએ કર્યું છે:

याम् चिन्तयामि सततम् मयि सा विरक्ता,
साप्यन्यदिच्छति जनम् स जनोऽन्यसक्तः ।

अस्मत्कृते च परितुष्यति काचिदन्या,
धिक् तं च तां च मदनं च इमां च माम् च ।।

આમ તેઓ બધાં એકબીજાને પ્રેમ કરતાં હતાં, છતાં બધાં ચંચળ હતાં. આ ન ચાલે. એટલે એ સૌને અંતે ધિક્કારે છે.

શેક્સપિયરનો 'ઑથેલો' જુઓ. સાહિત્યકારો પ્રણયત્રિકોણમાં જ રાચતા હોય છે. તેમણે તેની પરંપરા સર્જી છે. સ્ત્રી-પુરુષનો પ્રેમ એ કેવળ વ્યક્તિગત પ્રેમ નથી. તે સમગ્ર જીવનને આવરી લે છે. લગ્નવિચ્છેદ ને વિધવાવિવાહ પણ કોઈ વાર અનિવાર્ય થઈ પડે છે.

આ આખાયે પ્રશ્નને જોવાની દૃષ્ટિ કેવી છે તે સમજી લેવું જોઈએ. આપણો અન્ય સ્ત્રીઓ ને પુરુષો સાથેનો વ્યવહાર કેવો રહેશે? આપણે આપણા મનને ચંચળ થવા દઈશું કે સ્થિરબુદ્ધિ થઈશું? કામવાસનાને અને ચંચળ મનને ઉત્તેજનાની જરૂર જ નથી. તેને સતત જાગૃતિ અને અંકુશની જરૂર છે. ગીતામાં સ્થિરબુદ્ધિનું વર્ણન આપ્યું છે.

અંતે ટાગોરે 'શાકુન્તલ' અને 'કુમારસંભવ'ના કરેલ વિવેચનમાંથી બે અવતરણો ટાંકું છું. આ ફકરાઓમાં ભારતીય દૃષ્ટિબિન્દુનું હાર્દ આવી જાય છે અને તે આજે પણ સત્ય છે.

"ઉભય કાવ્યોમાં બતાવ્યું છે કે મોહમય હોઈ જે અકૃતાર્થ છે તે જ મંગલમય થઈ કૃતાર્થ બને છે. તેમણે દેખાડયું છે કે જે સૌન્દર્ય ધર્મથી સંયત છે તે જ ધ્રુવ છે. અને પ્રેમનું શાન્ત, સંયત, કલ્યાણરૂપ જ શ્રેષ્ઠ રૂપ છે. સંયમમાં જ સૌન્દર્યની ખરી શોભા છે. ઉચ્છૃંખલતામાં તેની તરત વિકૃતિ થાય છે. ભારતવર્ષના પુરાતન કવિએ પ્રેમને જ પ્રેમના અન્તિમ ગૌરવ તરીકે સ્વીકાર્યો નથી, કલ્યાણ જ પ્રેમનું પરમ લક્ષ્ય છે એ પોકારીને કહ્યું છે. તેમને મને સ્ત્રી-પુરુષનો પ્રેમ સુંદર નથી, સ્થાયી નથી; જો તે વંધ્ય હોય, જો તે પોતાનામાં જ મર્યાદિત થઈ રહે, કલ્યાણને જન્મ ન આપે, અને સંસારમાં, પુત્રપુત્રીમાં, અતિથિમાં અને પડપડોશીમાં વિવિધ સૌભાગ્યરૂપે વ્યાપ્ત ન થાય."

"જે પ્રેમને કોઈ બંધન નથી, કોઈ નિયમ નથી, જે એકદમ નરનારી ઉપર આક્રમણ કરી સંયમદુર્ગના તૂટેલા બુરજ ઉપર પોતાની વિજયપતાકા ફરકાવે છે તેની શક્તિનો કાલિદાસે સ્વીકાર કર્યો છે. પરંતુ તેની આગળ

પ્રણિપાત કરતા નથી. તેમણે બતાવી આપ્યું છે કે જે અંધ–પ્રેમ-સંભોગ માણસને પોતાના કર્તવ્ય વિશે પ્રમત્ત બનાવે છે, તે ભર્તાના શાપથી ખંડિત થાય છે, ઋષિના શાપથી અંતરાય પામે છે અને દૈવરોષથી ભસ્મસાત્ થઈ જાય છે. શકુન્તલાને જ્યારે આતિથ્યધર્મ કંઈ નહિ, સઘળું દુષ્યન્ત જ, એમ થયું ત્યારે તેના એ પ્રેમમાં કાંઈ માંગલ્ય ન રહ્યું. જે ઉન્મત્ત પ્રેમ પ્રિયજન સિવાય બીજા સહુને ભૂલી જાય છે, તે સમસ્ત વિશ્વની નીતિને પોતાથી પ્રતિકૂળ કરી નાખે છે. તેથી જ તે પ્રેમ થોડા દિવસમાં જ અસહનીય થઈ પડે છે. સઘળાની સામે તે પોતે પડે છે. પોતાનો ભાર ઉપાડી શકતો નથી. જે આત્મ-સંવૃત્ત પ્રેમ સમસ્ત વિશ્વને અનુકૂળ છે, જે પોતાની આસપાસનાં નાનાં તેમજ મોટાં, પોતાનાં તથા પારકાં કોઈને વીસરતો નથી, જે પ્રિયજનને કેન્દ્રસ્થાને રાખી, વિશ્વ-પરિધિમાં પોતાનું મંગલ માધુર્ય ફેલાવે છે તેના અચલપણા ઉપર દૈવ કે માનવ કોઈ આઘાત કરતું નથી. આઘાત કરે તો પણ તેથી તે વિચલિત થતો નથી. પરંતુ જે પ્રેમ પતિના તપોવનમાં તપોભંગરૂપે ગૃહસ્થને બારણે સંસારધર્મના પરાભવરૂપે આવિર્ભૂત થાય છે તે ઝંઝાવાતની માફક અન્યનો નાશ કરે છે જ, પરંતુ સાથે પોતાના વિનાશને પણ તેડતો આવે છે."

૧-૧૧-'૬૮

૪

# લગ્ન : ચારિત્ર્યઘડતરનું સાધન

'લગ્નસંસ્થા'નો વિષય એટલો બધો વ્યાપક અને જટિલ છે કે, અગ્રણી વિચારકો તેના વિશે સદાય ભિન્ન ભિન્ન મત પ્રગટ કરતા રહ્યા છે.

લગ્ન તો મનુષ્ય માટેની વસ્તુ છે. આ સંસ્થા દેવ કે પશુ માટે નથી રચાઈ, મનુષ્યજાતિના અસ્તિત્વથી આ વિષયની અનેક રૂપાંતરે ચર્ચા થઈ છે અને અંત સુધી થવાની જ.

અત્રે આપણે એટલું જ જોઈશું કે લગ્નસંસ્થાનું ધ્યેય શું ? અને આજની પરિસ્થિતિમાં એ કઈ રીતે આવી ?

મારા મત પ્રમાણે લગ્ન એ મનુષ્યના ચારિત્ર્યઘડતરનું સાધન છે. સામાજિક વ્યવસ્થાનું એ મૂળ છે. વ્યક્તિ ગમે તેમ રહેવાની વાત કરે પરંતુ આખા સમાજની વ્યવસ્થાનો જ્યાં સવાલ હોય ત્યાં સમાજ વ્યક્તિ સામે થશે જ.

લગ્નના પ્રકાર ઘણા છે, આપણા જ ઇતિહાસમાં રામ-સીતાનું આદર્શ દંપતીનું દૃષ્ટાંત છે; પાંચ પાંડવની એક પત્ની તરીકે દ્રૌપદીનો દાખલો છે. એ ઉપરાંત એક પુરુષે અનેક પત્ની રાખી હોય એવી વાતો તો તદ્દન સહેલાઈથી આપણે મેળવી શકીશું.

એટલું ચોક્કસ છે કે કોઈ કાળમાં લગ્નસંસ્થા સ્થિર કે એક જ ધોરણ પર નથી રહી. સમાજના વ્યવહાર મુજબ એમાં ફેરફારો થયા જ કર્યા છે. જંગલમાં સ્ત્રી-પુરુષ સાથે ભટકતાં હોય અને ઇચ્છિત વર્તન કરે એને આપણે લગ્ન નથી ગણતા. લગ્નસંસ્થાની ઉત્પત્તિ તો સામાજિક વ્યવહારના નિયમન અંગે જ છે.

સામાન્યપણે જેને આપણે ધર્મ કે નીતિ સમજીએ છીએ તે કોઈ ઈશ્વરદત્ત આદેશ છે જ નહિ. જે કાળમાં બ્રાહ્મણો સંસ્કારના સ્વામી હતા અને પોતે જે પ્રકારની વ્યવસ્થા ઇચ્છતા હતા એને એમણે ધાર્મિક અને નૈતિક સ્વરૂપ આપ્યું. અન્યથા બધું અધર્મ અને અનીતિમાં ખપ્યું.

ઇતિહાસનાં પાનાં પરની એક ઉપરછલ્લી દૃષ્ટિ આપણને કહે છે, કે પ્રથમ આર્યો હિંદમાં આવ્યા ત્યારે થોડી સંખ્યામાં આવ્યા. બીજો દેશ જીતવા નીકળનારા પ્રથમ અલ્પ સંખ્યામાં જ જાય છે. અહીં આર્યો ઊતરી આવ્યા ત્યારે અનાર્યોની સંખ્યા ખૂબ મોટી હતી.

આર્યપુરુષો માટે સ્ત્રીઓની તદ્દન અછત હતી. આ એક જ ઐતિહાસિક હકીકતે આપણી સામાજિક પરિસ્થિતિનું મૂળ રોપ્યું. આર્યોને પોતાને સ્ત્રીઓ જોઈતી હતી એટલે પુરુષ હલકી કોમમાં લગ્ન કરી શકે એવી છૂટ આપી. એથી સ્ત્રી-અનુલોમ લગ્ન ત્યારના વખતનો ધર્મ હતો. વળી આર્યો ખૂબ અહંભાવી હતા. પોતાની કન્યાઓ હલકી કોમમાં પરણે એ એમને રુચતું નહોતું એટલે પ્રતિલોમ લગ્નની બંધી ફરમાવી.

માણસ લગ્ન ન કરે તો એને માટે અનિયંત્રિત વ્યવહારનો માર્ગ રહે છે. લગ્ન એટલે જ અમુક મર્યાદા અને બંધન. પુરુષની વૃત્તિ ભ્રમર જેવી છે. એનામાં polygamous instinct મૂળથી છે. એના પર નિયમન ન હોય તો એનો વ્યવહાર વિઘાતક નીવડે. આવા વ્યવહારમાં પડેલી વ્યક્તિઓ પોતાની જાતનો નાશ કરે અને સમાજ માટે ભયરૂપ બને એટલે કોઈ પણ ઉપાયે મર્યાદા મૂકવી આવશ્યક છે.

એક પુરુષ અને એક સ્ત્રી આજીવન સાથે જોડાયેલાં રહે, અને પોતાના સંબંધને ક્ષણિક ન માને એ લગ્નની ઊંચામાં ઊંચી કક્ષા છે.

ઉપરની દૃષ્ટિએ જોતાં લગ્નનો પાયો સંયમ છે. પરંતુ એનું ધ્યેય તો આનંદ છે. પાયો સંયમ અને ધ્યેય આનંદ, એ બન્ને વસ્તુ ઘર્ષણ જગાડનારી છે. આપણે વિચાર્યું, કે બંધનમર્યાદા તો હોવી જોઈએ. પરંતુ બંધન જો એવાં હોય કે એથી માણસ ત્રાસે તો લગ્નનો પાયો એ ભૂલી જાય છે. એટલે જો બંધનમાં પણ આનંદ જોઈતો હોય તો તે બહારથી લદાયેલાં ન હોવાં જોઈએ. સ્વેચ્છાથી સ્વીકાર્ય થઈ શકે એવી મર્યાદા રહેવી જોઈએ. બહારનાં આકરાં બંધન માણસને લગ્નના ધ્યેય (આનંદ) સુધી નથી લઈ જતાં.

સમાજમાં આવું બંધન કે મર્યાદા ચાર વસ્તુના જોરથી પ્રવર્તે છે: (૧) ધર્મ, (૨) નીતિ, (૩) જાહેરમત અને (૪) કાયદો. આ ચારેય વસ્તુનો ઓછો-વધતો હિસ્સો રહેલો છે. વિધિનિષેધો અને જરૂરિયાત મારફત

બ્રાહ્મણોએ ધર્મ, નીતિ ઊભાં કર્યાં. કાયદો કદી જાહેરમતથી આગળ જઈ શકતો નથી. Law is always behind public opinion. કાયદો જાહેરમતથી આગળ વધે તો અર્થશૂન્ય અક્ષરો તરીકે જ જીવે છે.

દાખલા તરીકે, કાયદાની દૃષ્ટિએ વિધવાલગ્નની છૂટ અપાઈ પરંતુ જાહેરમત ન કેળવાયો ત્યાં સુધી એ અત્યંત નિંદનીય કાર્ય ગણાતું. એ જ રીતે હિંદુ ધર્મના કાયદામાં પત્ની હયાત છતાં બીજી પત્ની કરવાની છૂટ છે. છતાં આપણો અનુભવ છે કે અત્યારે બીજી પત્ની કરનારની દયાજનક સ્થિતિ થઈ પડે છે. સમાજના સખ્ત રોષને પાત્ર બને છે.

એટલે જાહેરમત વિશેષ મહત્ત્વનો ગણાય છે. સ્ત્રી-પુરુષનું આકર્ષણ કુદરતી છે. એ શારીરિક જરૂરિયાત છે. એક જ વ્યવહારના બે ભાવ સમાજે શબ્દોથી સર્જ્યા છે. એકનું નામ પ્રેમ છે, બીજાનું નામ વ્યભિચાર છે. એટલે પ્રેમ કોને કહેવો અને વ્યભિચાર કોને ગણવો એ સમાજ નક્કી કરે છે.

અનિયંત્રિત વ્યવહારથી બચવા ખાતર એક સ્ત્રી અને એક પુરુષના જોડાણને આપણે લગ્ન ગણ્યું છે. એક રીતે બ્રહ્મચર્ય તોડવું એ શરીરનું વિનાશતત્ત્વ છે. તો ય આ તત્ત્વ વિનાશક હોવા છતાં સુખમય છે, આકર્ષક છે. એમાં જ કુદરતે સર્જનશક્તિ મૂકી છે.

માણસ સ્વભાવે સ્વાર્થી છે. પરંતુ લગ્ન પછી સ્ત્રી, સંતાન એનામાં કુટુંબભાવ જગાડે છે. ત્યાગ અને નિઃસ્વાર્થવૃત્તિ પ્રેરે છે. સાથે સાથે સંકુચિત દૃષ્ટિ પણ આવે છે. મારું ઘર, મારી સ્ત્રી, મારું કુટુંબ એમ મારું મારું કરીને વિશાળતા ભૂલે છે.

એક પુરુષ અનેક સ્ત્રી કરી શકે છે. લગ્નમાં આજે જ્ઞાતિની કડક મર્યાદાઓ નડે છે. લગ્નવિચ્છેદની છૂટ નથી. આમાં કુદરતી કાનૂનો કે સારાનરસાપણાનો જેટલો વિચાર થાય છે એથી વિશેષ રૂઢિનો ખ્યાલ કરવામાં આવે છે. હું એટલું ચોક્કસ માનું છું કે આપણી મર્યાદા એવા પ્રકારની હોવી જોઈએ કે જેથી સ્ત્રી-પુરુષ બંનેનાં દિલમાં એની પ્રસન્નતા ટકે.

લગ્નવિચ્છેદની છૂટથી સ્ત્રી-પુરુષનાં જીવન અસંયમી ન થાય એ આપણે જરૂર વિચારીએ. પરંતુ એકબીજા વચ્ચે એક તિરસ્કાર હોય, એકબીજાને ઘૃણા છૂટે એટલો સંબંધ બગડચો હોય ત્યારે લગ્નવિચ્છેદની છૂટ હોવી જોઈએ.

કાયદામાં છૂટાછેડાની પરવાનગી રાખો. સાથે સાથે જાહેરમત એટલો મજબૂત બનાવો કે માણસ સ્વચ્છંદી ન બને.

બની શકે તો વિધવાઓ વિવાહ ન કરે. પરંતુ એમનું જીવન વેડફાઈ જતું હોય તો લગ્ન જ આવશ્યક છે. લગ્ન વધુ સંયમ તરફ લઈ જનાર નીવડે છે. સંયમ પણ સાધન છે, સાધ્ય નથી. સાધ્ય તો આત્મિક આનંદ છે. સંયમ જ જો ધ્યેય બને તો આનંદ માર્યો જાય છે અને માણસ કરમાયેલું કોચલું બને છે.

આપણી લગ્નસંસ્થાએ આ બધી હકીકતો વિચારવી ઘટે.

૧–૫–'૩૯

# ૫
# વિદેશમાં સ્થિર થતા ભારતીય વિદ્યાર્થીઓ અંગે

કેટલીક સંસ્થાઓ તરફથી હું દર વર્ષે લગભગ ૫૦ થી ૬૦ હજાર રૂપિયાની લોન વિદેશમાં અભ્યાસ કરવા માટે જતા વિદ્યાર્થીઓને આપું છું. આવી રીતે લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓ અત્યારસુધીમાં આવી ગયા છે. આ વિદ્યાર્થીઓમાં પણ હવે પાછા ન ફરવાવાળાની સંખ્યા વધતી જાય છે. અમેરિકા જતા વિદ્યાર્થીઓમાં એક હવા પેદા થઈ છે કે ભારત પાછા જવામાં કંઈ લાભ કે સાર નથી, મોંઘવારી બહુ છે, પગાર ઘણો ઓછો છે, નોકરી મળતી નથી, યુનિવર્સિટી, સરકાર અથવા ઉદ્યોગપતિઓનું વલણ ભણેલાંઓ પ્રત્યે સહાનુભૂતિભર્યું નથી, લાગવગશાહી બહુ છે વગેરે. એક વિદ્યાર્થીનો મારા ઉપર પત્ર હતો કે આવું બધું તેણે સાંભળ્યું છે અને સાચી હકીકત શી છે, અને તેણે ભારત પાછા આવવું કે નહિ તે વિશે મારી સલાહ માગી હતી.

એ કારણોમાં વજૂદ નથી એમ તો ન જ કહેવાય. મોટો ખર્ચ કરી, મહેનત કરી, સારું જ્ઞાન અને અનુભવ મેળવી વિદ્યાર્થી પાછો આવે અને બે, ત્રણ કે તેથી પણ વિશેષ વર્ષો સુધી તેને યોગ્ય નોકરી ન મળે, ઠીક રીતે રહી શકે એવો પગાર ન મળે, તેના પ્રત્યે બીજાઓને આદર કે સહાનુભૂતિ ન હોય તો તે નિરાશ થાય તેમાં આશ્ચર્ય નથી. લાગવગશાહીને કારણે તેના કરતાં ઓછી લાયકાતવાળા મોટા પગાર મેળવતા હોય અથવા તેના ઉપરી અધિકારી હોય ત્યારે તેના સ્વમાનને આઘાત લાગે તે સ્વાભાવિક છે. શ્રી દલસુખભાઈ માલવણિયાએ કહ્યું, કે દેશભક્તિથી ખેંચાઈ પાછા આવે ત્યારે પણ છેવટે રખડીને પાછા જાય છે. એશ-આરામની અપેક્ષા ન રાખવી એ ખરું છતાં દેશભક્તો અને નેતાઓ પણ એશઆરામ ભોગવતા હોય તો આ ઉપદેશની બહુ અસર ન થાય. હવે વળી એમ થયું છે, કે કેટલાક ત્યાં જ લગ્ન કરી નાખે છે અથવા ભારત પાછા આવી મહિના-બે મહિનામાં લગ્ન કરી પત્નીને લઈને અમેરિકા

જાય એટલે પાછા આવવાનું આકર્ષણ ઓછું થાય. તેમાં પણ પતિ-પત્ની બંને કમાતાં થાય–અને ત્યાં તે સરળ છે–તો ત્યાં રહી જવાની લાલચ વધારે થાય.

મને એક બીજો પણ અનુભવ છે. વિદ્યાર્થી જે દેશ જાય તેના પ્રત્યે તેનું આકર્ષણ થાય છે. અમેરિકા, બ્રિટન, જર્મની કે રશિયા ગયેલ વિદ્યાર્થીઓ તે તે દેશના પ્રશંસક થાય છે, અને ભારત સાથે સરખાવે ત્યારે ભારત પ્રત્યે આકર્ષણ રહેતું નથી. મને કેટલીક વખત આશ્ચર્ય થતું કે વિદેશી સરકારો, સંસ્થાઓ, ફાઉન્ડેશન્સ વગેરે આપણા દેશના વિદ્યાર્થીઓને પોતાના દેશમાં અભ્યાસ અર્થે સારા પ્રમાણમાં સહાય કેમ કરે છે? શું આ માત્ર પરમાર્થ-વૃત્તિ જ છે? અનુભવે મેં જોયું કે આ એક સારું મૂડીરોકાણ છે. This is a very good investment. અમેરિકાથી અભ્યાસ કરીને આવેલ વિદ્યાર્થી તે દેશનો પક્ષપાતી થાય છે. આપણા દેશમાં અમેરિકાની કાંઈ ટીકા થાય તો તે તેનાથી સહન નથી થતી. અમેરિકન જીવનપદ્ધતિ, આર્થિક વ્યવસ્થા, રાજકારણી વલણ, બધાંનો એ પક્ષપાતી બને છે. આ દેશમાં એક વર્ગ–શિક્ષિત–આવી રીતે અમેરિકાનો ટેકેદાર ઊભો થાય છે. કેટલેક દરજ્જે બીજા દેશો વિશે પણ આવું બને છે. પણ અત્યારે મોટા ભાગે અમેરિકા માટે આ હકીકત છે. એવી જ રીતે સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળોની આવ-જા, Friendship Societies, Indo-British, Indo-Arab, Indo-Israel, Indo-German, Indo-Soviet — આ બધી સંસ્થાઓ આવા પ્રકારનાં માધ્યમો છે. આવી સંસ્થાઓ મારફતે જે ભારતવાસીઓને લાભ થાય છે તેઓ તે તે દેશના પ્રશંસક બને છે. પણ આ વિષયાન્તર થયું.

આનો ઉપાય શો? કેટલાક એવા મતના છે કે વિદ્યાર્થીઓને વિદેશ મોકલવા જ નહિ. તે ભારતીય મટી જાય છે, તેના સંસ્કારો પલટાઈ જાય છે, તે ભારતનો ટીકાકાર અથવા વગોવનાર બને છે અને તેમાં અંતે ભારતને લાભ કરતાં હાનિ વધારે છે. હું હજી આ મતનો નથી. એક તો આપણે બધાને જતા અટકાવી શકીશું નહિ. તેમ કરવું યોગ્ય પણ નથી. ભારતમાં અત્યારે શિક્ષણનું જે ધોરણ છે અને સાધનો છે તે–ખાસ કરીને વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે–ઘણાં અપર્યાપ્ત છે અને દેશના યુવકોને એવા જ્ઞાનથી વંચિત રાખીએ તેમાં લાભ કરતાં હાનિ વધારે છે. ભારતીય સંસ્કાર વિદેશ જઈને જ ગુમાવીએ છીએ તેમ નથી. દેશમાં પણ શું ચાલી રહ્યું છે? દુનિયાભરમાં જે પવન વાય છે તેનાથી બચવા માટે, યુવકોને વિદેશ ન

મોકલવા તે ઉપાય નથી, પણ સાચા સંસ્કાર તેનામાં સીંચવા તે સાચો ઉપાય છે. આપણા દેશમાં રહેલ યુવક-યુવતીઓમાં પણ કેટલું બધું પરિવર્તન થઈ રહ્યું છે! ભારતીય સંસ્કાર કે સંસ્કૃતિ વાડાબંધીથી નહિ બચે. આપણા જીવનમાં તે ઊંડા ઊતર્યા હશે અને તેની સમજણ અને કિંમત હશે તો જ ઊગતી પેઢીમાં તે ટકશે. હું એવી આશા રાખું કે આપણે ત્યાં શિક્ષણનું ધોરણ અને સાધનો એટલાં વિકસે કે વિદ્યાર્થીઓને વિદેશ મોકલવાની જરૂર ન રહે. બીજું, ખરેખર લાયકાત ન હોય એવાઓને મોકલવા નહિ. અહીં જે વિષયોનું શિક્ષણ ઉપલબ્ધ ન હોય તેવા શિક્ષણ માટે જ મોકલવા.

બીજું, જે કારણોએ વિદ્યાર્થીઓને વિદેશ રોકાઈ જવાનું મન થાય છે તે કારણો દૂર કરવા પ્રયત્નો કરવાં. તેમને લાયક નોકરી મળે, યોગ્ય પગાર મળે, તેમનો આદર થાય, તેમનું સ્વમાન સચવાય એવી પરિસ્થિતિ થવી જોઈએ. યુનિવર્સિટી, સરકાર, ઉદ્યોગતિઓ અને સમાજ – બધાંએ આવું વાતાવરણ સર્જવામાં ફાળો આપવાનો રહે છે. આપણે આ બાબતમાં સજાગ છીએ પણ સક્રિય પગલાં લેવાયાં નથી. આવા શિક્ષિતો માટે સરકારે પગારનું લઘુતમ ધોરણ નક્કી કરવું જોઈએ, અને એવો પગાર તેમને મળે તેની ઉદ્યોગોને ફરજ પાડવી જોઈએ. શિક્ષિતોનું શોષણ – exploitation–થવું ન જોઈએ. અત્યારે મોટી કંપનીઓમાં ટોચના અધિકારીઓને મોટા – ઘણા વધારે પડતા – પગારો મળે છે, જ્યારે બીજા વર્ગોના પગારનું ધોરણ ઘણું નીચું છે. There is great disparity – ઘણી અસમાનતા છે, જેને કારણે ભારે અસંતોષ થાય છે. જીવનધોરણમાં પણ ઘણી અસમાનતા છે. પૈસાવાળા થાય છે તે પૂરા એશઆરામમાં રહે છે, જ્યારે શિક્ષિતને રહેવાલાયક જગ્યા પણ નથી મળતી. નેતાઓએ આ બાબતમાં સારાં ઉદાહરણો પૂરાં પાડ્યાં નથી. આ અસમાનતા ઝડપથી ઘટવી જોઈએ.

આ બધું કહ્યા પછી પણ એ સ્વીકારવું રહ્યું કે આ પરિસ્થિતિ પલટાતાં સમય જશે. તે દરમિયાન શું? મારો એક દૃઢ મત છે. કાંઈક વધારે પૈસા કમાવા અથવા વધારે સુખ-સગવડનાં સાધનો મેળવવા માટે જ કોઈ વ્યક્તિ પોતાનું વતન, પોતાનો કુટુંબકબીલો ત્યજી કાયમ માટે પરદેશી થાય એ કલ્પના મને અસહ્ય છે. પરદેશ રહી એ ત્યાં પણ વિદેશી જ રહેવાનો. સાત પેઢી સુધી પણ ત્યાંના સમાજનું અંગ તે નહિ બની શકે. પેઢી-દર-પેઢી વિદેશમાં વસેલ હિંદીઓના આજે જે હાલ છે તે તેમના અને તેમનાં કુટુંબના

થવાના. સુખ મેળવવા જ જો ભારત છોડી વિદેશમાં કાયમ વસવાટ કરતા હોય, તો સુખી નહિ જ થવાના એમ હું માનું છું. સુખ કોને કહેવું ? હું માનું છું કે ભારતમાં મુશ્કેલીઓ હોય, પૂરાં સુખ-સગવડ ન હોય, તો પણ આવા વિદ્યાર્થીઓ કાયમ માટે પોતાનું વતન છોડે તેમાં તેમનું કલ્યાણ નથી. જીવનધોરણનો બહુ ઊંચો ખ્યાલ કદાચ છોડવો પડે. સાદાઈ અપનાવવી પડે. અત્યારના વાતાવરણમાં આમ કરવું સહેલું નથી, પણ બીજો ઉપાય નથી. થોડા સમય માટે, અભ્યાસ પૂરો કરી, અનુભવ મેળવવા અથવા થોડી રકમ અહીં આવતાં પહેલાં ભેગી કરવા વિદ્યાર્થી ત્યાં કામ કરે તેમાં કાંઈ વાંધો ન હોય, પણ પોતાના સંતાનને કાયમ માટે ગુમાવવા કોઈ મા-બાપ કે સમાજ ઇચ્છે નહિ. તેમ થાય તો આવું શિક્ષણ નથી જોઈતું એવી લાગણી પેદા થશે.

મારો બીજો પણ અનુભવ છે. આવા ઘણા વિદ્યાર્થીઓ પાછાં આવ્યા છે. તેમને શરૂઆતમાં મુશ્કેલીઓ પડી છે, પણ અંતે ઠીક ઠીક થાળે પડચા છે. કેટલાક સારું કમાયા છે, સારા ઉદ્યોગો ઊભા કરી શકચા છે અને અંતે દુઃખી નથી થયા. અધીરા થવાની જરૂર જ નથી. થોડો વખત અપમાનજનક સ્થિતિ લાગે, મૂંઝવણ થાય, ભીડથી રહેવું પડે, તો પણ છેવટે પ્રમાણમાં અસંતોષકારક નહિ એવું સ્થાન મળી રહેશે. થોડી હિંમત પણ જોઈશે. મોટાં શહેરોમાં જ રહેવાની લાલચ છોડી, નાના ઉદ્યોગોમાં પડવું પડશે. સરકારે પણ ઘણી યોજનાઓ કરી છે. તેના અમલમાં વિલંબ થાય છે. લાગવગ છે, અમલદારશાહી છે, બધું ખરું, પણ એક પ્રામાણિક પ્રયત્ન પણ છે.

વિદેશમાં વસતા વિદ્યાર્થીઓએ આ બધું જાણવું જોઈએ, સમજવું જોઈએ. અત્યારે વિપરીત હવા પેદા થઈ છે, તેને પલટાવવી જોઈએ. જે વિદ્યાર્થીઓને વિદેશ મોકલીએ તેમને આ બધું સમજણપૂર્વક કહેવું જોઈએ. પછી કેટલાક ખોટા રૂપિયા નીકળે તો તેમનું નસીબ !

૭-૧-'૬૯

૬

# સર્વધર્મસમભાવ

સર્વધર્મસમભાવ, ભારતીય વિચારપ્રણાલીનું એક પ્રધાન લક્ષણ છે. આ કોઈ અકસ્માત નથી, પણ ભારતના તત્ત્વચિંતકો અને ધાર્મિક પુરુષોએ વિચારપૂર્વક અપનાવેલી જીવનદૃષ્ટિ છે. ભારતીય દર્શનો – વેદાંત, જૈન અને બૌદ્ધ – દરેકે સ્વીકારેલ સમન્વયકારી દૃષ્ટિનું આ પરિણામ છે, તેથી આ ઉદાર વલણ જનસમાજમાં જીવનવ્યાપી બન્યું છે. ભારતવર્ષ વિવિધ ધર્મોનું પ્રયોગ-ક્ષેત્ર રહ્યું છે. હિન્દુ ધર્મ એક મહાસાગર છે, જેમાં સંખ્યાબંધ મતમતાન્તરોને અવકાશ છે. છતાં તેમાં એક પ્રકારની આંતરિક એકતા અને પ્રવાહિતા રહી છે.

ધર્મનાં બે સ્વરૂપ છે : એક તાત્ત્વિક ભૂમિકા અને બીજી તેના વિધિ-નિષેધો અને આચાર-પ્રણાલિકાઓ. ધર્મનું સાચું સ્વરૂપ તેની તાત્ત્વિક ભૂમિકા છે, પણ જનસમાજમાં તેનું બાહ્ય સ્વરૂપ વધારે આકર્ષક રહે છે. ભારત-વર્ષના બધા ધર્મો મોક્ષમાર્ગી છે. કેટલીક પાયાની માન્યતાઓ સર્વસામાન્ય છે. આત્મા છે તે નિત્ય છે, મોક્ષ છે અને મોક્ષ એ જ જીવનનું અંતિમ લક્ષ્ય છે અને જીવનની સાધના આ ધ્યેયની પ્રાપ્તિ માટે જ છે. આ સિદ્ધાંતો સર્વ ભારતીય દર્શનોને સ્વીકૃત છે. જીવનસાધનાના આચારધર્મમાં પણ સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ વેદાંત, જૈન અને બૌદ્ધ દર્શનોને સર્વમાન્ય છે. જીવ, જગત અને ઈશ્વરના સ્વરૂપ અને પરસ્પર સંબંધ વિશે મતભેદ રહ્યા છે અને ભિન્ન ભિન્ન વિચારસરણીઓ અનેક સ્વરૂપે વિકસી છે, પણ બૌદ્ધિક તત્ત્વચર્ચામાં પૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં પાયાની માન્યતાઓ અને આચારધર્મની એકતા અખંડ રહી છે. સર્વધર્મસમભાવનું આ મુખ્ય કારણ છે. જબરદસ્તીથી ધર્માન્તર કરાવવાની કોઈ જરૂરિયાત અથવા પ્રલોભન આવી ભૂમિકાને કારણે રહ્યાં નથી.

મારો ધર્મ જ સાચો છે અને તે જ માર્ગે ઉત્કર્ષ થાય કે મુક્તિ મળે એવો મતાગ્રહ કે દુરાગ્રહ હોય ત્યાં જ ધર્મ-અસહિષ્ણુતા રહેલી છે. દુનિયાના બીજા મુખ્ય ધર્મોમાં ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામમાં આ તત્ત્વો છે અને તેથી

આ બંને ધર્મોમાં ધર્માન્તર કરાવવાની પ્રવૃત્તિ મોટા પાયા ઉપર થઈ રહી છે, અને પોતાના ધર્મપ્રચાર માટે અધાર્મિક સાધનોનો ઉપયોગ થઈ રહ્યો છે. ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મનો ભારતમાં પ્રવેશ થયા પછી તે બંને ધર્મોના પ્રચારકો સાથે ભારતને સંઘર્ષ થયો છે, અને આ સંઘર્ષને પરિણામે, મોટા પ્રમાણમાં આ દેશમાં ધર્માન્તર થયા હોવા છતાં ભારતીય સંસ્કૃતિની સમન્વયકારી દૃષ્ટિ અને તેને પરિણામે સર્વધર્મસમભાવનું વલણ ભારતે ગુમાવ્યું નથી, આર્ય-સમાજને બાદ કરીએ તો, ભારતવર્ષનો કોઈ ધર્મ આક્રમક રહ્યો નથી. બૌદ્ધ ધર્મ સમસ્ત એશિયામાં વ્યાપ્યો, તે કોઈ રાજસત્તા કે બળજબરીના પરિણામે નહિ, પણ તેમાં રહેલી માનવતા અને હૃદયસ્પર્શી ઊંડી કરુણાના આધારે. અન્ય ધર્મના અનુયાયીઓએ ધર્મના નામે અકથ્ય અત્યાચારો કર્યા છે અને તેમના ધર્મગુરુઓએ તેને પ્રોત્સહન આપ્યું છે.

ભારતવર્ષમાં ધાર્મિક સહિષ્ણુતા અને પરસ્પર આદર રહ્યાં છે, તેનું એક કારણ એ પણ છે કે ભારતના દરેક દર્શનનો એ પાયો છે કે आत्मवत् सर्वभूतेषु, यः पश्यति स पश्यति ।–સર્વ જીવ પ્રત્યે આદર, સમાનભાવ અને કરુણા. તે માત્ર માનવ-માનવ વચ્ચેના સંબંધ પૂરતું જ નહિ, પણ સમસ્ત જીવસૃષ્ટિ, કીડી અને કીટકથી માંડીને મનુષ્ય સુધી — આવી દૃષ્ટિ હોય ત્યાં અસહિષ્ણુતા અને મતાગ્રહને બહુ અવકાશ રહેતો નથી.

આ દૃષ્ટિનું એક જ્વલંત ઉદાહરણ જૈન ધર્મની સ્યાદ્વાદદૃષ્ટિ છે, સ્યાદ્વાદ અથવા અનેકાન્તવાદનો પાયો એ છે કે સંપૂર્ણ સત્ય કોઈને લાધ્યું નથી, અને દરેક કથનમાં સત્યનો અંશ રહ્યો છે. આ સત્યનો અંશ સમજવા પ્રયત્ન કરવો અને ગ્રહણ કરવો એ આધ્યાત્મિકતાનું મુખ્ય લક્ષણ છે. તેનું દૃષ્ટાંત આપવામાં આવે છે કે સાત અંધ પુરુષો હાથીનો સ્પર્શ કરે અને વર્ણન કરે, તો જેણે સૂંઢ પકડી હોય તે એમ જ માને છે કે સૂંઢ એ જ હાથી છે, તેવી જ રીતે તેનાં કાન, પુચ્છ, શરીરના બીજા અવયવોનું. પણ દેખતો માણસ પૂર્ણ હાથીને જુએ અને આ દરેક તેનું અંગ માત્ર છે તેમ સમજે. તેવી જ રીતે અજ્ઞાની માણસ પોતાના અપૂર્ણ જ્ઞાનને પૂર્ણ સમજી, તે જ સત્ય છે એવો દુરાગ્રહ સેવે ત્યાં અસહિષ્ણુતા અને ઝનૂન આવે. ધર્મઝનૂન આવા અજ્ઞાનનું પરિણામ છે એમ આપણે માનતા આવ્યા છીએ અને આપણા જીવનવ્યવહારનું એ સદ્લક્ષણ રહ્યું છે.

એમ નથી કે સાંપ્રદાયિક સંઘર્ષો આપણામાં નથી થયા. હિન્દુઓમાં શૈવ અને વૈષ્ણવ, જૈનોમાં દિગમ્બર અને શ્વેતામ્બર, બૌદ્ધોમાં હીનયાન અને મહાયાન—આવા તીવ્ર મતભેદો અનેક સંપ્રદાયોમાં રહ્યા છે અને સંઘર્ષો થયા છે. પણ આ બધા પ્રમાણમાં મર્યાદિત અને અલ્પ સમયના રહ્યા છે અને ત્યાં પણ પાયાની એકતા જોખમાઈ નથી.

ભારત ઉપર અન્ય ધર્મો–ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ–નું આક્રમણ થયું ત્યારે પણ પ્રતિ-આક્રમણને બદલે ભારતે સ્વરક્ષણનો માર્ગ લીધો. મધ્યકાલીન યુગમાં ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મોના આક્રમણ સામે હિન્દુ ધર્મે પોતાનાં દ્વારો બંધ કરી રક્ષણ કર્યું. એ સમયમાં પણ અકબર જેવા ઉદાર રાજવી હતા, જેણે વિશ્વધર્મ–દીને ઈલાહી–નો વિચાર કર્યો. ભારતીય સંસ્કૃતિ કોઈ એવું રસાયણ છે જે વિદેશી તત્ત્વોને ગાળી નાખી પોતાનામાં સમાવી એકરસ કરે છે. મધ્ય યુગમાં પણ ગુરુ નાનક અને કબીર જેવા સંતોએ સર્વધર્મ-સમભાવ ઉપદેશ્યો અને રામ કહો, રહેમાન કહો, એના ભેદ નથી એમ કહ્યું.

મધ્ય યુગના અંધકારમાંથી બહાર નીકળી વર્તમાન ભારતનો ઉદય થયો છે ત્યારે જે મહાપુરુષોએ તે ઉષઃકાળની આગેવાની લીધી તેમનામાં પણ આ ઉદાર ધર્મવૃત્તિ પ્રમુખ હતી. રાજા રામમોહન રાય આ ઉદયકાળના પ્રણેતા લેખાય. વેદાંત, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ, ત્રણેની તેમના ઉપર ઊંડી અસર હતી. સંસ્કૃત, અરેબિક, ફારસીના તેઓ અભ્યાસી હતા. અન્ય ધર્મોનો અભ્યાસ કર્યો છતાં સ્વધર્મે સ્થિર રહ્યા અને બ્રહ્મોસમાજની સ્થાપના કરી. એક રીતે ભારતની ઊગતી પેઢી અને તે વખતના શિક્ષિત વર્ગનો હિન્દુ ધર્મ પ્રત્યે વિશ્વાસ જાગ્રત રાખી, અન્ય ધર્મોની અસરમાંથી બચાવ્યા. પશ્ચિમ હિન્દમાં પ્રાર્થનાસમાજે તે કામ કર્યું. રામકૃષ્ણ પરમહંસે બીજી રીતે, સ્વાનુભવ અને પોતાની જીવનસાધનાથી, ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ બતાવ્યો. તેમણે પોતે ઇસ્લામ તથા ખ્રિસ્તી ધર્મનો અંગત અનુભવ કરી ભારતીય જીવનસાધનાની શ્રેષ્ઠતા બતાવી અને સર્વધર્મસમભાવ કેળવ્યો. તેમણે કહ્યું છે કે મંદિરમાં પ્રવેશવાના અનેક માર્ગો હોય છે. કોઈ મધ્યદ્વારથી આવે, કોઈ બારી વાટે આવે, તો કોઈ પાછળથી આવે. છેવટે ઈશ્વર સમીપે ઊભા રહી પ્રાર્થના કરે. ઈશ્વર પાસે પહોંચવાના અનેક માર્ગો હોય. મારો જ માર્ગ શ્રેષ્ઠ છે અને તે એક જ માર્ગ છે તેવું અભિમાન, અજ્ઞાન અને દુરાગ્રહ સેવવાં એ ધર્મનું લક્ષણ નથી. સ્વામી વિવેકાનંદે આ ઉપદેશને ભારતભરમાં અને દુનિયામાં ફેલાવ્યો.

ભારતીય સંસ્કૃતિની સર્વધર્મસમભાવની આ લાક્ષણિકતા કાયમ રહી છે. ગાંધીજીએ તેને જુદી રીતે જીવી બતાવી. આફ્રિકામાં ખ્રિસ્તી મિશનરીઓનું જીવન જોઈને એમને એક સમયે એમ થયું કે સાચો ધર્મ આ જ છે. અને ખ્રિસ્તી મિશનરીઓ તેમના આત્માની ચિંતા કરવા લાગ્યા ત્યારે પોતાનો ધર્મ–હિન્દુ ધર્મ–સમજવા તેમણે પ્રયત્ન કર્યો. તેમાં પરિણામે તેમણે જોયું કે હિન્દુ ધર્મમાં અનેક અનિષ્ટો છે; અસ્પૃશ્યતા જેવું કલંક છે; છતાં તેમના આત્માને સંતોષ થાય એવાં પણ બધાં તત્ત્વો હિન્દુ ધર્મમાં છે અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ધર્માન્તરની કોઈ જરૂર નથી. હિન્દુ ધર્મમાં ગીતાનો કર્મયોગ છે, ભાગવતનો ભક્તિયોગ છે, ઉપનિષદોનો જ્ઞાનયોગ છે. તેમને સર્વ ધર્મો પ્રત્યે ઊંડો સમભાવ હતો. તેમના આશ્રમજીવન દરમ્યાન સર્વધર્મસમભાવને એક વ્રત તરીકે તેમણે સ્વીકાર્યું હતું. સર્વ ધર્મોની પ્રાર્થના થાય છતાં પોતે સનાતની હિન્દુ છે એમ જ કહેતા. સર્વધર્મસમભાવ કેળવવા સ્વધર્મ છોડવાની જરૂર નથી, પણ મતાગ્રહ છોડવાની ખાસ ચીજ છે. ગાંધીજીને કોઈએ પૂછ્યું હતું કે, હિન્દુ ધર્મમાં એવી કઈ ખાસ ચીજ છે, સુંદરતા છે કે જે કારણે હિંદુ એ ધર્મને જ વળગી રહે? તેના જવાબમાં ગાંધીજીએ કહ્યું છે, કે ધર્મનો સંબંધ પતિ-પત્નીના સંબંધ જેવો છે. એકબીજાની ઊણપો નથી જાણતાં એમ નહિ, પણ પરસ્પરની વફાદારીના મૂળમાં કોઈ અકળ અને અતૂટ આંતરિક આકર્ષણ છે—પોતાના ધર્મમાં રહેલી એબો પ્રત્યે આંધળા થવાની જરૂર નથી. પણ પોતાના ધર્મમાં જ જે સુંદરતા છે તે મારા જ ધર્મમાં છે અને બીજા ધર્મમાં નથી એમ માનવું ન જોઈએ. બીજા ધર્મોનું અવલોકન કરીએ ત્યારે, દોષ શોધનાર ટીકાકાર તરીકે નહિ પણ ભક્તની દૃષ્ટિથી, બીજા ધર્મોમાં પણ મારા ધર્મ જેવી જ સુંદરતાઓ જોવાની આશાએ અને મારા ધર્મમાં નથી એવી કોઈ સુંદરતાઓ બીજાના ધર્મમાં જડી આવે તો તે મારા ધર્મમાં દાખલ કરવાના હેતુએ જ. હિંદુ-મુસ્લિમ-એકતા માટે એમણે પ્રાણ આપ્યો.

આ યુગના એક બીજા અધ્યાત્મયોગી રાજચંદ્રે આ જ હકીકત આ પ્રમાણે કહી છે:

> "એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ
> પ્રેરે તે પરમાર્થને ને વ્યવહાર સમંત:
> જાતિવેષનો ભેદ નહિ, રહ્યો માર્ગ જો હોય
> સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય."

સર્વધર્મસમભાવના આ સિદ્ધાંતને આપણે બંધારણમાં પણ અગ્રસ્થાન આપ્યું છે. આ રાજ્ય બિનસાંપ્રદાયિક–'સેક્યુલર' છે તેનો અર્થ એમ નથી કે અધાર્મિક છે, પણ સર્વ ધર્મ પ્રત્યે સમભાવ રાખે છે, કોઈ ધર્મ રાજ્ય-ધર્મ નથી, ધર્મ કે જાતિને કારણે કોઈ નાગરિક પ્રત્યે ભેદભાવભર્યું વર્તન રાખવામાં નહિ આવે અને સર્વ ધર્મના અનુયાયીઓને રાજ્યમાં સમાન હક તથા તક છે.

સર્વધર્મસમભાવ જેવા મહાન સિદ્ધાંતને સ્થાને દુર્ભાગ્યે વર્તમાનકાળે આપણા જીવનમાં સર્વ-ધર્મ-અભાવ જેવી સ્થિતિ પ્રવર્તે છે. જીવનનાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો પ્રત્યે અશ્રદ્ધા છે અને જીવનનૌકા સુકાનરહિત અથડાય છે. સર્વ ધર્મ પ્રત્યે શ્રદ્ધા ન હોય તેને સર્વધર્મસમભાવ પણ ન હોય. સાચા ધર્મને પિછાણે તે જ સર્વધર્મને જીવનમાં ઉતારી શકે અને અન્ય ધર્મો પ્રત્યે આદર કેળવી શકે.

૧-૧-'૬૮

# ૭

# વિધાયક અહિંસા

અહિંસાને બે વિભાગમાં વહેંચી શકાય : એક છે વિધાયક અહિંસા અર્થાત્ positive અહિંસા, અને બીજી છે નિષેધાત્મક અર્થાત્ negative અહિંસા. આ પૈકી વિધાયક અહિંસાનું મહત્ત્વ વિશેષ છે. અહિંસાની વાત આવે છે ત્યાં જૈનો પોતાને અહિંસાના ઇજારદાર તરીકે માને છે. એ ખરું છે કે અન્ય ધર્મની અપેક્ષાએ જૈન ધર્મમાં અહિંસા અંગે વધુ છણાવટ છે, અને નાનામાં નાની સૂક્ષ્મ અહિંસા પ્રતિ જૈન ધર્મમાં કાળજી રાખવામાં આવી છે. છતાં એ કબૂલવું જોઈશે કે જૈનો જેટલા પ્રમાણમાં જૈન ધર્મની અહિંસા માટે ગર્વ અનુભવે છે તેટલા પ્રમાણમાં આચરણ કરતા નથી. જૈનોએ નકારાત્મક અહિંસા જેટલા પ્રમાણમાં અપનાવી છે તેટલા પ્રમાણમાં વિધાયક અહિંસા પ્રત્યે લક્ષ આપેલ નથી, એમ કહીએ તો ખોટું નથી.

અહિંસા અંગે નિરૂપણ કરવા કરતાં તેની પ્રસ્તાવના કરવી એ વધુ યોગ્ય થશે, તેથી અહિંસાના વિષયમાં કઈ કઈ ગૂંચવણો છે, કયા કયા કોયડાઓ ઉદ્‌ભવે છે તે જોઈએ. આજના યુગમાં અહિંસાને સમજવાનો તેમજ આચરવાનો કોઈએ વધુમાં વધુ પ્રયત્ન કર્યો હોય તો તે પૂ. ગાંધીજીએ. તેમણે આ યુગમાં અહિંસા અંગે વ્યાપક દૃષ્ટિએ વિચાર કરેલ છે. જેમ જેમ માણસ અહિંસા અંગે વધુ વિચારતો થાય છે અને તેનું સૂક્ષ્મપણે પાલન કરવા પ્રયત્નશીલ બને છે તેમ તેમ તેની પાસે અનેક ગૂંચવણો ઊભી થાય છે. મહાત્માજીને પણ તેમ જ થયું. ૧૯૪૩માં અન્નસંકટ સમયે તેમણે માંસાહારીઓને વધુ માછલીઓ ખાવાનું અને અન્નનો ઓછો ઉપયોગ કરવાનું સૂચન કર્યું ત્યારે જૈનોમાં ખળભળાટ થયો હતો. તેમણે કૂતરાને અને વાછરડાને મારવાનું કહ્યું તેમજ ખેતીના પાકને બગાડતા વાંદરાઓને મારવાનું કહ્યું ત્યારે પણ જૈનો મૂંઝવણમાં પડી ગયા હતા, કે આ ગાંધીજીની અહિંસા કેવા પ્રકારની છે ? તેમનું આ સૂચન વાજબી હતું કે ગેરવાજબી હતું તે અંગે અનેક ગૂંચો ઊભી થતી જાય છે અને તેનો ઉકેલ તો તે પોતાનાં જ્ઞાન અને

અનુભવને આધારે કરતા જાય છે. તે ઉકેલ અન્યને યોગ્ય લાગે અગર ન પણ લાગે. તેથી જ ગાંધીજીએ કહ્યું કે ‘my non-violence is my own.’ (મારી અહિંસા એ મારી જ છે). તે સમયે મેં અહિંસા અંગે ઠીક ઠીક વિચાર કરેલો અને ‘પ્રબુદ્ધ જૈન’ માં પણ આ પ્રશ્ન અંગે બે-ચાર લેખો લખેલા. હકીકત એ છે કે અહિંસાના પ્રશ્નનો ઉકેલ વાદવિવાદથી આવી શકે નહિ. તર્કથી તે ઉકેલી શકાય નહિ, તેનો ઉકેલ અનુભવથી જ આવી શકે. એકલી તર્કશક્તિનો ઉપયોગ કરવામાં તો કોઈ કોઈ પ્રસંગે એવી અહિંસા અનર્થકારી નીવડે છે, તેથી જ અહિંસાની વિચારણામાં વિવેકને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે.

એક બાજુ હિંસામય વાતાવરણ પ્રવર્તે છે. Survival of the fittest જેવા સિદ્ધાન્તોનો પ્રચાર થઈ રહેલ છે. जीवो जीवस्य जीवनम् જેવા સિદ્ધાન્તો પ્રચલિત છે. આવા હિંસામય જગતમાં જેમણે અહિંસાની શોધ કરી છે તેમને કોટિ વંદન ઘટે છે. ડગલે ને પગલે હિંસા રહી છે. બોલવું, ચાલવું વગેરે જીવનની દરેક ક્રિયામાં હિંસા સમાયેલી છે. આમ છતાં હિંસા એ ધર્મ નથી, ધર્મ તો અહિંસામય જીવનમાં જ રહેલો છે; તેથી જ અહિંસાને પરમ ધર્મ કહેલ છે.

દરેક માણસને સુખ જોઈએ છે; દુઃખ કોઈને પસંદ નથી; માટે આપણે સુખ જોઈતું હોય તો આપણે બીજાને દુઃખ આપવું જોઈએ નહિ. આ થયો અહિંસાનો મૂળ પાયો. પરંતુ પ્રશ્ન એ થાય છે કે સુખ કોને કહેવું? દુઃખ કોને માનવું? દરેક માનવી એમ કહે છે કે હું ઇરાદાપૂર્વક કોઈને દુઃખી કરતો નથી. છતાં આજે વ્યાપક રીતે આપણે ઘણાંને દુઃખી કરી રહ્યાં હોઈએ છીએ. આનું કારણ એ છે કે સુખ અને દુઃખની દરેકની વ્યાખ્યા જુદી જુદી હોય છે. ખરું સુખ તો તેને કહેવાય જે કદી દુઃખમાં પરિણમે નહિ, અથવા જેનું પરિણામ દુઃખમય ન હોય. ખરું સુખ તો હંમેશાં સુખ જ રહે છે. કેટલુંક સુખ એવું છે કે પહેલાં સુખ લાગે છે, પરંતુ પરિણામ દુઃખમય આવે છે. ભોગ ભોગવવા પહેલાં તો સારા લાગે પરંતુ તેનું પરિણામ રોગમાં આવે છે. તેથી જ કહ્યું છે કે “ભોગે રોગ ભયં.” આને ખરું સુખ કહેવાય નહિ. પરિગ્રહ આમ તો સારો લાગે છે, પરંતુ તે અંતે પોતાને માટે અને બીજાને માટે દુઃખમય નીવડે છે, એટલે પરિગ્રહમાં પણ ખરું સુખ નથી. ખરું સુખ તો

તેને જ કહી શકાય કે જે કદી પોતાને માટે અથવા પારકાંને માટે દુઃખમાં પરિણમે નહિ. આવું સુખ મળે તેવી પ્રવૃત્તિ દરેકે કરવી જોઈએ.

આ અંગે એક બીજી બાબત પણ વિચારવાની રહે છે. જીવન એ હિંસાથી ભરેલું છે. હિંસા તો હાલતાંચાલતાં કરવી જ પડે છે, તો પછી અહિંસાવ્રતધારી જીવી કેવી રીતે શકે ? આ એક પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉકેલ એ છે કે ઓછામાં ઓછી હિંસા વડે જીવવું તે જ ઉત્તમ જીવન છે. અનિવાર્ય – inevitable હિંસા – જેના વિના ચાલે નહિ તેટલી જ હિંસા અને તે પણ વિવેકપૂર્વક કરવી જોઈએ. આ પ્રશ્નમાં પણ જેમ જેમ ઊંડા ઊતરતાં જઈશું તેમ તેમ ગૂંચવણ તો ઊભી થવાની જ, પરંતુ તેનો ઉકેલ દરેકે પોતાની શક્તિ અને અનુભવ મુજબ કરવાનો રહે છે. અનિવાર્ય હિંસા કોને કહેવી ? – એ પ્રશ્ન અહિંસક માનવી પાસે ખડો થવાનો જ. ગાંધીજીએ કૂતરાને મારી નાખવાની સલાહ આપી હતી, ત્યારે પણ તેઓ કહેતા હતા કે અહિંસાની દૃષ્ટિ નજર સમક્ષ રાખીને જ મેં આ સલાહ આપી છે. કૂતરાને મારી નાખવાનું હું કહું છું તે તેના હિતમાં જ છે. કૂતરો રિબાઈને મરે તેના કરતાં તેનો અંત આવે તે વધારે સારું છે. તેના પ્રત્યેના દ્વેષથી નહિ, પણ પ્રેમથી હું સલાહ આપું છું. આ પ્રમાણે ગાંધીજીએ પોતાના સૂચનને અહિંસાની દૃષ્ટિએ વાજબી ઠરાવવા પ્રયત્ન કરેલો. બીજી બાજુ વાંદરાઓને મારી નાખવાની સલાહ વાંદરાઓના હિતમાં નહોતી, તે સલાહ તો ખેતીને બચાવવા માટે હતી. તેમાં સ્વાર્થભાવના હતી. તો પછી તે સૂચનને અહિંસક કહી શકાય કે કેમ ? આ બધી ગૂંચો છે, અને તેનો ઉકેલ તર્કથી લાવી શકાય નહિ. અનુભવ અને વિવેકથી જ તેનો ઉકેલ આવી શકે. દરેક વ્યક્તિએ પોતાને માટે નક્કી કરવાનું છે કે પોતાનું સ્થાન જોઈને, અનિવાર્ય હિંસા પોતે કોને ગણશે. માણસ પોતાની જાતને છેતરવામાં જેટલો પાવરધો છે તેટલો પાવરધો બીજા કશામાં નહિ હોય, આમ છતાં દરેક માણસ જો પોતાના અંતરાત્માના અવાજને સાંભળે તો તે પોતાની જાતને છેતરતાં અટકે. માનવી ભણેલ હોય કે અભણ, દરેકને અંતરાત્મા કહે છે કે આ કરવું હિતકર છે અને આ કરવું હિતકર નથી. માનવીની દરેક પ્રવૃત્તિ વખતે અંતરાત્માનો અવાજ પોકાર કરે છે, પરંતુ જ્યારે સ્વાર્થનું પ્રાબલ્ય વધે છે ત્યારે માનવી પોતાની જાતને છેતરીને પણ કહે છે કે આ સંજોગોમાં મારે આમ કર્યા વગર છૂટકો નથી. મારી જગ્યાએ બીજો હોત તો તે પણ આમ જ કરત. આ સંજોગોમાં બીજો કોઈ રસ્તો નથી. આ રીતે માનવી પોતાની જાતને વાજબી ઠરાવવા મથે છે.

પોતાની જાતને છેતરવાની કળા માનવીએ ઘણી વિકસાવેલ છે, અને તે જ કારણે બધી ગૂંચો ઉદ્ભવી છે.

આ બાબતમાં વધુ વિચાર કરીએ. અહિંસાનું સ્વરૂપ ઉપર કહ્યું તેમ પોતાને દુઃખ ન થવું જોઈએ તેમજ પોતાના વર્તનથી બીજાને દુઃખ થવું ન જોઈએ તે છે. આ પ્રશ્નમાં જરા વધુ ઊંડા ઊતરીએ. હું ઇંગ્લૅન્ડમાં રહેતો હોઉં. મારી પાસે ૫,૦૦૦ પાઉન્ડ હોય. તે હું બર્માની એક ખાણના શૅરોમાં રોકું. હું મારી જાતને મનાવું કે આ રીતે વ્યાજ મેળવવું એ અહિંસક છે, કેમ કે મારે કોઈ આરંભસમારંભ તેમાં કરવાનો નથી. બેઠાં બેઠાં ૬ ટકા વ્યાજ મેળવવામાં શો વાંધો? સ્વાર્થની દૃષ્ટિએ હું મારી જાતને આ રીતે મનાવું, પરંતુ હું જો ઊંડો ઊતરું તો મારી સમક્ષ અનેક ગૂંચો ઉદ્ભવવાની. તે ખાણમાં મજૂરોની શી સ્થિતિ થાય છે? મને જે વ્યાજ મળે છે તે કેવી રીતે મળે છે? મજૂરો પાસેથી કેટલું કામ લેવામાં આવે છે? તેમની સ્થિતિ કેવી કફોડી થાય છે? તેમના લોહીનો આ પૈસો નથી ને? એ વ્યાજ આપવામાં લાખો માણસોને પોતાનું શરીર નિચોવવું પડે છે તેનો ખ્યાલ કદી આવે છે? આ બધી અહિંસાની ગૂંચો છે અને જેઓ સાચી રીતે અહિંસા પાળવા માગતા હોય તેમણે વિવેકપૂર્વક આ બધી બાબતોમાં ઊંડા ઊતરવું જોઈએ અને તે ગૂંચો ઉકેલવા પ્રયત્ન કરવો જોઈએ.

અહિંસાનો જે મૂળભૂત પાયો છે તે અંગે મેં વાત કરી. હવે બીજી બાબત વિચારીએં. આ જગતમાં સત્ય છે અને અસત્ય પણ છે. વેરઝેર છે અને પ્રેમ પણ છે. હિંસા છે અને અહિંસા છે. માણસમાં બે જાતના ગુણો છે. આ સંસાર આ બે જાતની વિષમતાથી ચાલે છે. આ જગત દ્વંદ્વોથી ભરેલું છે, છતાં જગત ટકેલું છે સત્ય પર, નહિ કે અસત્ય પર. સત્ય જેવી વસ્તુ આ દુનિયામાં ન હોય તો ક્ષણ પણ જગત ટકી શકે નહિ. માનવમાં એકલાં હિંસા, ક્રોધ, વેર-ઝેર ભરેલાં હોય અને દયા, અનુકંપા, પ્રેમ, અહિંસા ન હોય તો ઘડીભર પણ જગત ટકી શકે નહિ. એટલે દુનિયાને જો ટકાવવી હોય તો જે ધર્મ છે તેનું જેટલા પ્રમાણમાં આચરણ થાય તેટલા પ્રમાણમાં જ દુનિયા પ્રગતિ સાધી શકે. જ્યારે બાદબાકી, ગુણાકાર કરવાનો વખત આવે ત્યારે દરેકે વિચારવું ઘટે કે મેં જગતમાં અહિંસા—સત્ય વધાર્યાં છે કે ઘટાડ્યાં છે? મેં મારા જીવનથી અહિંસામાં વધારો કરેલ છે કે વેરઝેરમાં વધારો કરેલ છે? ખરા જીવનનું આ જ માપ છે, આ જ પારાશીશી છે.

ટૂંકમાં અહિંસા અંગે મેં બે વાત કરી. એક તો દરેક વ્યક્તિને સુખ જોઈએ છીએ, દુઃખ જોઈતું નથી, માટે શાશ્વત સુખ મળે અને તેથી બીજાને દુઃખ ન ઊપજે તેવું વર્તન કરો. બીજું, જગત સત્ય અને અહિંસા પર નિર્ભર છે, અસત્ય કે હિંસા પર નહિ. આ બેની પ્રતીતિ થાય તો અહિંસામય જીવન ગણાય અને જીવન સફળ થયું ગણાય.

એક વખત એવી માન્યતા હતી કે અહિંસા યુદ્ધક્ષેત્રે ન ચાલે; રાજનીતિમાં તે કામ ન આવે; વ્યવહારમાં તેનું પાલન કરવા જઈએ તો ભૂખે મરવાનો વખત આવે; ધર્મ તો ઉપાશ્રય, દેરાસર કે ધર્મસ્થાનકમાં જ આચરવાની વસ્તુ છે. સામાન્યપણે આ માન્યતા હતી: પરંતુ પૂજ્ય મહાત્માજીએ રાજકારણમાં અહિંસાનો સફળ પ્રયોગ કરીને બતાવી આપ્યું કે જીવનની દરેકદરેક પ્રવૃત્તિમાં અહિંસામય આચરણને સ્થાન છે. પૂ. ગાંધીજીએ બીજી વસ્તુ પણ આપણી સમક્ષ પોતાના આચરણથી રજૂ કરી છે, તે છે અહિંસાનું વિધાયક સ્વરૂપ. આપણે બહુ બહુ તો નિષેધાત્મક અહિંસામાં આગળ વધ્યા હતા. પરંતુ વિધાયક અહિંસા પ્રતિ ઉપેક્ષા સેવી હતી. ગાંધીજીએ વિધાયક અહિંસાનો પ્રયોગ દરેક ક્ષેત્રે કરી બતાવ્યો. નોઆખલીમાં થયેલા હત્યાકાંડની વચ્ચે તેઓ એકલા જઈને વસ્યા, સુહરાવરદીએ પોલીસરક્ષણ આપવા માંડયું તેની પણ તેમણે ના પાડી, પોતાના અંગત કાર્યકરોને પણ સાથે ન રાખ્યા અને કોમી દ્વેષની આગમાં એકલા રહ્યા. એ બનાવ અહિંસાના પ્રયોગની ઉત્કટતા તથા સફળતાનું અનુપમ દૃષ્ટાંત છે. નોઆખલીમાં તેમણે આણેલ હૃદયપલટો વિધાયક અહિંસાનું સાકાર સ્વરૂપ છે. હિંદના ભાગલા થયા અને ૫૦ લાખ શીખો દિલ્હીમાં એકઠા થયા. બધા કોમી દ્વેષની આગથી સળગી ઊઠ્યા હતા, તે સમયે ગાંધીજીએ ચાર મહિના દિલ્હીમાં રહીને જે કાર્ય કરેલ તે બતાવે છે કે અહિંસક વ્યક્તિ દ્વેષને પ્રેમમાં પલટાવી શકે છે, દ્વેષના અગ્નિને પ્રેમના પાણી વડે બુઝાવી શકે છે. ગાંધીજી વૈષ્ણવકુળમાં જન્મ્યા હતા એ ખરું, પરંતુ વાસ્તવિક રીતે તેમણે જૈન સિદ્ધાન્તોનો જ પ્રચાર કરેલ છે. જો તેઓ જન્મે જૈન હોત તો તેમના પર આરોપ આવત કે તમે જૈન ધર્મનો જ પ્રચાર કરી રહ્યા છો! ગાંધીજીની અહિંસા કેટલી સૂક્ષ્મ હતી તેનો એક દાખલો શ્રી મહાદેવભાઈએ નોંધપોથીમાં લખ્યો છે. આગાખાન મહેલમાં મહાત્માજી માટે લીંબુનો રસ નાખેલ ગરમ પાણી ઉઘાડું પડ્યું હતું. તેમણે તુરત જ તે પર ઝીણું કપડું ઢાંક્યું, જીવ ન હણાય તે માટે. આ રીતે ગાંધીજીની દરેક પ્રવૃત્તિમાં અહિંસાનું પાલન નજરે પડે છે.

અહિંસાનું પાલન સાચી રીતે થાય તો વ્યક્તિ કેટલા પ્રમાણમાં આગળ વધે છે તેનો એક બીજો દાખલો આપું :

શ્રી રામકૃષ્ણ પરમહંસ કાલીપૂજક અને માંસાહારી હતા. છેવટ તેમની અહિંસા એટલે સુધી વિકસી કે ફૂલ તોડતાં પણ તેમના હૃદયને વીજળીના આંચકા જેવો આંચકો લાગતો હતો.

અહીં એક વસ્તુનો ઉલ્લેખ કરવો જરૂરી છે. જેઓ બીજાને અહિંસાનો ઉપદેશ આપે છે તેમણે શિષ્યની લાયકાત જોઈને ઉપદેશ આપવો જોઈએ. લાયકાત વિના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અહિંસાની વાત કદાચ અનર્થકારી નીવડે. શિષ્યની લાયકાત પારખવાની જે ગુરુમાં શક્તિ ન હોય તે ગુરુ થવાને લાયક ન કહેવાય.

એક સાસુએ મહારાજ પાસે બાધા લીધી કે મારે કોઈની સુવાવડ ન કરવી. પોતાના દીકરાની વહુને સુવાવડ આવી, ત્યારે કહે કે મેં તો સુવાવડ કરવાની બાધા લીધી છે! દીકરાને પરણાવવો અને સુવાવડ કરવાની બાધા લેવી એ કેટલું બધું પરસ્પરવિરોધી છે! એક વખત કેટલાક રેંટિયો કાંતવાની બાધા લેવા લાગ્યા હતા. એ કારણે કે તેથી વાઉકાયના જીવ હણાય છે! તો પછી લૂગડાં પહેરવાની બાધા શા માટે ન લેવી? આમાં પૂરતી સમજણનો અભાવ છે. આવા પ્રસંગે બાધા આપનારે અને બાધા લેનારે વિવેક જાળવવો જરૂરી છે. તેથી જ અહિંસામાં વિવેકને મુખ્ય સ્થાન આપવામાં આવેલ છે.

અહિંસા એટલે કોઈની હિંસા ન કરવી. આ છે અહિંસાનું નિષેધાત્મક સ્વરૂપ. કોઈ જીવને બચાવવો એ છે અહિંસાનું વિધાયક સ્વરૂપ. પરંતુ આપણા અમુક વર્ગમાં એવી માન્યતા પ્રવર્તે છે કે કોઈ જીવને મારવો નહીં તેમાં અહિંસા છે, પરંતુ કોઈ જીવને બચાવવો તેમાં અહિંસા નથી. કોઈ જીવ પાણીથી ટળવળતો હોય અને તમે તેને પાણી આપો, કોઈ જીવ ભૂખે મરતો હોય અને તમે તેને અન્ન આપો, તો તેમાં અહિંસા નથી. તમે પાણી આપ્યું તે પાણીમાં અસંખ્ય જીવો હતા. તે જીવો હણાયા, એટલે તેમાં દયા નથી. આ કઈ જાતની માન્યતા છે તે સમજવાની મારી તાકાત નથી! આના સમર્થનમાં એક દૃષ્ટાંત આપવામાં આવે છે. એક શેઠને છ દીકરા હતા. છયે દીકરાને ફાંસીની સજા રાજાએ ફરમાવી. તે સમયે શેઠ બહારગામ હતા. તેમણે આવીને રાજાને અપીલ કરી કે મારા છયે દીકરાને ફાંસીની સજા આપશો તો હું નિર્વંશ જઈશ. રાજાએ કહ્યું કે તમો કહો તો એકને ફાંસી આપવામાં

નહિ આવે. શેઠ વિચારમાં પડચા કે મારે કોને બચાવવો ? તેને મન છયે દીકરા સરખા હતા. છ દીકરા એટલે છકાયના જીવો. આ છકાયના જીવોમાંથી કોને બચાવવા અને કોને મરવા દેવા ? આ છે તર્કશક્તિની દલીલ. વિવેક વિનાની તર્કશક્તિ કેટલે ખોટે માર્ગે લઈ જાય છે તેનું આ દૃષ્ટાંત છે.

આ તર્કશક્તિ આથી પણ આગળ વધે છે. દરેક જીવ પોતે પોતાની આવરદા પ્રમાણે જીવે છે, અને આવરદા પૂરી થાય ત્યારે મરે છે. આમાં કોણ કોને બચાવે ? કોઈ કોઈને બચાવી શકે તે વાત જ ખોટી છે. આ પ્રમાણે આ તર્કશક્તિ માનવીને ઊંધે રસ્તે દોરી જાય છે, પરંતુ આપણે વધુ ઊંડા ઊતરીશું તો આ વિચારસરણીમાં ભૂલ ક્યાં છે તે માલૂમ પડી આવશે. જો દરેક વ્યક્તિ આ પ્રમાણે વિચારે અને પાણીથી ટળવળતી વ્યક્તિને પાણી ન આપે, ભૂખે મરતી વ્યક્તિને અન્ન ન આપે, તો પછી આપણા હૃદયમાં જે અનુકંપાનું, દયાનું ઝરણું વહે છે તે સુકાઈ જશે, તેનું શું ? દયા, અનુકંપા, પ્રેમ – એ અહિંસાનાં સાકાર સ્વરૂપ છે. એ ઝરણાને સુકાવી દેનારો ઉપદેશ અહિંસાનો નાશ કરવા સમાન છે.

આ તર્કશક્તિ આથી પણ આગળ વધેલી છે. તે કહે છે કે આ તો બધાં સાંસારિક કામો છે. તેમાં આત્મધર્મ નથી. આત્મધર્મ અને સાંસારિક ધર્મ જુદા જુદા છે. આનું સમર્થન કરતાં તેઓ કહે છે, કે તમે ભોગમય જીવન જીવી રહ્યા છો અને તેથી તમે ઇચ્છો છો કે બીજાં પણ તેવું જીવન જીવે. તેમાં તમારો સ્વાર્થ છે. દાખલા તરીકે, એક ગરીબ બાઈને પ્રસૂતિની પીડા છે. ગામમાં સુવાવડનું સાધન નથી. તમે સાધનસંપન્ન છો, તેથી તમે ટેક્સી લઈ આવ્યા અને નજીકના શહેરમાં તમે તેને હોસ્પિટલમાં લઈ ગયા. તે બાઈને સુખરૂપ પ્રસૂતિ થઈ. કહે છે કે આ બાઈ પ્રતિ તમે અનુકંપા બતાવી તેમાં ધર્મ નથી, તે તો સાંસારિક કાર્ય છે.

આ દલીલના જવાબમાં તમે જો એમ કહો કે 'તેમાં મારે કંઈ સ્વાર્થ ન હતો. તે બાઈ મારી સગી નથી. મેં તો માત્ર અનુકંપાથી જ કરેલ છે.' તો તે દલીલનો તમને જવાબ આપવામાં આવશે, કે તે બાઈ સાથે તમને પૂર્વભવમાં સંબંધ હશે અને તેથી તમને તે બાઈ માટે કંઈક કરવાની લાગણી થઈ આવી. કદાચિત્ પૂર્વભવના સંબંધને કારણે આમ ન બન્યું હોય તો તમને આ બાઈ પ્રતિ રાગ જન્મ્યો અને તેથી તમે તે કાર્ય કર્યું, પરંતુ તેમાં આત્મધર્મ નથી, એમ કહેશે.

આ રીતે આ વર્ગ આત્મધર્મ અને સાંસારિક ધર્મને સર્વથા જુદા પાડે છે. આ રીતે વર્ગીકરણ કરીને, તેઓ કહે છે કે સંસારમાં રહીને તમે ધર્મ કરી શકો નહિ, એટલે કાં તો સંસારમાં રહો અગર તો ત્યાગી બનો ! પરંતુ વાસ્તવિક રીતે જોઈએ તો આ માન્યતા બરાબર નથી. પૂ. મહાત્માજીએ પણ બતાવી આપ્યું છે કે સંસાર જુદો અને ધર્મ જુદો એ માન્યતા બરાબર નથી. સંસારમાં રહીને ધર્મમય જીવન જીવી શકાય છે, અને જીવવું જોઈએ. માનવી હિમાલયની ગુફામાં જઈને બેસે, પરંતુ જો તેનું મન ચંચળ હશે તો તે સંસારમાં ભમ્યા કરશે અને જો માનવીને પોતાના મન પર કાબૂ હશે તો સંસારમાં રહીને પણ તે નિર્લેપપણે રહી શકશે. સંસાર માણસની કસોટીની ભૂમિકા છે. અહિંસાનું આચરણ હવામાં નથી થતું. જીવનમાં પ્રતિક્ષણ તેનો અનુભવ થાય છે, અને થવો જોઈએ. અહિંસક જીવનનો વિકાસ આવા અનુભવથી જ થાય.

સંસારનો ત્યાગ કરવો અને સર્વથા ત્યાગમય જીવન જીવવું એ બધાં માટે શક્ય નથી, અને અધિકાર ન હોય ત્યાં આ પ્રકારની વાતો કરનાર પોતાની ફરજ ચૂકે છે. એમાં એકાન્તદૃષ્ટિ છે, જ્યારે જૈન ધર્મ અનેકાન્તવાદમાં માને છે. એક વ્યક્તિ પિતા, ભાઈ, પુત્ર વગેરે અનેક સંબંધો ધરાવતો હોય છે. તે વ્યક્તિ બધાંની સાથે એક રીતે વર્તે તો અનર્થ થાય. જેવો સંબંધ તે રીતે તેણે વર્તવું જોઈએ. આ છે અનેકાન્તદૃષ્ટિ. તેવી જ રીતે ઉપર મુજબ એકાન્ત ઉપદેશ આપવો તેમાં જૈન દૃષ્ટિ નથી. જૈન દૃષ્ટિ તો અનેકાન્તવાદની દૃષ્ટિએ ઉપદેશ આપવાનું સૂચવે છે. વ્યવહારનય અને નિશ્ચયનય મૂકવામાં અનેકાન્તદૃષ્ટિ બાજુએ મૂકવામાં અને એકાન્તદૃષ્ટિને અપનાવવામાં આવે તો મહાન અનર્થ થાય. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."

આ જાતની અનેકાન્તદૃષ્ટિ, વિશાળ દૃષ્ટિ જેનામાં હોય તે જ ખરો આત્માર્થી છે.

૧૫–૯–'૫૪

૮

# અહિંસા પરમો ધર્મ

મનુષ્ય માટે સૌથી અગત્યનો પ્રશ્ન તેના આચરણનો છે. જ્ઞાનની જિજ્ઞાસા સંતોષવા જીવ શું? જગત શું? ઈશ્વર શું? જગત કોણે અને ક્યારે ઉત્પન્ન કર્યું?–વગેરે પ્રશ્નોનાં સમાધાન મેળવવા મનુષ્યની બુદ્ધિ પ્રયત્નો કરતી રહી છે. આ પ્રશ્નોના સંતોષકારક જવાબ ન મળે તો પણ મનુષ્ય દુઃખી થવાનો નથી. પણ પોતાનું વર્તન કેવું રાખવું તેનો સાચો માર્ગ ન જાણે તો મનુષ્ય જરૂર દુઃખી થવાનો અને થાય છે. તત્ત્વજ્ઞાનના પ્રશ્નો અણઉકલ્યા રહે તેથી મનુષ્ય દુઃખી થતો નથી, પણ આચારધર્મનું અજ્ઞાન હોય તો સાચું સુખ મળવાનું જ નહિ. ભગવાન બુદ્ધે આ વાત સરસ રીતે સમજાવી છે. કોઈ માણસને વિષમય બાણ વાગ્યું હોય અને વૈદ્યને બોલાવે ત્યારે વૈદ્યને એમ પૂછે કે, 'આ બાણ કોણે માર્યું, કેવું હતું વગેરે મને સમજાવો અને પછી સારવાર કરો.' તો આ બધું જ્ઞાન થાય તે પહેલાં જ તેનું મૃત્યુ થાય. તાત્કાલિક જરૂર તો બાણ ખેંચી કાઢી, ઘા રુઝવવાની છે. તેવું જ મનુષ્યનું છે.

અહિંસા આચારધર્મનો પ્રશ્ન છે. મનુષ્યનું વર્તન હિંસામય હોય કે અહિંસામય, આચરણમાં સત્ય હોવું જોઈએ કે અસત્ય ચાલે – આનો જવાબ રોજિંદા જીવન માટે પ્રત્યેક મનુષ્યે મેળવવાનો રહે છે. આ વિષયની એની માન્યતા ઉપર તેનાં અને બીજાંનાં સુખદુઃખનો આધાર છે.

ભગવાન મહાવીર, બુદ્ધ અને ક્રાઇસ્ટે અને વર્તમાનમાં ટૉલ્સ્ટૉય, આલ્બર્ટ સ્વાઇત્ઝર અને ગાંધીજીએ અહિંસાને આચારધર્મનો પાયો બનાવ્યો છે. પણ દરેકની ભૂમિકા અને અહિંસાનો અમલ, કેટલેક દરજ્જે જુદાં જુદાં છે.

અહિંસા પરમો ધર્મઃ ખાસ કરીને, જૈન ધર્મનું પ્રધાન લક્ષણ ગણાય છે. અહિંસા શા માટે? જૈન ધર્મમાં તેનો જવાબ બે પ્રકારનો છે: એક અનુભવની ભૂમિકાનો અને બીજો બુદ્ધિનો. અનુભવે જોઈએ છીએ કે દરેક જીવ જીવવા ઇચ્છે છે, કોઈને મરવું ગમતું નથી. દરેકને સુખ જોઈએ છે, કોઈને દુઃખ ગમતું નથી. પોતે સુખ ઇચ્છે તો બીજાંને દુઃખ દઈને પોતાને સુખ કેમ મળે?

બીજાં પણ એવો જ વર્તાવ રાખે તો બધાં દુઃખી થાય. હિંસાથી દુઃખ છે, અહિંસાથી જ સુખ છે, આ સૌનો અનુભવ છે.

બુદ્ધિથી વિચાર કરીએ, તો સર્વ જીવ સમાન છે. જૈન ધર્મની આ પાયાની માન્યતા છે. કીડી અને કીટકથી માંડીને મનુષ્ય સુધીના સર્વ જીવ સમાન છે. પોતાના સુખને માટે બીજાંને દુઃખ દેવાનો કોઈને અધિકાર નથી. આ બંને દષ્ટિએ જૈન ધર્મે અહિંસા પરમો ધર્મ સ્વીકાર્યો છે. દેહની પ્રત્યેક ક્રિયામાં ઓછીવત્તી હિંસા છે. તેથી અહિંસાના શક્ય તેટલા આચરણ માટે જૈન ધર્મ મુખ્યતયા નિવૃત્તિપ્રધાન અને અક્રિયાત્મક રહ્યો છે. જૈન ધર્મ શ્રમણધર્મ રહ્યો છે. ગૃહસ્થધર્મનાં વ્રતો, અણુવ્રતો જેને કહે છે તે છે. પણ ધર્મના પૂર્ણ પાલન માટે તેનું લક્ષ્ય સંસારત્યાગ છે. આવી અહિંસામાંથી સંયમ અને તપ સ્વાભાવિક પરિણમે છે. ભોગોપભોગમાં હિંસા છે. તપથી કર્મક્ષય થાય છે. અહિંસા માટે અપરિગ્રહ અનિવાર્ય છે. પરિગ્રહ મેળવવામાં અને પ્રાપ્ત કરેલ પરિગ્રહને ટકાવવામાં હિંસા રહેલી છે.

ભગવાન બુદ્ધે પણ દુઃખમુક્તિ માટે અહિંસામાર્ગ સ્વીકાર્યો છે. પણ તેમના ઉપદેશમાં સ્થૂળ હિંસા વિરમણ કરતાં, ભાવહિંસા ઉપર વધારે ભાર મૂક્યો છે. વૈરત્યાગ, અને મહાયાન માર્ગમાં સક્રિય કરુણા, પ્રધાન સ્વરૂપ લે છે.

ક્રાઇસ્ટના ઉપદેશનું પ્રધાન લક્ષણ માનવપ્રેમ છે. પડોશી સાથે પ્રેમથી વર્તવું એટલું જ નહિ દુશ્મન ઉપર પણ પ્રેમ રાખવો. Love your enemies. Bless them that curse you. Do good to them that hate you. વળી દુનિયાદારી રાહ એવો છે કે હિંસાનો જવાબ હિંસાથી આપવો, eye for eye and tooth for tooth. પણ ક્રાઇસ્ટે કહ્યું : Resist not evil – જમણા ગાલે તમાચો મારે તો ડાબો ગાલ ધરો. કોટ માગે તો પણ આપી દો. આ ઉપદેશ ત્યાગનો, અપરિગ્રહનો છે.

ટોલ્સ્ટૉયે ક્રાઇસ્ટના આ ઉપદેશને સ્વીકારી પોતાની જીવનસાધના શરૂ કરી અને તેના સમર્થનમાં લખાણો અને ગ્રંથો લખ્યાં, ત્યારે રાજ્ય અને ધર્મના સત્તાધીશો state and church સાથે ભારે સંઘર્ષમાં પડ્યા. આ ઉપદેશ સાચું જીવનદર્શન હોય તો વર્તમાન રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક વ્યવસ્થા બધી હિંસાનિર્ભર છે અને અધર્મ છે. Non-resistance to evil – અન્યાય અથવા અનિષ્ટનો પ્રતિકાર, શબ્દશઃ પાલન કરતાં, એક અશક્ય પરિસ્થિતિ ઊભી થાય છે. વ્યક્તિગત આચરણ માટે આ માર્ગ

સ્વીકાર્ય કે યોગ્ય હોય તો પણ તેના સામૂહિક આચરણથી અવ્યવસ્થા પરિણમે એમ જણાયું. ટૉલ્સ્ટૉય આવા પરિણામથી પૂરા વાકેફ હતા. તેનો ઉકેલ તેમની પાસે ન હતો. He remained a spiritual anarchist.

વર્તમાન યુગના બીજા એક સમર્થ ચિંતક ડૉ. આલ્બર્ટ સ્વાઇત્ઝરે પણ, ક્રાઇસ્ટના ઉપદેશને મધ્યબિંદુ બનાવી, નૈતિક આચરણના પાયાના સિદ્ધાંત – fundamental principle of ethical conduct–ની શોધ કરી. તેમણે જે સિદ્ધાંત સ્વીકાર્યો તેને reverence for life–જીવનમાત્ર માટે આદર – કહ્યો. ડૉ. સ્વાઇત્ઝરની વિચારભૂમિકા લગભગ જૈન ધર્મની છે પણ તેમનું ચિંતન સ્વતંત્ર છે. એ ભૂમિકા છે અનુભવની અને સર્વજીવ-સમાનતાની. દરેક જીવ જીવવા ઇચ્છે છે. એ છે will to live – જિજીવિષા. જીવવા ઇચ્છતા એક જીવ તરીકે મારે દરેકની જિજીવિષાનો આદર કરવો જોઈએ. તેથી કોઈ જીવની હિંસા મારાથી થાય નહિ. વળી નાના જીવ અને મોટા જીવ એવો ભેદ પાડવાનો મને કોઈ અધિકાર નથી. પોતાના સુખને માટે મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિનો ભોગ લેવાનો મનુષ્યને અધિકાર નથી. જે વ્યક્તિ નાના જીવની હિંસા કરે તે મોટા જીવની પણ કરશે, કારણ કે એના અંતરમાં ક્રૂરતા રહી છે. કરુણા હોય તો નાનામોટા જીવનો ભેદ ન રહે. પણ કુદરત એક ભયંકર સમસ્યા – horrible dilemma – ખડી કરે છે. દેહધારણ માટે કેટલીક હિંસા અનિવાર્ય છે: **जीवो जीवस्य जीवनम्.** આનો ઉકેલ સ્વાર્થત્યાગ છે, will to liveને will to love બનાવવી તે. ડૉ. સ્વાઇત્ઝરે પોતાનું દીર્ઘ જીવન માનવસેવામાં અર્પણ કર્યું.

ગાંધીજીને આ બધો વારસો મળ્યો હતો, ભારતીય સંસ્કૃતિનો – હિંદુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનો – તો હતો જ, પણ ક્રાઇસ્ટનો ઉપદેશ અને ટૉલ્સ્ટૉયનાં લખાણોની અસર પણ તેમના ઉપર ઓછી ન હતી. છતાં ગાંધીજીનું સ્વતંત્ર ચિંતન પણ છે. અને આપણે જોઈશું કે અહિંસાના આચરણને તેમણે નવું અને વ્યાપક સ્વરૂપ આપ્યું છે, જે જગતના ઇતિહાસમાં એક નવો રાહ છે.

ગાંધીજીને અહિંસા, સત્યના આચરણમાંથી મળી એમ તેમણે કહ્યું છે. તેમણે જીવનભર સત્યના પ્રયોગો કર્યા છે અને એ પ્રયોગો કરતાં કરતાં સત્યમય આચરણ માટે અહિંસા જ માર્ગ છે એમ જોયું. સત્ય અને અહિંસા એક જ સિક્કાની બે બાજુ – two sides of the same coin – છે એમ તેમણે કહ્યું છે. ગાંધીજીએ એમ પણ કહ્યું છે કે અનુભવે દેખાય છે કે દેહનો સ્વભાવ હિંસા છે, આત્માનો ગુણ અહિંસા છે. દેહ અને આત્મા ભિન્ન છે અને

આત્માની શાશ્વત મુક્તિ એ જ જેનું લક્ષ્ય છે તેને માટે દેહાધ્યાસ છોડવો એ જ માર્ગ છે. દેહ છે ત્યાં સુધી કેટલીક સ્થૂળ હિંસા અનિવાર્ય છે, પણ તેને ઓછામાં ઓછી કરવી એ જ પુરુષાર્થ છે. અનિવાર્ય હિંસાની છૂટ હોઈ શકે, હિંસા કોઈ કાળે ધર્મ ન હોય, ધર્મ તો અહિંસા જ છે.

પણ ગાંધીજી પહેલાં અહિંસાનો વિચાર, મોટે ભાગે વ્યક્તિગત આચરણ તરીકે જ થયો છે. સામૂહિક રીતે, સામાજિક, રાજકીય, આર્થિક અને જીવનનાં બધાં જ ક્ષેત્રોમાં અહિંસાનું આચરણ શક્ય છે, જરૂરનું છે અને લોકકલ્યાણનો એ જ માર્ગ છે, એવો વિચાર બહુ થયો નથી. બલ્કે એમ માનવામાં આવ્યું છે કે વ્યક્તિગત રીતે અહિંસાનું આચરણ શક્ય છે, તો પણ સામૂહિક રીતે એટલું વ્યાવહારિક નથી. ટૉલ્સ્ટૉયની સામે આ જ પ્રશ્ન આવીને ઊભો રહ્યો હતો. બીજા ધર્મો, જેમણે અહિંસાને આચરણમાં પ્રાધાન્ય આપ્યું છે તેમનામાં પણ વ્યક્તિગત આચરણ માટે જ તેનો વિચાર થયો છે. પરિણામે વ્યક્તિગત આચરણ અને સામૂહિક આચરણનાં ધોરણ જુદાં રહ્યાં છે, અને જુદાં હોય એમ માનવામાં આવ્યું છે. વ્યક્તિગત આચરણમાં સત્ય અને અહિંસા સ્વીકારવામાં આવ્યાં, પણ સામૂહિક આચરણમાં તે વ્યવહારુ નથી એમ માન્યું. પરિણામે વ્યક્તિ ખૂન કરે તો પાપ અથવા ગુનો ગણાય, પણ યુદ્ધમાં લાખોનો સંહાર થાય તે દેશાભિમાન ગણાય, ગુણ લેખાય, તેની પ્રશંસા થાય. ગાંધીજીને વ્યક્તિગત અને સામૂહિક આચરણ જુદાં જુદાં સ્વીકાર્ય નથી. સત્ય અને અહિંસા આત્માનો ગુણ છે. સામૂહિક વ્યવહારમાં જે અસત્ય અને હિંસા આચરે, તે વ્યક્તિગત આચરણમાં સત્ય અને અહિંસાનું આચરણ કરી શકે તેમ બને નહિ. ગાંધીજીએ બતાવ્યું કે અહિંસાનું આચરણ સામૂહિક રીતે શક્ય છે, એટલું જ નહિ પણ જરૂરનું છે, વ્યાવહારિક છે. Gandhiji was a practical idealist. અલબત્ત, સામૂહિક ક્ષેત્રે અહિંસાનું આચરણ, વ્યક્તિગત જીવનમાં શક્ય છે તેટલી સૂક્ષ્મ રીતે શક્ય નથી. કેટલીક વધારે છૂટ મૂકવી પડે, પણ તેને નેવે ન મુકાય, અશક્ય ન ગણાય. આ પ્રયોગ દુનિયા માટે નવો છે. ગાંધીજીને અહિંસક સમાજનું નિર્માણ કરવું હતું, તેનો માર્ગ તેમણે બતાવ્યો છે. તેમનો બધો રચનાત્મક કાર્યક્રમ આવા અહિંસક સમાજની રચનાનો નકશો છે.

પણ સામૂહિક અહિંસાના આચરણમાં એક મોટી મુસીબત રહેલી છે. માણસમાં લોભ છે, સ્વાર્થ છે, અશુભ વૃત્તિઓ છે, તેથી અનિષ્ટ આચરણ છે. તેને કેમ પહોંચી વળવું? દુનિયાએ આજ સુધી એક જ માર્ગ જાણ્યો છે.

Eye for eye and tooth for tooth – હિંસાનો સામનો હિંસાથી જ કર્યો છે. અલબત્ત, સમાજવ્યવસ્થામાં હિંસા ઓછી કરવા સ્મૃતિઓ રચાઈ છે, કાયદાઓ થયા છે, પોલીસ છે, લશ્કર છે પણ અંતે બધાંનો પાયો હિંસા છે. જગતમાં રહેલ અનિષ્ટ – problem of evil – ને પહોંચી વળવાનો સર્વથા અહિંસક માર્ગ ગાંધીજીએ પ્રથમ વિચાર્યો છે, અને કરી બતાવ્યો છે. ધર્મોએ, તેનાથી દૂર રહેવાનો, સંસારત્યાગ કે સંન્યાસનો માર્ગ જોયો છે. ક્રાઇસ્ટે કહ્યું: Resist not evil. ગાંધીજીએ કહ્યું: Resist evil. અનિષ્ટનો, અન્યાયનો પ્રતિકાર કરો, પણ હિંસાથી કે વેરઝેરથી નહિ, પણ અહિંસાથી, પ્રેમથી, પોતે સહન કરીને, બીજાનાં હૃદયને જીતી લઈને. દુનિયા માટે આ નવો માર્ગ છે. અહિંસક સમાજની રચનામાં અન્યાય અને અનિષ્ટનો પ્રતિકાર, તેની સાથેના અસહકારથી અને સત્યાગ્રહથી, કરવાનો રાહ ગાંધીજીએ જગતને ચીંધ્યો છે.

અહિંસાનું આ નવું અને વ્યાપક સ્વરૂપ એ ગાંધીજીનો દુનિયાને સંદેશ છે. વિજ્ઞાને સંહારનાં અકલ્પ્ય શસ્ત્રો સર્જ્યાં છે. આપણે ભૌતિકતાની અને ભોગોપભોગની સીમાએ પહોંચી રહ્યાં છીએ. ત્યારે વિનાશમાંથી બચવા માટે ગાંધીજીનો અહિંસા અને સંયમનો માર્ગ માનવજાતે વિચારવાનો રહે છે.

૧-૧૦-'૬૮

૯

# મહામૂલા જીવનમાંથી હું શું શીખ્યો ?

જીવન પ્રત્યેની દૃષ્ટિ માણસના અનુભવો પરથી ઘડાય છે. વિવિધતાની દૃષ્ટિએ મારું જીવન સમૃદ્ધ અને સુખી રહ્યું છે. જીવનનાં ચઢાણ સીધાં રહ્યાં છે. મારું બચપણ દુઃખી નહોતું, છતાં બહુ સગવડભરેલું પણ ન હતું. એમ. એ., એલએલ. બી. થયો ત્યાંસુધી ખુરસી, ટેબલ કે ઇલેક્ટ્રિક લાઇટ ન હતાં, ઊભાં થતાં માથું ભટકાય તેવું છાપરું હતું. કાલબાદેવીથી કૉલેજ સુધી ચાલતો જતો અને ટ્રામના પૈસા બચાવતો હતો. બીજાનાં પુસ્તકો વાંચીને બીજાને શીખવતો. દિવસમાં ચૌદ કલાક વાંચતો. વાંચવાનો બસ નાદ હતો. ફર્સ્ટ કલાસ ફર્સ્ટ આવવાની ઇચ્છા રહેતી અને તે આવતો ગયો. ઘણી સ્કૉલરશિપો મેળવી. તેથી મેં મારું સ્વાસ્થ્ય થોડું ગુમાવ્યું, પરંતુ મનનું સ્વાસ્થ્ય ગુમાવ્યું નહિ.

હું માનું છું કે માણસનું જીવન ચિંતનશીલ હોવું જોઈએ. જેનું જીવન ચિંતનશીલ નથી તે પ્રવાહમાં બીજાની સાથે તણાઈ જાય છે. આમ તો મારા કોઈ ગુરુ નથી, પરંતુ ડૉક્ટર આલ્બર્ટ સ્વાઇત્ઝર અને તેથી વધીને ગાંધીજીના જીવનમાંથી હું ઘણું શીખ્યો છું. ૧૯૨૧ ના દિવસો હતા. ચિત્તરંજન દાસ, ગાંધીજી, મોતીલાલ નહેરુ જેવાનાં ભાષણો સાંભળી હું વિચારમાં પડી જતો. અનેક કૉલેજિયનો કૉલેજો છોડતા, પણ મેં મારી રીતે વિચાર કરીને નક્કી કર્યું કે જો હું કૉલેજ છોડીશ તો મારું જીવન વેડફાઈ જશે. દેશદાઝ હતી, તે છતાં મને અભ્યાસ છોડવાનું યોગ્ય લાગ્યું નહિ.

માણસે સ્વતંત્ર રીતે વિચાર કરતાં થવું જોઈએ. ગાંધીજીએ ઘણી પાયાની વસ્તુઓ શીખવી તેમાં સૌથી મોટી વાત એ છે કે માણસમાં નીડરતા સાથે અપાર નમ્રતા જોઈએ. અને તેનામાં, ભૂલ થઈ હોય તો તે કબૂલ કરવાની અને પ્રાયશ્ચિત્ત કરવાની શક્તિ જોઈએ.

મારું જીવન વિચારશીલ અને ચિંતનશીલ રહ્યું છે, પણ લાગણીશીલ નથી. હું લાગણીથી ખેંચાઈ જતો નથી. માણસના જીવનમાં ઊર્મિ હોવી જોઈએ, પણ irrational ન હોવી જોઈએ. ગાંધીજીનું જીવન અદ્‌ભુત હતું છતાં

તેમનું મેં અનુકરણ નથી કર્યું. મહાન માણસના જીવનનું પણ અનુકરણ ન કરવું, પરંતુ તેના જીવનમાં જે સાચું લાગ્યું હોય તે આપણા જીવનમાં વણી લેવું. અનુકરણ એ મરણ છે – imitation kills.

મારા એમ. એ.ના પરીક્ષકો પ્રો. હેમ્પટન અને પ્રો. રાનડેએ મને લખ્યું હતું કે છેલ્લાં વીસ વર્ષમાં અમે ફિલોસોફીના વિષયમાં આવાં પેપર્સ વાંચ્યાં નથી. તેમણે મને કાગળ લખીને કૉલેજમાં લેક્ચરર થવા કહ્યું. મેં ના કહી, કારણ કે મારે વકીલ થવું હતું. મને પૈસાવાળા ઘણા મોટા લાગતા અને મને પૈસાવાળા થવાનો મોહ હતો. હવે તો ઘણા પૈસાવાળાના પરિચયમાં આવ્યો છું, હું પણ ઘણું કમાયો. હવે મને એનો મોહ નથી રહ્યો. અલબત્ત, માણસના જીવનમાં અમુક સાધનોની જરૂર છે, તેથી વધારેની જરૂર નથી હોતી. માણસ પોતાની મર્યાદા નક્કી કરી શકે છે. હું માનું છું કે જે માણસનું જીવન સંયમી નથી અને જે જીવનમાં ઊંચા ધોરણના નામે જીવનને વિલાસી બનાવે છે તે સુખી નથી થઈ શકતો.

અનેક સામાજિક સંસ્થાઓમાં મેં કામ કર્યું. લાખો રૂપિયાનાં દાન પ્રેમથી મેળવી શક્યો, કારણ કે લોકોનો વિશ્વાસ સંપાદન કરી શક્યો. માણસ પોતાનું પ્રેમ અને કરુણાનું જળ જેટલું બીજા પર સીંચે છે તેટલું જ તે બીજાનું જળ મેળવી શકે છે, અને સુખી બને છે. તેમ ન કરવામાં આવે તો માણસ સુકાયેલા વૃક્ષ જેવો બની જાય છે. જે માણસ સંસારમાં રસ નથી લેતો કે પોતાનું જ સંભાળવામાં માને છે તે સુખી–ખરેખર સુખી નથી બની શકતો.

પરિણીત જીવન એ માણસની મોટામાં મોટી પ્રયોગશાળા છે. માણસને તેની પત્ની કે નોકર સિવાય બીજું કોઈ વધારે સારી રીતે જાણી શકતું નથી. સારી સહધર્મચારિણી મળવી તે ઘણી મોટી વાત છે. તે એક લોટરી જેવું છે, પણ લગ્ન-વિચ્છેદ એ તેનો જવાબ નથી.

જીવનમાં આનંદ મેળવવા ઉચ્ચ સાહિત્યનું વાંચન કરવું જોઈએ. ટાગોર, કાલિદાસ, શેક્સપિયર વાંચતાં કેટલો બધો આનંદ આવે છે!

દરેક માણસના જીવનમાં એક ભરતી આવે છે. આ ભરતીને પારખવાની દૃષ્ટિ જોઈએ. જીવનમાં આવતી તકને ઝડપવાની પણ તૈયારી જોઈએ. તક આવવી એ સદ્‌ભાગ્ય છે. તકનો લાભ લેવાની શક્તિ કેળવવી એ પુરુષાર્થ છે. માણસ નિર્બળ ન હોવો જોઈએ, તેમજ તેનામાં અભિમાન પણ ન હોવું જોઈએ. Inferiority complex કે superiority complex– કંઈ ન જોઈએ.

આ દુનિયામાં ભાતભાતના લોકો છે. એમની વચ્ચે મનની સમતુલા રાખી માણસે જીવન પ્રત્યેની દૃષ્ટિ કેળવવી જોઈએ. માણસનાં બંધન અને મોક્ષનું કારણ તેની પ્રકૃતિ છે. સંજોગો, પુરુષાર્થ અને પ્રકૃતિ માણસના અભિગમ નક્કી કરે છે. માણસે જાણવું જોઈએ કે તે પોતાની પ્રકૃતિ અને સંજોગો ઉપર વિજય મેળવી શકે છે. માણસે સૌથી મોટી વાત જીવનમાં શીખવાની હોય તો તે તેની નિર્ણય કરવાની શક્તિ છે, કે તેણે ક્યાં જવું છે.

માણસ સફળ થાય ત્યારે દુઃખના દિવસો યાદ કરે છે. તેમાં તેનો અહમ્ પોષાય છે. માણસ દુઃખી હોય ત્યારે ભૂતકાળનું સુખ યાદ કરવામાં દુઃખી થાય છે. માણસે સુખ અને દુઃખમાં સરખું મન રાખી ચિત્ત સ્વસ્થ રાખવું જોઈએ, **सुखदुःखे समंकृत्वा लाभालाभौ जयाजयौ**

અંતમાં એક વાત કહેવાની. દુનિયામાં હિંસા-અહિંસા, સત્ય-અસત્યનાં દ્વંદ્વ ચાલ્યા જ કરે છે. એમાંથી એક જાતની વૃત્તિ 'મારે શું ? હું શું કરવાનો ? જગત જાય ખાડામાં'–ઊભી થાય છે. પણ માણસે વિચારવું જોઈએ કે મારો ફાળો હિંસાના–અસત્યના પલ્લામાં છે કે અહિંસાના–સત્યના પલ્લામાં છે ? માણસ દુનિયા ઉપર સ્વર્ગ તો ન ઉતારી શકે, પણ દુઃખનાં કારણો જરૂર ઓછાં કરી શકે, અને માણસ પોતાના જીવનની સંધ્યાએ એમ કહી શકે કે સત્યના, અહિંસાના પલ્લામાં એક પાંદડી મૂકવાનું મેં કામ કર્યું છે–આવું કંઈક ચિંતન આપણે કરીએ તો એ એનું જીવનસાફલ્ય છે.

૧–૭–'૬૮

# ૧૦
# ગીતાસંદેશ

કુરુક્ષેત્રના રણમેદાનમાં, પાંડવો અને કૌરવોનાં સૈન્યો મધ્યે, ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનનો રથ સ્થાપ્યો ત્યારે, અર્જુને પોતાની સમીપે, લડવાને ઉત્સુક એવાં પોતાનાં સ્વજનો અને વડીલોને જોયાં. ગાંડીવધનુ, સત્યસાચી, ક્ષત્રિયવીર અર્જુન, જેણે અનેક યુદ્ધો ખેલ્યાં હતાં અને વિજયો પ્રાપ્ત કર્યા હતા તેને પણ આ દૃશ્ય જોઈ ઊંડો ખેદ થયો. અતિ દીન ભાવે તેણે ભગવાનને કહ્યું :

"ગાત્રો ઢીલાં પડે મારાં, મોઢામાં શોષ ઊપજે,
કંપારી દેહમાં ઊઠે, રૂંવાડાં થાય છે ખડાં,
ગાંડીવ હાથથી છૂટે, વ્યાપે દાહ ત્વચા વિષે,
રહેવાય નહીં ઊભા, જાણે મારું ભમે મન."

આ તો અર્જુનની શારીરિક સ્થિતિ થઈ. માનસિક સ્થિતિ કેવી હતી ? –

"'નથી હું ઇચ્છતો જીત, નહીં રાજ્ય, નહીં સુખો;
રાજ કે ભોગ કે જીવ્યું, અમારે કામનું કશું ?
ન ઇચ્છું હણવા આ સૌ, ભલે જાતે હણાઉં હું,
ત્રિલોક રાજ્ય કાજે યે, પૃથ્વી કારણ કેમ તો ?
અહો કેવું મહાપાપ, માંડ્યું આદરવા અમે,
કે રાજ્ય–સુખના લોભે, નીકળ્યા હણવા સગાં.'
આમ બોલી રણે પાર્થ ગયો બેસી રથાસને,
ધનુષ્યબાણને છોડી, શોક-ઉદ્વેગથી ભર્યો."

આપણને થાય કે અર્જુનને ખરેખર વૈરાગ્ય થયો છે. લોભ છોડી, પૃથ્વીનું તો શું પણ ત્રિલોકનું રાજ્ય પણ જતું કરવા એ તૈયાર થયો છે. મહાપાપમાંથી બચવું છે અને બીજાને મારવા તેના કરતાં પોતે હણાય તેમાં શ્રેય માને છે. આપણને લાગે કે ભગવાન એને કહેશે, 'બહુ સારું, ભાઈ ! આથી વધારે રૂડું શું હોય ?'

પણ ભગવાન જાણતા હતા કે આ સાચો વૈરાગ્ય નથી પણ મોહ છે, અને મોહને ધર્મનું સ્વરૂપ આપ્યું છે. ભગવાનને થયું કે કદાચ આ ક્ષણિક વિષાદ હશે. તેથી થોડાં મહેણાં મારીશ તો તેનું ક્ષાત્રતેજ જાગી ઊઠશે. એટલે ભગવાને કહ્યું :

"ક્યાંથી મોહ તને આવો ઊપજ્યો વસમે સમે,
નહિ જે આર્યને શોભે, સ્વર્ગ ને યશને હરે.
મા તું કાયર થા, પાર્થ! તને આ ઘટતું નથી;
હૈયાના દૂબળા ભાવ, છોડી ઉઠ, પરંતપ!"

અર્જુન જેવા ક્ષત્રિયને ભગવાન ઊઠીને કાયર, નામર્દ કહે તેથી વધારે ઘા શો હોય? હાકલ કરી, 'હૃદયની દુર્બળતા છોડી, ઊઠ.' પણ અર્જુનનું દર્દ ઊંડું હતું. તેણે કહ્યું :

"વિના હણીને ગુરુઓ મહાત્મા, ભિક્ષા વડે જીવવું તેય સારું;
હણી અમે તો ગુરુ અર્થ વાંછું, લોહીભર્યા માણશું ભોગ લોકે.
સ્વભાવ ભેટચો મુજ રાંક ભાવે, ન ધર્મ સૂઝે તમને હું પૂછું;
બોધો મને નિશ્ચિત શ્રેય જેમાં, હું શિષ્ય આવ્યો શરણે તમારે.
સમૃદ્ધ ને શત્રુ વિનાનું રાજ્ય, મળે જગે કે સુરલોકમાંયે;
તો યે ન દેખું કોઈ શોક ટાળે, મારી બધી ઇન્દ્રિય તાવનારો."

ભીખ માગીને નિર્વાહ કરવો બહેતર છે, પણ ગુરુજનોની હત્યા કરી, લોહીથી ખરડાયેલ અર્થ અને કામરૂપી ભોગો મારે ભોગવવા નથી. અર્જુન ધર્મ-સંમૂઢચેતઃ કિંકર્તવ્યમૂઢ થયો છે. તેની બુદ્ધિ બહેર મારી ગઈ છે. ભગવાનને એ કહે છે : "નિશ્ચયપૂર્વક મને કહો, મારું શ્રેય શેમાં છે? તમારો શિષ્ય છું, તમારે શરણે આવ્યો છું. મને માર્ગ બતાવો. મારી બધી ઇન્દ્રિયોને શોષી લેતા આ વિષાદમાંથી હું છૂટી શકતો નથી. પૃથ્વીનું નિષ્કંટક રાજ્ય મને મળે, કે ઇન્દ્રનું ઇન્દ્રાસન મળે, તો પણ મારો શોક ટળે તેમ નથી. અને પછી, હું તો લડવાનો નથી." એમ કહી મૂંગો થઈ એ બેસી ગયો.

ભગવાને, પહેલાં તો, હસતા હોય તેમ, અર્જુનને કહ્યું : "જેનો શોક કરવો ન જોઈએ તેનો તું શોક કરે છે અને મોટો પંડિત હોય તેમ ડાહી ડાહી વાતો કહે છે : પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે–પણ સત્ય તો જાણતો નથી." ભગવાન પછી અર્જુનને દેહ અને આત્મા ભિન્ન છે તે સમજાવે છે : "આત્મા મરતો નથી,

મારતો નથી, હણતો નથી, હણાતો નથી. અજન્મ, અવ્યય, અવિનાશી, નિત્ય, અજ, અમર, નિશ્ચળ, અચિંત્ય, અવ્યક્ત, નિર્વિકાર છે. જૂનાં વસ્ત્રો તજીને મનુષ્ય નવાં વસ્ત્રો ધારણ કરે, તેમ આત્મા જીર્ણ શરીર તજી દઈ નવો અન્ય દેહ પ્રાપ્ત કરે છે. આત્માને આવો શાશ્વત જાણી, મૃત્યુનો શોક કરવો ન ઘટે. વળી બીજી રીતે વિચારીએ તો....

"જન્મ્યાનું નિશ્ચયે મૃત્યુ, મૂઆનો જન્મ નિશ્ચયે,
માટે જ ન ટળે તેમાં તને શોક ઘટે નહિ."

'પણ તો શું મનુષ્યવધ કરવામાં પાપ નથી?' આ પ્રશ્નનો જવાબ અર્જુનને હજી મળ્યો ન હતો. તેથી, આ તત્ત્વજ્ઞાનથી પણ તેના મનનું સમાધાન થયું નહિ. પણ તે સમજાવે તે પહેલાં ભગવાન ફરીથી તેને તેના ક્ષાત્રધર્મનું–સ્વધર્મનું ભાન કરાવે છે. આ વ્યાવહારિક ધર્મનું આચરણ તેના માટે કર્તવ્ય છે એમ સમજાવે છે. ક્ષત્રિયને માટે રણમાંથી તે ભાગી ગયો એવી અપકીર્તિથી મોટું કલંક બીજું શું હોય? આ ધર્મયુદ્ધમાં તું જીતીશ તો પૃથ્વીનું રાજ્ય મળશે અને મૃત્યુ પામીશ તો સ્વર્ગ મળશે. બન્ને રીતે લાભ છે.

"હણાયે પામશે સ્વર્ગ, જીત્યે ભોગવશે મહી,
માટે, પાર્થ! ખડો થા તું, યુદ્ધાર્થે દૃઢનિશ્ચયી."

પણ આ ધર્મયુદ્ધ છે તેની જ અર્જુનને ખાતરી નથી. તે તો માને છે કે લોભ થકી આ મહાપાપ કરવા બેઠા છીએ અને તેથી વિનાશ જ સર્જાયો છે.

બુદ્ધિનું તત્ત્વજ્ઞાન કે વ્યાવહારિક કર્તવ્યના ઉપદેશથી અર્જુનના મનનું સમાધાન થતું નથી. ત્યારપછી ભગવાન તેને યોગમાર્ગ બતાવે છે અને તે જ ગીતાનો મુખ્ય સંદેશ છે. આ યોગમાર્ગનો આશ્રય લેવાથી, ભગવાન કહે છે, કર્મબંધન થતું નથી અને આ ધર્મનું યત્કિંચિત્ પાલન પણ મનુષ્યને મહાભયમાંથી ઉગારી લે છે. આ જ્ઞાન મળ્યા પછી અંતે અર્જુન દૃઢતાથી પોકારી ઊઠે છે:

**नष्टो मोहः स्मृतिर्लब्धा, त्वत्प्रसादान्मयाऽच्युत ।**
**स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥**

"ટળ્યો મોહ, થયું ભાન, તમ અનુગ્રહે, પ્રભો!
થયો છું સ્થિર નિ:શંક, માનીશ તમ શીખને."

અર્જુનનો મોહ ટળ્યો છે, એની શંકાનું સમાધાન થયું છે, એ સ્થિર–સ્વસ્થ થયો છે અને ભગવાનના કહેવા પ્રમાણે વર્તવા તૈયાર થયો છે.

આ યોગમાર્ગ શું છે તે હવે સંક્ષેપમાં જોઈએ. તે પહેલાં થોડું પ્રાસ્તાવિક કહી દઉં.

આ વિશ્વ અને મનુષ્યજીવન ગૂઢ રહસ્ય છે. મનુષ્ય વિચાર કરતો થયો ત્યારથી આ રહસ્યનો પાર પામવા તે પ્રયત્ન કરતો રહ્યો છે. અનેક ઋષિમુનિઓ, સંતો અને તત્ત્વજ્ઞોએ, અનુભવ અને બુદ્ધિથી, મનુષ્યજીવનનું અંતિમ લક્ષ્ય બતાવ્યું છે. માણસ શાશ્વત સુખ અને શાંતિની ઝંખના કરતો જ રહ્યો છે. આ અનાદિ અનંત સંસારના પરિભ્રમણમાંથી મુક્તિ મેળવવાની ઉત્કટ ભાવના છતાં, જાણે વધુ ને વધુ તેમાં તે બંધાતો જાય છે. કોઈએ જ્ઞાનમાં મુક્તિ માની, કોઈએ ભક્તિમાં, કોઈએ કર્મકાંડમાં, તો કોઈએ સંસારત્યાગ અને સંન્યાસમાં. આ દુઃખપૂર્ણ જગતમાં, સુખ અને શાંતિની આશા વ્યર્થ છે એમ લાગે.

મનુષ્યના માટે સૌથી મહાન પ્રશ્ન એ છે કે જીવન કેવી રીતે જીવવું જેથી પોતે સુખી થાય અને પોતાની આસપાસના બીજા બધા જીવો સુખી થાય. અંતરની ખરી મૂંઝવણ એ જ છે, કે કર્તવ્ય શું અને અકર્તવ્ય શું? અર્જુનની પણ આ જ મૂંઝવણ હતી. અર્જુન ધર્મ-સંમૂઢ-ચેતઃ કિંકર્તવ્યમૂઢ થયો હતો. જીવનું અંતિમ લક્ષ્ય આત્મદર્શન કહો, મોક્ષ કહો, ઈશ્વરરૂપ થવું કહો, પણ એ અંતિમ લક્ષ્યની સિદ્ધિ માટે સાચી સાધના શું એ મનુષ્ય માટે મુખ્ય પ્રશ્ન. છે. ગીતા, જીવન જીવવાની આ સર્વોચ્ચ કળા બતાવે છે. ગીતા આધ્યાત્મિક નિદાનગ્રંથ છે: આરોગ્યના નિદાનગ્રંથો હોય છે તેમ અધ્યાત્મનો સર્વોત્કૃષ્ટ નિદાનગ્રંથ છે. આરોગ્યના નિદાનગ્રંથો હોય છે તેમ અધ્યાત્મનો સર્વોત્કૃષ્ટ નિદાનગ્રંથ ગીતા છે.

ગીતાની શરૂઆતમાં ભૌતિક યુદ્ધની ભૂમિકા છે. પણ આ તો એક નિમિત્ત છે. ખરું યુદ્ધ જે મનુષ્યના અંતરમાં પ્રતિક્ષણ ચાલી રહ્યું છે, તેમાંથી શાશ્વત શાંતિ કેમ મેળવવી એ જ ગીતાનો પ્રતિપાદ્ય વિષય છે. મનુષ્યની સદ્-અસદ્ વૃત્તિઓ, તેની વાસનાઓ અને કામનાઓ, તેના અંતરમાં તુમુલ યુદ્ધ જગાવે છે. સંસારના બધા સંઘર્ષનું મૂળ મનુષ્યના રાગદ્વેષ છે.

ગીતા આચારધર્મનો ગ્રંથ છે, પણ મનુસ્મૃતિની પેઠે વિધિનિષેધોનો ગ્રંથ નથી. એક વસ્તુ એક સમયે કર્તવ્ય હોય, જે બીજે સમયે અકર્તવ્ય થાય. એક વ્યક્તિ માટે કર્તવ્ય હોય, બીજી વ્યક્તિ માટે અકર્તવ્ય હોય; એક દેશમાં કર્તવ્ય હોય, બીજા દેશમાં અકર્તવ્ય હોય. બાહ્ય આચરણ આવી રીતે દેશ-કાળ પ્રમાણે પલટાતું રહે, તેથી એક એવી માન્યતા ઊભી થઈ છે કે નીતિનો

કોઈ નિયમ નથી, અને વ્યક્તિ સ્વચ્છંદે વર્તી શકે છે. ગીતા બતાવે છે કે બાહ્ય આચરણ પાછળ એક સનાતન નિયમ છે જે ત્રિકાળસત્ય છે અને જેને અવલંબીને માણસ સમયે સમયે પોતાનું કર્તવ્ય નક્કી કરી શકે છે તેમજ જેને ત્યજીને ભવાટવિમાં ભટક્યા કરે છે. ગીતા જીવનનો માર્ગદર્શક ભોમિયો છે. તેણે એક જ્યોતિ આપી છે, જેના પ્રકાશે અંધકારમય દેખાતા આ સંસારમાં માણસ પોતાનો માર્ગ શોધી શકે છે. ગીતા માટે મોક્ષ એટલે સંસારત્યાગ કે સંન્યાસ નહિ. એક માન્યતા એવી છે કે વ્યવહાર અને મોક્ષધર્મ પરસ્પર વિરોધી છે. એકને પ્રાપ્ત કરવા બીજાનો ત્યાગ કરવો જોઈએ. ગીતાએ બતાવ્યું છે કે મોક્ષ અને સદ્વ્યવહાર વચ્ચે આવો કોઈ વિરોધ નથી. ગીતાએ ધર્મને વ્યવહારમાં ઉતાર્યો છે.

જે ધર્મ વ્યવહારમાં માર્ગદર્શક બની ન શકે તે સાચો ધર્મ નથી અથવા ધર્મની ખોટી સમજણ છે.

ગીતા જેમ સ્મૃતિગ્રંથ નથી, તેમ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ પણ નથી. ઉપનિષદો અને બ્રહ્મસૂત્રોનું તેમાં દોહન છે, પણ તત્ત્વજ્ઞાનનું યુક્તિપૂર્વકનું નિરૂપણ તેમાં નથી. ગીતા ધર્મનું એક મહાન કાવ્ય છે. તેમાં કાવ્યની પુનરુક્તિ તથા અત્યુક્તિ પણ છે. ગીતામાં કેટલુંય એવું છે કે જે શરૂઆતમાં, કદાચ લાંબા સમય સુધી સમજાય નહિ. કેટલુંક પરસ્પર વિરોધી લાગે. કેટલુંક બુદ્ધિગમ્ય ન લાગે. ગીતાને સમજવા માટે શ્રદ્ધા – reverent mind, અંધશ્રદ્ધા નહિ – સાચી શ્રદ્ધાની જરૂર રહે છે. ગીતાને સમજવા માટેનો રાજમાર્ગ તો તેણે કહેલું આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરવો એ જ છે. અનુભવે વધુ અને વધુ સમજાતું જાય.

તો હવે યોગેશ્વર શ્રીકૃષ્ણે બતાવેલ યોગમાર્ગ શું છે તે જોઈએ. એક વાક્યમાં કહેવું હોય તો કર્મફળત્યાગ. ગીતાનું આ મધ્યબિંદુ છે. ગીતાને સમજવા માટે કર્મફળત્યાગ શું છે તે સમજવાની જરૂર છે.

દેહ છે ત્યાં સુધી કર્મ છે જ. કર્મથી કોઈ છૂટી શકતું નથી. કર્મમાત્રમાં દોષ પણ છે, કર્મ બંધન છે. તો સમસ્યા તો એ છે કે કર્મથી છુટાતું નથી, તો કર્મબંધનથી કેમ છૂટવું ? ગીતાએ કહ્યું : નિષ્કામ કર્મથી, સર્વ કર્મો ઈશ્વરને અર્પણ કરીને, અનાસક્તિથી, કર્મફળનો ત્યાગ કરીને. ત્રીજા અધ્યાયમાં કહ્યું છે :

“કર્મ ન આદરે તેથી, નિષ્કર્મી થાય ના જન;
ન તો કેવળ સંન્યાસે મેળવે પૂર્ણ સિદ્ધિને.

રહે ક્ષણેય ના કોઈ ક્યારે કર્મ કર્યા વિના;
પ્રકૃતિના ગુણે સર્વે અવશે કર્મ આચરે.
રોકી કર્મેન્દ્રિયો રાખે, ચિત્તમાં સ્મરતો રહે;
વિષયોને મહામૂઢ, મિથ્યાચાર ગણાય છે."

વળી કહ્યું છે :

"કર્મે અધિકારી તું, ક્યારેય ફળનો નહીં;
મા હો કર્મફળે દૃષ્ટિ, મા હો રાગ અકર્મમાં.
કરે યોગે રહી કર્મ, તેમાં આસક્તિને તજી,
યશાયશ સમા માની, સમતા તે જ યોગ છે.
બુદ્ધિયોગી અહીં છોડે, પાપ ને પુણ્ય બેઉયે,
માટે થા યોગમાં યુક્ત, કર્મે કૌશલ્ય યોગ છે."

કર્મ કરવું માણસના કાબૂની વાત છે. તેનું ફળ તેના હાથમાં નથી. ફળ અથવા પરિણામ ઉપર દૃષ્ટિ રાખીને કર્મ કરનાર, કર્મમાં આસક્ત થાય છે. ધાર્યું ફળ કે પરિણામ ન આવતાં નિરાશ થાય છે. ફળ અથવા પરિણામ ઈશ્વરના હાથની વાત છે, એમ માણસ સમજે ત્યારે નિષ્ફળતાની નિરાશાને કોઈ અવકાશ રહેતો નથી, એટલું જ નહિ પણ અંતરને મોટું બળ મળે છે. આવા સમતાપૂર્વકના કર્મથી, આવા બુદ્ધિયોગથી, માણસ પાપ અને પુણ્ય બંનેથી પર થાય છે, કર્મબંધન કરતો નથી, મુક્ત થાય છે. આનો અર્થ એમ નથી કે પરિણામ વિશે માણસ બેદરકાર રહે. ખૂબ ચીવટથી કામ કરે, પણ આસક્તિ ન રાખે. યશ-અપયશ, જય-પરાજયમાં સમતા રાખે.

આવી સમતા, આવો બુદ્ધિયોગ કેવી રીતે પ્રાપ્ત કરવો? પ્રથમ તો ઈશ્વર ઉપરની અખૂટ શ્રદ્ધાથી, ભક્તિથી. ભક્તિ વિનાનું જ્ઞાન અભિમાન છે, મિથ્યા છે, વિફરે છે. વિશ્વની આ ગહન લીલામાં, જેના રહસ્યનો હું પાર પામી શકતો નથી, જેને હું પૂરું સમજી શકતો નથી, તેમાં ઈશ્વરનું ધાર્યું થાય છે, મારું કાંઈ નહિ; હું નિમિત્ત માત્ર છું એવી નમ્રતા આવે, અને બધો અહંકાર ગળી જાય ત્યારે અનાસક્તિ, નિર્મળતા, નિરહંકાર આવે છે. આવી શ્રદ્ધા જેને હોય પણ આચરણમાં પૂર્ણપણે મૂકી ન શકે, તો પણ ભગવાન કહે છે—न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति—એવા મનુષ્યનો આ લોકે કે પરલોકે નાશ થતો નથી, કારણ કે કલ્યાણમાર્ગે જનારની કદી દુર્ગતિ થતી નથી. માટે ભગવાને કહ્યું :

"જે કરે ભોગવે વા જે, જે હોમે, દાન જે કરે,
આચરે તપને વા જે, કર અર્પણ તે મને.
કર્મનાં બંધનો ખાળ, તોડીશ સુખ–દુઃખદા,
સંન્યાસ યોગથી યુક્ત, મને પામીશ મુક્ત થૈ."

આવા ભક્તને ભગવાનનું આહ્‌વાન છે અને કોલ છે કે :

"મન ભક્તિ મ'ને અર્પ, મ'ને પૂજ, મ'ને નમ,
મને જ પામીશ નિશ્ચે, મારું વચન તે, પ્રિય!
છોડીને સઘળા ધર્મો, મારું જ શરણું ધર,
હું તને સર્વ પાપોથી છોડાવીશ, નચિંત થા."

પણ આવી ભક્તિ કહેવાથી નથી આવતી. આ ભક્તિ એટલે વેવલાપણું નહિ, અંધશ્રદ્ધા નહિ. આ ભક્તિ પરમ પુરુષાર્થ માગે છે, 'શિરતણું સાટું' છે. આવા ભક્તનાં બુદ્ધિ અને મન સ્થિર, સ્વસ્થ, નિર્મળ હોવાં જોઈએ. જેનું મન ભટક્યા કરે છે, જેની બુદ્ધિ અનિશ્ચિત છે, જે ઇન્દ્રિય-સુખોપભોગમાં રચ્યોપચ્યો રહે છે, જે પોતાના સ્વાર્થથી અંધ છે, જે સદા જાગ્રત નથી, સાવચેત નથી, તેને આવી ભક્તિ અથવા શ્રદ્ધા પ્રાપ્ત થતી નથી. નિર્મળ અરીસામાં જ સ્વચ્છ પ્રતિબિંબ પડે છે. નિર્મળ ચિત્તમાં જ ઈશ્વરનો વાસ છે. બુદ્ધિને, પ્રજ્ઞાને, ચિત્તને સ્થિર, સ્વચ્છ કેમ કરવું ? તે માટે ભગવાન કહે છે :

"મનની કામના સર્વે છોડીને, આત્મામાં જ જે
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો.
કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી
સંકેલે ઇન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર."

પણ ઇન્દ્રિયોને વિષયોમાંથી ભટકતી રોકવી એ સહેલું નથી.

"પ્રયત્નમાં રહે તો યે શાણાયે નરના હરે
મનને ઇન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી.
નિરાહારી શરીરીના ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પર (ઈશ્વર)"

ત્રિગુણાત્મક પ્રકૃતિ ઉપર કાબૂ મેળવવો તે સહેલું નથી. દરેક માણસ જે પ્રકૃતિ લઈને જન્મ્યો હોય છે તે તેને ધકેલતી રહે છે. પણ જાગ્રત માણસ, આત્મપુરુષાર્થથી, પોતાની પ્રકૃતિ ઉપર કાબૂ મેળવી શકે છે.

आत्मैव आत्मनो बन्धुः आत्मैव आत्मनो रिपुः ।

ઈશ્વરની કૃપા અનાયાસે, અચાનક ઊતરતી નથી. મનુષ્યનો પુરુષાર્થ હોય તો જ ઈશ્વરનો અનુગ્રહ થાય છે.

તો, કર્મફળમાં અનાસક્તિ માટે ઇન્દ્રિયસંયમ, મનોનિગ્રહ, સ્થિર પ્રજ્ઞા. ધ્યાન અને શ્રદ્ધા-ભક્તિ વગેરે બધાં તત્ત્વો જરૂરનાં છે. ગીતામાં આ બધાં વિષયોનું નિરૂપણ છે.

કર્મફળનો ત્યાગ થાય ત્યારે સત્ય, અહિંસા, અપરિગ્રહ આપોઆપ આવે. અમુક પરિણામ મેળવવા માટે જે વ્યક્તિ કર્મ કરે છે, તે કોઈ પણ સાધનોનો ઉપયોગ કરશે; અસત્ય, હિંસા, પરહિતહાનિ બધું આચરશે, કારણ કે તેનું લક્ષ્ય અમુક પરિણામ જ છે. પણ અનસક્તભાવે, પ્રવાહપતિત કર્મ આચરનાર, સત્ય, અહિંસા, અપરિગ્રહ જ આચરે. અહીં સાધ્ય અને સાધનની એકતા છે. તે વિના કર્મફળત્યાગ–અનાસક્તિ શકચ જ નથી. તેવી વ્યક્તિ માટે, આસક્તિ ઉપજાવે અથવા વધારે એવાં સર્વ કર્મો ત્યાજ્ય બને છે. આસક્તિ બંધન છે, દુઃખનું મૂળ છે. તેથી આવો અનાસક્ત કર્મયોગી સંસારમાં, બહુજનહિતાય, લોકકલ્યાણનાં કાર્યોમાં લાગેલો હોય તો પણ, સંન્યાસી છે. પૂરો કર્મી હોવા છતાં પૂરો અકર્મી છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં બોધેલ આ યોગમાર્ગ છે, જેણે અર્જુનનો વિષાદ દૂર કર્યો અને તેના સર્વ સંશયો છેદ્યા. આ માર્ગે જતાં

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।।

"આદર્યું વણસે ના, ને વિઘ્ન ના ઊપજે અહીં,
સ્વલ્પ આ ધર્મનો અંશ ઉગારે ભયથી મહા."

ગીતાનો આ સંદેશ છે. આચરશે તે પામશે.

૧૬–૧૦–'૬૮

## ૧૧

# સાધના

સાધનાના સ્વરૂપ અને તેના પ્રકારનો આધાર સાધ્ય શું છે તેના ઉપર છે. વ્યાપક અર્થમાં કહીએ તો કોઈ પણ ધ્યેયની પ્રાપ્તિ અર્થે વ્યવસ્થિત પ્રયત્નો કરવા તેનું નામ સાધના. લક્ષ્મી પ્રાપ્ત કરવી હોય તો તે લક્ષ્ય જે રીતે સફળ થાય તેવો માર્ગ તે તેની સાધના. તેવી જ રીતે સત્તા, કીર્તિ, જે કાંઈ મેળવવું હોય તેને માટે વિશિષ્ટ પ્રકારની સાધના જરૂરી છે. વિદ્યાર્થીએ પરીક્ષા પાસ કરવી હોય તો તેને માટે સાધના કરવી પડે. કોઈ પણ કાર્યમાં કુશળતા મેળવવી હોય તો તેની સાધના કરવી પડે. આ બધા પ્રકારની સાધનામાં મનની કાંઈક એકાગ્રતા અનિવાર્ય છે. ચિત્તને બીજી બધી દિશામાંથી વાળી લઈ, ધ્યેય – જે કંઈ હોય તે–ની સિદ્ધિ અર્થે એકાગ્ર થવું તેમાં સાધનાની સફળતા છે. એકાગ્રતા સાથે કોઈ પણ સાધનામાં ત્યાગ પણ જરૂરી છે. વિદ્યાર્થીએ અભ્યાસ કરવો હોય તો રમતગમત કે મોજશોખ જતા કરવા પડે. લક્ષ્મી પ્રાપ્ત કરવી હોય તો કેટલીક વખત શારીરિક સુખ, કૌટુંબિક પ્રેમ કે સહવાસ એવું ઘણું છોડવું પડે છે. એક મોટી ધનવાન વ્યક્તિએ એક વખત મને કહેલું કે ધન પ્રાપ્ત કરવામાં તેમનાં ત્યાગ અને તપશ્ચર્યા (તેમની દૃષ્ટિએ) ઓછાં નથી.

સામાન્યપણે આપણે સાધનાનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે, જીવનની સાધના અથવા આધ્યાત્મિક ઉન્નતિ માટેની સાધના એ અર્થમાં આ શબ્દનો ઉપયોગ કરીએ છીએ. રવીન્દ્રનાથ ટાગોરનો સાધના ઉપરનો લેખસંગ્રહ આ વિષયનું ગહન નિરૂપણ છે. જીવનનું અંતિમ લક્ષ્ય શું અને તે પ્રાપ્ત કરવાનો માર્ગ શો, તે બધાંય દર્શનોનો વિષય છે. ચાર્વાકદર્શનને બાદ કરીએ તો બીજાં બધાં ભારતીય દર્શનો એકમત છે, કે જીવનનું ચરમ ધ્યેય મોક્ષ અથવા ભવ-ચક્રના ફેરામાંથી મુક્તિ છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે અનેક મતભેદો અથવા વિચાર-વૈવિધ્ય હોવા છતાં, આચારમાં મોક્ષમાર્ગી બધાં દર્શનોની એકતા છે. આત્મ-અનાત્મ અથવા જીવપુદ્‌ગલનો સંબંધ ગમે તે કારણે થયો હોય અને અનાદિ

હોવા છતાં એ અનંત નથી, તેમાંથી મુક્તિ છે. કર્મબંધનું કારણ અવિદ્યા કહો, કષાય, વાસના કે તૃષ્ણા કહો, એ બધાંમાંથી મુક્તિ મેળવવાની સાધના એક જ છે, પણ આ આચારધર્મનો પાયો, દેહથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા દેહાધ્યાસ ઓછો કરવો એ શ્રદ્ધા વિના, આ સાધના નિરર્થક છે. આપણે જેને ધર્મ કહીએ છીએ તે આ સાધના છે. પણ એ ધર્મનું આચરણ શ્રદ્ધાપૂર્વક થાય તે માટે તેનો તાત્ત્વિક પાયો ન હોય તો, તે માત્ર પરંપરાગત વિધિનિષેધોમાં જ પરિણમે છે, અથવા માત્ર સામાજિક સુખસગવડ માટેના માર્ગ તરીકે સાધન રહે છે. તે તાત્ત્વિક પાયો શ્રીમદ્ રાજચંદ્રે આ શબ્દોમાં કહ્યો છે:

"આત્મા છે તે નિત્ય છે; છે કર્તા નિજ કર્મ;
ભોક્તા વળી મોક્ષ છે; મોક્ષ ઉપાય સુધર્મ."

આ ષટ્પદમાં પ્રથમ પાંચ પદ જ્ઞાન અથવા શ્રદ્ધાનાં છે. તે પાંચ પદ હોય ત્યારે સુધર્મ, મોક્ષના ઉપાય તરીકે સમજાય છે. સુધર્મનું સમજણપૂર્વક આચરણ થાય તે માટે માણસ મુમુક્ષુ અથવા આત્માર્થી હોવો જોઈએ. આત્માર્થીનાં લક્ષણ શ્રીમદે વર્ણવ્યાં છે:

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ."

જીવનું આત્માર્થી થવું અથવા મોક્ષના અભિલાષી થવું, તે પૂર્વકર્મના ઉદયથી થાય, સદ્ગુરુના સમાગમથી થાય, ઊંડી ઝંખનાથી થાય, આ કાંઈક અકળ છે; સતત જાગૃતિ, આત્મનિરીક્ષણ, ગહન ચિંતન, સ્વયંસ્ફુરણ, કાંઈક નિમિત્ત બને, દીર્ઘ કાળની સાધના પણ જરૂરી બને. શ્રીમદે કહ્યું છે:

"વૈરાગ્ય સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમજ આતમજ્ઞાનની પ્રાપ્તિ તણાં નિદાન.
ત્યાગ-વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન."

ત્યાગ-વિરાગ વિના જ્ઞાન નથી. પણ ત્યાગ વિરાગમાં જ અટકે તો ભૂલે નિજ ભાન. ત્યાગ-વિરાગ માત્ર આતમજ્ઞાનની પ્રાપ્તિનાં નિદાન છે, અંતિમ ધ્યેય આત્મજ્ઞાન છે.

મારો અનુભવ એવો છે, કે સામાન્ય જન માટે માનવસેવા, પ્રાણીદયા અને બને તેટલાં સામાજિક કલ્યાણનાં કાર્યો સાધનાનો રાજમાર્ગ છે. તેમાં ત્યાગ અને નમ્રતા કેળવાય છે અને મૂર્છા ઓછી થાય છે. તે સાથે અભ્યાસ અને ચિંતન હોય તો જાગૃતિ રહે છે, કષાય ઓછા થાય છે, અને પ્રસન્નતા વધે છે. આ બધાંનો પાયો ચિત્તની સ્થિરતા છે: ભટકતા મનને રોકવું, કાચબો જેમ શરીર સંકોરે છે તેમ વિષયોમાંથી ઇન્દ્રિયોને પાછી ખેંચવી એટલે કે સંયમને જીવનનો પાયો બનાવવો અને તેને બને તેટલો વધારતાં રહેવો. આ માર્ગે જતાં, સાંસારિક પ્રવૃત્તિઓ પ્રત્યે ઉદાસીનતા આવે એ સ્વાભાવિક છે. વિચારે ઉદયપ્રયોગ—આ સાધના છે.

૧–૯–'૭૦

# ૧૨

# માનવીની ચેતનશક્તિ

**ભૌ**તિક દૃષ્ટિએ વિચારીએ તો વિરાટ બ્રહ્માંડમાં આ પૃથ્વી એક બિન્દુ સમાન છે. તેમાં માનવ એક ક્ષુદ્ર જંતુ સમાન લાગે. એવો માનવી સત્તા, ધન અથવા કીર્તિના લોભે કે તૃષ્ણાથી કેટલો ઉત્પાત મચાવે છે, કેટલી યાતનાઓ સહન કરે છે અને પોતાની આસપાસ કેટલું બધું અપાર દુઃખ પેદા કરે છે! આ એક બાજુ થઈ. બીજી તરફ વિચાર કરીએ તો માનવીની ચેતનશક્તિ અનંત અને સર્વોપરી છે. સકળ બ્રહ્માંડ તેનું સર્જન હોય તેમ લાગે. બ્રહ્માંડ વિરાટ છે. પૃથ્વી, અસંખ્ય તારાઓમાંનો એક તારો એવા સૂર્યની આસપાસ ફરતો એક નાનો ગ્રહ છે. આ બધું જ્ઞાન માણસને થાય છે. આ જ્ઞાન તેની ચેતનશક્તિનો અથવા આત્માનો ગુણ છે. ભૌતિક જગતનાં રહસ્યો ઉકેલવામાં માનવી મહદ્ અંશે સફળ થયો છે. વિજ્ઞાનની શોધખોળો અદ્ભુત, આશ્ચર્યચકિત કરે તેવી છે. પણ તે માનવીની બુદ્ધિનું જ પરિણામ છે. ચંદ્ર, મંગળ કે ગુરુ, પૃથ્વીથી કેટલા દૂર છે તેનું બરાબર માપ તેણે કાઢ્યું. પૃથ્વી ઉપરથી સંચાલિત રૉકેટો અંવકાશમાં મોકલ્યાં. પળ અને મિનિટની ગણતરી કરી. આવાં રૉકેટો અથવા ઉપગ્રહોની ગતિ નક્કી કરી. ચંદ્ર ઉપર તેનો ઊતરવાનો અને પૃથ્વી ઉપર પાછાં ફરવાનો તેનો સમય, તેનાં સ્થળ, બધું નક્કી કર્યું—કરી શકયા. વિજ્ઞાનનાં સંશોધનોને પરિણામે તૈયાર થયેલ સાધનોથી દિશા અને કાળનાં અંતર ભેદી, આખી દુનિયા ફરી વળ્યા. એટલું જ નહીં પણ વિશ્વના બીજા ભાગોમાં પણ પહોંચી જવાની શકયતા થઈ.

પણ આ વિશ્વ માત્ર ભૌતિક તત્ત્વોનો સમૂહ જ નથી, પણ કોઈ અનંત ચેતનશક્તિના નિયમને આધીન છે એમ પ્રતીત થાય છે. માત્ર ભૌતિક તત્ત્વોનો સમૂહ જ હોય અને તેનું આકસ્મિક વર્તન હોય તો તેનો ક્યારનો ય વિનાશ થયો હોત. તારાઓ, નક્ષત્રો, ગ્રહો-ઉપગ્રહોનું અંતર, ગતિ, કાળ વગેરે માણસ નક્કી કરી શકે છે. તે સિદ્ધ કરે છે કે તે બધાં કોઈ મહાન અટળ નિયમને વશવર્તી છે. તે નિયમ ચેતનશક્તિનું પરિણામ જ હોય, ભૌતિક પદાર્થોનું

નહિ. આ વિરાટ ચેતનશક્તિને ઈશ્વર કહો, બ્રહ્મ કહો કે આત્મા કહો. બીજી રીતે જોઈએ તો માનવી આ બધું જ્ઞાન મેળવી શકે છે, તેનું કારણ તેનામાં રહેલ ચેતનશક્તિ, વિરાટ વિશ્વનું નિયમન કરતી ચેતનશક્તિ એ જ છે. તેથી જ માણસ આ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

માનવીની આ ચેતનશક્તિ બુદ્ધિથી પણ પર છે. બુદ્ધિ સાધન છે. આ સાધનનો ઉપયોગ કરવાવાળી તે ચેતનશક્તિ છે. માણસ બુદ્ધિથી ભૌતિક જગતનાં રહસ્યો પામી શક્યો અને હજુ વિશેષ પામશે. પણ ચેતનશક્તિને નહિ પિછાને ત્યાં સુધી એના જીવનની દિશા નક્કી નહિ કરી શકે. આ ચેતન-શક્તિની અનુભૂતિ થાય ત્યારે વિશ્વની ચેતનશક્તિ સાથે તાદાત્મ્ય સાધે. આ અનુભૂતિ થાય ત્યારે સમસ્ત પ્રાણીસૃષ્ટિ સાથે એકતા સાધે. ત્યાં સ્વાર્થ, લોભ કે કોઈ વાસના કે કષાય રહે નહિ. મૈત્રી, કરુણા, પ્રેમ જ વહે. વિરાટ વિશ્વના એક બિંદુ સમાન પૃથ્વી ઉપરનો હું એક ક્ષુદ્ર જંતુ છું એવી લઘુતાને સ્થાને આ સમસ્ત વિશ્વની વિરાટ ચેતનશક્તિનો હું અંશ છું એ દર્શન થાય.

તા. ૧–૪–'૬૮

૧૩

# મૂર્ખાઈની પરાકાષ્ઠા

વિષયનું મથાળું જરા કુતૂહલપ્રેરક છે. એમ છતાં જે 'મૂર્ખાઈની પરાકાષ્ઠા' વિશે કહેવા માગું છું તે મૂર્ખાઈ એકાદ સામાન્ય વ્યક્તિની નથી, પરંતુ આપણા સૌની છે અને એવી વ્યક્તિઓએ એ સર્જી છે જે સત્તાના સર્વોચ્ચ શિખરે બિરાજી રહેલ છે. આ માર્ગેથી વખતસર પાછાં નહિ વળીએ તો માનવતાનાં બધાં મૂલ્યોને ઉવેખીને માનવજાતનો સર્વવિનાશ આણવાના તબક્કામાં આપણે પહોંચી જઈશું.

બર્ટ્રાન્ડ રસેલે માનવજાતનો ઇતિહાસ – આદિથી અંત સુધીનો – એક વાક્યમાં આપ્યો છે. તેમણે કહ્યું છે કે આદિ માનવો આદમ અને ઈવે જ્ઞાનનું ફળ ચાખ્યું ત્યારથી કોઈ પણ મૂર્ખાઈ એવી નથી કે જે માનવે કરી નથી. હવે તેની પરાકાષ્ઠા આવી છે.

બર્ટ્રાન્ડ રસેલનું આ કથન બહુ જ અભ્યાસપૂર્વક ઉચ્ચારાયેલું છે. આ કથન ઉચ્ચારીને તેણે માનવજાતને પ્રશ્ન પૂછ્યો છે કે 'શું, માનવ આ મૂર્ખાઈની પરાકાષ્ઠામાંથી પાછો ન વળી શકે? માનવજાતના અંધકારમય ભાવિને ઉજ્જવળતામાં ફેરવી શકે?'

આ મૂર્ખાઈ કઈ છે?

છાપાંઓમાં આ બાબત આપણને અવારનવાર વાંચવા મળે છે, એટલે તે નવીન વસ્તુ નથી, છતાં તેની ભયંકરતાનો અભ્યાસ કરશો તો તમે તાજુબ થઈ જશો. આ મૂર્ખાઈ છે 'અણુશસ્ત્રોનું સર્જન.' આ અણુશસ્ત્રોની વિનાશક શક્તિ કેટલી છે? દુનિયામાં ડાહ્યા ગણાતા માણસોનો મોટો ભાગ વિવેકશક્તિ ગુમાવી બેઠો છે, પરંતુ વિનોબા ભાવે અને બર્ટ્રાન્ડ રસેલ જેવા થોડા ડાહ્યા માણસોએ દુનિયાના ભાવિ અંગે સતત ચિંતન કરી, પોકારીપોકારીને ચેતવણી આપેલી કે અણુશસ્ત્રોની આ વિનાશક હરીફાઈ અટકાવો. જો આ હરીફાઈને અટકાવવામાં નહિ આવે તો માનવજાતનો અને માનવતાનાં મૂલ્યોનો વિનાશ

સર્જાશે, છેલ્લાં ૫૦૦૦–૬૦૦૦ વર્ષમાં માનવજાતિએ ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યોનું સર્જન કર્યું છે તે ધૂળમાં મળી જશે.

અણુશસ્ત્રોના સર્જનની આ હરીફાઈ અટકાવવા માટે પૃથક્ પૃથક્ પ્રયત્નો પણ થઈ રહ્યા છે. થોડાં વર્ષ પહેલાં દિલ્હીમાં Anti-Nuclear Conference થયેલી. તેણે અણુશસ્ત્રોનું સર્જન અટકાવવા માટે આંદોલન શરૂ કરેલું; 'World without Bomb' કૉન્ફરન્સ આફ્રિકામાં મળેલી. અણુશસ્ત્રોની ભયંકરતા અંગે ઘણું સાહિત્ય પણ પ્રગટ થઈ રહ્યું છે. ભારત સરકારે અણુપ્રયોગો અને તેના પરિણામ અંગે પુસ્તક બહાર પાડયું છે. આ પુસ્તક આ વિષયના નિષ્ણાત ડૉ. કોઠારી અને ડૉ. ભાભાએ તૈયાર કર્યું છે. આ પુસ્તક એટલી સરસ રીતે તૈયાર થયું છે, કે તેને દુનિયાભરમાં આવકાર મળી રહ્યો છે અને પરદેશનાં પત્રો પણ પ્રશંસાનાં પુષ્પો વેરી રહ્યાં છે. 'માન્ચેસ્ટર ગાર્ડિયને'. તો પોતાની નોંધમાં એટલે સુધી લખ્યું હતું કે બૉમ્બ બનાવનાર કોઈ પણ દેશોનો વૈજ્ઞાનિક આટલી નીડરતાથી લખી ન શકત અને આવું લખાણ તેને માટે જોખમકારક ગણાત. આ પુસ્તકમાં અણુબૉમ્બની અસર કેટલી ભયંકર થાય છે તે સમજાવવામાં આવેલ છે. આ બધું સાહિત્ય વાંચવાથી મને લાગ્યું કે મહાન દેશના સત્તાના સિંહાસને આરૂઢ થયેલ શાસકોએ મૂર્ખાઈની જે પરાકાષ્ઠા સર્જી છે તેને જગતના લોકો પોકારીને અટકાવશે નહિ તો માનવજાતનું ભાવિ અંધકારમય છે.

મૂર્ખાઈની આ પરાકાષ્ઠા અંગે વધુ વિચાર કરતાં પહેલાં આ પરાકાષ્ઠાનું ઉદ્ભવસ્થાન શું છે તેનો વિચાર કરીએ. માણસ જન્મે છે ત્યારે બીજાં પ્રાણીની સરખામણીમાં તે શારીરિક દૃષ્ટિએ અપંગ છે. તેનામાં પોતાનું રક્ષણ કરવાની શક્તિ નથી, જ્યારે બીજાં પ્રાણીમાં તે શક્તિ જન્મથી જ આવે છે. આમ છતાં માનવ અન્ય પ્રાણીઓ કરતાં ઉત્તમ ગણાય છે તેનું કારણ તેનામાં રહેલી બીજી વિશેષતા છે. માનવમાં કલ્પનાશક્તિ છે, બુદ્ધિ છે, સ્મૃતિ છે, ભાષા અને વાચા પણ છે. અન્ય પ્રાણીમાં આ શક્તિ પ્રમાણમાં અલ્પ છે. કબૂતરો વર્ષોથી જે રીતે વર્તે છે તે મુજબ આજે પણ જીવી રહ્યાં છે; સિંહ અનાદિકાળથી એકસરખી રીતે વર્તી રહેલ છે. માનવજાતમાં પોતાના કે બીજાના અનુભવ પરથી જીવનમાં પરિવર્તન આણવાની શક્તિ રહેલી છે. એટલે માનવજાતનો અનુભવવારસો વંશપરંપરાગત ઝિલાતો આવ્યો છે; આપણી પાસે ૫૦૦૦-૬૦૦૦ વર્ષના માનવજાતના અનુભવનો વારસો છે. ન્યુટને Law of Gravitation ની શોધ કરી ત્યારે તે નવી વસ્તુ હતી, પરંતુ અત્યારે સામાન્ય વિદ્યાર્થી પણ તે

જાણે છે. આ માનવજાતની વિશેષતા છે. આ જ રીતે સાહિત્ય, કલા, સંગીત વગેરે જીવનનાં વિવિધ ક્ષેત્રે માનવજાતે ક્રમે ક્રમે સાધેલી પ્રગતિના આપણે વારસદારો છીએ. આપણે ટાગોર અને ટૉલ્સટૉય, કાલિદાસ અને શેક્સપિયરના મહાન વિચારો વાંચી શકીએ છીએ અને સમજી શકીએ છીએ. આ આપણી વિશેષતા છે. વ્યક્તિગત રીતે માનવ આધ્યાત્મિકતાના શ્રેષ્ઠ શિખર સુધી પહોંચી શકે છે. આપણા ધર્મગ્રન્થો – રામાયણ, મહાભારત, ગીતા, ઉપનિષદો, ધમ્મપદ, આગમો, બાઈબલ, કુરાન વગેરે – આધ્યાત્મિક ક્ષેત્રમાં માનવજાતની પ્રગતિના પુરાવાઓ છે. વ્યાસ, વાલ્મીકિ, બુદ્ધ, મહાવીર વગેરે મહાપુરુષોએ આ દિશામાં સાધેલી સાધનાનો ઇતિહાસ આપણી સમક્ષ છે. એટલે માનવજાતમાં જે વિશિષ્ટ શક્તિ છે તે વડે તે વિવિધ સંસ્કૃતિના ઉન્નત શિખરે પણ પહોંચેલ છે. પરંતુ બીજી બાજુ તે વિશિષ્ટ શક્તિઓના – મૂર્ખાઈને કારણે થયેલ – દુરુપયોગમાં માનવજાતનો વિનાશ પણ સર્જાય છે. આ મૂર્ખાઈની પરાકાષ્ઠા પણ માનવજાતના ઇતિહાસમાં આ ક્ષેત્રે ક્રમશઃ સધાયેલી પ્રગતિની પારાશીશીરૂપ જ છે.

માનવમાં જેમ મૈત્રી, કરુણા આદિની સદ્‌વૃત્તિ રહેલી છે તેમ લોભ, ક્રૂરતા, સત્તા આદિ અસદ્‌વૃત્તિ પણ રહેલી છે. પરિણામે માનવજાત પરસ્પર ઝઘડતી આવી છે. તેની શરૂઆત બહુ જ નાના પ્રમાણમાં થવા પામી. માનવજાત ઝઘડવામાં પ્રથમ પથ્થરોનો ઉપયોગ કરવા લાગી; પછી બાણ બનાવ્યું અને તે વાપરવા લાગી; ધીમે ધીમે આગળ વધી અને બંદૂક બનાવી; પછી મશિનગન બનાવી. જાતિ-જાતિના ઝઘડામાંથી દેશ-દેશનાં યુદ્ધો થવા લાગ્યાં. આવાં બે વિશ્વયુદ્ધો માનવજાત લડી. આમ છતાં આ વિશ્વયુદ્ધોમાં જે વિનાશ સર્જાયો તે મર્યાદિત હતો. થોડા સમયમાં તે વિનાશની અસરમાંથી દેશો ઊભા થઈ શક્યા. છેલ્લા વિશ્વયુદ્ધમાં જર્મનીને ઘણું સહન કરવું પડયું. પરંતુ થોડાં જ વર્ષો બાદ તે પાછું સમૃદ્ધ બની ગયું. એટલે અત્યારસુધી જે યુદ્ધો થયાં અને જે વિનાશક શસ્ત્રો વપરાયાં તેની સંહારકશક્તિ મર્યાદિત હતી. પરંતુ આજે માનવજાત પાસે એવાં વિનાશક શસ્ત્રો તૈયાર થયાં છે કે એક જ શસ્ત્ર સારાયે દેશનો વિનાશ સર્જી શકે, એટલું જ નહિ પરંતુ તેની વિનાશકતાની ભયંકરતા વર્ષો સુધી માનવજાતે ભોગવવી પડે. આ શસ્ત્ર છે અણુબૉમ્બનું.

૧૯૪૫ની છઠ્ઠી ઑગસ્ટે હિરોશિમા પર અને ૯મી ઑગસ્ટે નાગાસાકી પર અણુબૉમ્બ ફેંકાયા ત્યારે તેનાં પરિણામોથી સારું યે જગત ધ્રૂજી ઊઠયું. સવારે માણસો ઊઠીને અને દૈનિક કાર્યક્રમથી પરવારીને કામ પર જઈ રહ્યા હતા, ત્યારે બરાબર ૮–૧૫ મિનિટે આ બૉમ્બ ૨,૦૦૦ ફૂટની ઊંચાઈએથી

ફેંકવામાં આવ્યો. તેથી ૭૫,૦૦૦ માણસોનો અર્ધા કલાકમાં સંહાર થયો. આ ઉપરાંત હજારો માણસોને દાહ ઉત્પન્ન થયો જેની પીડાથી અત્યારે પણ તેઓ રિબાઈ રહ્યાં છે. બૉમ્બ પડતાં જ ધરતીકંપ જેવો ધડાકો થયો અને તેની ધ્રુજારીથી લાખો મકાનો તારાજ થઈ ગયાં. આખુંયે શહેર હિરોશિમા ભસ્મીભૂત થઈ ગયું. આ અણુબૉમ્બ ફાટતાં તેમાંથી જે આગનો ગોળો નીકળે છે તે ૪૦,૦૦૦ ફૂટ ઊંચે જાય છે, તેથી જ બૉમ્બ ફેંકનાર વિમાનીને સૂચના આપવામાં આવી હતી કે તે ફેંક્યા પછી તે પાછું વાળીને જુએ નહિ અને તરત જ ત્યાંથી પલાયન થઈ જાય. જો તેમાં જરા પણ વિલંબ થાય તો વિમાન અને બૉમ્બ ફેંકનાર જ આ આગના ગોળામાં ભસ્મીભૂત થઈ જાય. આ બૉમ્બની વિનાશક અસર આટલેથી જ અટકી નથી. તેમાંથી રેડિયો-ઍક્ટિવ–કિરણોત્સર્ગી રજકણો નીકળ્યાં. તેની ભાવિ પ્રજા પર જે વિનાશકારી અસર થઈ તે જુદી.

જે માણસે આ બૉમ્બ ફેંક્યો તે ઇથરલીને તેના પરિણામની કલ્પના નહોતી, પરંતુ જ્યારે તેણે તેનાં ભયંકર પરિણામો જાણ્યાં ત્યારે તે કંપી ઊઠ્યો અને તેણે ઘણાં નિવેદનો બહાર પાડી, જગતને ચેતવણી આપી કે માનવજાતને બચવું હોય તો અણુબૉમ્બ બનાવતાં અટકે. તેનાં નિવેદનો વાસ્તવિકતાથી ભરપૂર હતાં. અમેરિકન સરકારે માનસશાસ્ત્રના નિષ્ણાતોને બોલાવીને ઇથરલીના માનસની ચિકિત્સા કરાવી. આ માનસશાસ્ત્રીઓએ જાહેર કર્યું કે ઇથરલી ગાંડો થઈ ગયો છે અને ઇથરલીને ગાંડાની હૉસ્પિટલમાં ધકેલી દેવામાં આવ્યો ! ઇથરલીને પોતાના કૃત્ય માટે આટલો પસ્તાવો થયો, પરંતુ અમેરિકાના તે વખતના પ્રમુખ ટ્રુમેન જેમણે આ બૉમ્બના ઉપયોગની આજ્ઞા આપી તેમને તે માટે જરા પણ પસ્તાવો થયો હોવાનું જાણ્યું નથી. આ આજ્ઞા આપવામાં તેમના મનમાં કાંઈ નૈતિક મનોમંથન થયું હોય તેમ પણ જાણ્યું નથી. બર્ટ્રાન્ડ રસેલે લખ્યું છે કે જેને પોતાના કૃત્ય માટે પસ્તાવો થયો તે ઇથરલી દુનિયા સમક્ષ ગાંડો ઠર્યો, અને જેને પોતાના કૃત્ય માટે જરા પણ પસ્તાવો થયો નથી તે ટ્રુમેન ગાંડા ગણાતા નથી !

હિરોશિમા પર ફેંકાયેલ બૉમ્બે જે વિનાશ સર્જ્યો તે બૉમ્બ તો અત્યારના બૉમ્બોના પ્રમાણમાં ઘણો જ નાનો ગણાય. તે બૉમ્બની એક્સપ્લોઝિવ કૅપેસિટી ૨૦,૦૦૦ T. N. T.ની હતી. ૧૯૪૫માં આ બૉમ્બ ફેંકાયો ત્યારે એક અમેરિકા દેશ જ તે બનાવી જાણતો હતો. મૂળ શરૂઆત જર્મનીએ કરેલી. ૧૯૩૯થી જર્મનીએ આ બૉમ્બ બનાવવાની શરૂઆત કરી. ત્યારબાદ અમેરિકાએ

પણ આ દિશામાં પગલું ભર્યું. કોણ પ્રથમ આ બૉમ્બ બનાવે છે તેની હરીફાઈ શરૂ થઈ અને પ્રથમ બૉમ્બ બનાવવાનું સદ્દભાગ્ય કહો કે દુર્ભાગ્ય અમેરિકાને પ્રાપ્ત થયું.

જ્ઞાન એ કોઈનો ઇજારો નથી. અમેરિકામાં વૈજ્ઞાનિકો છે તેમ દુનિયાભરમાં અનેક વૈજ્ઞાનિકો પડ્યા છે. ૧૯૪૯માં રશિયાએ પણ બૉમ્બનો પ્રથમ અખતરો કર્યો. પછી તે માટે હરીફાઈ શરૂ થઈ. અમેરિકાએ અણુબૉમ્બ કરતાં વધુ વિનાશક બૉમ્બ બનાવવા માંડ્યો અને ૧૯૫૨માં હાઇડ્રોજન બૉમ્બ અર્થાત્ મેગેટન બૉમ્બ બનાવ્યો. આ બૉમ્બની વિનાશકશક્તિ ૧૦ લાખ ટન T. N. T.ની છે. ૧૯૫૨માં જ્યારે અમેરિકાએ આ બૉમ્બનો ધડાકો કર્યો ત્યારે તેને થયું કે તેની પાસે હવે એવી શક્તિ પેદા થઈ છે કે તેનો સામનો કોઈ દેશ કરી શકશે નહિ. પરંતુ રશિયાએ આ અભિમાન ઓગાળી દીધું, અને તેણે મલ્ટી મેગેટન બૉમ્બ તૈયાર કર્યો, જેની શક્તિ ૨૦, ૩૦, ૪૦, ૫૦ લાખ ટન T. N. T. સુધીની હોઈ શકે છે.

આ સમાચારો આપણે સાંભળીએ છીએ ત્યારે આપણને થાય છે કે દુનિયાનું શું થવા બેઠું છે? મૂર્ખાઈની આ પરાકાષ્ઠા કયાં જઈને અટકશે? હિરોશિમા પર ફેંકાયેલા ૨૦,૦૦૦ ટન T.N.T. ની શક્તિના બૉમ્બે સર્જેલ વિનાશના સમાચાર જ સાંભળીને આપણને ધ્રુજારી છૂટે છે, ત્યારે ૭૦ લાખ ટન T.N.T.ની શક્તિવાળો એક જ મેગેટન બૉમ્બ ફેંકાય તો શું થાય?

મહાન કહેવાતા દેશો મેગેટન બૉમ્બ પેદા કરીને જ અટક્યા નથી. આ સિવાય તેઓએ ઘણાં શસ્ત્રો પેદા કર્યાં છે જે પૈકીની કેટલીક વિગતો બહાર આવે છે અને કેટલાંક શસ્ત્રો અંગેની વિગતો તો હજુ ગુપ્ત જ રહેલી છે. આ શસ્ત્રોની ગુપ્તતા જાળવી રાખવા માટે વૈજ્ઞાનિકોને કેદી જેવી સ્થિતિમાં રાખવામાં આવે છે. તેમને બહાર જવા દેવામાં આવતા નથી. આમ છતાં કોઈ કોઈ માહિતી બહાર આવી જાય છે તે પરથી માલૂમ પડે છે કે મહાન દેશો માત્ર મેગેટન બૉમ્બ તૈયાર કરી અટક્યા નથી. મેગેટન બૉમ્બ ઉપરાંત તેઓએ કેમિકલ વૉરફેર ક્ષેત્રે ઝેરી વાયુ પેદા કર્યો છે. બાયોલોજિકલ વૉરફેર ક્ષેત્રે ઝેરી જંતુઓ પેદા કર્યાં છે. આ ઉપરાંત પણ બીજાં ભયાનક શસ્ત્રો પેદા થયાં છે. એવાં શસ્ત્રો છે જે ફેંકવા માટે કોઈ માણસને જવું પડતું નથી, પરંતુ તે સ્વયંસંચાલિત શસ્ત્રો છે. તે કલાકના ૧૫,૦૦૦ માઈલની ગતિથી

ધારેલા સ્થળે મોકલી શકાય છે. આ શસ્ત્રની અણી ઉપર અણુબૉમ્બ રાખી શકાય છે અને ધારેલ સ્થળે ફેંકી શકાય છે. મોસ્કોથી ન્યૂયોર્ક જતાં આ શસ્ત્રને માત્ર ૨૦ મિનિટ લાગે છે. આ ઉપરાંત પૃથ્વીની પ્રદક્ષિણા કરી શકે તેવાં રૉકેટોનો ઉપયોગ પણ અણુબૉમ્બ માટે થવાની પૂરી શક્યતા છે. તે વડે તો જ્યાં બૉમ્બ ફેંકવો હોય ત્યાં ફેંકી શકાય છે. વળી ઝડપી સબમરીનો બૉમ્બવાહક બની છે અને ઘણી જ ઝડપી ગતિએ અજાણપણે કોઈ પણ દેશમાં પહોંચી બૉમ્બ ફેંકી શકે છે. ૧૦,૦૦૦ મેગેટન બૉમ્બને અમેરિકા ઉપર ફેંકવામાં આવે તો ૯૫ ટકા અમેરિકન વસતિ નાશ પામે તેવી વિનાશક શક્તિ આ બૉમ્બની છે. આ બૉમ્બમાંથી રેડિયો-ઍક્ટિવ રજકણો નીકળે તે ૧૦,૦૦૦ માઈલના ફરતા વિસ્તારમાં વિનાશક અસર કરે. તે રેડિયો-ઍક્ટિવ રજકણોની બે પ્રકારે અસર થાય છે: એક તો તાત્કાલિક અસર છે અને બીજી ધીમી અસર. આ રજકણોની અસરથી ચામડી પર દાહ થવા લાગે છે તે તેની તાત્કાલિક અસર છે અને તેની ધીમી અસર ૫-૧૦-૧૫-૨૦-૨૫ વર્ષે થાય છે: આ રજકણો શરીરમાં દાખલ થાય છે, અને ધીમે ધીમે માંસ, મજ્જા, લોહી વગેરેમાં પ્રવેશે છે અને ઝેરી અસર પહોંચાડે છે. આ અસર લાખો-કરોડો માણસોને થાય. તેના પરિણામે ભવિષ્યની પ્રજા વિકૃત થાય. આ વિકૃતિ કેવા પ્રકારની થશે તે કહેવું મુશ્કેલ છે. પણ ભાવિ પ્રજામાં આંધળાપણું, બહેરાપણું, અવયવોની વિકૃતિ થાય તેવો સંભવ છે. કિરણોત્સર્ગી રજકણો હવા, વાયુ, ધરતી, અન્ન, શાકભાજી, ફળો દરેકને દૂષિત કરે છે અને તે શરીરમાં જતાં લાંબા ગાળે કૅન્સર વગેરે દર્દો પેદા કરે છે. આવાં રજકણો સારી દુનિયા ઉપર પડે છે; અવકાશમાં અણુપ્રયોગો થાય છે તેથી રજકણો વાયુમાં ખેંચાઈ, દુનિયાના બધા દેશોને નુકસાન પહોંચાડે છે.

અત્યારે થઈ રહેલા પ્રયોગોની વિનાશક અસર દેખાવા લાગી છે, તેને પરિણામે વિકૃત બાળકો ઉત્પન્ન થાય છે; બૉમ્બની રેડિયો-ઍક્ટિવ રજકણોની અસરનો ખ્યાલ ૧૯૫૪માં અમેરિકાએ પ્રયોગ કર્યો ત્યારે આવ્યો હતો. આ પ્રયોગો નિર્જન સ્થળે થાય છે તેમ કહેવાય છે, પરંતુ તેનાં રજકણો તો દૂર દૂર સુધી પહોંચે છે: ૧૯૫૪નું થયેલ પ્રયોગોના રજકણો ૮૦ માઈલ દૂર જાપાનના એક કિનારા પર કામ કરતા માછીમારો પર પડ્યા. તેમને ઊલટી-ઝાડા થયાં અને કૉલેરા લાગુ પડ્યો. આમ થવાના કારણની તપાસ કરતાં માલૂમ પડ્યું કે કિરણોત્સર્ગી રજકણોની અસરથી આમ બનવા પામ્યું હતું. જે દિશામાં પવન હોય તે બાજુ આ રજકણો ઊડે છે અને જ્યારે પવન શાંત થાય ત્યારે

જમીન પર ઊતરે છે; એટલે રેડિયો-ઍક્ટિવ રજકણોની અસરથી યુદ્ધમાં નહિ માનનાર કે યુદ્ધમાં નહિ લડનાર શાંતિપ્રિય દેશ પણ બાકાત રહી શકે તેમ નથી.

જૈન સાહિત્યમાં બે પ્રકારના કાળ કહ્યા છે : એક ઉત્સર્પિણી કાળ અને બીજો અવસર્પિણી કાળ. એક કાળ ચડતો છે અને બીજો કાળ ઊતરતો છે. અત્યારે ઊતરતા કાળનો પાંચમો આરો જૈન માન્યતા મુજબ ચાલી રહ્યો છે. પાંચમા આરા બાદ છઠ્ઠા આરાનું વર્ણન અપાયેલ છે. તેનો ચિતાર આપણી પાસે અત્યારથી જ ખડો થઈ રહ્યો છે.

આ આરામાં માણસ વેંતિયા થશે, ખાડા ખોદીને રહેશે, ખેતી કરશે નહિ, કંદમૂળ ખાશે અને જીવન ગુજારશે. બાઈબલમાં પણ મોટા પ્રલયનું આવા પ્રકારનું વર્ણન આવે છે. શાસ્ત્રની આ વાત બુદ્ધિવાદી કે તર્કવાદી માનવ સ્વીકારવા તૈયાર નહિ થાય, પણ આજે વિજ્ઞાન આ કથનને પુરવાર કરી રહ્યું છે અને રેડિયો-ઍક્ટિવ રજકણ માણસજાત પર તેવી જ અસર કરશે તે બતાવે છે.

આ બધાં શસ્ત્રોની આટલી ભયાનક અસર છે, અને દુનિયાનો કોઈ પણ દેશ તેની અસરથી અલિપ્ત રહી શકે તેમ નથી. છતાં આવાં શસ્ત્રો શા માટે ઉત્પન્ન થઈ રહ્યાં છે ?—એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ થશે. આ શસ્ત્રોનો વિરોધ સર્વત્ર થઈ રહ્યો છે. સમર્થ વૈજ્ઞાનિકોએ વારંવાર નિવેદનો બહાર પાડી આ શસ્ત્રોનો ઉપયોગ નહિ કરવાની પોકારીપોકારીને વિનંતી કરી હતી. નોબલ પ્રાઈઝવિજેતા વૈજ્ઞાનિકોએ આ અંગે એક હિલચાલ શરૂ કરેલી. આ પ્રખ્યાત વૈજ્ઞાનિકોની વાત કેમ ધ્યાનમાં લેવાતી નથી તે પ્રશ્ન પણ આપણને થશે. 'નેશનલ સિક્યોરિટી' (દેશનું રક્ષણ) માટે આ બધી સંહારક શસ્ત્રોની હરીફાઈ થઈ રહી છે, પોતાની જીવનદૃષ્ટિ અને ધોરણ ટકાવી રાખવા માટે આ બધું થાય છે તેમ કહેવાય છે. પશ્ચિમના દેશોનું સ્વાતંત્ર્ય અને લોકશાહી જીવન ટકાવી રાખવા માટે આ બધું થાય છે તેમ કહે છે, જ્યારે સામ્યવાદી દેશો મૂડીવાદથી બચવા અને આર્થિક સમાનતા લાવવા આ તૈયારી કરે છે તેમ કહે છે. પણ જે શસ્ત્રો વડે માનવજાતનો વિનાશ થતો હોય ત્યાં કોનું અસ્તિત્વ ટકી શકશે ? આવી સીધી વાત આગેવાનોના ગળે ઊતરતી નથી. અને આ દોડધામ વધતી જ જાય છે, કારણ કે એકબીજાનો અવિશ્વાસ અને ભય એટલા વ્યાપક છે કે એવા વાતાવરણને ભેદી સ્પષ્ટ માર્ગદર્શન મળતું નથી. આજે અમેરિકા અને રશિયા પાસે આ શસ્ત્રો છે, ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ પાસે પણ છે. બીજા દેશો તૈયાર કરે છે. ભારતે અણુશક્તિનો શાંતિમય ઉપયોગ

કરવાની પોતાની નીતિ જાહેર કરી છે. આ રેઈસ–દોડધામ–ચાલુ જ રહેશે અને તેના પર કાબૂ મૂકવામાં નહિ આવે તો તેનું પરિણામ કેવું આવશે તે કલ્પના જ ભયંકર છે.

આ દોડધામ કેમ અટકે? તેનો કોઈ ઉપાય છે કે નહિ?–તે પ્રશ્ન અંગે પણ વિચારણા થઈ રહી છે અને કેટલાક ઉપાયો સૂચવાઈ રહ્યા છે તે ટૂંકમાં જોઈએ. આજે ભૌગોલિક દૃષ્ટિએ દુનિયા એક થઈ છે, આજે જ્યારે કલાકના ૧૫,૦૦૦ માઈલની ઝડપે પ્રવાસ કરી શકાય છે ત્યારે દુનિયા એક થવા પામી છે, તેવી રીતે દુનિયાભરમાં એક જ રાજ્ય–world government–હોય તો આ બધાં સંહારક શસ્ત્રો પર કાબૂ આવી શકે. સંહારક શસ્ત્રોની હરીફાઈ અટકાવવાનો આ એક ઉપાય સૂચવાયેલ છે. Geographical unity demands political unity. પણ કોઈ રાજ્ય પોતાની સાર્વભૌમ સત્તા છોડવા તૈયાર થશે ખરું?

બીજો ઉપાય એ સુચવાયેલ છે કે 'યુનો'ને મજબૂત બનાવવી અને બધાં અણુશસ્ત્રો તેને સોંપી દેવાં. આ સૂચનમાં એ ભય બતાવાય છે કે કોઈ દેશ માત્ર પાંચ જ મેગાટન બૉમ્બ પોતાની પાસે રાખે અને બીજા સોંપી દે તો પણ તે પાંચ મેગાટન બૉમ્બ વડે દુનિયાનો સંહાર કોઈ પણ પળે સર્જી શકાય. વળી બૉમ્બ બનાવવાનું જ્ઞાન અને તેનાં સાધનો છે ત્યાં સુધી વિશ્વાસ કેમ પેદા થાય?

ત્રીજો ઉપાય એ સુચવાયેલ છે કે બીજા દેશો સંહારક શસ્ત્રો બનાવવાનું છોડી દે કે ન છોડી દે, પરંતુ જેને અહિંસામાં શ્રદ્ધા હોય તેવા દેશો જાહેર કરે કે અમે તો આવાં શસ્ત્રોની બનાવટથી દૂર જ રહીશું. હિંસાનો સામનો અહિંસાથી કરી શકવાની જેનામાં ઊંડી અને ઉજ્જ્વળ શ્રદ્ધા અને તાકાત હોય તે જ આ આ વાત કરી શકે. આવી શ્રદ્ધા અને તાકાત હોય તેવી વ્યક્તિ ભારતમાં કે બીજા કોઈ દેશમાં અત્યારે દેખાતી નથી. એક જ વ્યક્તિમાં–પૂ. ગાંધીજીમાં એવી શ્રદ્ધા હતી, પરંતુ સાડા ત્રણ દાયકાના ગાળા દરમિયાન આપણને જણાઈ આવે છે કે અહિંસા પ્રત્યેની આપણી શ્રદ્ધા કેટલી ઓછી થઈ છે.

આ બધા લાંબા ગાળાના ઉપાયો તરતમાં ફળીભૂત ન થાય તો પણ તાત્કાલિક બીજા શક્ય ઉપાયો લેવા જોઈએ કે જેથી આંતરરાષ્ટ્રીય તંગદિલી ઓછી થાય અને યુદ્ધનો ભય દૂર થાય. સૌ કોઈ સ્વીકારે છે કે હવે પછી યુદ્ધ થાય

તો અચૂકપણે અણુશસ્ત્રોનો ઉપયોગ થશે. શસ્ત્ર હોય અને તેનો ઉપયોગ ન કરે તે નહિ બને. યુદ્ધ અચિન્ત્ય છે તે પણ સૌ કોઈ સ્વીકારે છે. તેમાં કોઈની જીત થવાની નથી. સૌની હાર છે, વિનાશ છે તે પણ સ્વીકારે છે. નિ:શસ્ત્રીકરણ, અણુપ્રયોગો પર પ્રતિબંધ વગેરે માટે વર્ષોથી પરિષદો થઈ રહી છે, પણ કોઈ પરિણામ આવ્યું નથી. કદાચ ઇરાદાપૂર્વક યુદ્ધ કરવાનું ગાંડપણ કોઈ નહિ કરે, પણ અકસ્માતથી, આવેશમાં કોઈ વ્યક્તિની ભૂલથી, ગમે ત્યારે યુદ્ધ નહિ થઈ બેસે તેની કોઈ ખાતરી નથી. આજનું યુદ્ધ push–button યુદ્ધ છે. એક સ્થળે બટન દબાવે તો ભયંકર વિનાશકતા સર્જાય. પહેલો ઘા કરે તે વધારે સફળ થાય તેમ મનાય છે. First surprise attack એટલે પૂર્ણ તૈયારીની ટોચ ઉપર સૌ જીવે છે અને તેવી માનસિક તંગદિલી અનુભવે છે.

સંહારક શસ્ત્રોની રેઈસ અટકાવવા માટે જ ઉપાયો બતાવાય છે તેના અમલમાં મુખ્ય વસ્તુ જે અંતરાયરૂપ છે તે અંતરમાં શ્રદ્ધા અને વિશ્વાસનો અભાવ. કોઈ પણ અનિષ્ટ બહારથી ઉદ્ભવતું નથી; બાહ્ય રીતે દેખાતા અનિષ્ટનું ઊગમસ્થાન આપણું અંતર જ છે; એટલે માણસમાં રહેલી અસદ્વૃત્તિ પર સદ્વૃત્તિનો વિજય થાય અને હિંસક વૃત્તિ પર અહિંસક વૃત્તિ પ્રાધાન્ય મેળવે તો જ આ બધા ઉપાયો અમલી બની શકે અને માનવજાત માનવતાનાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરી શકે.

અત્યારસુધી આપણે આધ્યાત્મિક મૂલ્યોને વ્યક્તિગત માન્યતા અને આચરણનો પ્રશ્ન માન્યો છે, પણ આ બાબતને હવે આપણે સામૂહિક રીતે અપનાવવી પડશે. અત્યારસુધી આધ્યાત્મિક મૂલ્યો અંગેની આપણી માન્યતા વ્યક્તિ પૂરતી હતી, સમૂહ તરીકે અપનાવેલ નથી. એક વ્યક્તિ ખૂન કરે તો તેને ફાંસીની સજા થાય. કોઈ પ્રજા લાખો-કરોડોનાં ખૂન કરે તો તેને દેશભક્તિ કહેવાય. આ વિચારસરણી આપણે બદલવી પડશે, અને જે માનવતાનાં મૂલ્યો આપણે વ્યક્તિ તરીકે સ્વીકાર્યાં છે તે પ્રજા તરીકે સ્વીકારવાં પડશે. જ્યારે વ્યક્તિ માટે નિયત થયેલ આધ્યાત્મિક મૂલ્યો પ્રજા તરીકે આપણે સ્વીકારીશું ત્યારે આ ઘર્ષણો અને વિનાશક હરીફાઈનો અંત આવી શકશે.

માનવજાતની સંસ્કૃતિનો ઇતિહાસ એટલે હિંસામાંથી અહિંસા પ્રત્યે પ્રગતિ. પ્રાણીસ્વભાવની વારસાગત હિંસક વૃત્તિઓ ઉપર વિજય મેળવવો તેનું નામ સંસ્કૃતિ – civilization. વ્યક્તિ તરીકે આવી આધ્યાત્મિકતાનાં ઉચ્ચ શિખરો માણસે સર કર્યાં છે. પણ સામૂહિક રીતે, સમષ્ટિ તરીકે, માનવ

એટલી પ્રગતિ કરી શક્યો નથી. એ પ્રગતિ કરવાની વિજ્ઞાન હવે ફરજ પાડે છે, અથવા વિનાશ બતાવે છે. સમાજમાં, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના વ્યવહારોમાં જેમાં હિંસા તજી, શાંતિમય ધોરણ, કાયદાનું શાસન સ્વીકાર્યું, તેમ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે Rule of Law – મતભેદોના નિરાકરણ માટેનો શાંતિમય માર્ગ– સ્વીકારીશું કે નહિ તે પ્રશ્ન આપણી સમક્ષ છે. National security cannot exist in international anarchy. આંતરરાષ્ટ્રીય અરાજકતા અને રાષ્ટ્રીય સલામતી હવે પરસ્પરવિરોધી વસ્તુ છે.

ફ્રેન્ચ રેવોલ્યુશને ત્રણ પ્રકારના આદર્શો આપ્યા : સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવ. ૧૯ મી સદી રાજકીય સ્વતંત્રતા માટેની લડતની સદી હતી; રાજકીય સ્વતંત્રતા મળ્યા બાદ સ્વતંત્ર દેશોને લાગ્યું કે આર્થિક સમાનતા વગર રાજકીય સ્વતંત્રતા ખાલી ખોખું છે, એટલે આર્થિક સમાનતા માટેના પ્રયત્નો ૨૦ મી સદીમાં શરૂ થયા, અને તેમાંથી સમાજવાદ અને સામ્યવાદનો જન્મ થયો. પરંતુ સ્વતંત્રતા અને સમાનતા વિશ્વબંધુત્વની ભાવના પ્રગટ્યા વિના અધૂરી રહે છે. સ્વતંત્રતા અને સમાનતાની ભાવના માણસને માણસથી કેટલેક દરજ્જે જુદા પાડે છે, ત્યારે વિશ્વબંધુત્વ માણસ-માણસને બંધુત્વભાવથી જોડે છે. પરંતુ પ્રશ્ન એ છે કે આપણે એટલે સુધી પહોંચી શકીશું ખરા ? માણસ વિશ્વબંધુત્વની ભાવના કેળવી શકશે ? ચંદ્રલોક પર વિજય મેળવવામાં સફળ થયેલ માણસ પોતાની જાત પર વિજય મેળવી શકશે ખરો ? આનો જવાબ આપણે સૌએ આપવાનો છે. માનવજાત માટે આવી આધ્યાત્મિક અને નૈતિક કટોકટી ઇતિહાસમાં આવી નથી. વિજ્ઞાને જે સિદ્ધિ મેળવી છે તેનો સદુપયોગ કરી, સમસ્ત માનવજાત સુખી અને આબાદ થઈ શકે છે. તેનો દુરુપયોગ કરી વિનાશ નોતરી શકે છે. લશ્કરી શસ્ત્રસરંજામ પાછળ આજે જે અનર્ગળ ખર્ચ થાય છે તેનો અરધો ભાગ પણ માનવકલ્યાણ માટે વપરાય તો દુનિયાનાં ગરીબાઈ અને ભૂખમરો દૂર થાય. વૈજ્ઞાનિક શોધનો ઉપયોગ મનુષ્યના સુખ માટે થાય તો ઉત્પાદન અનેકગણું વધે અને કોઈ વસ્તુનો અભાવ ન રહે. અણુશસ્ત્રો એક રીતે માણસને અહિંસાની નજીક લાવે છે, કારણ કે તે અહિંસાનો વિચાર કરવાની ફરજ પાડે છે. સર્વનાશ અથવા અહિંસા : આ બે વચ્ચે પસંદગી કરવાની રહે છે. વિજ્ઞાન અને આધ્યાત્મિક મૂલ્યોનો સમન્વય સુખ, સમૃદ્ધિ અને શાંતિ સ્થાપશે. તેનો પરસ્પર વિરોધ વિનાશ લાવશે.

પચીસ સો વર્ષ પૂર્વે બુદ્ધ અને મહાવીરે જે સંદેશ આપ્યો તેને સાર્થક

કરવાનો સમય આવ્યો છે. બુદ્ધે કહ્યું : 'વેર વેરથી શમતું નથી, અવેરથી જ વેર શમે છે. આ સનાતન ધર્મ છે.' ભગવાન મહાવીરે કહ્યું : 'સર્વ જીવો જીવવા ઇચ્છે છે, કોઈ મરવા ઇચ્છતું નથી, માટે નિર્ગ્રંથો પ્રાણીવધ વર્જ્ય લેખે છે.' ગાંધીજીએ આ સંદેશ ફરીથી ભારપૂર્વક જગતને આપ્યો, એટલું જ નહિ પણ સામૂહિક રીતે તેનો સફળતાપૂર્વક પ્રયોગ કરી બતાવ્યો. જગત એ સંદેશને જીવનમાં ઉતારશે કે અવસર્પિણી કાળનાં વર્ણનો છે તે સાચાં ઠરશે? ઈશ્વર સૌને સદ્‌બુદ્ધિ આપે એવી પ્રાર્થના અંતરના ઊંડાણમાંથી કરવાની રહી.

૧૬-૯-'૬૨

૧૪

# કયે માર્ગે ?

પ્રશ્ન (ગાંધીજી):

આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી ?

ઉત્તર (શ્રીમદ્ રાજચંદ્ર):

આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઇચ્છે, તેને તે ઉત્તર ઉપયોગી થાય એમ થવા દેવું યોગ્ય નથી. સર્વ ભાવ અનાદિ છે, નીતિ-અનીતિ પણ. તથાપિ તમે અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ, તો તે સ્વીકારી શકાય એવું છે, અને એ જ આત્માને કર્તવ્ય છે.' સર્વ જીવઆશ્રયી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી, કેમ કે એકાંતે એવી સ્થિતિ થઈ શકવા યોગ્ય નથી.

સને ૧૮૯૪માં મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી શ્રીમદ્ રાજચંદ્રને ૨૭ પ્રશ્નો પૂછેલા જેના શ્રીમદે જવાબ આપેલા. ઉપર તેમાંનો એક પ્રશ્ન છે. ગાંધીજીનો પ્રશ્ન હું સમજું છું ત્યાં સુધી એમ હતો કે જગતમાં જે અનીતિ અત્યારે પ્રવર્તે છે અને કાયમ થોડીઘણી દેખાય છે તેમાંથી કાયમી સુનીતિ થાય કે નહિ ? શ્રીમદ્નો ઉત્તર મિતાક્ષરી અને મુમુક્ષુ માટે છે. ઉત્તરની શરૂઆતમાં જ એમણે ચેતવણી આપી છે કે જે જીવ અનીતિ ઇચ્છે છે એટલે કે જેને અનીતિને પંથે જવું જ છે તેને આ ઉત્તર ઉપયોગી થવા દેવો યોગ્ય નથી. આ ઉત્તરનો આશ્રય લઈ તેવા જીવે અનીતિના પંથે જવું અનુચિત છે.

પછી જવાબ આપે છે કે સર્વ ભાવ અનાદિ છે, નીતિ-અનીતિ પણ. વ્યક્તિએ તો અનીતિ ત્યાગી નીતિ સ્વીકારવી એ જ કર્તવ્ય છે; પણ જગતમાં સર્વથા અનીતિનો નાશ થઈ કાયમી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી.

આ ઉત્તર ખૂબ વિચારણીય છે. જગત પ્રગતિને પંથે છે કે અવનતિને પંથે એવા સવાલો ઘણી વખત પુછાય છે. એક વર્ગ એમ માને છે કે જગત એકધારી પ્રગતિ કરી રહ્યું છે. બીજો વર્ગ એમ માને છે કે જગત એકધારી અવનતિને પંથે છે. અહીં પ્રગતિ અથવા અવનતિ કોને કહેવી એ વિશે મતભેદ હોવા સંભવ છે. વૈજ્ઞાનિક શોધખોળની પ્રગતિ કે નૈતિક પ્રગતિ – કઈ

સાચી? અહીં આપણે સ્વીકારીશું કે નૈતિક પ્રગતિ તે જ સાચી પ્રગતિ છે. જો જગતમાં "સર્વ જીવઆશ્રયી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી." તો સમાજ-સુધારણા, લોકકલ્યાણની સર્વ પ્રવૃત્તિઓ તેનો કાંઈ અર્થ છે ખરો ?

આવી દૃષ્ટિનું એક સીધું પરિણામ તેરાપંથ. સંસાર કાળો કોલસો છે. તેને ગમે તેટલો ધોઈએ તો પણ કાળો જ રહેવાનો. તેને સુધારવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે, માટે આત્મકલ્યાણ ઇચ્છતી વ્યક્તિએ સંસારનો ત્યાગ કરી, પોતાના કલ્યાણની ઇચ્છા કરવી એ જ આત્માનું કર્તવ્ય છે. સંસાર અનાદિ, અનંત છે. તે છે તેવો જ રહેવાનો. વ્યક્તિને મોક્ષ મળે, પણ તે માટે સમાજ-સુધારણાની પ્રવૃત્તિ અથવા બીજી રીતે કહીએ તો પારમાર્થિક પ્રવૃત્તિઓ વ્યર્થ છે.

શ્રીમદ્‌ના જવાબનો આવો અર્થ કરવામાં આવે તો તે સાચો નથી લાગતો. એ વાત ખરી છે કે "સર્વ જીવોમાં અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી." સંસાર અનાદિ-અનંત છે તે વાત પણ સાચી છે, પરંતુ તેથી નિરાશાને કોઈ અવકાશ નથી. હું જવાબને કેવી રીતે સમજું છું તે જણાવું.

સંસાર એટલે સદ્-અસદ્ તત્ત્વોનું સતત અને તુમુલ યુદ્ધ, વ્યક્તિના અંતરમાં તેમ બાહ્ય જગતમાં. આ દૈવી અને આસુરી વૃત્તિઓનો પુંજ એટલે માનવી. તેનો વિકાસ અને મોક્ષ' એટલે એ અસદ્ વૃત્તિઓ ઉપર વિજય અને તેનો અંતિમ નાશ. અસદ્ વૃત્તિઓ હોવા છતાં માનવી ટકે છે, અને પ્રગતિ કરે છે.સદ્ વૃત્તિઓથી અને તેના વિકાસથી. તેવી જ રીતે જગતમાં નીતિ-અનીતિ બંને છે, પણ જગત ટકે છે અને પ્રગતિ કરે છે નીતિના સ્વીકારથી, અનીતિના ત્યાગથી. વ્યક્તિ માટે આ આંતરયુદ્ધનો એક દિવસ અંત આવે છે તે તેનો મોક્ષ. જગત માટે એવો કાયમી અંત નથી. તેથી જગત-સંસાર અનંત. જગત નથી એકધારી પ્રગતિને પંથે કે નથી એકધારી અવનતિને પંથે. તેની થાય છે ચડતી-પડતી. જગતના ઇતિહાસમાં કોઈ સમયે નીતિનું તત્ત્વ વધારે વિજયવંત દેખાય છે, ત્યારે જગત સંસ્કારી અને પ્રગતિને પંથે જણાય છે. કોઈ સમયે અનીતિનું તત્ત્વ વિજયવંત દેખાય છે ત્યારે જગતમાં હિંસા, અસત્ય, દંભ વગેરે પ્રસરે છે. પણ અસત્યથી જગત ટકે નહિ. તેનો આત્યંતિક નાશ પણ નથી, એટલે જ્યારે જગતમાં અનીતિનું તત્ત્વ વધતું જણાય છે ત્યારે ગીતામાં કહ્યું છે તેમ

परित्राणाय साधुनाम्, विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।।

એવા સમયે મહાત્માઓ, સંતપુરુષો, પયગંબરો, ઓલિયાઓ જગતને ચેતવે છે; પોતાના ચારિત્ર્યથી, ત્યાગથી, જીવનથી અને છેવટે મૃત્યુથી ધર્મ-ભાવનાની પુનઃ સ્થાપના કરે છે.

દરેક જીવનું એક કર્તવ્ય છે કે પોતાના વિકાસ માટે અને જગતના કલ્યાણ માટે આ ધર્મભાવનાને સતત જાગ્રત રાખે, પોતાના જીવનમાં અને પોતાની આસપાસના વાતાવરણમાં પોતાની શક્તિ મુજબ તેની સ્થાપના કરે. પારમાર્થિક પ્રવૃત્તિ એટલે આવી ધર્મભાવના જાગ્રત રાખવી તે. વ્યક્તિના અંતરમાં સદ્-અસદ્ વૃત્તિઓનું જે યુદ્ધ ચાલે છે તેમાં સતત જાગ્રત રહી નીતિના તત્ત્વને સર્વોપરી બનાવવું તે તેનું કર્તવ્ય છે. તેમ કરવામાં દરેક સંસારી જીવને પોતાની આસપાસના રાજકીય, સામાજિક, આર્થિક વગેરે સંબંધો નક્કી કરવા રહ્યા. પોતાની જાતની ઉન્નતિ કરવા માટે પોતાનું જીવન વિશિષ્ટ સ્વરૂપે ઘડવું જોઈશે. તેમ કરવામાં સમસ્ત સમાજનું સ્વરૂપ પોતે વિચારવું જોઈશે અને પોતાની સાચી ઉન્નતિને અનુરૂપ તેને બનાવવું પડશે. એવો સંભવ છે કે આમ કરવા જતાં સમાજની પ્રગતિ ન જોઈ શકતો માણસ નિરાશ થાય, સામાજિક પ્રગતિના પ્રયત્નોને મૃગજળવત્ માને. પણ જેને સત્યના અંતિમ વિજયમાં એટલે કે ઈશ્વરમાં શ્રદ્ધા છે તે માણસ કોઈ દિવસ નિરાશ નહિ થાય. સંસારની પ્રગતિ તરત દેખાતી નથી. પણ વ્યક્તિને પોતાને તેનો અનુભવ થાય છે. એક સમય એવો આવે કે વ્યક્તિ એમ કહે કે આ સંસારમાં મેં ઘણી પ્રવૃત્તિઓ કરી, હવે મારા ઈશ્વરના સાન્નિધ્યે જઈને હું તેનાં ચરણે બેસીશ. આવી સ્થિતિ દરેક વ્યક્તિના જીવનમાં આવતી નથી, અને જેને આવે છે તેને પણ લાંબા સમયના અભ્યાસ, વૈરાગ્ય અને જીવન-અનુભવ પછી આવે છે. વિરલ વ્યક્તિઓ અપવાદરૂપ હોય. વ્યક્તિના વિકાસ માટે આ જગત રણાંગણ છે. તેમાં રહીને સતત પડતો-આથડતો એ જીવ આગળ વધે છે. પોતાની શક્તિનું માપ કાઢવાનું આ ક્ષેત્ર છે. તેનો સહસા ત્યાગ કરી વિરલ વ્યક્તિઓ જ પોતાનો વિકાસ સાધી શકે છે. જગત એ વ્યક્તિની સાધનાનું અને તેની પ્રગતિનું માપ કાઢવાનું સાધન છે. વ્યક્તિનો વિકાસ મોટે ભાગે ક્રમિક હોય છે અને તેના પોતાના સ્વભાવને આધીન રહીને જ તે સાધી શકે છે. પોતાના સ્વભાવ વિરુદ્ધ આચરણ કરવાથી દેખાવને ખાતર બીજાના અનુકરણથી પ્રગતિ શક્ય નથી. દરેક વ્યક્તિએ પોતાની શ્રદ્ધા મુજબ પોતાનો સ્વભાવ કેળવવો રહ્યો.

૧-૯-'૪૫

૧૫

# જૈન સાહિત્ય

અહીં જૈન સાહિત્ય એટલે માત્ર લલિત વાઙ્મય નહિ, પણ જૈનોએ લખેલ દરેક વિષયનું બધું સાહિત્ય. જ્ઞાનનો કોઈ વિષય એવો નથી કે જેના ઉપર જૈનોનું યોગદાન ન હોય. આ સાહિત્યભંડાર ઘણો વિપુલ છે. પાર્શ્વનાથ વિદ્યાશ્રમ, બનારસ તરફથી જૈન સાહિત્યનો બૃહત્ 'ઇતિહાસ' એવી એક મોટી યોજના કરી, ૭ ગ્રંથો પ્રગટ કર્યા છે. ડૉ. હીરાલાલ જૈનનું એક પુસ્તક છે '*ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મનું યોગદાન.*' તેમાં ઉપલબ્ધ સકળ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, લગભગ ૧૫૦ પાનાંમાં આપ્યો છે. હજુ ઘણું સાહિત્ય જૈન ભંડારોમાં અપ્રગટ પડયું છે, પણ છેલ્લાં ૫૦-૬૦ વર્ષમાં સારા પ્રમાણમાં પ્રસિદ્ધ થયું છે.

જૈન ધર્મની–શ્રમણ પરંપરાની–પ્રાચીનતા હવે સર્વસ્વીકૃત છે. શ્રમણ-પરંપરા વૈદિક સંસ્કૃતિથી પણ પ્રાચીન છે. વેદોમાં દેવ-દેવીઓની આરાધના, પ્રકૃતિનાં તત્ત્વોની પૂજા, યજ્ઞો અને તેની મારફત ઐહિક સુખસંપત્તિની પ્રાપ્તિ, વિશેષ જોવા મળે છે. શ્રમણ સંસ્કૃતિ શરૂઆતથી તપ, ત્યાગ અને વૈરાગ્ય-પ્રધાન રહી છે. ઉપનિષદોમાં આધ્યાત્મિક વિચારણા પ્રધાનતા પામે છે. જૈન સાહિત્ય મુખ્યત્વે આધ્યાત્મિક છે. વખત જતાં, વૈદિક અને શ્રમણ સંસ્કૃતિનો સમન્વય થયો. વર્તમાન ભારતીય સંસ્કૃતિ એટલે વૈદિક, જૈન અને બૌદ્ધ ધર્મનો ત્રિવેણીસંગમ. જૈન સાહિત્યનો વિચાર આ સંદર્ભમાં કરવાનો રહે છે. શંકરાચાર્યે જૈન અને બૌદ્ધ ધર્મ ઉપર આક્રમણ કર્યું અને હિંદુ ધર્મની પુનઃ પ્રતિષ્ઠા કરી, ત્યારે બૌદ્ધ ધર્મ હિંદુસ્તાનમાંથી નામશેષ થયો, જ્યારે જૈન ધર્મ ટકી રહ્યો. તેનું કારણ મને એમ લાગે છે કે જૈનોએ એક પ્રકારનું સમાધાન કર્યું. ધર્મથી જૈન રહ્યા, પણ વ્યવહારમાં હિંદુ થયા. હિંદુસમાજની જ્ઞાતિ-જાતિ સ્વીકારી, તેનાં રીતરિવાજો અપનાવ્યા. હિંદુ કાયદો જૈનોને લાગુ પાડયો, પણ ધર્મથી પોતાનું વ્યક્તિત્વ જાળવી રાખ્યું.

જૈન સાહિત્યમાં આગમો એક ગણતરીથી ૩૨, બીજી ગણતરીથી ૪૫. આ આગમગ્રંથોનું સંકલન ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ એક

હજાર વર્ષે થયું. દિગમ્બર માન્યતા અનુસાર બધું આગમ સાહિત્ય કાળક્રમે લુપ્ત થયું છે, અને મૂળ રૂપમાં અપ્રાપ્ય છે. દિગમ્બર સાહિત્ય બધું આચાર્ય-રચિત છે પણ શ્વેતામ્બર સાહિત્ય કે દિગમ્બર સાહિત્ય, બંનેમાં ભગવાન મહાવીરના ઉપદેશની મૂળ ધારા સચવાઈ રહી છે. આગમ સાહિત્ય ઉપર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ તથા ટીકાના રૂપમાં વિશાળ સાહિત્યની રચના થઈ છે. આ બધું સાહિત્ય મોટે ભાગે આધ્યાત્મિક જીવનને લગતું છે.

આ ઉપરાંત બીજા વિષયો ઉપર પણ વિશાળ જૈન સાહિત્ય છે: ન્યાય, નય, નિક્ષેપ, અનેકાન્ત, સ્યાદ્વાદ, કાવ્ય, વ્યાકરણ, છંદ, અલંકાર, કોશ, નાટ્ય, સંગીત, કલા, ભૂગોળ, ખગોળ, ગણિત, જ્યોતિષ, આયુર્વેદ, અર્થશાસ્ત્ર વગેરે વિષયો ઉપર વિવિધ પ્રકારનું સાહિત્ય છે: વિપુલ કથાસાહિત્ય, પૌરાણિક-ઐતિહાસિક ચારિત્રસાહિત્ય, આચાર, મુનિઓ તથા શ્રાવકોનાં વિધિ-વિધાનો, ક્રિયાઓ, યોગ, ધ્યાન, કર્મવાદ. જ્ઞાનનો કોઈ વિષય એવો નથી કે જેના ઉપર જૈન સાહિત્ય ન હોય.

આ સાહિત્ય વિવિધ ભાષાઓમાં છે: અર્ધમાગધી, શૌરસેની, અપભ્રંશ, સંસ્કૃત, કન્નડ, તમિળ, પ્રાચીન ગુજરાતી વગેરે.

આ બધા સાહિત્યને કેવી રીતે મૂલવીશું? અત્યારસુધી ઘણું અપ્રકટ હતું, હવે પ્રકટ થતું જાય છે. ભૂગોળ, ખગોળ, ગણિત, જ્યોતિષ, આયુર્વેદ વગેરે વ્યાવહારિક જ્ઞાનના વિષયો છે, તેમાં ઘણી પ્રગતિ થઈ છે. આગમોમાં સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ વગેરે ગ્રંથો છે. તેને સર્વજ્ઞ-પ્રરૂપિત માની અંતિમ લેખવા? તેવી રીતે કાવ્ય, અલંકાર, વ્યાકરણ, છંદ વગેરેનું પણ. ન્યાય, પ્રમાણ, અનેકાન્ત, સ્યાદ્વાદ વગેરે તર્કશાસ્ત્રના વિષયો છે. તેમાં ગ્રહણ કરવા યોગ્ય ગ્રહણ કરીએ. અન્ય વિચારધારાઓનો તુલનાત્મક અભ્યાસ કરીએ. કથાસાહિત્ય તથા ધર્મોપદેશનું સાહિત્ય શ્રેષ્ઠ હોય તેનું અધ્યયન કરીએ. આ બધું મુખ્યત્વે વૈરાગ્યલક્ષી છે. આ બધા સાહિત્યમાં, તત્કાલીન સામાજિક અને ઐતિહાસિક પરિસ્થિતિની માહિતી મળે છે. તેનો ઐતિહાસિક દૃષ્ટિએ અભ્યાસ કરીએ.

આપણે અનેકાન્તની વાતો કરીએ છીએ, અને તેને માટે ગૌરવ લઈએ છીએ, પણ ખરેખર આપણી દૃષ્ટિ અનેકાન્ત છે? મતાગ્રહો અને અંધશ્રદ્ધાથી આપણે કેટલા બધા ઘેરાયેલા છીએ? રૂઢ થયેલી માન્યતાઓને લેશ પણ આંચ આવે એવો વિચાર પણ કરવા આપણે તૈયાર નથી.

જૈન દર્શનનું જીવશાસ્ત્ર અતિ ગહન છે. વર્તમાન વિજ્ઞાન હવે તેનું સમર્થન કરે છે. પણ બંનેનો તુલનાત્મક અભ્યાસ કાંઈ જ નથી. આપણી પરિભાષા જુદી છે. તેમાંથી બહાર નીકળ્યા જ નથી. જૂની પરંપરાગત પરિભાષામાં જીવના ભેદ-પ્રભેદ ગોખ્યે જઈએ છીએ. તેનો તુલનાત્મક અભ્યાસ કરતા નથી. વર્તમાન બાયોલોજી અને જૈન દર્શનનું જીવશાસ્ત્ર – બંનેનો ગહન અભ્યાસ હોય એવી વ્યક્તિઓ વિરલ છે.

અંતે રહે છે દ્રવ્યાનુયોગ અને આચારધર્મ – metaphysics and ethics, નવતત્ત્વ અને ષડ્દ્રવ્ય તથા અહિંસા, સંયમ અને તપ. નવ તત્ત્વમાં જીવ-અજીવનું દ્વૈત સ્વીકાર્યું છે. આસ્રવ અને બંધ જેમાં કષાયો, લેશ્યાઓ, રાગ અને દ્વેષનો સમાવેશ થાય છે તે માનસશાસ્ત્રના વિષયો છે. સંવર અને નિર્જરા, આચારધર્મ છે. જેમાં બધાં વ્રતોનો અને અહિંસા, સંયમ અને તપનો સમાવેશ થાય છે. પુણ્ય અને પાપ, શુભ-અશુભ કર્મનાં પરિણામ છે. ષડ્દ્રવ્યમાં પ્રથમ બે છે: જીવ અને અજીવ. બીજા બે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એટલે ગતિ અને સ્થિતિ – Rest and Motion. પદાર્થોની ગતિ-સ્થિતિ માટે આ બે દ્રવ્યોની કલ્પના કરી. છેલ્લા બે આકાશ અને કાળ, જર્મન ફિલસૂફ કૅન્ટે કહ્યું તેમ, માનવીના મનની કલ્પનાઓ છે – they are concepts of human mind, અંતિમ તત્ત્વ, અનંત અને કાલાતીત છે – Ultimate Reality is beyond time and space.

આ બધા વિષયો ગહન અભ્યાસ અને સ્વતંત્ર વિચારણા – critical study – માગે છે. આમ ન થાય તો જગતના મહાન તત્ત્વજ્ઞોએ વિચારણા કરી છે; અને અન્ય દર્શનોમાં જીવનની આ બધી સમસ્યાઓની ગહન વિચારણા થઈ છે અને વર્તમાનમાં પણ થાય છે, એની અવગણના કરવી પડે.

વર્તમાન જૈન સાહિત્ય પ્રગટ થાય છે તેમાં મૌલિક વિચારણા, તુલનાત્મક અભ્યાસ અથવા મૂલ્યાંકન જેવું ભાગ્યે જ હોય છે. સંશોધનને નામે કોઈ હસ્તપ્રતનું સંપાદન કરે અને પીએચ. ડી.ની ડિગ્રી મળે છે. ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશનાં પુસ્તકો વાંચીએ તો બધાંમાં લગભગ પરાપૂર્વથી ચાલી આવતાં વર્ણનો અને હકીકતો જ હોય. કોઈ નવો વિચાર કે વર્તમાન જીવનના સંદર્ભમાં નવી પ્રેરણા જોવા ન મળે. સાહિત્ય-પ્રકાશન પાછળ જૈન સમાજ લાખો રૂપિયા ખર્ચે છે, પણ તેની ગુણવત્તા જોવાની ભાગ્યે જ પરવા કરે છે. સંશોધન-સંસ્થાઓ વચ્ચે પરસ્પરના વિચારવિનિમય અથવા સંકલન–co-ordination–ના અભાવે ઘણું પુનરાવર્તન થાય છે.

ભગવાન મહાવીરે વિદ્વાનોની ભાષા સંસ્કૃત છોડી, જનસામાન્ય સમજી શકે એ માટે લોકભાષામાં ઉપદેશ આપ્યો. હવે તે ભાષા–અર્ધમાગધી–લોકભાષા રહી નથી. તેને વર્તમાન લોકભાષાઓમાં ઉતારવી જોઈએ. દરેક દર્શનને પોતાની પરિભાષા હોય છે. આ પરિભાષા વર્તમાન વિચારધારાના સંદર્ભમાં પરિવર્તિત કરવી જોઈએ. અર્થ ન સમજાય તો સમજણપૂર્વક આચરણ ક્યાંથી થાય ?

ભગવાન મહાવીરે બતાવેલ જીવનસાધનાનો આચારધર્મ–અહિંસા, સંયમ અને તપ–આધ્યાત્મિક અનુભૂતિ છે. સિદ્ધાંત એ જ રહે પણ તેના આચરણનું સ્વરૂપ સમયે સમયે બદલાય. ગાંધીજીએ અહિંસાનું વ્યાપક સ્વરૂપ બતાવ્યું. જૈન ધર્મની દૃષ્ટિ મુખ્યત્વે વ્યક્તિગત મોક્ષની, સંસારવ્યવહાર પ્રત્યે ઉપેક્ષાની રહી છે. સમાજમાં રહી વ્યક્તિ અહિંસાનું આચરણ કરી શકે તે માટે સમાજની રચના અહિંસાના પાયા ઉપર થવી જોઈએ. હિંસાના આધાર ઉપર રચાયેલ સમાજમાં અહિંસક આચરણ વ્યક્તિ માટે વિકટ છે. A moral man in immoral society is a paradox. તેથી પ્લેટોએ આદર્શ રાજ્યની રચના કરી. ગાંધીજીએ અહિંસક સમાજની રચનાનો માર્ગ બતાવ્યો. જૈન ધર્મે અહિંસક જીવનની સિદ્ધિ માટે સંસારનિવૃત્તિનો માર્ગ અપનાવ્યો અને અહિંસા, સંયમ તથા તપની અંતિમ કોટિના મુનિધર્મને આદર્શ બનાવ્યો. પરિણામે ધર્મ અને વ્યવહાર ભિન્ન થઈ ગયા. વર્તમાન જીવનની સમસ્યાઓનું મૂળ, વધતી જતી હિંસા અને ભોગપ્રધાન વૃત્તિમાં રહેલું છે. અહિંસા અને સંયમને જીવનના બધા વ્યવહારમાં ગૂંથી ન લઈએ ત્યાં સુધી સુખ અને શાંતિ મળવાનાં નથી. જૈન ધર્મ આ દિશામાં યોગદાન કરી શકે તેમ છે, પણ તે માટે દૃષ્ટિપરિવર્તન અને સ્વતંત્ર ચિંતન આવશ્યક છે.

૧–૨–’૭૭

૧૯

# ધાર્મિક શિક્ષણ

શાળાઓ અને કૉલેજોમાં વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવું કે નહિ અને આપવું તો કેવી રીતે આપી શકાય?

આ વિષયને સમજવા માટે ધાર્મિક શિક્ષણ એટલે શું અને આ પ્રશ્ન કેમ ઉદ્‌ભવ્યો તે સંક્ષેપમાં જોવું જોઈએ.

વિદ્યા વિશે આપણે કહીએ છીએ : **सा विद्या या विमुक्तये** અથવા **अमृतं तु विद्या** – વિદ્યા અમૃત છે અથવા તે જ વિદ્યા છે જે વિમુક્તિ આપે. મુંબઈ યુનિવર્સિટીનો મુદ્રાલેખ છે : **शीलवृत्तफला विद्या** । વિદ્યાનું ફલ શીલ છે, ચારિત્ર્ય છે. વ્યાવહારિક શિક્ષણ, ઇતિહાસ, ગણિત, વિજ્ઞાન વગેરે અમુક વિષયોનું જ્ઞાન છે, પણ આવા જ્ઞાન સાથે વિદ્યાર્થીનું ચારિત્ર્યઘડતર થાય, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો પોતાના જીવનમાં તે વણી લે એવી અપેક્ષા આપણે રાખીએ છીએ. આ જ સાચી વિદ્યા છે અને આવી વિદ્યાનો અભાવ હોય તો પણ ઘડતર નથી થયું એમ માનીએ છીએ. વિદ્યાર્થીકાળમાં, વ્યાવહારિક શિક્ષણ સાથે આવી કેળવણી–વિદ્યા, વિદ્યાર્થીને મળવી જોઈએ અને તો જ તેનો સર્વાંગી વિકાસ થયો ગણાય અને વિદ્યાર્થીની integrated personality થાય.

શાળાઓ અને કૉલેજોમાં હાલ જે રીતે શિક્ષણ અપાય છે અને ત્યાં જે સ્થિતિ પ્રવર્તે છે તેમાં આવી વિદ્યાનો સર્વથા અભાવ છે, એમ આપણે જોઈએ છીએ. વિદ્યાર્થીઓમાં અશિસ્ત, તોફાનો, અસ્થિરતા વગેરે જોઈએ છીએ તેનું કારણ આવી સાચી વિદ્યાનો અભાવ હોય એમ આપણને લાગે છે. આનાં ઘણાં કારણો છે. તેની ચર્ચામાં નહિ ઊતરું, પણ ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન આ ભૂમિકામાંથી ઉદ્‌ભવ્યો છે તે જાણવું જરૂરી છે.

અંગ્રેજો ભારતમાં આવ્યા તે પહેલાં આપણી જે શિક્ષણપદ્ધતિ હતી તેમાં વ્યાવહારિક શિક્ષણ અને ધાર્મિક શિક્ષણ એવા ભેદ ન હતા. પાઠશાળામાં, ગુરુકુળમાં અથવા મદ્રેસામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી વ્યાવહારિક શિક્ષણ

સાથે ધાર્મિક શિક્ષણ મેળવતો. અંગ્રેજો સાથે ખ્રિસ્તી પાદરીઓ પણ આવ્યા. તેમણે શાળાઓ સ્થાપી. તેમાં ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપવામાં આવતું. કેટલેક અંશે તેમાં ધર્માન્તર કરાવવાની પ્રવૃત્તિ હતી. અંગ્રેજોએ રાજ્યકર્તા તરીકે શાળાઓ અને કૉલેજો અને યુનિવર્સિટીઓ સ્થાપી તેમાં ધાર્મિક શિક્ષણ આપવું કે નહિ તે પ્રશ્ન થયો. તેના ઉપર વિચાર પણ કરવામાં આવ્યો, અને નિર્ણય થયો કે ધાર્મિક શિક્ષણ સંબંધી તટસ્થતાની નીતિ સ્વીકારવી અને રાજ્યની શાળાઓ અને કૉલેજોમાં કોઈ ધાર્મિક શિક્ષણ ન આપવું.

રાજકીય સ્વાતંત્ર્ય પછી રાજ્યનું બંધારણ ઘડવાનો સમય આવ્યો ત્યારે આ પ્રશ્ન ઉપર ગંભીર વિચારણા કરવી પડી. આ રાજ્ય secular – બિન-સાંપ્રદાયિક રહેશે એવું સ્વીકારવામાં આવ્યું : એમાં કોઈ એક ધર્મને રાજ-ધર્મ તરીકે સ્વીકારવામાં નહિ આવે એવો નિર્ણય લેવાયો. પરિણામે બંધારણમાં પ્રબંધ થયો કે રાજ્ય તરફથી ચાલતી શિક્ષણસંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ નહિ અપાય અને રાજ્યની મદદથી ચાલતી શિક્ષણસંસ્થાઓ ફરજિયાત ધાર્મિક શિક્ષણ આપી નહિ શકે.

પણ ધાર્મિક શિક્ષણ એટલે શું? ધાર્મિક શિક્ષણનો અર્થ અહીં મોટે ભાગે સાંપ્રદાયિક શિક્ષણ થાય છે – કોઈ એક ખાસ ધર્મની માન્યતાઓ અને તેનાં વિધિવિધાનો અને આચારપ્રણાલિકાઓનું શિક્ષણ. ધર્મ એટલે અહીં Established Church; અને ધાર્મિક શિક્ષણ એટલે એ church–સંપ્રદાયની beliefs and rituals–માન્યતાઓ અને અનુષ્ઠાનો. આવું શિક્ષણ બિનસાંપ્રદાયિક રાજ્યની શિક્ષણસંસ્થાઓમાં ન જ આપી શકાય તે સ્પષ્ટ છે.

પણ ધાર્મિક શિક્ષણનો બીજો વ્યાપક અર્થ નૈતિક શિક્ષણ – moral education – જીવનનાં નૈતિક મૂલ્યોની સમજણ. આવા શિક્ષણનો અભાવ હોય તો પરિણામ ભયંકર આવે અને આજે તે આપણે જોઈએ છીએ. તેથી સરકાર જાગી અને શિક્ષણસંસ્થાઓમાં આવું શિક્ષણ આપવું કે નહિ અને તે કેવી રીતે, તેનો ગંભીરપણે વિચાર શરૂ થયો. ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખપદે એક Education Commission નિમાયું હતું, તેણે આ બાબત વિચાર કર્યો. ત્યારપછી આ જ વિષયને માટે શ્રી શ્રીપ્રકાશના પ્રમુખપદે એક કમિટી નીમી. બીજું Education Commission ડૉ. કોઠારીના પ્રમુખપદે નિમાયું હતું તેણે પણ આ વિષયમાં વિચારણા કરી. પણ કોઈ સ્પષ્ટ માર્ગદર્શન મળી શક્યું નથી અને સરકારે કોઈ નિર્ણય કર્યો નથી.

નૈતિક શિક્ષણ અને ઊંડા અર્થમાં ધાર્મિક શિક્ષણ ભિન્ન છે. નૈતિક શિક્ષણ સામાજિક વ્યવહાર માટેની આચારસંહિતા છે. માણસ ઊંડું ચિંતન કરે તો જીવ, જગત અને ઈશ્વર વિશે પણ તેણે કંઈક વિચારવું પડે : 'હું કોણ છું, આ વિશ્વ સાથે મારો શો સંબંધ છે અને અંતે મારું શું થવાનું છે એ વિશે પણ કાંઈક માન્યતા અને શ્રદ્ધા કેળવવાં પડે. વિવિધ ધર્મોએ આ પ્રશ્નો વિશે ચિંતન કર્યું છે અને ચોક્કસ માન્યતાઓ સ્વીકારી છે, જે તે તે ધર્મના અનુયાયીઓ શ્રદ્ધાથી અપનાવે છે.

રાધાકૃષ્ણન્ કમિશને છેવટે આટલી ભલામણો કરી છે : (૧) દરેક શિક્ષણ-સંસ્થામાં પ્રાર્થનાથી કાર્યનો પ્રારંભ કરવો, (૨) સંતપુરુષોનાં જીવનચરિત્રો શીખવવાં, (૩) સત્‌શાસ્ત્રોના પસંદ કરાયેલા ભાગોનું શિક્ષણ આપવું, (૪) વિવિધ ધર્મોનો ઇતિહાસ અને તેનાં તત્ત્વજ્ઞાન – history and philosophy of religion – નું શિક્ષણ આપવું.

શ્રી શ્રીપ્રકાશ કમિટીએ અને કોઠારી કમિશને લગભગ આ જ ભલામણોનું સમર્થન કર્યું છે.

સરકારે કોઈ નિર્ણય કર્યો નથી અને આ ભલામણોનો કોઈ અમલ થયો નથી.

પરિણામ ખેદજનક અને – આ દિશામાં કાંઈ સક્રિય પગલાં નહિ લેવાય તો – વિશેષ હાનિકારક નીવડશે.

આ કમિશનોએ બીજી પણ એક અગત્યની બાબત ઉપર ભાર મૂક્યો છે.

ચારિત્ર્યઘડતરનો આધાર માત્ર શાળા કે કૉલેજમાં મળતું શિક્ષણ નથી, પણ ગૃહનું વાતાવરણ અને સામાજિક પરિસ્થિતિ પણ અગત્યનો ભાગ ભજવે છે. કુટુંબજીવન અસ્તવ્યસ્ત હોય, સમાજમાં નૈતિક મૂલ્યોની કોઈ કિંમત રહી ન હોય, તો વિદ્યાર્થીના માનસ ઉપર તેના પ્રત્યાઘાતો પ્રબળ પડે છે, પણ શિક્ષણસંસ્થાઓ અને શિક્ષકો ભગીરથ પ્રયત્ન કરી, ભાવિ પ્રજાને તેમાંથી બચાવી શકે તેમ છે.

આવા વિશાળ અર્થમાં નૈતિક અને ધાર્મિક શિક્ષણની આપણે ચિંતા કરી નથી. આપણે તો ધાર્મિક શિક્ષણ એટલે સાંપ્રદાયિક શિક્ષણ એમ જ સમજ્યા છીએ. કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપર પ્રભાવ પાડી શકે અને વ્યાપક

અર્થમાં જૈન ધર્મનું જ્ઞાન આપી શકે એવા શિક્ષકો ક્યાં છે? આવા જ્ઞાન પ્રત્યે તેને અભિરુચિ થાય તે માટે વર્તમાન જીવનની સમસ્યાઓમાં જૈન દર્શન શું માર્ગદર્શન આપે છે તે સમજાવવું પડે. અન્ય ભારતીય દર્શનો અને વિજ્ઞાનની ભૂમિકા લક્ષમાં લેવી પડે. દરેક વ્યક્તિને પોતાના ધર્મનું જ્ઞાન, તેના આચારવિચારનું શિક્ષણ અને સમજણ મળવાં જ જોઈએ, અને કોલેજો તથા શાળાઓમાં તેમ થઈ ન શકે તે જુદા જુદા ધર્મને અનુસરતાં વિદ્યાલયો કરી શકે. પણ તે માટેનું વાતાવરણ સર્જવું જોઈએ અને તે માટે યોગ્ય શિક્ષકો જોઈએ; તેમજ સંચાલકોમાં દીર્ઘદૃષ્ટિ અને ઉદાર ભાવના હોય અને વિદ્યાર્થીઓ સાથે ગાઢ સંપર્ક અને પ્રેમમય વર્તન હોય તો ઘણું સારું પરિણામ લાવી શકાય.

૧-૪-'૬૮

## ૧૭

# ભગવાન બુદ્ધ

વૈશાખી પૂર્ણિમા – બુદ્ધ જયંતીના દિવસે ભારતવર્ષમાં અને સમસ્ત એશિયામાં કરોડો નરનારીઓ बुद्धं शरणं गच्छामि, धम्मं शरणं गच्छामि, संघं शरणं गच्छामि એવું ત્રિવિધ સ્વીકારી, ધન્યતા અનુભવે છે, કારણ કે ભગવાન બુદ્ધનું શાસન सब्ब पापस्स अकरणं – સર્વ પાપનું નાશ કરવાવાળું कुसलस्स उपसंपदा – કલ્યાણનું કરવાવાળું છે.

કોઈ પણ વ્યક્તિના નામથી પ્રવૃત્ત થયેલા ધર્મનું ખરું સ્વરૂપ સમજવા માટે તે વ્યક્તિના ચરિત્રનું, તેણે કરેલ ધર્મ-સંસ્થાપનાના પ્રયત્ન અને તે માટેની વ્યવસ્થાનું તેમજ તેણે કરેલા ઉપદેશનું જ્ઞાન થવું જોઈએ. ભગવાન બુદ્ધનો ઉપદેશ જેટલો ભવ્ય છે, એટલી જ એમની જીવનકથા રોચક અને અદ્ભુત રસપૂર્ણ છે.

માયાદેવીની કૂખે, લુંબિની ઉદ્યાનમાં સિદ્ધાર્થનો જન્મ થયો ત્યારે જ્યોતિષીઓએ ભવિષ્ય ભાખ્યું કે શુદ્ધોદન રાજાનો આ પુત્ર ચક્રવર્તી થશે અથવા બુદ્ધ થશે. પિતાની તીવ્ર ઇચ્છા હતી કે પુત્ર યોગમાર્ગ છોડી દઈ ચક્રવર્તી રાજા થાય. ભવિષ્યવેત્તાઓએ કહ્યું, "સિદ્ધાર્થની સામે વૃદ્ધ, વ્યાધિગ્રસ્ત અને મૃત મનુષ્ય આવશે તો તેમનાં દર્શનથી તેને વૈરાગ્ય ઉપજશે અને તે ગૃહત્યાગ કરશે. માટે એવાં માણસો એની નજરે કદી યે પડે નહિ એવો બંદોબસ્ત કરો." પિતાએ પુત્રને પૂર્ણ સુખમાં રાખવા બધી વ્યવસ્થા કરી. તેના મનનું વાદ્ય અને નૃત્યથી રંજન કરવા સંખ્યાબંધ નૃત્યાંગનાઓ રાખવામાં આવી. યશોધરા જેવી રૂપવતી કન્યા સાથે લગ્ન કર્યું. ભારે આનંદથી યૌવનના દિવસો ગાળવા લાગ્યો. ૨૯ વર્ષ આવી રીતે ભોગવિલાસમાં વીતી ગયાં. એક દિવસ પિતાની રાજધાની જોવાનું અને રાજોદ્યાનમાં ફરી આવવાનું સિદ્ધાર્થને મન થયું. પિતાને ખબર પડી એટલે રસ્તા સાફસૂફ કરાવ્યા અને આંધળા, પાંગળા, ઘરડા, દુબળા લોકોએ તે દિવસે રસ્તા પર ફરકવું નહિ એવો હુકમ કર્યો. પણ જેને હાથે જગતનું કલ્યાણ થવાનું હતું તેવા મહાપુરુષને જગતની વાસ્ત-

વાસ્તવિકતાથી અંધારામાં ક્યાં સુધી રાખી શકાય? ઘડપણથી વાંકા વળી ગયેલ એક માણસને તેણે જોયો. છન્ન સારથિને પૂછ્યું: "આ સામે જે પ્રાણી જાય છે તે મનુષ્ય છે કે કોણ છે? એના વાળ ધોળા થઈ ગયા છે, દાંત બિલકુલ નથી, ડોળા ઊંડા ઊતરી ગયા છે, લાકડીથી કાંપતા ચાલે છે, પીઠ છેક જ વળી ગઈ છે." સારથિએ કહ્યું: "આર્યપુત્ર! વૃદ્ધાવસ્થા કહે છે તે આ. એક વખત તમારા જેટલો જ યૌવનમદ એના અંગમાં હતો. હે રાજપુત્ર! યૌવન ચંચળ છે. આપણી પણ આ દશા થયા વિના રહેવાની નથી." સિદ્ધાર્થે રથને પાછો વાળ્યો. ઉદ્યાનમાં ક્રીડા કરવાની ઇચ્છા રહી નહિ. વળી એક દિવસ ફરવા નીકળ્યો તો રોગી માણસ મળ્યો. વૃદ્ધ નહીં છતાં તેનાથી પણ અધિક અશક્ત. સારથિને પૂછ્યું તો કહે, "આર્યપુત્ર! આનું નામ વ્યાધિ. મનુષ્યપ્રાણીનું બળ અસ્થાયી છે. આરોગ્યમદ મિથ્યા છે." વળી એક દિવસ ફરવા નીકળ્યો અને વાટમાં મૃતદેહનું દર્શન થયું. સારથિને પૂછ્યું તો તેણે કહ્યું, "આર્યપુત્ર! આ મનુષ્ય ગતપ્રાણ છે. તેના શબને બાળી કે દાટી દેશે. તમને તથા અમને ક્યારેક તો આ અવસ્થા પ્રાપ્ત થવાની જ છે." સિદ્ધાર્થનું મન ચકડોળે ચડ્યું. જરા, વ્યાધિ અને મરણનો વિચાર કરવાથી માણસનો યૌવનમદ, બળમદ અને આયુષ્યમદ નષ્ટ થાય. છતાં માણસો અજ્ઞાનથી, સુકાયેલા ખાબોચિયામાંની માછલીની જેમ, સંસારના પ્રપંચમાં તૃષ્ણાથી તરફડે છે. ખરો સુખી કોણ? સાચું સુખ શેમાં? સિદ્ધાર્થની આવી મનોદશા હતી ત્યારે તેને ત્યાં પુત્રનો જન્મ થયો. વધામણી આપનારને કહ્યું, 'આ બંધન આવ્યું, રાહુ પેદા થયો.' પુત્રનું નામ રાહુલ પાડ્યું. સિદ્ધાર્થનું મન બીજી જ દિશામાં વળેલું હતું. તેને જરા, વ્યાધિ, મરણ ઇત્યાદિ દુઃખમાંથી મુક્ત થઈ, આત્યન્તિક સુખનો માર્ગ શોધવો હતો, શાશ્વત સુખની પ્રાપ્તિ કરવી હતી. મધરાતે જાગ્યો. અવ્યવસ્થિતપણે સૂતેલી નર્તકીઓ ભણી નજર ફેંકી. જીવંત માણસોના સ્મશાનમાં બેઠો હોય એવો તેને ભાસ થયો. સૌંદર્યની ક્ષણભંગુરતા અનુભવી. ગૃહત્યાગનો નિર્ણય કર્યો. છન્નને બોલાવી કંથક ઘોડો સજ્જ કરાવ્યો. પ્રિય પત્ની અને તે જ દિવસે જન્મેલ પુત્ર યાદ આવ્યાં. પત્નીને ઉઠાડી તેની આખરી વિદાય લેવી અને પુત્રમુખ નીરખવું એવો વિચાર આવ્યો. પણ તેમ કરતાં ગમનમાં અંતરાય પડશે એમ થયું. કેટલોક વખત અંતરમાં તુમુલ યુદ્ધ મચ્યું. છેવટ પત્ની અને પુત્રના મોહની જાળમાં ન સપડાતાં, મોક્ષમાર્ગના અભિલાષી સિદ્ધાર્થે જગતકલ્યાણ માટે મહાભિનિષ્ક્રમણ કર્યું.

ગૃહત્યાગ કરી, સિદ્ધાર્થે કાલામ અને ઉદ્રક જેવા વિખ્યાત ઋષિઓના આશ્રમમાં રહી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો. યોગથી સમાધિની આઠ પાયરીઓ વટાવી ગયો. પણ તત્ત્વજ્ઞાનની પોપટપંચીથી અથવા યોગની સિદ્ધિઓથી સિદ્ધાર્થના મનનું સમાધાન ન થયું. તેથી પ્રચલિત ધર્મપંથોમાં પેસી વખત ન બગાડતાં, પોતે જ પ્રયત્ન કરી નિર્વાણનો માર્ગ શોધી કાઢવાનો નિર્ણય કર્યો.

હઠયોગની સાધના કરી, કઠોર તપશ્ચર્યા આદરી. હાથપગ સાંઠીકા જેવા થઈ ગયા. બરડાના કરોડ સાફ દેખાવા લાગી. ભાંગેલા ઘરના વાંસની પેઠે પાંસળીઓ હચમચી ગઈ. પાણીમાં પડેલ નક્ષત્રોનાં પ્રતિબિંબ જેમ ઊંડાં ગયેલાં દેખાય છે તેમ તેની આંખની કીકીઓ ઊંડી ઊતરી પડી. કડવું કોળું કાચું કાપીને તડકામાં નાખતાં જેમ કરમાઈ જાય છે તેમ તેની અગાઉની સુંદર અંગકાંતિ છેક કરમાઈ ગઈ અને તેનાં પેટ અને પીઠ ચોંટીને એક થઈ ગયાં. ઉગ્ર તપશ્ચર્યાના વિકટ માર્ગથી પણ પરમ શાંતિ પ્રાપ્ત થઈ નહિ. તેથી સિદ્ધાર્થે ઉગ્ર તપશ્ચર્યા છોડી દીધી. તેના સાથીઓએ તેને ઢોંગી ગણી તેનો ત્યાગ કર્યો. ૭ વર્ષની તપશ્ચર્યા પછી, સિદ્ધાર્થે અનુભવ્યું કે જેમ કામોપભોગમાં સુખ નથી તેમ માત્ર દેહદંડથી સુખપ્રાપ્તિ થતી નથી. તેણે મધ્યમ માર્ગ સ્વીકાર્યો અને તેનું ધર્મચિંતન આગળ વધ્યું, ધ્યાનસ્થ સમાધિમાં અંતે બોધિજ્ઞાન પ્રાપ્ત થયું અને સિદ્ધાર્થ બોલી ઊઠયા :

અનેક જન્મજન્માંતરોવાળા આ સંસારમાં હું રાત્રિદિવસ દોડયો અને ગૃહકર્તાની શોધ કરતાં વારંવાર જન્મદુઃખ પામ્યો. હે ગૃહકર્તા ! આજ તું મને પ્રત્યક્ષ થયો છે. હવે ફરીથી ઘર કરીશ નહિ. તેનાં સર્વ પીઢિયાં-પાટિયાં ભાંગી ગયાં છે, અને મોભ તૂટી ગયા છે. મારું ચિત્ત નિર્વાણ પામ્યું છે અને તૃષ્ણાનો ક્ષય થયો છે. પોતાની જ્ઞાનદષ્ટિ વડે ચાર આર્યસત્યો અને તદન્તર્ગત આર્ય અષ્ટાંગિક માર્ગ તેણે જોયો. વિમુક્તિસુખનો અનુભવ થયો. અવિદ્યાથી જરા-મરણ સુધીની કાર્યકારણપરંપરા શોધી, દુઃખના આત્યંતિક નાશનો માર્ગ જડયો.

સંબોધિજ્ઞાનની પ્રાપ્તિ પછી, બુદ્ધના મનમાં વિચાર આવ્યો કે મને જે ધર્મજ્ઞાન પ્રાપ્ત થયું છે તેનો બોધ જગતના પ્રપંચમાં રચ્યાપચ્યા રહેલાં જનોને થવો શકય નથી. માટે ધર્મોપદેશની ખટપટમાં ન પડતાં એકાંતમાં જ કાલ-ક્રમણ કરવું સારું છે. વળી વિચાર આવ્યો, કે આ જગતમાં જેમના જ્ઞાન પર અજ્ઞાનમળનાં પડ ઘટ્ટ બેઠાં નથી એવા પુષ્કળ જીવે છે. ધર્મવાકય એવાના

કાને ન પડવાથી ભારે હાનિ થાય છે. નિર્મળ અંતઃકરણથી જાણેલ અમૃત-તુલ્ય ધર્મનો ઉપદેશ એવાઓને થશે તો તેનું રહસ્ય જાણનાર ઘણાં લોક આ જગતમાં મળી આવશે. જગતના પરમ સદ્‌ભાગ્યે, ભગવાન બુદ્ધે પોતે જાણેલ ધર્મનો ઉપદેશ કર્યો અને ૪૪ વર્ષ સુધી આ ભારતવર્ષમાં ધર્મચક્ર પ્રવર્તાવ્યું.

ભગવાને તેમનો પ્રથમ ઉપદેશ, ઋષિપતનમાં જે પાંચ તપસ્વીઓએ તેમને ઢોંગી સમજી તેમનો ત્યાગ કર્યો હતો તેમને જ કર્યો અને તે જ તેમના પ્રથમ શિષ્ય થયા. ચાર આર્યસત્યો અને તદન્તર્ગત આર્ય અષ્ટાંગિક માર્ગ ટૂંકમાં આ પ્રમાણે છે:

જન્મ, જરા, વ્યાધિ, મરણ, અપ્રિય વસ્તુઓનો સમાગમ અને પ્રિય વસ્તુઓનો વિયોગ ઇત્યાદિ કારણોથી મનુષ્ય આ લોકમાં દુઃખી થાય છે. આ જે રાયથી રંક પર્યંતનું સર્વસાધારણ દુઃખ એ પ્રથમ આર્યસત્ય છે.

આ સર્વ દુઃખનો ઉદય તૃષ્ણામાંથી થાય છે. ઐહિક ઉપભોગોની તૃષ્ણા, સ્વર્ગલોકમાં જન્મવાની તૃષ્ણા, યથેચ્છ સુખ ભોગવી આત્મહત્યા કરી જગત-માંથી લુપ્ત થઈ જવાની તૃષ્ણા : આ ત્રણ તૃષ્ણાથી મનુષ્યપ્રાણી અનેક પાપો આચરે છે અને દુઃખભાગી થાય છે. તેથી તૃષ્ણાને દુઃખનું મૂળ સમજવું જોઈએ. દુઃખ-સમુદાય નામનું આ બીજું આર્યસત્ય છે.

તૃષ્ણાનો નિરોધ કરવાથી નિર્વાણનો લાભ મળશે. દેહદંડથી કે કામોપ-ભોગથી મોક્ષપ્રાપ્તિ થનાર નથી. આ દુઃખનિરોધ નામનું ત્રીજું આર્યસત્ય છે.

સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાચા, સમ્યક્ કર્મ, સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ – દુઃખનિરોધનો આ અષ્ટાંગિક મધ્યમ માર્ગ દુઃખનિરોધગામિની પ્રતિપદા ચોથું આર્યસત્ય છે.

આ ધર્મ અંગીકાર કરી જે બ્રહ્મચર્યનું પાલન કરશે તે ભવદુઃખનો અંત આણશે.

ભગવાન બુદ્ધ તાર્કિક અને દાર્શનિક ચર્ચાના મોહમાં પડ્યા નથી. પરલોકની જાતજાતની કલ્પનાઓ ઉપર પણ તેમનો ધર્મ રચાયો નથી. એમણે જીવનનું ખરેખરું રહસ્ય શું છે એ શોધવાનો જ પ્રયત્ન કર્યો છે. જીવનની સફળતા શામાં રહેલી છે, જીવનમાં શું કેળવવા જેવું છે, શું મેળવવા જેવું છે, શું ત્યાગવા જેવું છે, કઈ વૃત્તિ ધારણ કરીને જીવનનો વ્યવહાર ચલાવવાનો છે, એ બધું સમજી, સમજાવવા માટે જ બુદ્ધનો સર્વપ્રયાસ હતો અને તેથી જ જીવનધર્મી મનુષ્યસમાજને બુદ્ધના ઉપદેશ પ્રત્યે આટલું આકર્ષણ રહ્યું છે.

બુદ્ધનો ધર્મ एहि पस्सक ધર્મ કહ્યો છે. આવો અને જુઓ, પોતાની મેળે તપાસો અને ખાતરી થાય તો સ્વીકારો. બુદ્ધના પરિનિર્વાણદિને આનંદે ભગવાનને કહ્યું કે, "ભિક્ષુ સંઘને છેવટની કાંઈક વાત કર્યા વિના નિર્વાણ પામશો નહિ." ત્યારે બુદ્ધે કહ્યું, "આનંદ, ભિક્ષુસંઘ મારી પાસેથી બીજી કઈ વાત સમજી લેવાની ઇચ્છા રાખે છે? મારો ધર્મ મેં ખુલ્લો કરી બતાવ્યો છે. તેમાં ગુરુકૂંચી રાખી નથી. હવે પોતાના પર જ અવલંબીને રહો!"

બૌદ્ધ ધર્મનો પાયો એ છે કે મનુષ્યમાત્ર રાય કે રંક, જન્મ, જરા, વ્યાધિ, મૃત્યુ ઇત્યાદિ દુઃખથી ઘેરાયેલો છે. વળી મનુષ્યના દુઃખનું મૂળ તૃષ્ણા છે. એટલે જીવ, જગત, ઈશ્વર વગેરે તાત્ત્વિક વિવાદમાં પડવાને બદલે આ દુઃખમુક્તિનો માર્ગ તેમણે શોધ્યો. તેમના એક શિષ્ય માલુંકયપુત્રે બુદ્ધને પૂછ્યું, "જગત શાશ્વત છે કે અશાશ્વત? શરીર અને આત્મા એક છે કે ભિન્ન છે? પુનર્જન્મ છે કે નહિ?" બુદ્ધે કહ્યું: "એકાદ માણસ શરીરમાં બાણનું વિષમય શલ્ય પેસવાથી તરફડતો હોય, તો તેનાં સગાંવહાલાં વૈદને બોલાવી લાવશે. આ રોગી વૈદને કહે, 'આ બાણ કોણે માર્યું છે? તે બ્રાહ્મણ હતો કે શૂદ્ર, કાળો હતો કે ગોરો? ધનુષ્ય કેવું હતું? તેની દોરી કેવી હતી? આ બધું મને સમજાવો. પછી શલ્યને હાથ લગાડવા દઈશ.' આવી હઠ પકડે તો તેનું મરણ જ થાય. તે જ પ્રમાણે જગત શાશ્વત છે કે અશાશ્વત ઇત્યાદિ સર્વ મુદ્દા સમજ્યા વિના હું બ્રહ્મચર્યનો અભ્યાસ કરીશ નહિ, તો તે મુદ્દા સમજતાં પહેલાં જ મરણ આવશે. જગત શાશ્વત છે કે અશાશ્વત એથી ધાર્મિક આચરણમાં ફેર પડતો નથી. આવા વાદથી વૈરાગ્ય ઉત્પન્ન થવાનો નથી. પાપનો નિરોધ થનાર નથી, શાંતિ, સંબોધ, પ્રજ્ઞા અને નિર્વાણની પ્રાપ્તિ થનાર નથી."

બુદ્ધના ઉપદેશનો સાર એ છે કે, દુઃખમય જગતમાં શાશ્વત સુખનો અથવા દુઃખમુક્તિનો માર્ગ અંતર-કરુણા, દયા, પ્રેમ, અહિંસા, મૈત્રી એ જ છે. ક્રોધની સામે ક્રોધ, વેરની સામે વેર, હિંસાની સામે હિંસાથી દુઃખ વધે જ છે, કોઈ કાળે ઘટે નહિ.

अक्कोच्छि मं अवधि मं अजिनि मं अहासि मे ।
ये तं न उपनय्हन्ति वेरं तेसूपसम्मति ॥

न हि वेरेन वेरानि सम्मन्तीध कुदाचनं ।
अवेरेन च सम्मन्ति एस धम्मो सनन्तनो ॥

—અમુકે મને ગાળ દીધી, માર્યો, અમુક મને જીતી ગયો, મારું લૂંટી ગયો, જેઓ આવી વાતોની ગાંઠ નથી વાળી રાખતા, તેમનું વેર શાંત થઈ જાય છે. આ જગતમાં વેરથી વેર કદી શાંત થતું નથી. પ્રેમથી જ વેર શાંત થાય છે. આ સનાતન ધર્મ છે.

આવી અવેર, પ્રેમ-કરુણાવૃત્તિ કેળવવા, તૃષ્ણાનો ત્યાગ અને અપ્રમત્તપણે ચિત્તશુદ્ધિની સાધના જરૂરી છે. તૃષ્ણા વિશે ભગવાને કહ્યું :

જે મનુષ્ય પ્રમાદી થઈને પ્રવૃત્તિ કરે છે, તેની તૃષ્ણા માલુવાની વેલની પેઠે વધ્યે જાય છે. આસક્તિરૂપ એ તૃષ્ણા આ જગતમાં ભારે દુષ્ટ છે અને મનુષ્યને હંફાવે છે, પણ જે મનુષ્ય આવી તૃષ્ણાને હંફાવી શકે છે તેનાં તમામ શોક પદ્મપત્ર ઉપરથી પાણીનાં તમામ ટીપાં ખરી પડે છે તેમ ખરી પડે છે.

ચિત્તશુદ્ધિ માટે ભગવાને કહ્યું છે :

જેમ બાણને બનાવનારો, વળી ગયેલા બાણને સીધું કરે છે તેમ બુદ્ધિમાન પુરુષ વારંવાર ફફડાટ કરતા ચંચલ અને ન સાચવી શકાય એવા અને મહામુસીબતે નિગ્રહમાં લાવી શકાય એવા ચિત્તને સીધું કરે છે.

પાણીમાં રહેનારી માછલીને પાણીમાંથી બહાર કાઢી જમીન ઉપર એક સ્થાનેથી ફેંકવામાં આવતાં તે જેમ તરફડે છે, તેમ કામવાસનાઓને છોડવાનું આવતાં આ ચિત્ત ભારે ફફડાટ કરે છે.

ચિત્ત દૂર દૂર સુધી ભટકનારું છે, એકલું એકલું ફર્યા કરે છે. અશરીરી છે, હૃદયની ગુફામાં સંતાઈ રહેનારું છે. જેઓ આ ચિત્તને સંયમમાં આણી શકશે, તેઓ માયાનાં બંધનોમાંથી મુક્તિ મેળવશે.

આવા ધર્મમાં જાતિભેદને કોઈ સ્થાન ન હોય. સર્વ જીવ પ્રત્યે સમાન વર્તન હોય તે સ્વાભાવિક છે. જૈન ધર્મની પેઠે બૌદ્ધ ધર્મમાં માનવ-માનવ વચ્ચે ઊંચનીચના ભેદ નથી. બુદ્ધે કહ્યું છે :

"સર્વ સંસારબંધન છોડી જે કોઈ પણ પ્રકારનાં પ્રાપંચિક દુઃખથી ડરતો નથી, કોઈ પણ વાતની જેને આસક્તિ નથી તેને હું બ્રાહ્મણ કહું છું. બીજાએ દીધેલી ગાળો, બંધન, વધ ઇત્યાદિ જે સહન કરે છે, ક્ષમા એ જ જેનું બળ છે, તેને હું બ્રાહ્મણ કહું છું. જન્મને લઈને કોઈ બ્રાહ્મણ કે અબ્રાહ્મણ થતું નથી. કર્મથી જ બ્રાહ્મણ કે અબ્રાહ્મણ થાય છે."

એટલે ભગવાન બુદ્ધ અંગુલિમાલ જેવા ભયંકર લૂંટારાને પોતાના શિષ્ય

બનાવી શક્યા, લિચ્છવી રાજાઓનું આમંત્રણ ત્યજીને આમ્રપાલી ગણિકાને ત્યાં ભોજન માટે ગયા.

ભગવાન બુદ્ધનું જીવન જગતના દુઃખી જીવો પ્રત્યે કરુણાસભર હતું. તેના કેટલાક પ્રસંગો સંક્ષેપમાં જોઈએ.

**પહેલો પ્રસંગ :** મહાભિનિષ્ક્રમણ સમયે, પત્નીની વિદાય ન લીધી કે પુત્ર-મુખ જોવા પણ ન રોકાયા અને મનોમન વિચાર્યું :

"યશોધરા, હું તને અજાણમાં રાખી અરણ્યવાસ સ્વીકારું છું, તેથી તારા પર મારો પ્રેમ નથી એમ ન સમજતી. પ્રાણીમાત્રનાં દુઃખથી મારું હૈયું કકળી રહ્યું છે. મારા પર ક્રૂરપણાનો આરોપ ભલે થાય, પણ મારું મન પહેલાં કરતાં વધારે મૃદુ બન્યું છે. પહેલાં મારા મનને મારા દુઃખથી જ કષ્ટ થતું હતું. હવે સકળ જગતના દુઃખથી મારું મન દુખાય છે. સગાંવહાલાં સૌ મારા સુખને માટે છે, એમ મને લાગતું હતું પણ હવે જગતના કલ્યાણ માટે જ જીવવું એવો મારો સંકલ્પ થઈ ચૂક્યો છે. ગૃહત્યાગ કરવાનો હેતુ કેવળ મારા જ આત્માનો મોક્ષ નથી. મારે તો અનેક દુઃખથી પિડાયેલી આ માનવજાતને સુખની પ્રાપ્તિ થશે કે નહિ એની શોધ કરવી છે. જન્મજરાદિ દુઃખમાંથી છૂટવાનો માર્ગ જડી આવશે તો મારા પુત્રનું અને મારી સ્ત્રીનું કલ્યાણ મારાથી થઈ શકશે."

**બીજો પ્રસંગ :** માગિન્દિય બ્રાહ્મણે, પોતાની સર્વલક્ષણસંપન્ન કન્યાનો સ્વીકાર કરવા બુદ્ધ પાસે માગણી કરી, ત્યારે બુદ્ધે કહ્યું : "આ નાશવંત મનુષ્ય-શરીર પર ઘૃણા આવવાથી તો મેં ગૃહત્યાગ કર્યો. કામસુખમાં મને આનંદ નથી." કન્યાને બુદ્ધ ઉપર ગુસ્સો આવ્યો. વખત જતાં ઉદયન રાજાની એ પટરાણી થઈ. ભગવાન બુદ્ધ કૌશામ્બીમાં વિચરતા હતા ત્યારે તેમના પર વેર વાળવાનો નિર્ણય કર્યો. ધૂર્ત લોકોને લાંચ આપી જ્યાં જ્યાં બુદ્ધ જાય ત્યાં ગાળો દેવડાવી તેમને ત્રાસ આપ્યો. આનંદે કહ્યું : "ભગવાન, આ શહેર છોડી જઈએ," ભગવાને કહ્યું : "આનંદ, બીજે જઈશું તો પણ ક્લેશભાગી થઈશું. અહીં જ સહન કરીએ. ભય રાખવાનું કોઈ પ્રયોજન નથી." અને સાત-આઠ દિવસમાં ભગવાને કહ્યું હતું તેમ જ થયું.

**ત્રીજો પ્રસંગ :** ભગવાનનો શિષ્ય દેવદત્ત ઇર્ષ્યાથી તેમનો વેરી બન્યો અને ભગવાન બુદ્ધના પ્રાણ લેવા તેણે યુક્તિ રચી. ભગવાન પર્વતની છાયામાં બેઠા હતા ત્યાં ઉપરથી મોટો પથ્થર ધકેલ્યો. પગમાં વાગ્યું અને મોટો જખમ

થયો. ભિક્ષુઓને ભય પેઠો અને ભગવાનની ચોકી કરવી શરૂ કરી. ભગવાને કહ્યું : "ભિક્ષુઓ, મારા દેહની આટલી બધી કાળજી લેવાનું કોઈ કારણ નથી. મારા શિષ્યો મારું રક્ષણ કરે એવી મારી ઇચ્છા નથી." બીજી તક શોધી, દેવદત્તે ભગવાન સાંકડી ગલીમાંથી વિચરે ત્યારે, તેમના ઉપર મસ્ત હાથી છોડવાનું કાવતરું કર્યું. વિશ્વમૈત્રીનું મનોબળ જેના અંતરમાં હતું એવા બુદ્ધની સમીપે મદોન્મત્ત હાથીએ સૂંઢ વડે ભગવાનની ચરણરજ માથે ચડાવી. ભગવાનને દેવદત્ત ઉપર ક્રોધ થયો નહિ.

**ચોથો પ્રસંગ :** અંતિમ પ્રસંગ ભગવાનના પરિનિર્વાણનો. ચુંદ લુહારને ત્યાં આમંત્રણથી ભોજન માટે ગયા. નાના પ્રકારનાં પકવાનોમાં એક પદાર્થ સૂકરમદ્દવ હતો. તે લેવાથી ભગવાનને અતિસારનો વિકાર થયો અને મરણાંતિક વેદના થઈ. ચુંદ લુહારને ત્યાંથી વિહાર કરી, કુકુત્થા નદીને તીરે કંથા પાથરી ભગવાન સૂતા અને આનંદને કહ્યું :

"આનંદ, મને ભોજન કરાવવા બદ્દલ ચુંદ લુહારને માઠું લાગવાનો સંભવ છે. પણ તમો તેને એમ કહેજો, કે તારું ભાગ્ય સમજ કે તથાગતને છેવટની ભિક્ષા દેવાનો અલભ્ય પ્રસંગ તને જ પ્રાપ્ત થયો."

ચુંદને ખોટું ન લાગે તે માટે કેટલી બધી અંતરકરુણા !

૧-૬-'૬૯

# ૧૮
# શતાવધાની મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજ

શતાવધાની પંડિતરત્ન મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજનું અગાધ પાંડિત્ય, તેમની નિરભિમાનતા અને સરળતા સૌ કોઈનું ધ્યાન ખેંચતાં. એકલે હાથે અર્ધમાગધી કોષ બનાવવાનું મહાભારત કાર્ય મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજ કરી શકે. ૨૦ વર્ષ સુધી સતત પરિશ્રમ સેવી તેમણે જગતને આ અણમોલ ભેટ ધરી. પાંચ મોટા ગ્રંથોવાળો આવો મહાન કોષ બનાવવાની મુશ્કેલીઓનો ખ્યાલ આપણને ન આવે. સાધુનું જીવન, સતત પરિભ્રમણ, જોઈતાં સાધનો દરેક સ્થળે મળે નહિ અને આવાં અણખેડાયેલ ક્ષેત્રમાં અન્યને માર્ગદર્શક થાય તેવું ભગીરથ કાર્ય માથે લેવું અને ફત્તેહમંદ રીતે પાર પાડવું એ શાસનદેવની કૃપા જ લેખાવી જોઈએ. આ કોષ યુરોપ, અમેરિકા અને ભારતની બધી યુનિવર્સિટીઓમાં વપરાય છે. અર્ધમાગધી ભાષાનો હજી સુધી બીજો કોઈ કોષ થયો નથી. પૂર્વપશ્ચિમના સઘળા વિદ્વાનો આ જ કોષનો ઉપયોગ કરે છે. આવો એક મહાન ગ્રંથ રચીને સ્થાનકવાસી સમાજનું નામ તેમણે ઉજ્જવળ કર્યું છે. સંસ્કૃત, માગધી, અર્ધમાગધી વગેરે ભાષાઓ ઉપર તેમનું પ્રભુત્વ અજબ હતું. સંસ્કૃત ભાષામાં કોઈ પણ વિષય ઉપર શીઘ્રપણે તેઓ કાવ્યો રચી શકતા અને સંસ્કૃતમાં ભાષણો કરી શકતા. તેમણે બીજા પણ ઘણા ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા છે. તેમનો છેલ્લો ગ્રંથ 'સૃષ્ટિવાદ અને ઈશ્વરકર્તૃત્વ' વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો ઊંડો ઉપાય સૂચવે છે અને આ ગ્રંથમાં જૈન દૃષ્ટિએ આ વિષયની તલસ્પર્શી મીમાંસા તેમણે કરી છે.

તેમની સ્મરણશક્તિ અદ્‌ભુત હતી. અવધાનની ક્રિયા જેમણે જોઈ છે તેમને જ આનો સાચો ખ્યાલ આવે. તેઓ એકીસમયે સો અવધાનો કરી શકતા.

તેમના જીવનનાં છેલ્લાં વર્ષોમાં સૌથી અગત્યની હકીકત કોન્ફરન્સ પ્રત્યેનો તેમનો પ્રેમ અને કોન્ફરન્સની પ્રગતિ માટેનો અથાગ પરિશ્રમ! અજમેર સાધુ સંમેલનમાં નિયમો પ્રામાણિકપણે પાળવા અને પળાવવામાં આપણા

સમાજના જે કેટલાક સાધુ મુનિરાજો સતત પ્રયત્નશીલ રહ્યા છે તેમાં તેઓ મુખ્ય હતા. અજમેર અધિવેશન પછી તેમના જીવનનું આ પ્રધાન કર્તવ્ય તેમણે બનાવ્યું હતું સાધુસમાજની એકતા અને જ્ઞાન તથા ચારિત્ર્યની વૃદ્ધિ માટે તેઓ રાતદિવસ ચિંતા કરતા. અજમેર સંમેલનના પ્રસ્તાવ અનુસાર સાધુસમિતિની બેઠક બોલાવવા તેઓએ ઝંડો ઉઠાવ્યો અને નાદુરસ્ત તબિયત છતાં લાંબો અને ત્વરિત વિહાર કરી ઘાટકોપર પહોંચ્યા. પૂજ્યશ્રી કાશીરામજી મહારાજ તથા પ્રવર્તક મુનિશ્રી તારાચંદજી મહારાજ સાથે મળી તેમના સહકારથી યોજના ઘડી અને તેનો પ્રચાર શરૂ કર્યો.

કૉન્ફરન્સનું અધિવેશન બોલાવવા તેઓ ખૂબ ઇંતેજાર હતા. ઘાટકોપર અધિવેશન માટે તેમના તરફથી પ્રેરણા અને પ્રોત્સાહન ન હોત તો તે અધિવેશન ન થાત એમ મારા અંગત અનુભવથી હું કહી શકું છું. મુંબઈમાં અધિવેશન ભરવાના મારા પ્રયત્નો નિષ્ફળ જણાયા ત્યારે મેં તેમને વિનંતી કરી કે તેમની લાગવગનો બધો ઉપયોગ કરી આ કામ માથે લેવા ઘાટકોપર શ્રીસંઘને તેઓ સમજાવે. ઘાટકોપર અધિવેશનની સફળતા ઘણે દરજ્જે તેમને આભારી છે.

તેઓ તો કૃતકૃત્ય થઈ ગયા. તેમનું મૃત્યુ ઉપાધિરહિત અને મંગળ થયું. છેલ્લી ઘડી સુધી સાધુસમાજની એકતા અને જ્ઞાન-ચારિત્ર્યની વૃદ્ધિની ચિંતા કરતા તેઓ ગયા અને આપણી જવાબદારી વધારતા ગયા. તેમનું અધૂરું રહેલું કાર્ય પૂરું કરીએ તો જ તેમના પ્રત્યેનું આપણું ઋણ આપણે અદા કરી શકીએ. તેમની યોજનાને અમલમાં મૂકવા નિમાયેલ સમિતિનું કામ વિશેષ મુશ્કેલ બને છે. પણ સાધુસમાજની પ્રતિષ્ઠા અને અસ્તિત્વનો તે એકમાત્ર ઉપાય છે અને સ્થાનકવાસી સમાજ – સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા – પોતાના હિતને ખાતર પણ આ કાર્યને પાર પાડશે તો જ સમાજની ઉન્નતિ અને પ્રગતિ છે.

૧–૬–'૪૧

# ૧૯
# સ્વામી વિવેકાનંદ

ઓગણીસમી સદી દરમિયાન, ભારતના પુનરુત્થાનમાં જે મહાપુરુષોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો તેમાં સ્વામી વિવેકાનંદ અગ્રસ્થાને છે. રાજા રામમોહન રાય, મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર, કેશવચંદ્ર સેન વગેરે મહાનુભાવોએ બ્રહ્મોસમાજની સ્થાપના કરી, પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો સમન્વય કરવા પ્રયત્ન કર્યો. પણ ભારતનો આત્મા જેમાં પૂર્ણપણે પ્રકટ થયો અને ભારતની આમજનતાનું હૃદય જેમણે જીતી લીધું તે તો હતા સ્વામી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી દયાનંદ સરસ્વતી. બંનેનું કાર્ય અત્યારે આપણી સમક્ષ મોજૂદ છે, રામકૃષ્ણ આશ્રમ અને આર્યસમાજ મારફત.

સ્વામી રામકૃષ્ણ પરમહંસ ખરેખર એક અવતારી પુરુષ હતા. નિરક્ષર બ્રાહ્મણ, કાલીમાતાના પૂજારી, પણ ચૈતન્યપ્રભુ જેવા પરમ ભક્ત અને શંકરાચાર્ય જેવા પ્રખર જ્ઞાની. આત્મસાક્ષાત્કાર સાધી, સંખ્યાબંધ બુદ્ધિશાળી અને શિક્ષિત પુરુષોને પોતાના તરફ તેમણે આકર્ષ્યા. પણ તેમાં સર્વશ્રેષ્ઠ હતા નરેન્દ્ર દત્ત, જે પાછળથી સ્વામી વિવેકાનંદને નામે વિખ્યાત થયા. જેમ સોક્રેટિસનો સંદેશ આપણને તેના શિષ્ય પ્લેટો મારફત મળ્યો છે, તેમ સ્વામી રામકૃષ્ણનો દિવ્ય સંદેશ જગતે સ્વામી વિવેકાનંદ મારફત જાણ્યો.

સ્વામી વિવેકાનંદ પરમહંસના શિષ્ય કેવી રીતે થયા તે પણ એક રોમાંચક કથા છે. સ્વામી રામકૃષ્ણ કલકત્તા નજીક દક્ષિણેશ્વરમાં રહેતા હતા ત્યારે તેમની ખ્યાતિ સાંભળી સેંકડો સ્ત્રી-પુરુષો તેમનાં દર્શને જતાં. નવેમ્બર, ૧૮૮૦માં એક ભજનમંડળીમાં, ૧૮ વર્ષની ઉંમરના નરેન્દ્રે એક ભજન ગાયું. રામકૃષ્ણ પરમહંસ હાજર હતા.

પરમહંસની વેધક દૃષ્ટિએ આ યુવાનના અંતરતમ ઊંડાણનું માપ તરત કાઢી લીધું અને તેને દક્ષિણેશ્વર મળવા આવવા કહ્યું. કેટલાક દિવસ પછી નરેન્દ્ર કેટલાક મિત્રો સાથે મળવા ગયો. નરેન્દ્રનો કંઠ બુલંદ અને ભાવવાહી હતો. પરમહંસે ભજન ગાવા કહ્યું અને નરેન્દ્રે ગાયું. પછી શું બન્યું તે સ્વામી વિવેકાનંદના શબ્દોમાં જ કહેવા જેવું છે :

"મેં ગાયું પછી તેઓ ઊઠ્યા અને મારો હાથ પકડી ઓતરાદી ઓસરી તરફ મને લઈ ગયા અને દ્વાર બંધ કર્યું. અમે બંને એકલા હતા. આ આશ્ચર્યથી હું તેમને નિહાળી રહ્યો અને તેમના મુખ ઉપર હર્ષનાં અશ્રુ વહી રહ્યાં હતાં. દીર્ઘ સમયથી મને ઓળખતા હોય તેમ મને તેઓ જોઈ રહ્યા અને મૃદુતાથી કહ્યું, 'મારી પાસે આવવામાં આટલો બધો વિલંબ કેમ કર્યો? આટલો સમય મને રાહ કેમ જોવડાવી? મારી આધ્યાત્મિક અનુભૂતિ સમજી શકે એવી વ્યક્તિના અંતરમાં મારું હૃદય ઠાલવવા હું તલસી રહ્યો છું. તું નારાયણનો અવતાર છે. માનવજાતનાં દુઃખ દૂર કરવા આ પૃથ્વી ઉપર તેં જન્મ લીધો છે.' હું આભો થઈ ગયો. હું શું સાંભળું છું? આ કોઈ ગંડપણ તો નથી ને? હું વિશ્વનાથ દત્તનો પુત્ર. આ મને શું કહે છે? ફરીથી આવવાનું મારી પાસેથી વચન લીધું અને તેમનાથી છૂટવા મેં વચન આપ્યું."

પછી તો વિવેકાનંદને આવો વિચિત્ર અનુભવ અનેક વખત થયો. બુદ્ધિના પાડે. હૃદય આકર્ષણ કરે; અનિચ્છાએ આવે, મુગ્ધ થાય. વળી શંકા-કુશંકામાં ડૂબી જાય, વળી આકર્ષાય. એક વખત પરમહંસને કહેતા સાંભળ્યા:

"ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે છે. હું અત્યારે તારી સાથે બોલું છું અને તને જોઉં છું તેવી જ રીતે તું ઈશ્વરને જોઈ શકે અને તેની સાથે બોલી શકે. પણ તેમ કરવાનો સાચો પ્રયત્ન કોણ કરે છે? પોતાનાં સ્ત્રી, પુત્રો કે માલ-મિલકત માટે લોકો રડે છે, પણ ઈશ્વરને પામવા કોણ રડે છે? પણ તેને પામવાની ખરી તાલાવેલી જાગે તો તેનો સાક્ષાત્કાર થાય જ."

અને નરેન્દ્રના હૃદયમાં આ અને આવાં અનેક વચનોએ [redacted]કરી. પણ "शिष्यस्तेऽहं शाधि माम् त्वाम् प्रपन्नम् એ ભાવ જાગતાં પહેલાં, લગભગ પાંચ વર્ષ સુધી એક પ્રકારનો ગજગ્રાહ ચાલ્યો. બુદ્ધિવાદી નરેન્દ્રને ભક્તિની લાગણી-વિવશતાનો અણગમો હતો. શ્રદ્ધાથી કાંઈ પણ સ્વીકારવા તે તૈયાર ન હતો. He questioned everything. He never allowed his reason to abdicate.–તે દરેક બાબત વિશે તર્ક કરતો રહ્યો. તેણે કદી પોતાની બુદ્ધિને પદભ્રષ્ટ થવા ન દીધી. કૉલેજમાં તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, ઇતિહાસ વગેરેનો તે અભ્યાસ કરતો. પ્રખર બુદ્ધિશાળી હતો. તેજ સ્વભાવ, પ્રચંડ કાયા, ક્ષાત્ર લોહી. દરેક રીતે પરમહંસવિરોધી પ્રકૃતિ હતી. તેના અંતરમાં તુમુલ યુદ્ધ હતું, કાંઈક સ્વપ્નાંઓ તે સેવતો. કોઈ વખત લક્ષ્મી, કીર્તિ અને સત્તાના શિખરે પહોંચવાની મહત્ત્વાકાંક્ષા તેનામાં જાગતી, તો બીજી વખત ભભૂત

લગાવી, લંગોટ પહેરી, સન્યાસી બનવાની ઇચ્છા થતી, અને બંને શક્ય છે તેમ લાગતું. અંતે બીજા સ્વપ્ને તેના અંતરને ઘેરી લીધું. પણ તેમ થતાં પહેલાં કાંઈક યાતનાઓ તેણે વેઠી.

જમીનદાર પિતાનો પુત્ર, તેની ૨૧ વર્ષની વયે પિતાનું અવસાન થયું અને છ-સાત જણનાં ભરણપોષણનો બોજો તેના પર આવી પડ્યો. ઉડાઉ પિતાએ લેણદારોનો ભાર જ વારસામાં આપ્યો હતો. નોકરીની શોધમાં સફળતા ન મળી અને દુઃખના ડુંગર માથે તૂટી પડ્યા. જીવનની કઠોર વાસ્તવિકતાનો અનુભવ થયો અને તે પોકારી ઊઠ્યો, કે "આ જીવનમાં નિર્બળ કે ગરીબ કે ત્યજાયેલાંઓ માટે કોઈ સ્થાન નથી." ઈશ્વર ઉપરની શ્રદ્ધા રહી નહિ અને "The world seemed to me the creation of a devil"– "દુનિયા સેતાનનું નિર્માણ હોય એમ તેને લાગ્યું." પણ તેના લખવા મુજબ Ramkrishna was the only one who had unwavering faith in me. His unshakeable confidence bound me to him for ever. He alone knew the meaning of love." –"રામકૃષ્ણ એક જ એવી વ્યક્તિ હતી કે જેને મારામાં અવિચળ શ્રદ્ધા હતી. તેમના સુદૃઢ વિશ્વાસના પરિણામે હું તેમની સાથે સદાને માટે બંધાયો. પ્રેમતત્ત્વનું રહસ્ય માત્ર તેઓ જ જાણતા હતા." અને અંતે એ દિવસ આવ્યો કે જ્યારે નરેન્દ્રના બધા સંશયોનું નિવારણ થયું. Suddenly it seemed as if the folds enveloping his soul were asundered and there was light.–આત્માને આવરી રહેલા બધા પડદા એકાએક ચિરાઈ ગયા અને જ્ઞાનનો સૂર્ય ઊગ્યો. પછી તો આત્માની મુક્તિની તાલાવેલી જાગી અને નિર્વિકલ્પ સમાધિમાં પરબ્રહ્મ સાથે એકતાન થવા તેનો જીવ તલસી રહ્યો. પણ પરમહંસની આજ્ઞા થઈ કે "તારે માત્ર તારો સ્વાર્થ અને તારી મુક્તિ શોધવાનાં નથી, તારે જગતનું કલ્યાણ કરવાનું છે." અને નરેન્દ્રે આ આજ્ઞા સ્વીકારી.

૧૫મી ઑગસ્ટ, ૧૮૮૬ના દિને પરમહંસનું અવસાન થયું. પછી નરેન્દ્ર તેમના શિષ્યગણના સ્વાભાવિક રીતે જ નેતા થયા. શું કરવું તે કોઈને સૂઝતું ન હતું. નિવૃત્તિમય જીવન સ્વીકારીને આત્મસાધના કરવાની ઘણાની ઇચ્છા હતી.

૧૮૮૬ના ૨૫મી ડિસેમ્બરની રાત્રે તાપણું કરી સૌ બેઠા હતા. વિવેકાનંદે જિસસ ક્રાઇસ્ટની જીવનકથા કહી અને પછી તેમણે જગતકલ્યાણ માટે પોતાનું જીવન સમર્પણ કરવા સૌને આદેશ આપ્યો, તેમજ સૌએ સંન્યાસની પ્રતિજ્ઞા

લીધી. પણ એ સંન્યાસ જુદા પ્રકારનો હતો. એ સંન્યાસ માત્ર આત્મસાધનામાં નિમગ્ન થવાનો જ નહિ પણ માનવસેવાનો સંન્યાસ હતો. It combined the ideal of contemplation with the ideal of human service. – તે સંન્યાસની કલ્પનામાં ધ્યાનના આદર્શ સાથે માનવસેવાના આદર્શનો મેળ જોડવામાં આવ્યો હતો.

પણ આ પ્રતિજ્ઞાને આકાર આપતાં બીજાં ૧૧ વર્ષ વહી ગયાં. તે પહેલાં વિવેકાનંદે ઘણું જાણવાનું હતું, ઘણું કરવાનું હતું. પરમહંસના અવસાન સમયે વિવેકાનંદની ઉંમર માત્ર ૨૩ વર્ષની હતી. ભારતની ભૂમિ, તેની જનતા અને તેના આત્માનો તેણે પરિચય કરવાનો હતો. આ માટે તેમણે પરિભ્રમણ આદર્યું. પાંચ વર્ષ સુધી આ મહાપરિવ્રાજક તિબેટથી કન્યાકુમારી સુધી ફરી વળ્યા. ભારતવર્ષની ભયંકર ગરીબાઈનો અનુભવ કર્યો અને તેનો આત્મા કકળી ઊઠ્યો. મારા દેશબાંધવો માટે હું શું કરું છું તે એક જ નાદ તેના અંતરને ચીરી રહ્યો. તેને એક વિચાર સ્ફુર્યો કે પશ્ચિમમાં જઈ વેદાંતનો સંદેશ ત્યાંની પ્રજાને આપું અને તેની પાસેથી લક્ષ્મી લાવી ભારતની પ્રજાની ગરીબાઈ ઓછી કરું. અને તેમને એ તક મળી. શિકાગોમાં વિશ્વધર્મ પરિષદ થવાની છે તે સાંભળ્યું અને ત્યાં જવાનો તેમણે નિર્ણય કર્યો. આ સમયે નરેન્દ્ર મટી તેઓ સ્વામી વિવેકાનંદ થયા.

સ્વામી વિવેકાનંદે ૧૮૯૩માં કરેલી અમેરિકાની યાત્રા એક અદ્ભુત પરાક્રમ હતું. તેમણે સાહસથી ઝંપલાવ્યું. વિશ્વધર્મ પરિષદ વિશે કોઈ ચોક્કસ માહિતી તેમને ન હતી. તે ક્યાં અને ક્યારે ભરાવાની છે તેની ખબર ન હતી. તેમાં કોને સ્થાન છે તે જાણતા ન હતા. તેમની પાસે કોઈ પરિચયપત્રો ન હતા. એક માત્ર ઈશ્વરમાં શ્રદ્ધા રાખી પોતાના આત્મવિશ્વાસથી ૩૦ વર્ષનો આ સંન્યાસી ઊપડ્યો અને ફરતાં ફરતાં અઢી મહિને શિકાગો શહેરમાં આવીને ઊભો રહ્યો. એનાં સમૃદ્ધિ અને દોડધામ આશ્ચર્યચકિત થઈને તે જોઈ રહ્યો.

માહિતી ખાતામાં ખબર કરી તો જાણ્યું કે પરિષદ ભરાવાને હજી બે મહિનાની વાર છે. વિશેષ જાણ્યું કે પ્રતિનિધિઓનાં નામ નોંધવાનો સમય વીતી ગયો છે, અને કોઈ સંસ્થા તરફથી મોકલાયેલ ન હોય તેવી કોઈ વ્યક્તિ પ્રતિનિધિ થઈ શકે નહિ. પણ નિરાશ થાય એ વિવેકાનંદ નહિ. ભગવો ઝભ્ભો, ફેંટો અને તેમાં તેમનો ભવ્ય દેહ સૌનું ધ્યાન ખેંચતા. બોસ્ટનમાં પ્રો. રાઈટ તેમને મળી ગયા. તેમણે વિશ્વધર્મ પરિષદમાં વિવેકાનંદની હાજરી

માટે વ્યવસ્થા કરી. બોસ્ટનથી શિકાગોની ટિકિટ કઢાવી આપી. ટ્રેઈન મોડી પહોંચી. ક્યાં જવું તેની ખબર ન હતી. કોઈ માર્ગ બતાવે નહિ. રાત્રે સ્ટેશન પર પડી રહ્યા. સવારે ઊઠ્યા. શહેરમાં ભમ્યા પણ કોઈ મદદ કરે નહિ. અને થાકીને રસ્તા પર બેસી ગયા. પણ ઈશ્વરનો સંકેત હતો જ કે આ સંન્યાસીએ વિશ્વધર્મ પરિષદમાં જવું. એક ભલી બાઈ મળી. તેણે તેમને ઘરમાં બોલાવ્યા. ત્યાં સ્નાન કર્યું અને છેવટે પરિષદમાં તેઓ હાજર થયા. જુદા જુદા ધર્મના પ્રતિનિધિઓ વચ્ચે સ્થાન લીધું. ભારતમાંથી બ્રહ્મોસમાજના પ્રતાપચંદ મઝુમદાર હતા, થિયોસોફિસ્ટ ચક્રવર્તી હતા, બુદ્ધ ધર્મના ધરમપાલ હતા, જૈન ધર્મના વીરચંદ રાઘવજી ગાંધી હતા અને એ બધાની વચ્ચે, કોઈનો પ્રતિનિધિ નહિ એવો આ યુવાન સંન્યાસી હતો. અને શું થયું ? રોમાં રોલાંના શબ્દોમાં કહું તો :

"The unknown of yesterday, the beggar, the man despised for his colour by a world, wherein the dregs of more than half a dozen of the peoples of the world meet, at first glance, was to impose his sovereign genius."–"દુનિયાના અરધા દેશોના લોકોનો ઉતાર જ્યાં ભેગો થાય છે અને જ્યાં કાળા રંગ સામે સૂગ છે એવા આ સ્થળમાં ગઈ કાલ સુધી જેને કોઈ જાણતું નહોતું એવો એક ભિક્ષુક, ચામડીના રંગના કારણે તિરસ્કૃત એવો આ માનવી પોતાની તેજસ્વી પ્રતિભા વડે પરિષદમાં એકઠા થયેલા લોકોને પ્રથમ દર્શને જ અભિભૂત કરવાનો હતો, આંજી નાખવાનો હતો."

આવી મહાન પરિષદ સમક્ષ પ્રથમ વાર તેણે બોલવાનું હતું. અંતરમાં ખળભળાટ હતો. એક પછી એક પ્રતિનિધિ ઊઠી, પોતાની ઓળખાણ આપે અને વિદ્વત્તાભર્યું ભાષણ કરે. આમ, લગભગ આખો દિવસ વીતી ગયો અને અંતે આ સંન્યાસી ઊઠ્યો. તેણે કોઈ તૈયારી કરી ન હતી. કોઈ ભાષણ લખ્યું ન હતું, પણ "Hardly had he pronounced the very simple opening words 'Sisters and Brothers of America' hundreds arose in their seats and applauded."–"'અમેરિકાનાં ભાઈઓ અને બહેનો' એટલા જ શબ્દ તેણે ઉચ્ચાર્યા કે તરત જ સેંકડો સભાજનો પોતાની બેઠક ઉપરથી ઊભા થઈ ગયા, અને તેને વધાવી લીધો."

અને પછી ધોધ વહ્યો એની વાણીનો, એના અંતરાત્માના નાદનો. His speech was a tongue of flame – તેની વાણીમાં આગ ભરી હતી. દરેક પ્રતિનિધિ પાંડિત્યભર્યું ભાષણ કરે. પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે તે ધર્મ મારફત જ મોક્ષ મળે, પોતાનો ઈશ્વર જ મનુષ્યનો ઉદ્ધાર કરે છે એમ પુરવાર કરવા પ્રયત્ન કરે. આ સંન્યાસીએ બુલંદ અવાજે પોકાર્યું કે ઈશ્વરને પહોંચવાના ઘણા માર્ગો છે અને દરેક માર્ગ ઈશ્વરના દરબારમાં લઈ જાય છે. વિશ્વધર્મ પરિષદમાં સાચા વિશ્વધર્મનો–માનવધર્મનો–સંદેશ આ એક પ્રતિનિધિએ આપ્યો અને પરિષદ સાર્થક કરી. પછી તો તેમણે પરિષદમાં અને પરિષદના વિવિધ વિભાગોમાં ૮-૧૦ બીજાં વ્યાખ્યાનો હિંદુ ધર્મ, વેદાંત વગેરે વિષયો ઉપર આપી સૌને મંત્રમુગ્ધ કર્યા. જનતા જે ભાષા સમજે તે ભાષામાં ધર્મનો સાચો સંદેશ ભારતના આ પ્રતિનિધિએ અમેરિકાને આપ્યો.

પરિષદની પૂર્ણાહુતિ પછી અમેરિકામાં એ લગભગ બે વર્ષ રહ્યા. રાજયોગ, કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, વેદાંત, હિંદુ ધર્મ વગેરે વિષયો ઉપર વ્યાખ્યાન આપ્યાં. વોલ્ટ વ્હિટમેન, એમર્સન અને થોરોના અમેરિકામાં પૂર્વનો આ સંદેશ ઝીલવા કેટલાક સાચા જિજ્ઞાસુ જીવો હતા, તેમ કેટલાક કુતૂહલથી આકર્ષાયેલા પણ હતા. રાજયોગથી શરીરસૌંદર્ય વધે છે તેમ જાણી સૌંદર્યધામોની કેટલીક સુંદરીઓ પણ રાજયોગની અભ્યાસી થવા તૈયાર થઈ. આવા દંભ પ્રત્યે વિવેકાનંદનો રોષ ઊતર્યો. પછી યુરોપમાં ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની વગેરે સ્થળોએ પ્રવાસ કરી ત્યાં મેક્સમુલર, ડોયસન જેવા પૌર્વાત્ય વિદ્વાનોને મળ્યા, તેમજ વેદાંત અને તત્ત્વજ્ઞાન ઉપર વ્યાખ્યાનો આપ્યાં. ચાર વર્ષનો પ્રવાસ પૂરો કરી સ્વામીજી સ્વદેશ પાછા ફર્યા ત્યારે તેમના દેશબાંધવોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. ગુરુભાઈઓ મળ્યા અને ભવિષ્યના કાર્યની વિચારણા કરી. ૧૮૯૭ના મે માસમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. બે વર્ષ પછી ફરીથી લગભગ દોઢ વર્ષ યુરોપનો પ્રવાસ કર્યો. શારીરિક શક્તિનો જે અસ્ખલિત વ્યય કર્યો હતો તેથી શરીર ભાંગ્યું અને ફરીથી તેમનામાં શાંતિની ઝંખના જાગી. વિવેકાનંદ પોકારી ઊઠ્યા: "Pray for me that my work stops for ever, and my whole soul be absorbed in the Mother." – "મારા માટે પ્રાર્થના કરો કે મારું કામ હંમેશને માટે સમાપ્ત થાય, અને મારો આત્મા માતામાં સમાઈ જાય." દેશ પાછા ફર્યા પછી પણ સતત કામમાં રોકાયા અને મિશનનું કામ અને ગુરુભાઈઓને માર્ગદર્શન આપતા રહ્યા. ૪ થી જુલાઈ ૧૯૦૨ને દિવસે પ્રફુલ્લ ચિત્તે ઊઠ્યા, ત્રણ કલાક

ધ્યાન ધર્યું. દિવસનું કાર્ય કર્યું. સાંજે સાત વાગે આરતી સમયે ફરીથી સમાધિમાં બેઠા અને એક કલાકને અંતે દીર્ઘ શ્વાસ લઈ, ૩૯ વર્ષની વયે પોતાનું જીવનકાર્ય પૂરું કરી ચિર શાંતિમાં પોઢયા.

સ્વામી વિવેકાનંદે ભારતવર્ષને અને જગતને સંદેશ આપ્યો તે શો હતો? ટૂંકમાં એમના પોતાના શબ્દોમાં જ એ રજૂ કરીશ. તેમણે કહ્યું છે: "મારો આદર્શ હું થોડા જ શબ્દોમાં રજૂ કરી શકું છું. માનવમાત્રને એના દિવ્ય સ્વરૂપનું ભાન કરાવવું અને જીવનની પ્રત્યેક ક્રિયામાં એ સ્વરૂપને મૂર્ત કરાવતાં રહેવું. મુક્તિની મને કોઈ ઝંખના નથી. શાંત ઝરણાની જેમ લોકહિતાર્થે કામ કરતાં કરતાં અગર હજાર વાર જન્મ લેવો પડે તો ભલે લેવો પડે. એ જ છે મારો ધર્મ. મરીશ ત્યાં લગી હું અવિરત કામ કરતો રહીશ અને મૃત્યુ પછી પણ જગહિતાર્થે પ્રવૃત્ત રહીશ." માનવીનું અંતિમ ધ્યેય, સર્વ ધર્મોનો છેડો તો એક જ છે – પરમાત્મા સાથેનું તાદાત્મ્ય, દિવ્ય તત્ત્વ કે જે દરેક માનવીની અસલ પ્રકૃતિ છે તેની સાથેનો સુભગ સમાગમ. જનસમાજમાંથી એક વાર ધર્મ ખસેડી લઈએ તો પછી રહેશે શું? રાની પશુઓથી ભરેલું જંગલ જ રહેશે. ઇન્દ્રિયસુખ એ જનસમાજનું ધ્યેય નથી. જીવનનું ધ્યેય છે જ્ઞાન. પણ આ ધ્યેય સિદ્ધ કેમ થાય? નિવૃત્તિમય જીવનથી. સ્વામી વિવેકાનંદે કહ્યું, "ઈશ્વરની ઉપાસના, જનકલ્યાણનાં કાર્યોથી થઈ શકે છે. ઈશ્વરની ખોજમાં તમારે ક્યાં જવું છે? જે દીન છે, દરિદ્ર છે, જે અપંગ છે તે સહુ ભગવાન નથી શું? મારો ઈશ્વર એ છે જે દુષ્ટોમાં છે, જે કંગાળોમાં છે, જે સર્વ જાતિઓના અને પ્રાણીમાત્રના દરિદ્રોમાં રહેલો છે – એ જ મારો આરાધ્ય દેવ છે." સ્વામી વિવેકાનંદ મહાન કર્મયોગી હતા. તેમણે સંન્યાસધર્મને નવું સ્વરૂપ આપ્યું અને સંન્યાસ મારફત જનકલ્યાણનો માર્ગ બતાવ્યો. અપરિગ્રહ અને બ્રહ્મચર્યનાં વ્રતોને સ્વીકારી જ્ઞાન અને માનવસેવામાં અવિરત જીવન સમર્પણ કરતા શિક્ષિત સંન્યાસીનો નવો વર્ગ તેમણે ભારતને આપ્યો.

તેમનો બીજો સંદેશ છે સર્વધર્મસમભાવનો. આ જગતમાં ધર્મને નામે ઘણા કલહો થયા છે. પોતાનો ધર્મ જ સાચો અને એ જ મુક્તિનો માર્ગ છે એવો હઠાગ્રહ અને ઝનૂન ધર્મને લજવે છે. તે ધર્મ નહિ, પણ પંથ છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસે પોતાના દેહમાં સર્વ ધર્મોનો સાક્ષાત્કાર કર્યો અને તેમનો વારસો વિવેકાનંદે જાળવી રાખ્યો.

સ્વામીજી પરમ દેશભક્ત હતા અને ભારતના ઉદ્ધાર માટે તેમણે ભગીરથ પુરુષાર્થ સેવ્યો છે. વિદેશથી પાછા ફર્યા ત્યારે તેમણે કહ્યું, "ભારત છોડીને હું પરદેશ ગયો ત્યારે આ ભૂમિ માટે મને પ્રેમ હતો, અને હવે જ્યારે અર્ધા જગતના પ્રવાસેથી પાછો ફર્યો છું ત્યારે ભારતની ધૂળ પણ મારે મન પવિત્ર છે." આમ છતાં પણ રાજકારણથી સ્વામીજી હમેશાં દૂર રહ્યા હતા.

દરેક પ્રકારની નિર્બળતા—શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક—ના સ્વામીજી કટ્ટર વિરોધી હતા. તેમણે કહ્યું છે: "નાસ્તિક તે છે કે જેને પોતાનામાં વિશ્વાસ નથી. ઈશ્વરને ન માને તે નાસ્તિક, તે વાત હવે જૂની થઈ. નવો ધર્મ શીખવે છે કે પોતાની જાતમાં જેને વિશ્વાસ નથી તે જ નાસ્તિક છે." એમનો સંદેશ એક જ વાક્યમાં કહેવો હોય તો:

"ઉત્તિષ્ઠત જાગ્રત, પ્રાપ્યવરાન્ નિબોધત."

૧–૨–'૬૩

૨૦

# સંત ગાડગે મહારાજ

સંત ગાડગે મહારાજને નામે મહારાષ્ટ્રમાં વિખ્યાત થયા તેમનું મૂળ નામ ડેબુજી હતું. અમરાવતી જિલ્લાના શેણગાંવમાં ૨૦ ફેબ્રુઆરી, ૧૮૭૬ને દિને, પરીટ (ધોબી) કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. નાની વયે પિતા ગુજરી જતાં, મા તેમને લઈ પિયર ગયાં. મોસાળમાં ઢોર ચારવાં, ખેતીનું કામ કરવું, એવી મજૂરી કરતાં સાવ નિરક્ષર રહ્યાં. કુટુંબમાં સારેનરસે પ્રસંગે દેવદેવીઓને કૂકડા-બકરા ચડાવવા, માંસ-મદિરાનું નૈવેદ્ય ધરવું, સગાં-વહાલાં-ઓને આવા પદાર્થોનું સેવન કરાવવું વગેરે રિવાજો હતા. ગરીબાઈ છતાં લગ્ન થયા. લગભગ ૩૦ વર્ષની વયે ગૃહત્યાગ કર્યો. બાર વર્ષ પરિભ્રમણ કર્યું. આ સાધક અવસ્થામાં અવધૂત પેઠે રહેતા; ચીંથરેહાલ વસ્ત્રો પહેરે. લોકો પાગલ ગણતા. આ પરિભ્રમણ દરમિયાન ઘણો અનુભવ થયો. ઊંચ-નીચની ખાઈ કેટલી ઊંડી ને પહોળી છે તે જોયું, ગરીબોને હડધૂત થતાં દીઠાં, અસ્પૃશ્ય-તાનો વળગાડ કેટલો ભયંકર છે તેની પ્રતીતિ થઈ. શોષણે ઘર ઘાલ્યું છે તે અનુભવ્યું. નિરક્ષરતાને કારણે સમાજના નીચલા થરની શી અવગતિ થાય છે તે જોયું. દારૂ, પશુબલિ, માંસાહાર વગેરે અનિષ્ટોથી લોકોનાં જીવન બરબાદ થતાં જોયાં.

આ અનુભવમાંથી તેમના સેવાકાર્યનો જન્મ થયો અને ગાડગે મિશનની સ્થાપના થઈ.

બાબા પોતે નિરક્ષર અને અભણ. કોઈ ધર્મગ્રંથો કે પુરાણો વાંચ્યાં ન હતાં. હૃદયમાં ભક્તિ હતી, દયા અને કરુણા હતી. સૂરીલો કંઠ હતો. તુકારામ અને કબીરનાં ભજનો કંઠસ્થ હતાં. એકતારો લઈ બાબા કીર્તનો કરતા. ગામડે ગામડે ઘૂમતા, હજારો માણસો ભેગા થતા.

બાબાએ લોકોને દેવદેવીઓની વાતો કહી નથી કે મોક્ષનો માર્ગ બતાવ્યો નથી. બલ્કે ધર્મ અને દેવને નામે ચાલતાં ધતિંગોમાંથી લોકોને બચાવવા પ્રયત્નો કર્યા. કોઈ ચમત્કાર કર્યા નથી, કરવાનો દાવો કર્યો નથી. પૃથ્વી પર

માનવજીવન સુખમય કેમ થાય તેનો માર્ગ ચીંધ્યો. માણસાઈ, દયા, અહિંસા, અને પ્રેમનો ધર્મ સમજાવ્યો. પથ્થરની મૂર્તિઓની પૂજાથી કે તીર્થયાત્રાઓ કરવાથી ધર્મ નથી થતો. પંઢરપુર જેવા પવિત્ર ધામની યાત્રાએ ગયા, છતાં મંદિરમાં પ્રવેશ ન કર્યો. વિઠોબાના દર્શન કર્યા, પણ બહાર ઝાડુ લઈ સાફસૂફી ફરી. બાબાએ ગરીબ અને અભણ લોકોને અંધશ્રદ્ધા તથા ખોટા રીત-રિવાજોમાંથી તેમજ અનિષ્ટ પરંપરાઓ અને માન્યતાઓમાંથી મુક્ત કર્યાં. ભૂખ્યાંને અન્ન, ઘરબારવિહોણાંને આશરો અને નિર્વસ્ત્રને વસ્ત્ર આપ્યાં. પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ દાખવ્યો. દારૂમાંસમાંથી વ્યસનમુક્તિ કરાવી, અસ્પૃશ્યતાનિવારણનો ઉપદેશ આપ્યો અને દેવદેવીઓને ધરાતા પશુબલિનો સખત વિરોધ કર્યો. શરીરશ્રમ, અત્યંત સાદાઈ અને ઈશ્વરભક્તિની પ્રેરણાં આપી.

ગાડગે મિશનનાં અનેક વૃદ્ધાશ્રમો, અન્નક્ષેત્રો, છોકરા-છોકરીઓ માટે છાત્રાલયો, પ્રાથમિક, આધ્યાત્મિક અને ઐઝિક શાળાઓ, ધર્મશાળાઓ વગેરે સંસ્થાઓ ચાલે છે.

તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૫૬ ના રોજ બાબાનું અવસાન થયું.

ગાડગે મહારાજના જીવનની આ ટૂંકી નોંધ. તા. ૮-૧૧-૧૯૫૬ ને દિવસે વાંદરા પોલીસ સ્ટેશન ખાતે સત્યનારાયણની પૂજા યોજાયેલ હતી. બાબાની તબિયત નરમ હતી. ઘણા આગ્રહથી બાબાએ કીર્તન કર્યું. તે પ્રવચનનો સાર 'લોકરાજ્ય'ના જાન્યુઆરીના અંકમાં પ્રકટ થયો હતો.

તે વાંચી હું પ્રભાવિત થયો. આ એક જ પ્રવચનમાં તેમના જીવનની અને ઉપદેશની સારી ઝાંખી થાય છે. ભાષા સંસ્કારી ન કહેવાય, પણ હૃદય-સોંસરી ઊતરી જાય એવી તળપદી અને અનુભવની.

તા. ૧૬-૨-'૭૯

## ૨૧

# ગુરુદેવ ટાગોર

કવિસમ્રાટ રવીન્દ્રનાથ ટાગોરના અવસાનથી ભારતવર્ષે જ નહિ, જગતે એક મહાન વિભૂતિ ગુમાવી. તેઓ તો પરિપક્વ વયે કૃતકૃત્ય થઈને ગયા અને જગતને અણમોલ વારસો આપી ગયા. ટાગોરને સાક્ષાત્ જોયા ન હોત તો પૂર્વના આપણા ઋષિમુનિઓ વેદવ્યાસ, વાલ્મીકિ, વસિષ્ઠ વગેરે કેવા હશે તેની કલ્પના આપણને આવી ન શકત – જેમ ગાંધીને જોયા ન હોય તો ભગવાન મહાવીર, બુદ્ધ, ક્રાઇસ્ટ કેવા હશે તેની કલ્પના આપણને ન આવે. ટાગોર ખરેખર ઋષિ હતા. તેમના વિરાટ આત્માને અનુરૂપ ભગવાને તેમને ભવ્ય અને દેદીપ્યમાન દેહ આપ્યો હતો. ટાગોર ભારતનો મૂર્તિમંત આત્મા હતા. આર્ય સંસ્કૃતિના સાચા પ્રતિનિધિ હતા. રોમાં રોલાંએ ટાગોર અને ગાંધીજીને ભારતની ગંગા-યમુના સાથે સરખાવ્યા છે. ગાંધીજીમાં ભારતવર્ષની વીતરાગતા અને કર્મયોગ મૂર્તિમંત થયાં હતાં. ટાગોરમાં આર્ય સંસ્કૃતિનું સમસ્ત કાવ્ય, તેની રસિકતા, સંસ્કારિતા અને ઉન્નત ધર્મભાવના મૂર્તિમંત થયાં હતાં. ગાંધીજી અને ટાગોરની સાધના જુદી હતી, પણ બંનેનું ધ્યેય એક જ હતું, કારણ કે બંને એક જ સંસ્કૃતિના સાચા વારસદાર હતા. ગાંધીજીએ ટાગોરને 'ગુરુદેવ' કહ્યા તેમાં જરાય અતિશયોક્તિ નથી. ભારતના અને જગતના સાચા ગુરુદેવ તે હતા.

ટાગોર જગતના એક સર્વશ્રેષ્ઠ કવિ હતા તેટલું કહેવાથી તેમનો સાચો ખ્યાલ આપણને ભાગ્યે જ આવે. એમણે ઉત્તમ કવિતા લખી એટલું જ તેમનામાં હોત તો સમસ્ત જગતે તેમને જે ભાવભરી અને ભક્તિભરપૂર નિવાપાંજલિ અર્પી છે તે અતિશયોક્તિ ગણાત. કવિનો સાચો અર્થ દ્રષ્ટા છે. આપણને અગમ્ય અને અગોચર છે તેનો કવિને અનુભવ છે અને આપણને તેનો અનુભવ તે કરાવે છે. રવીન્દ્રનાથ દ્રષ્ટા હતા. ટાગોરકુટુંબના સૈકાઓના સંસ્કારો તેમને વારસામાં મળ્યા હતા. ટાગોરકુટુંબે ભારતને શું નથી આપ્યું ? મહર્ષિ દેવેન્દ્રનાથ જેવા સમર્થ તત્ત્વજ્ઞ અને સુધારક, અવનીન્દ્રનાથ ટાગોર જેવા મહાન કળાકાર ટાગોરકુટુંબમાં થઈ ગયા. રવીન્દ્રનાથે 'સાધના'ની પ્રસ્તાવનામાં કહ્યું છે કે "હું એક એવા કુટુંબમાં ઊછર્યો છું કે જ્યાં ઉપનિષદના મંત્રો

હમેશાં પૂજા સમયે ગૂંજી રહેતા; જ્યાં મારી સમીપ મારા પિતાશ્રીનું દૃષ્ટાંત હતું કે જેમણે પોતાનું લાંબું આયુષ્ય સતત ઈશ્વરના સાન્નિધ્યમાં વિતાવ્યું અને છતાં સંસાર પ્રત્યેની પોતાની ફરજમાં ચૂક્યા નહિ અથવા માનવહિતોમાં પોતાનો રસ જરાય ઓછો થવા દીધો નહીં."

આર્ય સંસ્કૃતિનાં ઉત્તમ તત્ત્વો રવીન્દ્રનાથના જીવનમાં તાણાવાણાની પેઠે વણાઈ ગયા હતા. 'ધમ્મપદ'ની પ્રસ્તાવનામાં ભારતવર્ષના ઇતિહાસ વિશે લખતાં રવીન્દ્રનાથ કહે છે: "ભારતવર્ષે જો કદી એક રાષ્ટ્ર–'નેશન" બનવાનો પ્રયત્ન કર્યો હોત તો તેના ઇતિહાસ માટે સારાં અને મોટાં મોટાં સાધનો મળી શકત અને ઇતિહાસકારોનું કામ ઘણે દરજ્જે સહેલું થાત. પરંતુ આમ કહેવામાં અમે કબૂલ નથી કરી લેતા કે ભારતવર્ષે પોતાના ભૂતને અને ભવિષ્યને અમુક એક સૂત્રથી ગૂંથી રાખ્યું નથી. તે સ્થૂળ રૂપે દેખી શકાતું નથી. તેણે સર્વત્ર ભેદ વિનાની એકતા સ્થાપી છે એવું નથી, પરંતુ સઘળા ભેદોમાં અને અસમાનતામાં ઊંડે ઊંડે એક મૂલગત અપ્રત્યક્ષ સંબંધસૂત્ર તેણે બાંધી રાખ્યું છે. તેથી મહાભારતમાં વર્ણવેલું ભારત અને વર્તમાન ભારત જુદી જુદી અને મહત્ત્વની બાબતોમાં ભિન્ન હોવા છતાં ઉભયની નાડીનો સંબંધ તૂટ્યો નથી. તે સંબંધ જ ભારતવર્ષની બીજી સર્વ બાબતો કરતાં સાચો છે અને તે સંબંધનો ઇતિહાસ તે જ ભારતવર્ષનો યથાર્થ ઇતિહાસ છે. તે સંબંધ શાને લઈને છે? પહેલાં જ કહી ગયા, કે રાષ્ટ્રીય સ્વાર્થને લઈને નથી. એક જ શબ્દમાં કહેવું હોય તો કહી શકાય કે ધર્મને લઈને છે...

"'પોલિટિક્સ' અને 'નેશન'નો ઇતિહાસ જેમ યુરોપનો ઇતિહાસ છે તેમજ 'ધર્મ'નો ઇતિહાસ તે જ ભારતવર્ષનો ઇતિહાસ છે. 'પોલિટિક્સ' અને 'નેશન' એ શબ્દોનો કે તેની ભાવનાનો જેમ આપણી ભાષામાં અનુવાદ થઈ શકતો નથી, તેમ 'ધર્મ' શબ્દ માટે યોગ્ય શબ્દ યુરોપની ભાષાઓમાં શોધ્યો જડતો નથી. તેથી જ ધર્મને અંગ્રેજી 'રિલીજિયન'રૂપે માનવામાં આપણે અનેક વાર ગોથાં ખાઈએ છીએ, તેમજ ધર્મની ભાવનામાં એકતા છે એ વચન સ્પષ્ટ સમજાતું નથી."

એ જ પ્રસ્તાવનામાં તેઓ કહે છે કે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ આત્મા-અનાત્માનો વિચાર કરનારા ભિન્ન સંપ્રદાયો ભારતમાં છે, પણ તે દરેકની સાધના–જીવનસાધના–તો એક જ રહી છે અને તે છે તપ, ત્યાગ અને સંયમની.

રામાયણની પ્રસ્તાવનામાં તેમણે કહ્યું છે: "રામાયણ-મહાભારતમાં ભારતવર્ષનો ચિરકાલનો ઇતિહાસ છે. અન્ય ઇતિહાસો કાળે કાળે બદલાયા છે,

પણ આ ઇતિહાસ બદલાયો નથી. ભારતવર્ષની જે સાધના, જે આરાધના અને જે સંકલ્પ છે તેનો જ ઇતિહાસ આ બે વિપુલ કાવ્યપ્રસાદમાં ચિરકાલનાં સિંહાસન ઉપર બિરાજમાન છે.”

રામાયણ-મહાભારત એ ભારતના સમસ્ત જનસમૂહની કથા છે. ભારતવર્ષે રામાયણ-મહાભારતમાં પોતાની કોઈ બાબત પ્રકટ કરવી બાકી રાખી નથી. તેથી જ એ બંને મહાકાવ્યોમાં માત્ર કવિનો જ નહિ પણ ભારતવર્ષનો પરિચય થાય છે. રામાયણના અનુષ્ટુપ છંદમાં ભારતવર્ષનું હૃદય સહસ્ર વર્ષ થયાં ધબકી રહ્યું છે.

ભારતવર્ષનો આત્મા જેમ રામાયણ-મહાભારતમાં છે તેમ ઉપનિષદોમાં પણ છે. રવીન્દ્રનાથે ઉપનિષદના મંત્રો કોઈ તત્ત્વજ્ઞાની પંડિત કે વિવેચકની દૃષ્ટિએ નિહાળ્યા નથી. તેમને તો તેમાં જીવનનાં ઉચ્ચતમ સત્યનો અનુભવ થયો છે. ‘સાધના’નો તેમનો લેખસંગ્રહ વાંચવાથી આ કથનની સહેજે પ્રતીતિ થશે. તત્ત્વજ્ઞાની કે વિવેચકને જે અર્થગાંભીર્ય અને સત્ય ઉપનિષદોમાંથી ન મળે તે રવીન્દ્રનાથે જાત-અનુભવથી તેમાં જોયું છે. ઉપનિષદના એક એક મંત્ર લઈને તેનું અદ્ભુત સત્ય આપણને બતાવ્યું છે. દાખલા તરીકે, જગતમાં દુઃખ છે, પાપ છે, અનિષ્ટ છે તેની સમાલોચના કરતાં રવીન્દ્રનાથ કહે છે :

“પરંતુ ખરો પ્રશ્ન આપણે પૂછવો જોઈએ તે એ છે કે, અપૂર્ણતા એ સૃષ્ટિનું અંતિમ સત્ય છે ખરું? શું પાપ નિરપેક્ષ હોઈ છેવટનું લક્ષ્ય છે? નદીને પણ તેની સીમા તથા તેના કિનારા હોય છે; પરંતુ કિનારાને કાંઈ નદી કહેવાશે? અથવા તો નદીનું અંતિમ સત્ય તેના કિનારાઓમાં સમાયેલું છે એમ કહી શકાશે ખરું? સરિતાના પ્રવાહને નડતા અંતરાયો જ તેના જળને આગળ વહેવાની ગતિ આપતા નથી કે? વળી નાવડીને પ્રવાહમાં ખેંચવાનું દોરડું તેની સાથે બાંધવામાં આવે છે; પરંતુ તેથી તે બંધન હાનિકારક છે એમ માનવું ખરું ગણાશે? એ બંધન વડે નાવડી આગળ ખેંચાતી નથી વારુ? સરિતાની પેઠે સૃષ્ટિનું અસ્તિત્વ પણ ન હોત. પરંતુ એ પ્રવાહનો હેતુ તેની સીમાઓમાં નહિ પરંતુ પૂર્ણતા પ્રત્યે તેની ગતિમાં સમાયેલો છે.

“પાપ સ્થાયી છે—તે ગતિ વિનાનું હોઈ એક જ સ્થળે થંભી રહ્યું છે-એવું કલ્પીને આપણે તેની અગત્ય વધારી મૂકીએ છીએ. સૃષ્ટિમાં દરેક મિનિટે થતા મરણના તથા ગંદકીના પરિણામે ઉત્પન્ન થતી ઝેરી કહોવાણની ગણતરીના આંકડા ભેગા કરીએ તો આપણે હબકી જઈશું. પરંતુ પાપ હમેશાં ગતિમાન હોય છે. તે ગમે તેટલું અપાર અને અગણિત લાગે છતાં આપણા જીવનના

પ્રવાહને રૂંધી નાખવામાં તે કદી સફળ થઈ શકતું નથી અને આપણે જોઈએ છીએ પણ ખરા, કે સર્વે અનિષ્ટો હોવા છતાં સુંદર અને શુદ્ધ પૃથ્વી, પાણી તથા હવા માણસને મળી શકે છે.”

જગતમાં દુઃખ, પાપ, અસત્ય, હિંસા, વેરઝેર વગેરે છે તેનો રવીન્દ્રનાથ ઇન્કાર નથી કરતા, પણ તે બધાં જીવનનાં અંતિમ સત્યો નથી તેમ તેમનું કહેવું છે. અંતિમ સત્ય તો મંગળમય પ્રેમ છે, આનંદ છે, શાન્તિ છે. ઈશ્વરમાં તેમને ગાંધીજી પેઠે પૂર્ણ શ્રદ્ધા હતી. જગતમાં અંતે સત્યનો જ વિજય છે, પ્રેમનો જ વિજય છે તેમાં તેમને કોઈ શંકા ન હતી. તેથી જ, સંસ્કૃત સાહિત્ય પેઠે તેમની કોઈ કૃતિ કરુણાન્ત નથી. સાહિત્ય અથવા કલાની કૃતિ જીવનનું સત્ય રજૂ કરે છે તેથી તે કરુણાન્ત ન જ હોય. કરુણાન્ત કૃતિ એટલે દુઃખ, પાપ અને અસત્યનો વિજય. તેને અંતિમ સત્ય તરીકે સ્વીકારવું – સંસ્કૃત કવિઓ પેઠે – રવીન્દ્રનાથને એ માન્ય નથી. રવીન્દ્રનાથ સાચા ભક્ત હતા. તેમનાં કાવ્યો ભક્તિરસથી ભરપૂર છે.

રવીન્દ્રનાથે જેમ રામાયણ-મહાભારત અને ઉપનિષદોમાં રહેલ ભારતનો આત્મા આપણને પોતાના અનુભવથી સમજાવ્યો તેવી જ રીતે ભારતના સાહિત્યનો સાચો આત્મા પણ સમજાવ્યો છે. કાલિદાસ કે બાણભટ્ટના ટીકાકારો ઘણા થઈ ગયા પણ રવીન્દ્રનાથ પેઠે તેમનું હાર્દ કોઈ કવિ સમજ્યો નથી તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. રવીન્દ્રનાથના આર્યહૃદયે આર્યદૃષ્ટિએ સંસ્કૃત સાહિત્ય જોયું અને સંસ્કૃત કવિનું હૃદય કેવું છે, હિન્દુસ્તાનનો ઇતિહાસ કયો પુરુષાર્થ લઈ બેઠો છે એ બધું બતાવી દીધું. ‘મેઘદૂત’, ‘કુમારસંભવ’, ‘શાકુન્તલ’ અને ‘કાદમ્બરી’ ઉપરના તેમના લેખો અદ્ભુત છે. કાલિદાસ સૌન્દર્યસંભોગના જ કવિ છે એવી સામાન્ય માન્યતા છે. રવીન્દ્રનાથે બતાવ્યું છે કે કાલિદાસના સૌન્દર્યમાં ભોગવૈરાગ્ય સ્થિર રહેલો છે. કાલિદાસ એકસાથે સૌન્દર્યભોગના અને ભોગવિરતિના કવિ છે. જગતના કોઈ કવિએ જે નથી કર્યું તે કાલિદાસે કર્યું છે – લગ્નનો મહિમા ગાયો છે. રવીન્દ્રનાથ લખે છે :

“લગ્ન એ દૈનિક સંસારની ભૂમિકા છે. તે નિયમબદ્ધ સમાજનું અંગ છે. લગ્નનું સીધું લક્ષ્ય કેવળ એટલું જ છે કે મનુષ્યની પ્રબળ વૃત્તિઓને અંકુશમાં રાખવાને એક ભારે સંયમરૂપ તે બને. તેથી અત્યારના કવિઓ લગ્નવ્યાપારને તેમનાં કાવ્યમાં મોટું રૂપ આપવા ઇચ્છતા નથી. જે પ્રેમ ઉદ્દામ વેગથી નરનારીને તેમનાં ચોમેરનાં બંધનોમાંથી મુક્ત કરી નાખે, તેમને સંસારના લાંબા કાળના ચીલામાંથી ઉપાડી બહાર કાઢે, જે પ્રેમના બળે નરનારી પોતામાં

પોતાને પરિપૂર્ણ ધારે, એમ ધારે કે સારી આલમ સામે થઈ જાય તો પણ અમને કાંઈ ભય નથી, કાંઈ અભાવ નથી; જે પ્રેમના જોશમાં તેઓ પોતાના મંડળથી છૂટાં પડી જઈ પૂરવેગમાં સડસડાટ ચાલ્યા જતા ગ્રહની માફક પોતાના ચોતરફનાં બંધનોમાંથી મુક્ત થઈ પોતાનામાં જ મસ્ત થઈ રહે – તે પ્રેમ મુખ્યત્વે કાવ્યનો વિષય હોય છે.

"કાલિદાસે અનાહૂત પ્રેમના તે ઉન્મત્ત સૌન્દર્યની ઉપેક્ષા કરી નથી. તેને તેમણે તરુણ લાવણ્યના ઉજ્જવલ રંગે જ ચીતર્યો છે. પરંતુ આ અતિ ઉજ્જવલતામાં જ તેમણે પોતાના કાવ્યને સમાપ્ત કર્યું નથી. જે પ્રશાન્ત વિરલવર્ણી પરિણામ તરફ તેઓ પોતાના કાવ્યને પહોંચાડે છે, ત્યાં જ તેમના કાવ્યનું અંતિમ લક્ષ્ય છે. મહાભારતમાં સકળ પ્રવૃત્તિનો જેમ મહાપ્રસ્થાનમાં અન્ત આવ્યો છે, તેમ જ 'કુમારસંભવ'ના સમસ્ત પ્રેમનો જોશ મંગળ મિલનમાં જ શમી જાય છે."

રવીન્દ્રનાથે માત્ર ભારતનો આત્મા પિછાન્યો અને આપણને બતાવ્યો એટલું જ નથી. અત્યારના હિન્દુ સમાજમાં જ્યાં જ્યાં તેમને જડતા, સ્થિતિ-ચુસ્તતા અને અસહિષ્ણુતા જણાઈ તેને તેમણે સખત રીતે વખોડી છે અને તેને આપણી અવનતિના કારણરૂપ બતાવી છે. તેમની નવલકથા 'ગોરા' અને નાટક 'અચલાયતન'માં સુંદર રીતે આ વસ્તુ રજૂ કરી છે. રવીન્દ્રનાથ સમર્થ સુધારક હતા. રાજા રામમોહન રાયના સમયથી, હિન્દુ સમાજનું સંસ્કરણ થવું જોઈએ તે ભાવના, તેમના કુટુંબમાં દૃઢ હતી.

રવીન્દ્રનાથનું સાહિત્યસર્જન ભવ્ય અને વિશાળ છે. જગતના કોઈ પણ સાહિત્યની પહેલી પંક્તિમાં તેમનું સ્થાન છે. કાલિદાસનાં 'કુમારસંભવ' કે 'શાકુન્તલ'ની ઉત્તમતા બતાવીને જ રવીન્દ્રનાથ બેસી રહ્યા નથી. તેની બરોબરી કરે તેવાં સર્જનો રવીન્દ્રનાથે જગતને આપ્યાં છે. 'શાકુન્તલ'ના સાત અંકોમાં કાલિદાસે જે બતાવ્યું તે રવીન્દ્રનાથે એમના નાના નાટક 'ચિત્રાંગદા'માં બતાવ્યું છે. તેમની નવલકથાઓ – 'ઘરે-બાહિરે', 'ગોરા', 'નૌકા ડૂબી', 'ચોખેરવાલી' – જગતસાહિત્યનાં પ્રથમ પંક્તિનાં સર્જનો છે. માનવીના સનાતન ભાવોનું તેમાં નિરૂપણ છે.

સાહિત્યનું કોઈ અંગ એવું નથી કે જેને રવીન્દ્રનાથે શોભાવ્યું ન હોય. કાવ્ય, નાટક, ટૂંકી વાર્તા, સંવાદ, ગદ્ય – દરેકમાં રવીન્દ્રનાથે જગતને અણમોલ વસ્તુઓ આપી છે. તેમનું ભાષાપ્રભુત્વ, ભાષાલાલિત્ય એટલાં જ અદ્ભુત હતાં. આ લેખમાં ટાંકેલ કેટલાક ફકરાઓ તેનો આછો ખ્યાલ આપે છે.

તેમનાં કાવ્યો વિશે લખવાની મારી લાયકાત કે શક્તિ નથી. જેઓ કાવ્યોનું સંગીત ન જાણતા હોય તેમને તેનું હાર્દ કદાચ બરાબર ન સમજાય.

રવીન્દ્રનાથ કવિ અથવા સુધારક હતા તેટલું જ નથી. શિક્ષણના ક્ષેત્રે તેમનો મૌલિક ફાળો છે અને પોતાના સિદ્ધાંતો મુજબ શિક્ષણના પ્રયોગ પાછળ પોતાની જિંદગીનો ઘણો સમય અને શક્તિ તેમણે આપ્યાં છે. ભારતની આમ-જનતાનું હિત સદાય તેમને હૈયે હતું અને તેમનું શ્રીનિકેતન તેનો પુરાવો છે. રવીન્દ્રનાથનો માનવપ્રેમ વિશાળ અને બંધનરહિત હતો. વિશ્વબંધુત્વની તેમની ભાવના ઉત્કટ હતી. 'એશિયાવાસીઓ માટે એશિયા'ના જાપાની સિદ્ધાંતનો તેમણે પ્રબળ વિરોધ કર્યો હતો. વિશ્વબંધુત્વની ભાવના છતાં ભારતના સ્વાતંત્ર્ય માટે તેમની એટલી જ ઉત્કટ અને પ્રબળ ઝંખના હતી. બ્રિટન પ્રત્યેનો પ્રેમ ઓછો ન હતો, છતાં બ્રિટને ભારતને કરેલ અન્યાય સૌથી વધારે તેમને સાલતો. મિસ રેથબોર્નને મરણશય્યા પરથી પણ છેલ્લે છેલ્લે તેમણે જવાબ આપ્યો તે સુવિદિત છે. ભારતવર્ષ માટેનો તેમનો પ્રેમ કોઈના કરતાં ઊતરે તેવો ન હતો, છતાંય ભારતવર્ષની સ્વતંત્રતાને નામે અસત્ય, હિંસા કે અધર્મને જરાય સહન કરવા તેઓ તૈયાર ન હતા. 'ઘરે-બાહિરે'માં તેમણે કહ્યું છે :

"દેશની સેવા કરવા હું તૈયાર છું, પણ હું વંદન તો સત્યને જ કરીશ, જે દેશ કરતાં ખૂબ ઊંચે આસને વિરાજમાન છે. દેશને જો હું દેવ માનીને વંદન કરું, તો દેશનું સત્યાનાશ વાળ્યું ગણાય... દેશને દેવતા ગણાવીને તમે જ્યારે અન્યાયને કર્તવ્ય અને અધર્મને પુણ્ય તરીકે ચલાવી લેવા માગો છો, ત્યારે મારા હૃદયને આઘાત થાય છે, માટે જ હું સ્થિર રહી શકતો નથી. દેશથી પણ ઉચ્ચ સ્થાને ધર્મ રહેલો છે એવું જેઓ માનતા નથી તેઓ, હું કહું છું કે, દેશને પણ માનતા નથી. જે તરુણ યુવકો દેશના કામે વળગવા તૈયાર છે તેમને શરૂઆતથી જ નશાની ટેવ પાડવાના કામમાં મારો લગારે હાથ ન હોય એમ હું ઇચ્છું છું. મંત્રથી ભોળવીને જેઓ કામ હાંસલ કરવા માગે છે તેઓ કામની જ કિંમત વધારે આંકે છે. જે માણસના મનને ભોળવે છે, તેના મનની કિંમત તેમને કશી જ નથી. આ પ્રમત્તતામાંથી જો દેશને આપણે બચાવી ન શકીએ તો દેશની પૂજા એ જ દેશનું વિષનૈવેદ્ય બની જશે અને દેશનું કાર્ય વિમુખ બ્રહ્માસ્ત્રની માફક આવીને દેશના હૈયામાં વાગશે."

૧૯૦૭માં રવીન્દ્રનાથે આ બાંગ પોકારી હતી અને દેશને ચેતવ્યો હતો. રવીન્દ્રનાથે આપણને શું નથી આપ્યું ? તેમને લાયક આપણે ક્યારે થઈશું ?

૧૫-૮-'૪૧

૨૨

# બર્ટ્રાન્ડ રસેલ

બર્ટ્રાન્ડ રસેલે પોતાના જીવનનાં પ્રેરક બળો તેમની આત્મકથામાં આ પ્રમાણે જણાવ્યાં છે:

"મારા જીવનમાં ત્રણ પ્રેરણાઓનું પ્રભુત્વ રહ્યું છે. એ પ્રેરણાઓ આમ તો સાવ સાદી અને સર્વસામાન્ય છે; પરંતુ મારા જીવનમાં એ પ્રેરણાઓ અતિશય પ્રબળ રહી છે. એ ત્રણ પ્રેરણાઓ છે: પ્રેમનો તલસાટ, જ્ઞાનની ખોજ અને માનવજાતનાં દુઃખ માટે અસહ્ય કરુણા. આ પ્રેરણાઓએ મને ક્યાંય ઠરીઠામ થઈને બેસવા દીધો નથી. એમણે મને યાતનાઓના ઊંડા સાગર ઉપર ફંગોળ્યો છે, ને ક્યારેક હતાશાની બિલકુલ અણી સુધી પહોંચાડ્યો છે.

"પ્રેમ માટે હું તલસ્યો, કારણ કે તે આનંદોલ્લાસથી આપણને સભર બનાવી મૂકે છે. એવો પ્રબળ આનંદોલ્લાસ કે પ્રેમના આનંદભર્યા થોડાક કલાકો સારુ હું મારી બાકીની બધી જિંદગી ન્યોચ્છાવર કરી દેવા પણ તૈયાર થાઉં. પ્રેમ માટે હું તલસ્યો, કારણ કે તે આપણને એકલવાયાપણામાંથી મુક્ત કરે છે – એવું ભયંકર એકાકીપણું કે જેમાં એક થથરતી ચેતના દુનિયાની કોર ઉપરથી ઠંડી અતાગ ચેતનહીન ગર્તામાં ડોકિયું કરતી હોય. પ્રેમ માટે હું તલસ્યો, કારણ કે પ્રેમભર્યા મિલનમાં મેં સંતો ને કવિઓએ કલ્પેલા સ્વર્ગની એક અગમ્ય વામન સ્વરૂપમાં ઝાંખી કરી. આવા પ્રેમનો મેં તલસાટ અનુભવ્યો, અને માનવજીવન માટે જો કે વધુ પડતું કહેવાય છતાં કહું કે આવો પ્રેમ હું આખરે પામ્યો.

"આટલી જ પ્રબળ લાગણી સાથે મેં જ્ઞાનની ખોજ કરી છે. મેં માણસોનાં હૃદય સમજવાની ઇચ્છા સેવી છે. મેં તારાઓ ચમકે છે શા માટે એ જાણવાની ઇચ્છા સેવી છે. સતત ગતિશીલ અણુમંડળ ઉપર અંકનું પ્રભુત્વ સ્થાપતી પાયથાગોરસની શક્તિનો તાગ પામવા પણ હું મથ્યો છું. આમાંથી બહુ નહિ, કિંચિત્ માત્ર હું પામી શક્યો છું.

"પ્રેમ અને જ્ઞાન, જ્યાં સુધી શક્ય બન્યાં ત્યાં સુધી મને ઉપર સ્વર્ગ ભણી લઈ ગયાં. પરંતુ કરુણાએ મને હંમેશાં પૃથ્વી ઉપર પાછો આણ્યો છે. માનવજાતના દુઃખ-દર્દભર્યા ચિત્કારોના પડઘા મારા હૃદયમાં પડચા કરે છે. દુકાળને લીધે ભૂખે મરતાં બાળકો, જુલમગારોના સિતમનો ભોગ બનેલ માનવીઓ, પોતાનાં સંતાનો માટે ધૃણાસ્પદ બોજારૂપ બનેલ અસહાય વૃદ્ધો અને તેમનાં એકલવાયાપણા, ગરીબી તેમજ યાતનાઓની આખી લંગાર માનવ-જીવનના આદર્શની હાંસી ઉડાવી રહી છે. આ અનિષ્ટને ઓછું કરવા હું મથું છું, પણ હું કરી શકતો નથી, અને હું પોતે ય યાતનાઓ અનુભવું છું.

"મારું જીવન આવું રહ્યું છે. મને તે જીવવા જેવું લાગ્યું છે અને મને તક આપવામાં આવે તો હું ખુશીથી તે ફરીથી જીવું."

લગભગ ૪૦ વર્ષની ઉંમર સુધી તત્ત્વજ્ઞાન, ગણિત, તર્કશાસ્ત્ર, માનસ-શાસ્ત્ર, વિજ્ઞાન વગેરે વિષયોમાં જ્ઞાનની શોધમાં જીવન વિતાવ્યું. પ્રથમ વિશ્વ-યુદ્ધે તેમના જીવનમાં મોટો પલટો આણ્યો. શુષ્ક જ્ઞાનનું ક્ષેત્ર છોડી, સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં ઝંપલાવ્યું. પણ આ જીવનપરિવર્તન કોઈ સત્તા કે કીર્તિની ઝંખનાથી ન હતું. તેમના જીવનનું બીજું પ્રેરક બળ હતું માનવ-જાતના દુઃખથી થતી અસહ્ય વેદના. એ બળે તેમને માનવજીવનની વાસ્તવિકતાનું ભાન કરાવ્યું. જ્ઞાનની ઉપાસના સાંસારિક કઠોરતાથી દૂર રહી, એકાન્તમાં – ભવ્ય – જાણે સ્વર્ગમાં વિચરતા હોય એ રીતે કરી. પ્રથમ વિશ્વયુદ્ધથી માનવ-સ્વભાવ વિશે તેમના વિચારો બદલાયા. માનવી પરસ્પરના સંહારમાં રાચે અને વિનાશ નોતરે એ તેમની કલ્પનામાં ત્યાં સુધી ન હતું. માનવી પ્રેમ, કરુણા, સત્ય, સૌંદર્યનો ઉપાસક છે. પણ તે સાથે તેનામાં આટલી હદે, પોતાનો સાચો સ્વાર્થ ભૂલીને પણ, વિનાશવૃત્તિ હોય તે નવું દર્શન હતું. રસેલ યુદ્ધના કટ્ટર વિરોધી બન્યા અને યુદ્ધ સામે તેમણે મોટી પ્રચારઝુંબેશ ઉપાડી. પોતાના વિદ્વાન મિત્રો પણ અંતે ફરી બેઠા અને યુદ્ધમાં જોડાયા. પણ રસેલ છેવટ સુધી યુદ્ધના વિરોધી રહ્યા, ઘણું સહન કર્યું, જેલ ગયા અને એકલા છતાં નીડરપણે મક્કમ રહ્યા.

યુદ્ધ પૂરું થયું ત્યારે રસેલ લખે છે:

"મને જણાયું કે મારા પોતાના (ઉત્કર્ષ) સિવાય મેં જે કંઈ કર્યું હતું તે કાર્ય નિષ્ફળ ગયું. એક પણ માણસને હું બચાવી શક્યો ન હતો, એક ક્ષણ પણ યુદ્ધને ટૂંકાવી શક્યો ન હતો. છેવટની સંધિ – વર્સેલ્સની – થઈ

તેનાથી ઉત્પન્ન થતી કડવાશને ઓછી કરી શક્યો નહિ. પણ એટલું તો થયું કે યુદ્ધમાં જોડાયેલ પ્રજાઓના અત્યાચારોમાં મેં કાંઈ સાથ આપ્યો નહિ અને મને એક નવી જીવનદૃષ્ટિ અને નવજીવન પ્રાપ્ત થયું."

ચાર વર્ષના આવા અવિરત પ્રયત્નો પછી પણ દેખીતી રીતે શૂન્ય પરિણામ આવ્યું તેથી રસેલ જરા પણ નિરાશ ન થયા. પણ ત્યારપછીનાં પચાસ વર્ષમાં અન્યાયો અને અત્યાચારો સામે વધારે જોરથી ઝઝૂમ્યા.

રસેલ પ્રખર બુદ્ધિશાળી અને પ્રાણવાન માનવી હતા. સામાજિક અન્યાયો અને અસમાનતાઓ તેમને અસહ્ય થઈ પડતાં. વ્યક્તિસ્વાતંત્ર્ય અને માનવ-જીવનનો સર્વતોમુખી વિકાસ તેઓ ઇચ્છતાં. તેથી સામ્રાજ્યવાદના વિરોધી હતા. સમાજવાદના હિમાયતી હોવા છતાં, માનવવિકાસને રૂંધતાં બંધનો અને રાજકીય પદ્ધતિઓના સખ્ત વિરોધી હતા. પ્રથમ વિશ્વયુદ્ધને અંતે રશિયામાં ક્રાંતિ થઈ અને ઝારશાહીનો નાશ થયો તેને આવકારી, પણ ૧૯૨૦માં રશિયા ગયા અને ત્યાં જે જોયું તેથી ભારે નિરાશ થયા. બોલ્શેવિઝમની ક્રૂરતા, માનવ પ્રત્યેની નફરત, ઝારશાહીને પણ વટાવી જાય તેવા અત્યાચારો જોઈ તેઓ કંપી ઊઠ્યા. લેનિનમાં તેમને એવી બુદ્ધિપ્રતિભા કે માનવપ્રેમ દેખાયાં નહિ. બલ્કે લેનિનની ઠંડી ક્રૂરતાથી વેદના અનુભવી. સામ્યવાદની વાસ્તવિકતા જોઈ, તેના આદર્શોથી અંજાયા નહિ.

નાઝીવાદ અને ફાસીવાદ–હિટલર અને મુસોલિની–નો ઉદય થયો ત્યારે તેના પણ એટલા જ સખત વિરોધી રહ્યા. એટલી હદ સુધી કે યુદ્ધવિરોધી હોવા છતાં, બીજા વિશ્વયુદ્ધનો પ્રથમ વિશ્વયુદ્ધ જેટલો વિરોધ ન કર્યો. નાઝીવાદનો અને ફાસીવાદનો વિજય થાય તે તેમને મન અસહ્ય હતું. વિશ્વદૃષ્ટિ હોવા છતાં, દેશપ્રેમ પણ હતો અને ઇંગ્લેંડનો વિનાશ થાય તે તેમને અકલ્પ્ય હતું.

રસેલ જીવનભર એક મોટા બળવાખોર રહ્યા. તેમના વિચારો હંમેશાં સાચા હતા એવું નથી. કેટલીક વખત ઉતાવળિયા, એકપક્ષી પણ હતા, પણ એ બધાની પાછળ ઉત્કૃષ્ટ માનવપ્રેમ અને દુનિયાનાં દુઃખ કાંઈક ઓછાં કરવાની પ્રબળ વૃત્તિ હતી.

અણુબૉમ્બની શોધ થઈ અને હિરોશિમા પર તેનો ઉપયોગ થયો ત્યારથી તેમનું શેષ જીવન અણુશસ્ત્રોના વિરોધ અને અણુબૉમ્બના નાશ માટે રહ્યું – આઇન્સ્ટાઈનની પેઠે, આ ભયંકર વિનાશક શસ્ત્રોમાં માનવજાત અને માનવ-

સંસ્કૃતિનો વિધ્વંશ તેઓ જોતા અને તેના ઉપયોગ સામે પ્રચંડ પ્રચાર શરૂ કર્યો. વૈજ્ઞાનિકોને ભેગા કરી – પુગવોશ કૉન્ફરન્સ મારફત ખૂબ પ્રચાર કર્યો. એટલી હદ સુધી કે એક વખત તો એવી હિમાયત કરી કે રશિયા અણુબૉમ્બની શોધ કરે તે પહેલાં જ અમેરિકાએ તેના ઉપર આક્રમણ કરી રશિયાની શક્તિ હરી લેવી. છેવટ રશિયાએ અણુબૉમ્બ શોધ્યો ત્યારે કેટલેક દરજ્જે તેમનું વલણ અમેરિકાવિરોધી થયું અને ક્યુબાની કટોકટી લખતે ક્રુશ્ચેવને ધન્યવાદ આપી, કૅનેડી ઉપર દોષારોપણ કર્યું. એવી જ રીતે ચીને ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે, સાવ ખોટી રીતે ચીનની તરફદારી કરી, પણ આ બધાં બદલાતાં વલણ પાછળ તેમની પ્રામાણિકતા વિશે કોઈ શંકાને કારણ ન હતું. અણુ-યુદ્ધનો તેમને એટલો ભય હતો કે it is better to be red than dead એમ માનતા થયા હતા.

પ્રેમની શોધમાં તેમણે કાંઈક ઉધામા કર્યા. ચાર વખત લગ્ન કર્યાં. સ્ત્રી-પુરુષ-સંબંધ વિશેના તેમના વિચારો ઘણા અધૂરા – ભૂલભરેલા હતા. તેઓ એમ માનતા કે પરિણીત સ્ત્રી-પુરુષ કેટલોક સમય આડો વ્યવહાર રાખે તેથી તેમની મિત્રતા કે પરિણીત જીવનને આંચ આવવી ન જોઈએ. પરિણીત જીવનમાં વફાદારીની અપેક્ષા રાખવી વ્યર્થ છે તેમ તેઓ માનતા. પણ પાછળથી આ વિચારોમાં થોડો ફેર પડ્યો હતો એનું કારણ અનુભવ અને ઉંમરની અસર હોય. છેવટ એમ કહેતા કે લગ્ન વિષયે તેઓ કાંઈ નિશ્ચિત કહી શકે તેમ નથી. કામવિકારની પ્રબળતા જોતાં, તેમાં સતત જાગૃતિ અને સંયમની જરૂર તેમણે સ્વીકારી ન હતી. ફ્રોઈડના વિચારોએ દુનિયાને જે મોટું નુકસાન કર્યું છે તેનું માપ કાઢવું મુશ્કેલ છે. ચંચળ મનને ભટકવા ન દેતાં સતત કાબૂમાં રાખવું જોઈએ, તે સત્યને બદલે સંયમથી મનને હાનિ પહોંચે છે તે વિચાર કેટલો વિનાશક છે તેનું ભાન માણસને હજી થયું નથી.

રસેલની પ્રખર બુદ્ધિપ્રતિભા બહુમુખી હતી. પણ બુદ્ધિ ઉપર જ આધાર રાખનાર વ્યક્તિ પૂર્ણ સત્યને પ્રાપ્ત નથી કરી શકતી તે રસેલના જીવનથી દેખાય છે. જેલમાં તેમને પૂછ્યું કે તમે કયા ધર્મના છો, ત્યારે તેમણે કહ્યું કે અજ્ઞેયવાદ. જેલરે આવો કોઈ ધર્મ સાંભળ્યો ન હતો. સ્થાપિત ધર્મો અને ધર્માચાર્યો (Established Church and Priesthood) સામે સાચી રીતે ઘણા વિચારકોએ બળવો પોકાર્યો છે, પણ આવા બળવા પછી ઊંડી અને સાચી ધર્મભાવના ન પ્રાપ્ત થાય તો જીવનસ્રોત રેતીના રણમાં પાણી સુકાઈ જાય; તેમ કરમાઈ જાય છે.

રસેલ યુદ્ધવિરોધમાં સત્યાગ્રહ કરી જેલ ગયા અને તેમણે શાંત મોરચાઓ કાઢ્યા. પણ ગાંધીજીની જીવનદૃષ્ટિ તેમને બહુ આકર્ષક ન હતી. ગાંધીજીનું નામ બહુ ઓછું તેમણે ઉચ્ચાર્યું છે. ગાંધીજીમાં સંયમ, તપશ્ચર્યા અને જીવન-સાધના હતાં તે માર્ગ રસેલને સ્વીકાર્ય ન હતો. જીવનનો ઉલ્લાસ તેમને જોઈતો હતો.

૯૭ વર્ષની ઉંમર સુધી, એક મહાન પ્રેરક બળ તેઓ રહ્યા. તેમના સામાજિક અને રાજકીય બાબતોના વિચારો કદાચ બહુ ચિરંજીવ નહિ થાય. તત્ત્વજ્ઞાન, ગણિત, તર્કશાસ્ત્ર વગેરે વિષયોના તેમના વિચારો કદાચ વધારે ગણનાપાત્ર રહેશે.

રસેલ, વિચાર અને કર્મસમૃદ્ધ જીવન જીવી ગયા. કોઈ પણ વ્યક્તિ છેવટ જગતના પ્રવાહો ઉપર કેટલી કાયમી અસર પાડી શકે છે તેના ઉપર તેના જીવનની સાર્થકતાનો આધાર નથી. પણ પોતે કેટલું જાગ્રત, વિચારપૂર્ણ, નીડર જીવન જીવ્યા અને પોતાનો ઉત્કર્ષ કેટલો કર્યો તેમાં જીવનની સાર્થકતા છે. રસેલનું જીવન આ રીતે ધન્ય હતું.

૧૬–૨–’૭૦

# ૨૩
# ગાંધીજી અને ટૉલ્સ્ટૉય

ગાંધીજી ઉપર ટૉલ્સ્ટૉયની કેવી અને કેટલી અસર થઈ છે તે જાણવાનું સાધન છે મુખ્યત્વે ગાંધીજીએ તે વિશે જે છૂટુંછવાયું લખ્યું છે તે, અને ટૉલ્સ્ટૉય સાથેનો તેમનો કેટલોક પત્રવ્યવહાર. આ ઉપરાંત વિશેષ માહિતી મારી જાણમાં નથી.

ગાંધીજી ઈ. ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકા દાદા અબ્દુલ્લાના કેસ માટે ગયા, ત્યાં કેટલાક ખ્રિસ્તી મિત્રોએ તેમની ધર્મજિજ્ઞાસા જોઈ ધાર્મિક પુસ્તકો તેમને વાંચવા આપ્યાં. તેમાં એક પુસ્તક ટૉલ્સ્ટૉયનું 'Kingdom of God is Within You' હતું. આ પુસ્તક વિશે ગાંધીજી લખે છે:

"ટૉલ્સ્ટૉયના 'વૈકુંઠ તમારા હૃદયમાં છે' નામના પુસ્તકે મને ઘેર્યો. તેની છાપ મારા ઉપર બહુ ઊંડી પડી. આ પુસ્તકની સ્વતંત્ર વિચારશૈલી, તેની પ્રૌઢ નીતિ, તેમાં રહેલા સત્ય આગળ મિ. કોટ્સે આપેલાં બધાં પુસ્તકો શુષ્ક લાગ્યાં."

આ વખતે ગાંધીજીની ઉંમર લગભગ ૨૪ વર્ષની હતી. તે પૂર્વે, ૧૮૯૧-માં બૅરિસ્ટર થઈ વિલાયતથી તેઓ પાછા આવ્યા ત્યારે શ્રીમદ્ રાજચંદ્રનો તેમને પ્રથમ પરિચય થયો. આ વખતની પોતાની સ્થિતિ વિશે લખતાં ગાંધીજી કહે છે:

"અમે પ્રથમ મળ્યા તે વેળાની મારી આધ્યાત્મિક સ્થિતિ કેવળ જિજ્ઞાસુની હતી. ઘણા પ્રશ્નો વિશે મનમાં શંકા રહેતી......મેં મારા પ્રયત્નથી ધર્મ વિશે બહુ જાણ્યું હોય એમ ન હતું. પણ મને ધર્મ વિશે જાણવાની ઉત્કંઠા રહેતી. તેથી રાયચંદભાઈનો સમાગમ મને ગમ્યો ને તેમનાં વચનોની અસર મારી ઉપર પડી. મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ ન કહી શકાય, છતાં રાયચંદભાઈની ધર્મવાર્તામાં મને રસ આવતો."

બે વર્ષ પછી તેઓ દક્ષિણ આફ્રિકા ગયા ત્યાં ગાંધીજીએ સારી પેઠે ધાર્મિક મંથન અને ધર્મનિરીક્ષણ કર્યું. આત્મકથામાં પોતે કહ્યું છે:

"હું તો મુસાફરી કરવા, કાઠિયાવાડની ખટપટમાંથી છૂટવા અને આજીવિકા શોધવા દક્ષિણ આફ્રિકા ગયો હતો. પણ પડી ગયો ઈશ્વરની શોધમાં, આત્મદર્શનના પ્રયત્નમાં."

તેઓ ગયા હતા એક કેસ માટે જ, પણ ઓતપ્રોત થઈ ગયા કોમની – હિંદીઓની – સેવામાં. આત્મદર્શનની અભિલાષાએ, ઈશ્વરની ઓળખ સેવાથી જ થશે એમ ધારી, તેમણે સેવાધર્મનો સ્વીકાર કર્યો.

ધાર્મિક સાહિત્યનું વાંચન ખૂબ વધ્યું. બધા ધર્મોનાં પુસ્તકો વાંચ્યાં. "ટૉલ્સ્ટૉયનાં પુસ્તકોનું વાંચન વધારી મૂક્યું. તેનું 'Gospels in Brief'– 'નવા કરારનો સાર', 'What Shall We Do Then?' – 'ત્યારે કરીશું શું?' વગેરે પુસ્તકોએ મારા મન ઉપર ઊંડી છાપ પાડી. વિશ્વપ્રેમ મનુષ્યને ક્યાં લગી લઈ જઈ શકે છે એ હું વધારે ને વધારે સમજવા લાગ્યો."

ગાંધીજીના ભવિષ્યને વિશે ખ્રિસ્તી મિત્રોની ચિંતા વધતી જતી હતી, તેમને ખ્રિસ્તી બનાવવા તેમના પ્રયત્નો ચાલુ હતા, પણ ગાંધીજીની મુશ્કેલીઓ ઊંડી હતી. તેમણે કહ્યું છે :

"ઈશુ ખ્રિસ્ત એ જ એક ઈશ્વરનો પુત્ર છે, તેને જે માને તે તરે એ વાત મને ગળે ન ઊતરે... ઈશુના મૃત્યુથી ને તેમના લોહીથી જગતનાં પાપ ધોવાય એ અક્ષરશઃ અર્થમાં માનવા બુદ્ધિ તૈયાર ન થાય... વળી ખ્રિસ્તી માન્યતા મુજબ, મનુષ્યને જ આત્મા છે, બીજા જીવોને નથી, અને દેહના નાશની સાથે તેમનો સર્વથા નાશ થઈ જાય છે, ત્યારે મારી માન્યતા આથી વિરુદ્ધ હતી."

ઈશુના પ્રેમનો સંદેશ, જે 'ગિરિપ્રવચનો'માં અપાયો છે, તે ગાંધીજીના હૃદયને સ્પર્શતો. પણ ખ્રિસ્તી ધર્મની રૂઢ માન્યતાઓ તેમને સ્વીકાર્ય ન હતી. પણ જેમ તેઓ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર ન કરી શક્યા, તેમ હિંદુ ધર્મની સંપૂર્ણતા વિશે અથવા તેના સર્વોપરીપણા વિશે પણ ત્યારે નિશ્ચય ન કરી શક્યા. હિંદુ ધર્મની ત્રુટિઓ – અસ્પૃશ્યતા જેવી – તેમની નજર સમક્ષ તર્યા કરતી.

આ સંજોગોમાં ગાંધીજીએ પોતાની મુસીબતો શ્રીમદ્ રાજચંદ્ર સમક્ષ મૂકી. તેમણે ધીરજ રાખવા અને હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. તેમના એક વાક્યનો ભાવાર્થ આ હતો : "હિંદુ ધર્મમાં જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે, તેવું બીજા ધર્મમાં નથી એવું નિષ્પક્ષપણે વિચારતાં મને પ્રતીતિ થઈ છે."

શ્રીમદ્ સાથે પત્રવ્યવહાર ચાલુ રહ્યો. ૧૮૯૬માં હિંદ આવ્યા ત્યારે અંગત ચર્ચાઓ પણ કેટલોક સમય થઈ.

ગાંધીજી ફરી દક્ષિણ આફ્રિકા પાછા ગયા અને સત્યાગ્રહની લડતમાં પડયા. ૧૯૦૬માં એક દિવસ નાતાલ જવા ટ્રેઈનમા ઊપડયા ત્યારે મિ. પોલાકે એક પુસ્તક રસ્કિનનું 'અન્ટુ ધિસ લાસ્ટ'–'Unto This Last' રસ્તામાં વાંચવા આપ્યું. આ પુસ્તક વિશે ગાંધીજી લખે છે :

"આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શકયો. તેણે મને પકડી લીધો. જોહાનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેઈન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલ વિચારો અમલમાં મૂકવાનો ઇરાદો કર્યો...મારું પુસ્તકોનું જ્ઞાન ઘણું જ થોડું છે. પણ જે થોડાં પુસ્તકો વાંચ્યાં છે તેને હું ઠીક પચાવી શકયો છું. એવાં પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો એવું તો આ જ પુસ્તક કહેવાય..." પરિણામ, ફિનિક્સ આશ્રમની સ્થાપના અને ત્યારપછી ટૉલ્સ્ટૉય ફાર્મ.

ટૉલ્સ્ટૉયનાં બીજાં કયાં પુસ્તકોનું ગાંધીજીએ વાંચન કર્યું છે તે કહેવું મુશ્કેલ છે. ટૉલ્સ્ટૉયની વિખ્યાત નવલકથાઓ ગાંધીજીએ વાંચી જણાતી નથી. ટૉલ્સ્ટૉયનું જીવનપરિવર્તન થયું ત્યારપછી જે ધાર્મિક સાહિત્ય તેમણે લખ્યું તે ઠીક પ્રમાણમાં ગાંધીજીએ વાંચ્યું હશે એમ જણાય છે. દા. ત., ટૉલ્સ્ટૉયનું 'My Confessions' એમણે વાંચ્યું છે. તેમની કેટલીક ધાર્મિક કથાઓનો અનુવાદ પણ તેમણે કર્યો છે.

આ ત્રણે મહાપુરુષો વિષે લખતાં ગાંધીજી કહે છે :

"મારી ઉપર ત્રણ પુરુષોએ ઊંડી છાપ પાડી છે: ટૉલ્સ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ. ટૉલ્સ્ટૉયની તેમના એક પુસ્તક દ્વારા અને તેમની સાથેના થોડા પત્રવ્યવહારથી. રસ્કિનની તેના એક જ પુસ્તક 'Unto This Last'થી, જેનું ગુજરાતી નામ 'સર્વોદય' મેં રાખ્યું છે અને રાયચંદભાઈની તેમની સાથેના ગાઢ પરિચયથી."

અન્યત્ર ગાંધીજીએ કહ્યું છે :

"મારા જીવન ઉપર છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે. રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે'

પુસ્તકથી અને રસ્કિને તેના 'Unto This Last'-'સર્વોદય' નામના પુસ્તકથી મને ચકિત કર્યો.

"મારા જીવનમાં શ્રીમદ્ રાજચંદ્રની છાપ મુખ્યપણે છે. મહાત્મા ટૉલ્સ્ટૉય તથા રસ્કિન કરતાં પણ શ્રીમદે મારા ઉપર ઊંડી અસર કરી છે." આમ છતાં, ગાંધીજીએ કોઈને ગુરુ તરીકે સ્વીકાર્યા નથી, શ્રીમદ્‌ને પણ નહિ. તેનું કારણ આપતાં તેમણે કહ્યું છે :

"હિંદુ ધર્મે ગુરુપદને જે મહત્ત્વ આપ્યું છે તેને હું માનનારો છું. ગુરુ વિના જ્ઞાન ન હોય એ વાક્ય ઘણે અંશે સાચું છે. અક્ષરજ્ઞાન આપનાર અપૂર્ણ શિક્ષકથી ચલાવી લેવાય, પણ આત્મદર્શન કરાવનાર અપૂર્ણ શિક્ષકથી ન જ ચલાવાય. ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય."

ગાંધીજીએ ટૉલ્સ્ટૉયનાં પુસ્તકોનું વાંચન ૧૮૯૩થી ચાલુ કર્યું. પણ ટૉલ્સ્ટૉય સાથે પત્રવ્યવહાર તો છેક ૧૯૦૯માં થયો, જ્યારે ટૉલ્સ્ટૉયની અતિ વૃદ્ધ અવસ્થા હતી. આ સમય દરમિયાન ગાંધીજીના સત્યાગ્રહના પ્રયોગો અને જીવનઘડતર ઘણાં આગળ વધ્યાં હતાં. પત્રવ્યવહાર મુખ્યત્વે ગાંધીજી સત્યાગ્રહની જે લડત દક્ષિણ આફ્રિકામાં ચલાવી રહ્યા હતા તેમાં ટૉલ્સ્ટૉયના આશીર્વાદ મેળવવા માટે હતો. હવે આ પત્રવ્યવહાર સંક્ષેપમાં જોઈએ :

પ્રથમ પત્ર ગાંધીજીએ લંડનથી તા. ૧-૧૦-૧૯૦૯ના રોજ લખ્યો હતો. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓની સ્થિતિનો ખ્યાલ આપ્યો. સત્યાગ્રહની લડત, જેને એ વખતે 'passive resistance' એવું નામ આપ્યું હતું તેની વિગતો તેમાં આપી છે. ગાંધીજીએ આ પત્રમાં લખ્યું છે :

"હું અને મારા કેટલાક મિત્રો દૃઢપણે માનીએ છીએ કે અન્યાયનો સામનો હિંસાથી - non-resistance to evil by force - થી ન થાય. તમારાં લખાણોનો મેં અભ્યાસ કર્યો છે અને મારા મન ઉપર તેની ઊંડી છાપ રહી છે. અમે સ્પષ્ટપણે માનીએ છીએ કે હિંસક બળ નિષ્ફળ જાય ત્યાં સત્યાગ્રહ સફળ થશે."

આ પત્રમાં ગાંધીજીએ એક બીજો પણ ઉલ્લેખ કર્યો છે. ટૉલ્સ્ટૉયે એક લાંબો પત્ર લખેલો : 'A Letter to a Hindu', જેની નકલ ગાંધીજીને મળી હતી. પણ તે પત્ર વિશે હવે પછી. ખ્રિસ્તી માન્યતા મુજબ, પુનર્જન્મનો અસ્વીકાર થયેલો છે. તે સંબંધે ગાંધીજીએ ટૉલ્સ્ટૉયને લખ્યું છે કે આ પ્રશ્નનો તમે અભ્યાસ કર્યો છે કે નહિ તેની મને જાણ નથી, પણ હું એટલું જ કહું કે

હિંદમાં કરોડો લોકોની આ દૃઢ શ્રદ્ધા છે. આ માત્ર ચર્ચાનો નહિ પણ અનુભવનો વિષય છે અને જીવનનાં ઘણાં ગૂઢ રહસ્યોનો તેમાં ઉકેલ છે. ટ્રાન્સવાલના સત્યાગ્રહીઓ માટે પુનર્જન્મની શ્રદ્ધા મોટું આશ્વાસન છે. છેવટ 'A Letter to a Hindu'માંથી આ ભાગ કાઢી નાખવાની તેમણે વિનંતી કરી છે.

અંતમાં ગાંધીજી લખે છે :

"I, however who is an utter stranger to you, have taken this liberty of addressing this communication in the interest of truth, and in order to have your avdice on problems, the solution of which you have made your life-work."

ટૉલ્સ્ટૉયે આ પત્રનો તરત જવાબ આપ્યો છે. તેમાં સત્યાગ્રહીઓને આશીર્વાદ આપ્યા છે. પુનર્જન્મ સંબંધે ટૉલ્સ્ટૉયે લખ્યું છે કે "હું મારા પત્રનો કોઈ ભાગ કાઢી નહીં નાખું, પણ તેના ગુજરાતી અનુવાદમાં તે ઉલ્લેખ તમારી ઇચ્છા હોય તો તમે કાઢી નાખી શકો છો."

ગાંધીજીએ બીજો પત્ર તા. ૧૦–૧૧–૧૯૦૯ના રોજ લખ્યો. તે સાથે રેવ. ડોકે લખેલ ગાંધીજીના જીવનચરિત્રની નકલ મોકલાવી. પોતાની પ્રસિદ્ધિ માટે નહિ, પણ પોતે જે જે કાર્ય કરી રહ્યા છે તેમાં ટૉલ્સ્ટૉયની સહાનુભૂતિ અને સક્રિય સાથ મળે અને તેમની પ્રવૃત્તિઓથી ટૉલ્સ્ટૉય વાકેફ થાય તે માટે. ગાંધીજીએ લખ્યું કે "ટ્રાન્સવાલમાં ચાલતી હિંદીઓની લડત વર્તમાન સમયની એક મહાન લડત છે, કારણ કે તેમાં સાધ્ય અને સાધનની શુદ્ધિ રહેલી છે. એ જો સફળ થાય તો અધર્મ, વેરઝેર અને અસત્ય ઉપર ધર્મ, પ્રેમ અને સત્યનો વિજય થશે, એટલું જ નહિ પણ હિંદના કરોડો લોકોને અને દુનિયાના બીજા ભાગમાં પીડિતો છે તેમને પણ દાખલો મળશે અને હિંસામાં માનવાવાળાઓ ખાસ કરી હિંદમાં જે છે તેમનું જોર ઓછું થશે."

તા. ૪–૪–૧૯૧૦ના પત્ર સાથે ગાંધીજીએ ટૉલ્સ્ટૉયને તેમના પુસ્તક 'હિંદ સ્વરાજ'નો પોતે કરેલો અંગ્રેજી અનુવાદ મોકલ્યો. બ્રિટિશ સરકારે આ પુસ્તક જપ્ત કર્યું હતું. એટલે ગાંધીજી ટૉલ્સ્ટૉયનો અભિપ્રાય જાણવા આતુર હતા. 'હિંદ સ્વરાજ'માં ગાંધીજીએ પોતાના વિચારો અને જીવનદૃષ્ટિ પહેલી વાર સંકલિત રીતે રજૂ કરેલ છે, અને તેમના જીવનના એ પાયાના સિદ્ધાંતો રહ્યા છે. આ સમયે ટૉલ્સ્ટૉયની તબિયત લથડતી હતી. એટલે તેમણે તા. ૮–૫–૧૯૧૦ના રોજ ટૂંકો પણ માર્મિક જવાબ લખ્યો :

"I have read your book with great interest, because the question you have therein dealt with is important, not only for Indians but for the whole of mankind."

રેવરન્ડ ડૉકે લખેલ ગાંધીજીના જીવનચરિત્ર સંબંધે લખ્યું:

"I happen to know you through that Biography which gripped me and it gave me a chance to know and understand you better."

ટૉલ્સ્ટૉયે તા. ૭–૯–૧૯૧૦ના રોજ એક લાંબો પત્ર ગાંધીજીને લખ્યો છે. તેમાં ગાંધીજીના 'Indian Opinion'નાં લખાણોની તારીફ કરી છે. અન્યાયના પ્રતિકારમાં હિંસાના ઉપયોગનું સમર્થન કરવાવાળા કેવી રીતે ઈશુ ખ્રિસ્તના ઉપદેશને વિકૃત કરે છે તે તેમાં બતાવ્યું છે. ટ્રાન્સવાલની ગાંધીજીની લડત વિશે લખ્યું છે:

"Your work in Transval which seems to be far away from the centre of our world, is yet the most fundamental and the most important to us supplying the most weighty practical proof in which the world can now share and with which must participate, not only the Christians, but all the people of the world."

ટૉલ્સ્ટૉયનો ગાંધીજી ઉપરનો આ છેલ્લો પત્ર છે. ૭ નવેમ્બર, ૧૯૧૦ના રોજ તેમનું અવસાન થયું.

હવે ઉપર જણાવેલ 'A Letter to a Hindu' વિશે. બંગભંગ પછી હિન્દમાં Terrorist Party ખાસ કરી બંગાળમાં ખૂબ જોરમાં હતી, જેમાં શ્રી અરવિંદ ઘોષ, સી. આર. દાસ વગેરે હતા. સી. આર. દાસ 'Free Hindustan' નામે છૂપી પત્રિકા કાઢતા હતા. ટૉલ્સ્ટૉયનાં લખાણો તેમણે વાંચ્યાં હશે અને હિંસક પ્રતિકાર ન કરવો તે સિદ્ધાંત તેમને માન્ય ન હતો. તેથી તેમણે ટૉલ્સ્ટૉયને પત્ર લખેલો જેના જવાબમાં ટૉલ્સ્ટૉયે 'A Letter to a Hindu' લખ્યો, જેમાં હિન્દુ ધર્મે હિંસાને અનુમતિ આપી નથી તે બતાવ્યું. સ્વાભાવિક રીતે ગાંધીજીને આ પત્ર ગમ્યો. તેમણે ટૉલ્સ્ટૉયની

સંમતિથી તેનો ગુજરાતીમાં અને કદાચ અન્ય ભાષાઓમાં પણ અનુવાદ કરી, પોતે પ્રસ્તાવના લખી પ્રકટ કર્યો.

આ સમયે પણ સ્વતંત્રતાની લડત માટે હિંસક સાધનો અથવા ત્રાસવાદી માર્ગો અંગે ગાંધીજી ચિંતિત હતા જ. હિન્દુસ્તાન ૧૯૧૫માં આવ્યા પછી આવી રીતે ખોટે માર્ગે જતા આ દેશભક્તોને ગાંધીજીએ કેવી રીતે પાછા વાળ્યા તેનો ઇતિહાસ જાણીતો છે.

ટૉલ્સ્ટૉયના આ પત્રની પ્રસ્તાવનામાં ગાંધીજીએ કહ્યું છે :

"If we do not want the English in India, we must pay the price. Tolstoy indicates it. Do not resist evil, but also do not yourselves participate in evil."

ટૉલ્સ્ટૉયની ગાંધીજી ઉપર શી અસર થઈ છે? રસ્કિનના 'Unto This Last' વિશે ગાંધીજીએ કહ્યું છે :

"મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો. આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે છે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર નથી થતી, કેમ કે બધામાં સારી ભાવનાઓ એકસરખા પ્રમાણમાં હોતી નથી."

રસ્કિનના પુસ્તક વિશે ગાંધીજીએ કહ્યું તે જ ટૉલ્સ્ટૉયનાં લખાણો વિશે કહી શકાય.' 'A Letter to a Hindu'ની પ્રસ્તાવનામાં ગાંધીજીએ લખ્યું છે :

"There is no doubt that there is nothing new in what Tolstoy preaches. But his presentation of the Old Truth is refreshingly forceful. His logic is unassailable."

હકીકતમાં, આ સમય દરમ્યાન ગાંધીજી પાસે જે મૌલિક વિચારધન હતું તે સ્પષ્ટપણે રજૂ કરવા ભાષાવૈભવ હજી તેમણે મેળવ્યો ન હતો. 'હિન્દ સ્વરાજ'ની ભાષા જોતાં આ તુરત દેખાઈ આવે છે. એટલે રસ્કિન અને ટૉલ્સ્ટૉય જેવા જગવિખ્યાત સાહિત્યસ્વામીઓનાં પુસ્તકોમાં સબળપણે પોતાના વિચારોની

રજૂઆત અને સમર્થન તેમણે જોયાં ત્યારે એ ગ્રંથોથી તેઓ પ્રભાવિત થયા. પણ એ બેમાંથી કોઈની અસર એવી ન હતી કે જેણે ગાંધીજીનું જીવનપરિવર્તન કર્યું કહેવાય. વિચારોનું સામ્ય હતું, પણ ગાંધીજી તો તેથી ઘણા આગળ હતા.

ગાંધીજી અને ટૉલ્સ્ટૉય વચ્ચે વિચારોનું સામ્ય હવે સંક્ષેપમાં જણાવીશ. અને પછી તેમનાં જીવનઘડતર અને જીવનકાર્યમાં કેટલો મોટો તફાવત છે તે ટૂંકમાં બતાવીશ.

ટૉલ્સ્ટૉયના વિચારોનું મધ્યબિન્દુ છે હિંસાનો સર્વ પ્રકારે વિરોધ. Resist not evil by force. રાજ્ય હિંસા ઉપર નિર્ભર છે. યુદ્ધ, લશ્કર, પોલીસ, કોર્ટકચેરી, ધારાસભાઓ, કરવેરા – બધું હિંસા-આધારિત છે. તેવી જ રીતે સર્વ પ્રકારની મિલકતમાં હિંસા છે. પરિગ્રહ મેળવવામાં અને મેળવેલ પરિગ્રહ જાળવવામાં હિંસા છે. બીજાની મહેનતનું ફળ સત્તાધીશો અથવા મિલકત ધરાવનાર ભોગવે છે. વર્તમાન સમાજવ્યવસ્થાનો પાયો હિંસા છે. તેથી પશ્ચિમની કહેવાતી સંસ્કૃતિ – Western Civilization–નો ટૉલ્સ્ટૉયે સખ્ત વિરોધ કર્યો હતો. સાદું, મજૂરીનું, ખેડૂતનું, અપરિગ્રહી જીવન નૈતિક અને આધ્યાત્મિક વિકાસને અનુકૂળ છે. સ્થાપિત ધર્મો – Established Churches, હિંસાનિર્ભર રાજ્ય અને સમાજવ્યવસ્થાને ટેકો આપે છે અને સાચા ધર્મથી વિમુખ છે. ટૉલ્સ્ટૉયે મુખ્ય ત્રણ મુદ્દાઓ સમાજ આગળ રજૂ કર્યા છે: (૧) પ્રાણીમાત્રનું હિત ઇચ્છનાર અને પોતાનું આત્યંતિક શ્રેય કરવા ઇચ્છનાર ધાર્મિક પુરુષથી પરિગ્રહ રાખવો, વૈભવ ભોગવવો અને બીજાઓને પોતાના દાસત્વમાં રાખવા – એવું જીવન આચરી શકાય કે? (૨) યુદ્ધમાં થતી હિંસાને તેમજ રાજદંડ દ્વારા કાયદા અને વ્યવસ્થાને નામે થતી શિક્ષાને કોઈ સાચો ધર્મ વાજબી ઠરાવી શકે કે? (૩) સમાજની વ્યવસ્થા રાજ્યની દંડશક્તિ વિના રહી ન જ શકે એમ જો પ્રજાને લાગતું હોય તો પ્રજામાં રહેનાર શ્રેયાર્થી અને અહિંસાધર્મી પુરુષનું કર્તવ્ય શું? પહેલા બે પ્રશ્નનો જવાબ તો નકારમાં જ હોય. સાચી મુશ્કેલી ત્રીજા પ્રશ્નના જવાબમાં જ આવે છે. હિંસા ઉપર નિર્ભર રાજ્ય અને સમાજ સાથે સહકાર કરવો કે અસહકાર કરવો?

ગાંધીજીને આ વિચારો આવકારપાત્ર હતા. 'હિંદ સ્વરાજ'માં લગભગ આવા વિચારો છે. પશ્ચિમના સુધારાની તેમાં સખત ઝાટકણી છે. વિચારોનું સામ્ય હોવા છતાં ગાંધીજી અને ટૉલ્સ્ટૉયની ભૂમિકા અને જીવનઘડતર ભિન્ન છે.

ટૉલ્સ્ટૉયે ૩૪ વર્ષની ઉંમર સુધી તે સમયના અમીરોની પેઠે ખૂબ સ્વચ્છંદી તેમજ ભોગવિલાસ અને વૈભવનું જીવન ગાળ્યું હતું. ૩૪ વર્ષની ઉંમરે તેમનું

લગ્ન થયું અને ત્યારપછી ૧૬ વર્ષ શાંતિ અને સુખી ગૃહસ્થજીવનનાં ગયાં; સાત બાળકો થયાં અને સાહિત્યના ક્ષેત્રે તેમની સર્જનશક્તિ ટોચે પહોંચી. શ્રેષ્ઠ નવલકથા 'એના કેરીના' અને 'વૉર ઍન્ડ પીસ' લખી. બહારથી બધું ય શાંત, સુખમય હતું, ત્યારે ભોંમાંથી ભાલા ઊઠે તેમ અંતરમાં ભૂકંપ થયો. આ બધું જીવન મિથ્યા લાગ્યું અને આત્મ-અસંતોષ જાગ્યો. જીવનના પાયાના પ્રશ્નો નજર સમક્ષ આવી ઊભા રહ્યા. જીવનપરિવર્તન થયું અને ધાર્મિક દિશા લીધી. ટૉલ્સ્ટૉયના ઉત્તરજીવનમાં આંતર અને બાહ્ય સંઘર્ષ તુમુલ હતો. તેમની પ્રકૃતિ, તેમનો ઊછેર, તેમની શારીરિક શક્તિ વગેરે જે નવું જીવન તેમણે સ્વીકાર્યું હતું તેથી પ્રતિકૂળ હતાં. બ્રહ્મચર્યની આવશ્યકતા ટૉલ્સ્ટૉયને ઘણી મોટી ઉંમરે સમજાઈ. તેમનાં કુટુંબીજનો–ખાસ કરી તેમની પત્ની–નો આ બધાંમાં સખ્ત વિરોધ હતો, Tolstoy was a tortured soul. But out of that torture, came immortal literature. પોતાની ત્રુટીઓનું તેમને પૂરું ભાન હતું. પોતાની નિંદા તેમણે નિર્દયપણે કરી છે. આ આંતરબાહ્ય સંઘર્ષ ટૉલ્સ્ટૉયે પોતાના શ્રેષ્ઠ નાટક 'Light Shineth in Darkness'માં રજૂ કર્યો છે. આ આત્મચરિત્રાત્મક નાયક મારફત ટૉલ્સ્ટૉય પોતાના જીવનસિદ્ધાંતોનો અમલ કરવાની મુશ્કેલીઓનો ચિતાર આપે છે અને નિષ્ફળ નાયક પોતે હોય તેમ બતાવે છે. હકીકતમાં ટૉલ્સ્ટૉયનો ઉદ્દેશ આપણા ચાલુ સમાજમાં સત્યને માર્ગે ચાલવામાં પત્ની, કુટુંબીઓ, મિત્રો, સગાંઓ અને સામાજિક વાતાવરણ કેવાં કઠિન વિઘ્નો ઉત્પન્ન કરે છે એ બતાવવાનો છે.

ગાંધીજીને આવો કોઈ સંઘર્ષ ન હતો. માતાપિતાએ ધાર્મિક સંસ્કારો આપ્યા હતા. ત્યાગ, તપશ્ચર્યા અને સંયમનો વારસો હતો. અડગ આત્મબળ હતું. જે સાચું લાગે તેનો તાત્કાલિક અમલ કરવાની શક્તિ હતી. પોતાની નજીકનાંઓને–કસ્તૂરબાથી માંડીને–પોતાના વિચારોને અનુકૂળ તેઓ કરી શકતા, કારણ કે પોતાના જીવનમાં પોતે કહેતા તેનો પૂર્ણ અમલ થતો અને તેથી અસર થતી. Gandhiji was an integrated personality. તેમનું જીવન એકધારું, સળંગસૂત્રે ગૂંથાયેલ હતું. સત્ય અને અહિંસામાં ગાંધીજીની શ્રદ્ધા અખંડ અને અવિચળ હતી. ટૉલ્સ્ટૉય એ શ્રદ્ધા પ્રાપ્ત કરી શક્યા ન હતા. તેમનો એ દિશામાં ભગીરથ પ્રયત્ન હતો.

ગાંધીજી અને ટૉલ્સ્ટૉયના જીવન-ઘડતરમાં ફેર હતો, તેમ તેમના જીવન-કાર્યમાં પણ ફેર હતો. પોતાના સિદ્ધાંતોનો અમલ ટૉલ્સ્ટૉય પોતાના જીવનમાં

પૂર્ણપણે કરી ન શક્યા, એટલું જ નહિ પણ ઉપર જણાવ્યો તે ત્રીજા પ્રશ્નનો સ્પષ્ટ જવાબ પણ તેમની પાસે ન હતો. હિંસાનિર્ભર રાજ્ય અને સમાજ-વ્યવસ્થા હોય ત્યાં આત્માર્થીએ શું કરવું ? – એવા રાજ્ય અને સમાજને ત્યજી દેવા અને આત્માનું જ સંભાળવું ?

ગાંધીજીએ પાયામાંથી સમૂળી ક્રાંતિ કરી, અહિંસક સમાજરચનાનો માર્ગ બતાવ્યો. ખાદી, ગ્રામોદ્યોગ, અપરિગ્રહ, શ્રમજીવન, સાદાઈ, પાયાની કેળવણી – જીવનનું કોઈ પણ ક્ષેત્ર એવું ન હતું કે જેમાં ગાંધીજીએ નવો ક્રાંતિકારી, અહિંસા ઉપર રચાયેલ, માર્ગ બતાવ્યો ન હતો. આલ્બર્ટ સ્વાઇટ્ઝરે ગાંધીજી વિશે કહ્યું છે :

"Never before has any Indian taken so much interest in concrete reality as has Gandhi. Others were for the most part contented to demand a charitable attitude to the poor. But he wants to change the economic conditions that are at the root of poverty."

ટૉલ્સ્ટૉયની વિચારધારા મુખ્યતયા નકારાત્મક રહી. વર્તમાન જીવનની અસમાનતાઓ અને અનૈતિકતા તેમણે ઉઘાડી પાડી. ગાંધીજીએ નવા સમાજના સર્જનનો માર્ગ બતાવ્યો. ટૉલ્સ્ટૉય સાહિત્યસ્વામી હતા. ગાંધીજી કર્મયોગી હતા. બંને મહાપુરુષોનો સંદેશ હિંસાથી ઉન્મત્ત જગત માટે સંજીવની છે. તેની અવગણનાથી વિનાશ છે.

૧-૫-'૬૯

## ૨૪

# આલ્બર્ટ સ્વાઇટ્ઝર–૧

આલ્બર્ટ સ્વાઇટ્ઝરનો જન્મ જર્મનીમાં આલઝેક પ્રાંતમાં ઈ. સ. ૧૮૭૫માં થયેલો. તેમના પિતા એ ગામના પાદરી હતા. તેમના માતામહ – માતાના પિતા – પણ પાદરી હતા. બાળપણથી જ તેમને સંગીતનો ખૂબ જ શોખ હતો. તેઓ ઑર્ગન સુંદર વગાડી શકતા. મોટા થતાં તેઓ દુનિયાના મશહૂર ઑર્ગેનિસ્ટ – ઑર્ગન વગાડનાર – બન્યા હતા. વિદ્યાભ્યાસમાં, ખાસ કરીને વિજ્ઞાન અને ઇતિહાસ એમના પ્રિય વિષયો હતા. ૨૪ વર્ષની ઉંમર સુધીમાં તેઓ ત્રણ વિષયમાં નિષ્ણાત બન્યા હતા : (૧) ધર્મશાસ્ત્ર, (બાઇબલનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો હતો), (૨) તત્ત્વજ્ઞાન અને (૩) સંગીત. આ ત્રણેય વિષયોમાં પારંગત બની તેમણે Dr. of Theology, Dr. of Philosophy અને Dr. of Musicology ની ઉપાધિઓ મેળવી હતી. પછી તેઓ Theological કૉલેજમાં પ્રિન્સિપાલ થયા હતા.

૧૮૯૬માં એક દિવસ તેઓ પોતાની સ્કૂલમાંથી પાછા આવ્યા, ત્યારે તેમની માતાએ તેમને કહ્યું છે કે ઠંડી બહુ છે, માટે એક સારો ઓવરકોટ લઈ લે. પરંતુ તેમણે ના પાડતાં કહ્યું કે મારા કેટલાય વિદ્યાર્થીબંધુઓ પાસે પહેરવાનાં સાદાં વસ્ત્રો પણ નથી, અને તેમનું મન વિચારે ચડી ગયું—જે વસ્તુ બીજાને નથી મળતી તે લેવાનો મને શો અધિકાર? રાત્રે તેમને ઊંઘ પણ ન આવી. સવારે તેઓ ઊઠ્યા ત્યારે એવા નિર્ણય પર આવ્યા કે જે સુખ બીજાને નથી મળતું તે સુખ મેળવવાનો મને અધિકાર નથી. તેઓ કહે છે – "પ્રભાતના પહોરમાં પક્ષીઓનું કૂજન થતું હતું એ વખતે મેં સંકલ્પ કર્યો કે ૩૦ વર્ષની વય સુધી હું વિજ્ઞાન અને સાહિત્યનો અભ્યાસ કરીશ અને પછી મારું જીવન હું માનવસેવામાં અર્પણ કરીશ. ૨૧ વર્ષની ઉંમરે તેમણે આ નિર્ણય કર્યો, જો કે તે સમયે તેમણે પોતાનો આ નિર્ણય કોઈને જણાવ્યો ન હતો. આખરે ૩૦ વર્ષની ઉંમર થવા આવી, અને પોતાનો નિર્ણય અમલમાં મૂકવાનો સમય થયો, પણ માનવસેવા કેવી રીતે કરવી એની

કોઈ સ્પષ્ટ કલ્પના તેમની પાસે ન હતી. એક વાર તેમની નજરે એક માસિક પડ્યું. જ્ઞાનપિપાસુ આલ્બર્ટે તે વાંચવું શરૂ કર્યું. તેમાંના એક લેખમાં આફ્રિકાના ફ્રેન્ચ કોંગોમાં પેરિસ મિશનરી સોસાયટીનું એક થાણું છે અને એમાં કોઈ ડૉક્ટર ન હોવાથી, ત્યાં ડૉક્ટરની અત્યંત જરૂર છે એ જાતનું લખાણ હતું. એમાં એમ પણ જણાવેલું કે પોતાનું સર્વસ્વ અર્પણ કરવાને જે તૈયાર હોય એવી જ વ્યક્તિઓએ અરજી કરવી. આમ, આફ્રિકાના જંગલમાં હબસીઓ વચ્ચે રહીને સેવા કરવાની હતી. આલ્બર્ટને સાચી સેવા આપવાની તક મળી ગઈ તેમ લાગ્યું, પણ તેઓ પોતે ડૉક્ટર તો હતા નહિ અને તેમને લાગ્યું કે જો માનવસેવા કરવી જ હોય તો તેમણે ડૉક્ટર થવું રહ્યું. આથી ૩૦ વર્ષની ઉંમરે તેઓ પોતાના પ્રિન્સિપાલપદનો ત્યાગ કરીને, મેડિકલ કૉલેજમાં વિદ્યાર્થી તરીકે દાખલ થયા. આ સમયે તેમણે પોતાનો માનવસેવા કરવાનો નિર્ણય જાહેર કર્યો. લોકોએ તેમને પાગલ ગણ્યા. તેમના મિત્રોએ તેમને આ માર્ગથી પાછા વળવા સમજાવવાનો પ્રયત્ન કર્યો. તેમણે તેમને જણાવ્યું કે આ રીતે તમારી શક્તિ શા માટે વેડફી રહ્યા છો? અહીં રહીને, લેક્ચર્સ આપીને, ફંડ એકઠું કરીને તેમને મદદ કરો. પરંતુ આલ્બર્ટ સ્વાઇટ્ઝરે બધાને એક જ જવાબ આપ્યો કે "I want to become a doctor because I want to work and not to talk." – "હું ડૉક્ટર થવા ઇચ્છું છું, કારણ કે મારે કામ કરવું છે, વાતો કરવી નથી."

આલ્બર્ટ સ્વાઇટ્ઝર ખ્રિસ્તી ધર્મના તલસ્પર્શી અભ્યાસી હતા. તેમણે ઈશુ ખ્રિસ્તના જન્મ અને જીવનનો ઊંડો અભ્યાસ કરીને એક પુસ્તક લખ્યું હતું – 'ક્રાઈસ્ટ – ઐતિહાસિક દૃષ્ટિએ.' તેમાં તેમણે ખ્રિસ્તીઓ માને છે તે ચમત્કારી ખ્રિસ્ત અને ગિરિપ્રવચનના પ્રવક્તા ખ્રિસ્ત વચ્ચેની ભેદરેખા આંકી બતાવી. તેમણે તેમાં જણાવ્યું કે ચમત્કારો કરતા ઈશુ ખ્રિસ્ત કરતાં જેણે ગિરિપ્રવચન કર્યું છે, જેણે દુનિયાને પ્રેમનો સંદેશ અને માનવતાનો ઉપદેશ આપ્યો છે એ ઈશુ ખ્રિસ્ત વધુ સત્ય છે. 'This is the real Christ and not the other Christ.' આમ, તેમણે ઈશુ ખ્રિસ્ત સાથે સંકળાયેલા ચમત્કારોને નકારીને, બુદ્ધિવાદી દૃષ્ટિએ ઈશુ ખ્રિસ્તના ઉપદેશ તથા આચરણનું સમર્થન કરતું પુસ્તક લખ્યું. આવું કડક લખાણ તે સમયના રૂઢિચુસ્ત – orthodox – લોકોને શેં ગમે? બધી જ ધાર્મિક સંસ્થાઓની જેમ પેરિસ મિશનરી સંસ્થા પણ રૂઢિચુસ્ત હતી. આથી આલ્બર્ટને દહેશત હતી કે આ લોકો એમના જેવા બુદ્ધિવાદી માનસ ધરાવનારને સ્વીકારશે નહિ.

પરંતુ તેઓ એમ પણ કહે છે કે 'મારે આ લોકોની પરીક્ષા કરવી છે. ઈશુ ખ્રિસ્તના પ્રેમની વાતો કરવાવાળી અને તેમનો સંદેશ દુનિયાને પહોંચાડવાનો ઇજારો લેનારી વ્યક્તિઓ મારા જેવાને કે જે માનવસેવા કરવા માટે જ જાય છે તેને જવા દે છે કે નહિ ?'

ત્યારપછીનાં તેમનાં સાત વર્ષ ડૉક્ટર થવામાં ગયાં. ડૉક્ટર થયા પછી તેમણે તે મિશનરી સંસ્થાને પોતાની કોંગો જવાની તૈયારી બતાવી. મિશનના સેક્રેટરીએ તેમને જણાવ્યું કે તમારી આ ઑફર – માગણી – આવકારદાયક છે, પણ અમારી સમિતિના કેટલાક સભ્યો તમારા ધાર્મિક વિચારો સાથે સહમત થતા નથી. આથી તમે અમારી સમિતિ સમક્ષ આવો અને તેના સભ્યો સાથે વિચારવિનિમય કરી, તેમને સંતોષ થાય એવું કંઈક કરો. આલ્બર્ટે આ પ્રકારની કોઈ પણ પરીક્ષામાં બેસવાની સવિનય ના પાડી. પરંતુ તેને બદલે સમિતિના સભ્યોને વ્યક્તિગત રીતે મળવાની અને સમજાવવાની તેમણે તૈયારી દર્શાવી. અને એ પ્રમાણે તેઓ તેમને મળ્યા. એક-બે સભ્યોને આથી સંતોષ થયો. બે-ત્રણ જણને ન થયો. પણ આલ્બર્ટે તેમને જણાવ્યું કે 'હું આફ્રિકાના જંગલમાં એક ડૉક્ટર તરીકે મારી સેવા આપવા જાઉં છું, મિશનરી તરીકે નહિ. હું ઉપદેશ આપવા માટે નથી જતો, માત્ર માનવસેવા માટે જ જાઉં છું. અને મારા વર્તન દ્વારા હું બતાવી આપીશ કે ખરો ખ્રિસ્ત કોણ છે ? ખરો ખ્રિસ્તી ધર્મ શું છે ?'

આમ, ૧૯૧૩ના એપ્રિલ માસમાં ૭૦ પેટીઓ ભરીને સ્ટીમરમાં બેસી તેઓ આફ્રિકા જવા નીકળ્યા. ૧૯૧૨માં તેમણે હેલન બ્રેસ્લો નામના તેમના એક મદદનીશ સ્ત્રીમિત્ર સાથે લગ્ન કર્યાં હતાં. તેમનાં પત્ની પણ તેમને મદદ કરવા માટે નર્સ બન્યાં હતાં. તેઓ બંને આફ્રિકામાં કોંગો પહોંચ્યાં.

ત્યાં જઈને તેમણે જોયું કે ત્યાં હૉસ્પિટલ જેવું કંઈ જ હતું નહિ. હતાં માત્ર ભાંગેલ-તૂટેલ ઝૂંપડાં અને અપાર અજ્ઞાન તથા ગરીબી. તેમણે એક ઝૂંપડું બાંધ્યું. એને માટે ભારે લાકડાં પણ તેમને જાતે જ ઉપાડવા પડતા. સુથારીકામથી માંડીને બધું જ કામ તેમને હાથે કરવું પડતું. એક નાનું ઝૂંપડું બાંધીને તેમાં તેમણે પોતાના દવાખાનાની શરૂઆત કરી અને થોડા જ વખતમાં તેમના ઝૂંપડાની બહાર સેંકડો લોકોની કતાર લાગવા માંડી.

૧૯૫૬માં પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું. તેઓ ફ્રેન્ચ કોંગોમાં રહેતા હતા. પણ તેઓ જર્મનીમાં જન્મેલા એટલે જર્મન તરીકે તેમને પકડવામાં આવ્યા.

વિચારક આલ્બર્ટ સ્વાઇટ્ઝર માનવસંસ્કૃતિ વિશેના ચિંતનમાં ડૂબી ગયા. જ્યાં માનવસેવા કરવાની તક પણ ઝૂંટવી લેવામાં આવે છે તે આ સંસ્કૃતિ કેવી? અને આ ચિંતનને પરિણામે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે સંસ્કૃતિનું આજે પતન થયું છે તેનું કારણ એ જ છે કે આજે જીવન માટે, ચેતનશક્તિ માટે આદર અને માન જોઈએ તે માણસમાં રહ્યાં નથી. માણસને મારી નાખતાં સહેજે ય આંચકો લાગતો નથી. તેમણે સંસ્કૃતિનો ઊંડો અભ્યાસ કર્યો. ઉપરાંત બીજા પણ અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો. દિવસે તેમનું દવાખાનું ચાલતું અને મોડી રાત સુધી તેઓ અભ્યાસ કરતા. આ અભ્યાસને પરિણામે તેમણે 'Philosophy of Civilization' ઉપર ચાર ગ્રંથો લખ્યા. આ ઉપરાંત બીજાં પુસ્તકો પણ તેમણે લખ્યાં. તેમણે જણાવ્યું કે "આ દુનિયાનું જો કોઈ રીતે કલ્યાણ થવાનું હોય તો તે એક જ રીતે થવાનું છે – માનવ-હૃદયમાં જે સાચી ધર્મભાવના છે, જે સાચો પ્રેમ છે, જે સાચી માનવતાની નિશાની છે, એ જ્યાં સુધી ઉપર નહીં આવે ત્યાં સુધી દુનિયાનો ઉદ્ધાર થવાનો નથી. આ સિદ્ધાંતને તેમણે reverence for life કહ્યો, જીવન પ્રત્યેનો સમાદર કહ્યો. આલ્બર્ટ સ્વાઇટ્ઝરની જીવનવિભાવના પરંપરાગત વિચારણાથી મુક્ત છે.

વળી જીવન વિશે વિચારણા કરતાં તેઓ પ્રકૃતિનો – સમગ્ર પ્રકૃતિનો – વિચાર કરવા લાગ્યા. તેમણે પશુ-પક્ષી અને વૃક્ષ-લતાઓમાં પણ રહેલા જીવન-તત્ત્વનો સ્વીકાર કર્યો. આ સમયે તેમની સમક્ષ એક કોયડો ઊભો થયો : 'આ દુનિયામાં આટલું દુઃખ, આટલું અનિષ્ટ શા માટે છે?' વળી તેમણે જોયું કે માણસને બચાવવા ડૉક્ટર તરીકે તેમણે બૅક્ટેરિયાને – જીવાણુને મારી નાખવા પડે છે. આમ, એક જીવને બચાવવા બીજા જીવને હણવો પડે છે. એટલે કે દરેકને જીવવું છે અને બીજાને ભોગે જ જીવી શકાય છે.' 'Life at the cost of other lives' – जीवो जीवस्य जीवनम् એ આ પ્રકૃતિનો નિયમ છે. પણ મોટાને બચાવવા નાના જીવની હત્યા કરવી એ પણ શું તત્ત્વતઃ બુદ્ધિસંગત છે ખરું? ચેતનશક્તિ વચ્ચે ઊંચનીચના ભેદ હોઈ જ કેમ શકે? તેઓ જણાવે છે કે "જીવન એ ઉત્તમ આશ્ચર્ય છે ને તેથી તેનો મહિમા કરવો જોઈએ. મોટા જીવોની જેમ જ ક્ષુદ્રમાં ક્ષુદ્ર જીવનો પણ સમાદર કરવો જોઈએ." અનિવાર્યપણે જે હિંસા કરવી પડે છે તે કરતાં પ્રત્યેક ક્ષણે જાગ્રત રહી, મનમાં તેના પ્રત્યે પ્રેમ, કરુણા, આદર ધરીને તે કાર્ય કરવું જોઈએ.

આ જૈન પરિભાષા છે. ઝૂંપડું બાંધવા માટે જરૂરિયાતથી વધુ પાંદડાં-ડાળખાં પણ ન તોડવાની વિચારણા સુધી તેઓ પહોંચે છે.

ઈ. ૧૯૧૫માં તેઓ પકડાયા અને ૧૯૧૯માં છૂટયા. છૂટીને તેઓ યુરોપ આવ્યા. ૧૯૧૯થી ૧૯૨૩ સુધી તેઓ યુરોપના બધાયે દેશોમાં ઘૂમી વળ્યા. કોલેજોમાં ભાષણો આપીને હોસ્પિટલ માટે ફંડ એકઠું કર્યું. જો કે ઓર્ગન-વાદક સ્વાઇટ્ઝરનો organ-playingનો શોખ એટલો પ્રબળ હતો કે જૂનામાં જૂના ઓર્ગનની ખબર પડે કે તરત જ તેઓ તે જ્યાં હોય ત્યાં – સ્વિટ્ઝરલૅન્ડ કે નોર્વેમાં – વગાડવા પહોંચી જતા.

૧૯૨૪માં તેઓ આફ્રિકા પાછા આવ્યા.

હૉસ્પિટલનું નામનિશાન રહ્યું ન હતું. જાતમહેનતથી હૉસ્પિટલ ફરીથી બાંધી. ૧૯૧૩માં સ્વાઇટ્ઝર પ્રથમ આફ્રિકા ગયા ત્યારથી જીવન પર્યંત કોંગોના જંગલમાં માનવસેવાનું પોતાનું કાર્ય અવિરતપણે તેમણે ચાલુ રાખ્યું. તેમની ખ્યાતિ વધી તેમ બહારની મદદ આવતી રહી અને હોસ્પિટલનો વિકાસ થતો રહ્યો. અવારનવાર યુરોપની મુલાકાત લઈને ધર્મ અને માનવતા ઉપર તેઓએ ઘણાં પ્રવચનો પણ આપ્યાં. યુરોપની લગભગ બધી યુનિવર્સિટીઓએ તેમને માનદ પદવીઓ આપી છે. ૧૯૫૨માં નોબેલ શાંતિ પારિતોષિક તેમને આપવામાં આવ્યું હતું. જે મોટી રકમ મળી તે તેમણે હૉસ્પિટલના લાભાર્થે વાપરી નાખી હતી.

લગભગ બાવન વર્ષ હબસીઓમાં રહી માનવતાની જ્યોત સ્વાઇટ્ઝરે જીવતી રાખી. હબસીઓનાં અજ્ઞાન, અંધશ્રદ્ધા, વહેમો, અસ્વચ્છતા અને ભીષણ ગરીબાઈને કારણે તેમણે પારાવાર હાડમારીઓ વેઠી અને એ રીતે તેમણે સેવાયજ્ઞ સતત ચાલુ રાખ્યો. સ્વાઇટ્ઝરે કહ્યું હતું, કે ગોરી પ્રજાએ કાળી પ્રજા ઉપર કરેલ પાપોનું તેઓ પ્રાયશ્ચિત્ત કરી રહ્યા છે. ધર્મશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના સમર્થ વિદ્વાન તરીકે યુરોપના કોઈ પણ મહાન વિદ્યાલયમાં તેઓ અગ્રસ્થાને હોત. પણ, આફ્રિકાના જંગલમાં હબસીઓ વચ્ચે પોતાનું સમસ્ત જીવન સમર્પણ કરી ઈશુ ખ્રિસ્તના પ્રેમનો સંદેશ સાર્થક કરવાનું તેમણે પસંદ કર્યું.

સ્વાઇટ્ઝર જ્ઞાનયોગી હતા. બાઈબલ અને ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનો જ નહિ પણ દુનિયાના ધર્મોનો તેમણે અભ્યાસ કર્યો. ભારતીય તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ ઉપર તેમણે એક ગ્રંથ લખ્યો છે, જેમાં વેદથી માંડી ગાંધીજી સુધીની વિચાર-ધારાનું તલસ્પર્શી અધ્યયન અને સમાલોચના તેમણે કરેલ છે. જર્મન ફિલસૂફ

કેન્ટના તેઓ ઊંડા અભ્યાસી છે. મહાન જર્મન કવિ ગેટે ઉપરનાં તેમનાં વ્યાખ્યાનો સર્વશ્રેષ્ઠ જણાય છે. જર્મન સંગીતજ્ઞ 'બાખ' ઉપર તેમણે ચાર ગ્રંથો લખ્યા છે. પોતાની જંગલ હૉસ્પિટલમાં દિવસે કામ કરે અને રાત્રે અભ્યાસ અને લેખન કરે – એવી તેમની જીવનચર્યા.

પણ કર્મયોગ વિનાનો જ્ઞાનયોગ તેમને અધૂરો લાગ્યો. દુનિયામાં અપાર દુઃખ છે. તેને કંઈક પણ ઓછું કરવા માણસે અવિરત પુરુષાર્થ રહેવું જોઈએ એમ તેઓ માનતા. આપણે જેને નિવૃત્તિધર્મ કહીએ છીએ – જેને સ્વાઇટ્ઝર Life-Negation કહેતા – તે તેમને માન્ય નહોતું. સ્વાઇટ્ઝર નિષ્કામ પ્રવૃત્તિ, જેને તેઓ Life-Affirmation કહે છે તેના પ્રબળ હિમાયતી હતા.

૧-૧૦-'૬૫

## ૨૫

# આલ્બર્ટ સ્વાઇટ્ઝર-૨

સ્વાઇટ્ઝરના શબ્દોમાં કહીએ તો :

"Two perceptions cast their shadows over my existence. One consists in my realisation that the world is inexplicably mysterious and full of suffering; the other is the fact that I have been born in a period of spiritual decadence in mankind. I have become familiar with and ready to deal with each, through the thinking which has led me to the ethical and affirmative position of Reverence for Life. In that principle, my life has found a firm footing and clear path to follow."

[અનુવાદ : "બે અનુભવોની મારા અસ્તિત્વ ઉપર ઘેરી છાયા પડે છે: (૧) પ્રથમ અનુભવ એ પ્રકારની અનુભૂતિમાં રહેલો છે કે આ દુનિયા ન સમજી શકાય-ન સમજાવી શકાય - એવાં ગૂઢ રહસ્યોથી ભરેલી છે અને અનેક પ્રકારની યાતનાઓ વડે આક્રાન્ત છે. (૨) બીજો અનુભવ એ પ્રકારની વાસ્તવિકતાના ભાનમાં રહેલો છે કે માનવજાતની જ્યારે આધ્યાત્મિક અવનતિ - અધોગતિ - થઈ રહેલી છે એવા કાળમાં હું જન્મ્યો છું. આ બન્ને પ્રકારના અનુભવોથી હું પરિચિત છું અને જે વિચારણાએ મને Reverence for Life-જીવન પ્રત્યેના સમાદરના નૈતિક અને વિધાયક સિદ્ધાન્ત તરફ દોર્યો છે, વાળ્યો છે તે વિચારણાની મારફત આ અનુભવોના પડકારને પહોંચી વળવાને હું તૈયાર છું. આ સિદ્ધાન્તના દર્શન દ્વારા મને સ્થિર ભૂમિકા મળી ગઈ છે, અને અનુસરણ માટે સ્પષ્ટ માર્ગ જડી આવ્યો છે."]

આમ, સ્વાઇટ્ઝરને આ જગત, ગૂઢતાભર્યું - રહસ્યમય લાગે છે, જેનો પાર તેઓ પામી શકતા નથી, જેનો તાગ તેમનાથી કાઢી શકાતો નથી. જ્ઞાનની દૃષ્ટિએ સ્વાઇટ્ઝર અજ્ઞેયવાદી રહે છે, પણ કર્મની દૃષ્ટિએ સ્વાઇટ્ઝર સ્પષ્ટ,

સુદઢ, પુરુષાર્થી છે; આશાવાદી છે, નિરાશાવાદી નથી. જગતના નૈતિક નિયમ - Moral Law of the Universe-માં તેમને અવિચળ શ્રદ્ધા છે.

આ શ્રદ્ધા કોઈ અંધશ્રદ્ધા નથી, પણ વિચારપૂર્વકના, બુદ્ધિગમ્ય અનુભવ ઉપર રચાયેલી છે. સ્વાઇટ્ઝરની ગંભીર ફરિયાદ છે કે મોટા ભાગના લોકો વિચારહીન પ્રમાદી જીવન જીવે છે. સ્વાઇટ્ઝર બુદ્ધિવાદી - rationalist - છે. તેઓ કહે છે કે "I acknowledge myself to be one who places all his confidncce in rational thinking...Renunciation of thinking is a declaration of spiritual bankruptcy." ["હું એ લોકોમાંનો એક છું કે જે બુદ્ધિપૂર્વકની વિચારણામાં પૂરો વિશ્વાસ ધરાવે છે....વિચાર કરવાનો ઇનકાર કરવો તે આધ્યાત્મિક દેવાળાની જાહેરાત કરવા બરાબર છે."]

આ પ્રમાણે સ્વતંત્ર રીતે વિચાર કરતા સ્વાઇટ્ઝરે પોતાના જીવનના ધ્રુવતારક સમાન Reverence for Life - જીવન પ્રત્યેના સમાદર-ની શોધ કરી છે. "Beginning to think about life and the world leads a man directly and almost irresistibly to Reverence for Life. Such thinking leads to no couclusions which could point in other direction." "માનવીજીવન અને જગત વિશે વિચાર કરતાં કરતાં માનવી જીવન પ્રત્યેના સમાદર પ્રત્યે લગભગ અનિવાર્યપણે અને એકાએક ખેંચાય છે. આવી વિચારણામાંથી અન્ય દિશાએ લઈ જાય એવાં કોઈ અનુમાનો - નિર્ણયો નિષ્પન્ન થતાં જ નથી."

આ Reverence for Life - જીવન પ્રત્યેનો સમાદર - શું છે? સ્વાઇટ્ઝરે કેવી રીતે આ સિદ્ધાન્ત ઉપર આવે છે? પ્રથમ વિશ્વયુદ્ધ થયું. યુરોપની પ્રજાએ એકબીજાની કતલ શરૂ કરી. તેની અસર હબસીઓ પર પડી. તેમણે પણ યુદ્ધમાં ધસડાવું પડ્યું. સ્વાઇટ્ઝરનું મન ચકડોળે ચડ્યું. ચારે તરફ સંસ્કૃતિ અને માનવતાનો વિધ્વંસ તેમણે નિહાળ્યો. આવું અધઃપતન કેમ થયું? એમાંથી ઉત્થાન કેમ થાય? સ્વાઇટ્ઝર કહે છે કે "એક વાર નૌકામાં વિહાર કરતાં હું ઊંડા વિચારમાં ઊતરી ગયો હતો એવામાં There flashed upon my mind, unforseen and unsought, the phrase 'Reverence for Life.' The iron door had yielded; the path in the thicket had become visible." "મારા ચિત્ત ઉપર એકાએક અણધારી અને અણકલ્પી રીતે 'Reverence for Life' - 'જીવન પ્રત્યેનો સમાદર'-

એ વાક્ય ઝળકી ઊઠ્યું. લોખંડી દરવાજો ખૂલી ગયો; ગાઢ જંગલમાં મંગલ-કેડીના દર્શન થયાં."

જીવન વિશે વિચાર કરતાં બધું ય ફેંકી દઈએ ત્યારે પણ 'હું છું'– 'I think, so I exist' એ અવશેષ રહે જ છે. પણ હું કોણ છું, શું છું? "To think means to think something. The most immediate fact of man's consciousness is the assertion: 'I am life that wills to live in the midst of life which wills to live. And it is as will-to-live that man conceives himself during every moment that he spends in meditating on himself and the world around him."

આ અંગ્રેજી ફકરાનો સાર એ છે કે વિચારવું એટલે કાંઈક વિચારવું. માનવીની ચેતનાને લગતી સૌથી અગત્યની હકીકત એ છે કે અંદરથી નિશ્ચયપૂર્વકનો અવાજ આવ્યા જ કરે છે કે "હું જીવવા ઇચ્છતો એક જીવ છું, મારી આસપાસ જીવવા ઇચ્છતા અસંખ્ય જીવો છે, મારે જીવવું છે એટલું જ નહિ પણ સુખેથી જીવવું છે, બીજા જીવોને પણ જીવવું છે એટલું જ નહિ પણ સુખેથી જીવવું છે. કોઈ મરવા ઇચ્છતું નથી. કોઈને દુઃખ જોઈતું નથી. આ બુદ્ધિગમ્ય અનુભવ છે. પણ મારું જીવન પ્રતિક્ષણ બીજા જીવોને ભોગે હું જીવી રહ્યો છું. મારી પ્રત્યેક શારીરિક ક્રિયામાં બીજાની હિંસા છે." સ્વાઇટ્ઝરના શબ્દોમાં કહું:

"The world, however, offers us the horrible drama of will-to-live, divided against itself. One existence holds its own at the cost of another, one destroys another. Only in the thinking man has the will-to-live becomes conscious of other's will-to-live and desirous of solidarity with them. This solidarity, however, he cannot completely bring about, because man is subject to puzzling and horrible law of being obliged to live at the cost of other life and to incure again and again the guilt of destroying and injuring life. But as an ethical being he strives to escape wherever possible from this necessity, to put a stop to this

disunion of the will-to-live, so far as the influence of his existence reaches. He thirsts to be permitted to preserve his humanity and to be able to bring to other existence release from their sufferings."

[અનુવાદ : "આ જગત 'जीवो जीवस्य जीवनम्' એ સૂત્ર ઉપર આધારિત પરસ્પરવિરોધી જીવનસંઘર્ષનું એક અદ્ભુત નાટક રજૂ કરે છે. એક જીવ અન્ય જીવના અસ્તિત્વના ભોગે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માગે છે. એક અન્યનો નાશ કરે છે. માત્ર વિચારશીલ માનવીનું મન પોતાની જીવવાની ઇચ્છા સાથે અન્ય જીવોની પણ એક પ્રકારની જીવવાની ઇચ્છા વિશે સભાન બને છે તેમજ તે જીવો સાથે સુમેળ સાધવાનું ઇચ્છુક બને છે. આમ છતાં પણ આ સહઅસ્તિત્વની ભાવનાને તે પૂરા અંશમાં અમલી બનાવી શકતો નથી, કારણ કે અન્યના ભોગે જ જીવી શકાય તેમ છે.

"અન્ય જીવોની સતત હિંસા ઉપર જ પોતાનું જીવન નિર્ભર છે. એ પ્રકારના – સહૃદય માનવીને ગૂંગળાવતા – દુષ્ટતાભર્યા કુદરતના કાનૂનને માનવી હંમેશને માટે અધીન છે. આમ છતાં પણ જીવના ભોગે જીવને ટકાવવાની અથડામણની અનિવાર્યતાથી બચવાનો સહૃદય નીતિપરાયણ માનવી તેનાથી બને તેટલો પ્રયત્ન કરતો રહે છે. તેનામાં રહેલી માનવતાની વૃત્તિ અને ભાવનાને ટકાવી રાખવા માટે અને અન્ય જીવોને બને તેટલું અભયદાન આપવા માટે તે હંમેશાં અત્યંત ઇન્તેજાર હોય છે."]

આ જીવનસંઘર્ષમાં કેટલીક હિંસા અનિવાર્ય છે. તેમ છતાં પણ માણસ બને તેટલો અહિંસક થઈને, અથવા તો ઓછામાં ઓછી હિંસા કરીને, પોતાનું નૈતિક તથા આધ્યાત્મિક જીવન વિકસાવી શકે છે, અને એ રીતે પોતાની માનવતા જાળવી શકે છે અને બીજા જીવોને અભયદાન આપી શકે છે. આ વિચારધારામાંથી સર્વ જીવ પ્રત્યે પ્રેમ, કરુણા અને મૈત્રી, જેને સ્વાઇટ્ઝર 'રેવરન્સ ફૉર લાઇફ' કહે છે તે અચૂક જાગે છે.

જીવનના સંઘર્ષમાંથી ઉત્પન્ન થતી હિંસા ટાળવાનો રાજમાર્ગ – will to love – પ્રેમાગ્રહ છે, જીવમાત્ર પ્રત્યે આદરભાવ છે.

આવી જેને દૃષ્ટિ હોય તેને મન સર્વ જીવ સમાન છે. તેનામાં ઊંચ-નીચના કોઈ ભેદ રહેતા નથી. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવ પ્રત્યે સમાન આદર રહે છે.

આવું જીવન તેઓ પોતે ૯૦ વરસ જીવ્યા. એ જણાવવાની જરૂર ન હોય કે તેઓ જીવનના ઉત્તરાર્ધમાં નિરામિષાહારી રહ્યા હતા. તેમણે માનવ-સેવા તો કરી, પણ જીવ પ્રત્યે આદર અને કરુણા તેમનામાં ભર્યાં છે તે બતા-વતાં તેમની આસપાસ અનેક પ્રાણીઓ અને પક્ષીઓનું મોટું વૃંદ હંમેશાં રહેતું. જમવા બેસે તો કીડી-વંદાને માટે ખાવાનું નાખે. મકાનનો પાયો નાખતા હોય તો માટીમાં જીવાત નથી તે જુએ, ઝૂંપડું બાંધવા એક ડાળીનો ખપ હોય તો બે ન તોડે. તેઓ લખે છે :

"Devoted as I was from boyhood to the cause of the protection of animal life, it is a special joy to me that universal ethic of Reverence for Life shows the sympathy for animals, which is so often represented as sentimentality, to be a duty which no thinking man can escape."

[અનુવાદ : "પશુજીવનને રક્ષણ આપવાના ધર્મકાર્ય તરફ નાનપણથી જ મારું મન વળેલું હોઈને મારા માટે એ સવિશેષ આનંદનો વિષય બને છે કે 'રેવરન્સ ફોર લાઈફ'–'જીવ માત્ર વિશે સમાદર બુદ્ધિના'–સર્વવ્યાપી નૈતિક વિચારમાંથી પશુઓ પ્રત્યેની સહાનુભૂતિ જેને ઘણી વાર કેવળ લાગણી તરીકે વર્ણવીને ઉતારી પાડવામાં આવે છે તે સહજપણે એક એવા ધર્મ તરીકે ફલિત થાય છે કે જેનો કોઈ વિચારશીલ માનવી ઇન્કાર કરી ન જ શકે."]

અંતમાં સ્વાઇટ્ઝરનો જીવનમંત્ર તેમના જ શબ્દોમાં કહું :

"The ethic of Reverence for Life is found particularly strange, because it establishes no dividing line between more valuable and less valuable life. To undertake to lay down universally valid distinctions of value between different kinds of life will end in judging them by greater and lesser distance at which they seem to stand from us human beings – as we ourselves judge. But that is a purely subjective criterion. Who among us knows what significance any other kind of life has in itself, and as a part of the universe ?

"To the man who is truly ethical, all life is sacred, including that which the human point of view seems lower in the scale."

[અનુવાદ: "આ જીવમાત્ર વિશેના સમાદરનો વિચાર ખાસ કરીને એટલા માટે વિચિત્ર જેવો ભાસે છે કે તે ઉચ્ચ કોટિના અને નિમ્ન કોટિના જીવો વચ્ચે, વધારે ઉપયોગી અને ઓછા ઉપયોગી જીવો વચ્ચે ભેદભાવને સ્વીકારતો નથી. જીવોની ભિન્ન ભિન્ન જાતિઓને મૂલ્યાંકનનો માપદંડ લાગુ પાડવાનું પરિણામ આપણી માનવજાત અને તેમની વચ્ચે આપણે જે ઓછું-વધતું અંતર માની બેઠાં છીએ તે ધોરણે તેમના વિશે વિચારવામાં અને ન્યાય તોળવામાં આવશે. પણ આ તો કેવળ સ્વલક્ષી સાપેક્ષ ધોરણ કહેવાય. અન્ય કોઈ જીવયોનિનું સ્વત: શું મહત્ત્વ છે અને આ વિશ્વના એક અંગ તરીકે તેનું શું સ્થાન છે એ સંબંધમાં આપણાંમાંનો કોણ શું જાણે છે?

"જે માનવી ખરેખરો નીતિમાન છે તેને મન જીવનમાત્ર પવિત્ર છે અને તેમાં એ જીવોનો પણ સમાવેશ થાય છે કે જે માનવીના દૃષ્ટિકોણથી નિમ્ન કોટિના લેખાય છે."]

આ શુદ્ધ જૈન ધર્મ છે. મેં અહીં આ ફકરાઓ ટાંકયા, જેથી તમને એમ ન લાગે કે સ્વાઇટ્ઝર વિશે કહેતાં હું કોઈ અતિશયોક્તિ કરી રહ્યો છું, અથવા તો મારું પોતાનું ઉમેરું છું. સ્વાઇટ્ઝરે પોતાનાં કેટલાંય પુસ્તકોમાં અને ખાસ કરીને તેમના 'My Life and Thought' પુસ્તકમાં—જે તેમની આત્મકથા છે—આ બધું વિશદતાથી સમજાવ્યું છે.

સ્વાઇટ્ઝરનો આ જીવનમંત્ર સનાતન સત્ય છે.

૧૬-૧૦-'૬૫

## ૨૬

# દાગ હેમરશિલ્ડ

**દાગ** હેમરશિલ્ડનું અવસાન અકસ્માત હતું કે કોઈ કાવતરાનું પરિણામ હતું તે નિશ્ચિત કહી શકાતું નથી. પણ મળેલા અહેવાલો અને આજુબાજુના સંજોગો એમ બતાવે છે કે એ અકસ્માત હોવાનો સંભવ છે.

રાષ્ટ્રસંઘના સેક્રેટરી જનરલનું પદ એક અદ્વિતીય પદ છે. આ પદ ધરાવતી વ્યક્તિ કોઈ એક રાજ્યની સરકારનો સેવક નથી. રાષ્ટ્રસંઘના બંધારણ મુજબ તેને એક સ્વતંત્ર વ્યક્તિત્વ છે. સલામતી સમિતિ અને જનરલ એસેમ્બ્લીના ઠરાવોને આધીન રહી તેણે સ્વતંત્ર રીતે વર્તવાનું છે. ભિન્ન ભિન્ન દેશોની પરસ્પરવિરોધી રાજનીતિમાં, તેણે વિશ્વશાંતિના એક જ ધ્યેયને લક્ષમાં રાખીને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનું નિરીક્ષણ કરવાનું રહે છે, અને જ્યાં વિશ્વશાંતિ ભયમાં મુકાય એવું જોખમ તેને લાગે ત્યારે સલામતી સમિતિના લક્ષ પર એ હકીકત તુરત લાવવાની તેની ફરજ છે. સત્તાજૂથોની સાઠમારીમાં તટસ્થપણે અને ખાસ કરી નાનાં રાષ્ટ્રોના રક્ષણ અર્થે તેણે પોતાની ફરજ બજાવવાની રહે છે. રાષ્ટ્રસંઘના ઉદ્દેશોને સતત દૃષ્ટિ સમક્ષ રાખી તેના ધ્યેયને ક્ષતિ પહોંચે એવું વર્તન કોઈ પણ રાષ્ટ્ર તરફથી થતું જણાય તો તેને અટકાવવા ઘટતાં પગલાં લેવાની તકેદારી તેણે રાખવી પડે છે. આવા સર્વોચ્ચ પદ માટે લાયક વ્યક્તિ મળવી સહેલી નથી. પાંચ મહાસત્તાઓ – બ્રિટન, ફ્રાંસ, અમેરિકા, રશિયા અને ચીન–ની સંમતિથી આ નિમણૂક થાય છે. આવી વ્યક્તિના નિષ્પક્ષપણા વિશે કોઈ શંકા ન રહે તે માટે નાનાં સ્વતંત્ર રાષ્ટ્રો ડેન્માર્ક, સ્વીડન, નોર્વે જેવાંમાંથી આવી વ્યક્તિ પસંદ કરવામાં આવે છે. રાષ્ટ્રસંઘનાં બંધારણ નીચે સેક્રેટરી જનરલને વિશિષ્ટ અધિકારો છે અને તેની સ્વતંત્રતા જળવાઈ રહે તે માટે બંધારણમાં ખાસ કાળજી રાખવામાં આવી છે.

દાગ હેમરશિલ્ડે રશિયાની ખફગી વહોરી ત્યારે ક્રુશ્ચેવે તેમના ઉપર ભારે પ્રહારો કર્યા હતા.

સામાન્ય રીતે પાંચ મહાસત્તાઓમાંથી કોઈ પણ એક સત્તાનો પણ સેક્રેટરી જનરલ વિશ્વાસ ગુમાવી બેસે તો પોતે જ તે પદનું રાજીનામું આપી દે. પણ આ પ્રસંગે વિરલ હિંમતથી દાગ હેમરશિલ્ડે રાજીનામું આપવાની ના પાડી અને તેમ કરતાં પોતાનાં જે કારણો જણાવ્યાં તેમાં તેમની એકનિષ્ઠા અને વિશ્વશાંતિ માટેની ઝંખના સ્પષ્ટ થયાં.

દાગ હેમરશિલ્ડનો અંગત પરિચય કરવાની મને તક મળી હતી, જ્યારે ૧૯૫૩માં હું હિન્દી પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે રાષ્ટ્રસંઘની બેઠકમાં હાજરી આપવા ગયો હતો. તેઓ મિતભાષી, સ્વમાની અને ગૌરવશીલ વ્યક્તિ હતા. ગીતાના અભ્યાસી હતા અને નિષ્કામ કર્મયોગમાં શ્રદ્ધાવાળા હતા.

કોંગોમાં તે વખતે રાષ્ટ્રસંઘની પૂરી કસોટી થઈ. સંસ્થાનવાદી રાષ્ટ્રો ખાસ કરી બેલ્જિયમ અને કોંગોના ભાગલા કરવા ઇચ્છતાં હતાં, અને કાટંગાને જુદું પાડવાને પ્રયત્ન કરતાં હતાં. બેલ્જિયમ, બ્રિટન અને કેટલેક દરજ્જે ફ્રાન્સનાં આર્થિક હિતો કાટંગામાં મોટા પ્રમાણમાં હતાં. તેની દક્ષિણે ઉત્તર રહોડેશિયા છે. તે સમયના તેના વડા પ્રધાન વેલેન્સ્કી દક્ષિણ આફ્રિકાની રંગ-ભેદની નીતિમાં માનતા હતા. શોમ્બેને હથિયાર બનાવી, બેલ્જિયમ અને વેલેન્સ્કી કોંગોની એકતા તોડવા માગતાં હતાં. રાષ્ટ્રસંઘના પ્રયત્નો તો કોંગોની ભૌગોલિક અને રાજકીય એકતા જાળવી રાખવાની દિશામાં હતા. કોરિયાની પેઠે અહીં પણ રાષ્ટ્રસંઘે પોતાનું લશ્કર મોકલી આંતરવિગ્રહ અટકાવવાનો અને વિદેશી તત્ત્વોને હઠાવવાનો નિર્ણય કર્યો હતો. પણ રાષ્ટ્ર-સંઘનું બળ અંતે તેના સભ્યો ઉપર અવલંબે છે. રશિયાનો વિરોધ તો હતો જ અને બ્રિટનનું વલણ અત્યંત વિચિત્ર અને સ્વાર્થી હતું તેની પાછળથી સૌને જાણ થઈ. શરૂઆતમાં હેમરશિલ્ડની કંઈક ભૂલ થઈ, પણ થોડા સમયમાં તે ભૂલ સુધારી લીધી અને સલામતી સમિતિના ઠરાવોના અમલ માટે તેઓ પૂરા તત્પર થયા. તેમાં કંઈક સફળતા પણ મળી, અને કોંગોની પાર્લામેન્ટની બેઠક અને પ્રધાનમંડળની રચના કરવામાં ફળીભૂત થયા. શરૂઆતમાં શોમ્બેનું વલણ કાંઈક સહાયભૂત લાગ્યું પણ તુરત જ તે વિદેશી તત્ત્વોની અસર નીચે આવીને બદલાયું અને સહકાર પાછો ખેંચી લીધો. આ પરિસ્થિતિનો જાતે અભ્યાસ કરવા અને રાષ્ટ્રસંઘના લશ્કરી પગલાંઓને વેગ આપવા, હેમરશિલ્ડ કોંગો બાજુ ફરતાં અકસ્માત અથવા દગાના ભોગ બન્યા.

૧–૧૦–'૬૧

૨૭

# ભગવાન મહાવીર

જૈન ધર્મના પરમ તીર્થંકર ભગવાન મહાવીર લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે નિર્વાણ પામ્યા. મહાવીર, બુદ્ધના સમકાલીન હતા; બુદ્ધ કરતાં લગભગ ૨૫ વર્ષ પુરોગામી હતા. બંને મહાપુરુષોની વિહારભૂમિ એક જ હતી—મુખ્યત્વે મગધ. બંને ધર્મો શ્રમણ સંસ્કૃતિના. અવૈદિક, વૈદિક અને બ્રાહ્મણ પરંપરામાં રહેલ જન્મજાત ઉચ્ચ-નીચના ભેદને જૈનધર્મ કે બૌદ્ધધર્મમાં કોઈ સ્થાન નથી. બંને ધર્મોમાં શૂદ્ર કહેવાતી જાતિઓનાં સ્ત્રી-પુરુષો અતિ આદરણીય સ્થાન પામ્યાં છે. બ્રાહ્મણ પરંપરાનાં યજ્ઞયાગ અને તેમાં રહેલ હિંસાના બંને ધર્મો વિરોધી. બંને ધર્મોનું પ્રધાન લક્ષણ ઐહિક સુખોપભોગનો ત્યાગ અને વૈરાગ્ય. બુદ્ધ અને મહાવીર બંને ક્ષત્રિય રાજપુરુષો, સુખ-સમૃદ્ધિમાં ઉછરેલ, છતાં સાંસારિક સુખો પ્રત્યે વૈરાગ્ય થયો અને અધ્યાત્મમાર્ગે પ્રયાણ કર્યું. ગરીબાઈ કે દુઃખથી જ વૈરાગ્યભાવના જન્મે છે એમ નથી. બલ્કે ગરીબાઈ અથવા દુઃખથી ઉપજેલ વૈરાગ્ય કદાચ અસ્થાયી કે ક્ષણિક નીવડે, સમજણપૂર્વક સ્વીકારેલ ત્યાગ સ્થિર અને કાયમી બને છે.

જૈનધર્મ, ભારતવર્ષનો અતિ પ્રાચીન ધર્મ છે. જૈનોના ચોવીસ તીર્થંકર થઈ ગયા. તેમાં ભગવાન મહાવીર છેલ્લા હતા. તેમની પૂર્વેના ૨૨મા તીર્થંકર નેમિનાથ અને ૨૩મા પાર્શ્વનાથ પણ ઐતિહાસિક પુરુષો હતા. તેના ઘણા પુરાવાઓ મળે છે. પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવનો ઉલ્લેખ વેદોમાં અને પુરાણોમાં પણ મળે છે. વર્તમાન ભારતીય સંસ્કૃતિ જૈનધર્મ, બૌદ્ધધર્મ અને વૈદિક કે બ્રાહ્મણધર્મનો ત્રિવેણીસંગમ છે. આ ત્રણે ધર્મોએ પરસ્પરને ગાઢ અસર કરી છે અને પરિણામે એક ભવ્ય ભારતીય સંસ્કૃતિનું ઘડતર અને નિર્માણ થયું છે. આ ત્રણે ધર્મોમાં તાત્ત્વિક પ્રશ્નો પરત્વે મતભેદ હોવા છતાં, આચાર-ધર્મની એકસૂત્રતા મહદંશે જળવાઈ રહી છે. ધમ્મપદ વાંચીએ, ગીતા વાંચીએ કે આચારાંગસૂત્ર વાંચીએ, ત્રણે ધર્મોના ઉપદેશની ભાષાની એકતા જણાઈ આવશે. એ ખરું છે કે દરેક ધર્મે એક અથવા બીજા ગુણ ઉપર વધારે ભાર

મૂક્યો છે. જૈનધર્મે અહિંસા, તપ અને સંયમ ઉપર, બૌદ્ધધર્મે કરુણા ઉપર, તો ગીતાએ લોકસંગ્રહાર્થે કર્મયોગ ઉપર ભાર મૂક્યો છે. પણ ત્રણે ધર્મોમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ માનવીના આચારધર્મના મૂળભૂત સિદ્ધાંતોનો સ્વીકાર છે.

જીવન એક ગૂઢ રહસ્ય છે. તેનો તાગ પામવા, માનવી સમજણો થયો ત્યારથી, ચિંતન કરતો રહ્યો છે. સંતપુરુષો, પયગંબરો કે તત્ત્વજ્ઞો પોતાના જ્ઞાનઅનુભવનો વારસો આપણને આપી ગયા છે. આ બધા મહાપુરુષો સમક્ષ બુનિયાદી પ્રશ્ન એ હતો અને આપણી સમક્ષ પણ છે, કે માનવીનું જીવન અને તેનો વ્યવહાર એવાં હોવાં જોઈએ કે જેથી પોતાને પણ સાચું સુખ અને શાંતિ મળે અને પોતાની આસપાસનાં સર્વ પ્રાણીઓને પણ સુખ અને શાંતિ મળે. આવાં સુખ અને શાંતિની શોધમાં માનવી ભટકતો રહ્યો છે અને તે ભ્રમણામાંથી છૂટવા પ્રયત્ન કરે છે. ભગવાન મહાવીરે આ સમસ્યાનો ઉકેલ બતાવ્યો છે. એ તેમનું જીવનદર્શન છે. આ પવિત્ર દિવસે એ જીવન-દર્શન ફરી યાદ કરી સમજવા પ્રયત્ન કરીએ.

આ જીવન સમસ્યા તેમણે આ રીતે મૂકી છે:

कहं चरे ? कहं चिट्ठे ? कहमासे ? कहं सये ?
कहं भुञ्जन्तो भासन्तो, पावं कम्मं न बन्धइ ।।

અર્થાત્ સાધક કેવી રીતે ઊભો રહે, કેવી રીતે બેસે, કેવી રીતે સૂવે, કેવી રીતે ખાય, અને કેવી રીતે બોલે, જેથી તેને પાપકર્મનું બંધન ન થાય.

આ ગાથામાં આપણે જોઈશું કે જીવનના સામાન્ય વ્યવહાર માટે પણ ચાવી માગી છે. આવો જ સવાલ અર્જુને શ્રીકૃષ્ણને ગીતામાં પૂછ્યો :

स्थितप्रज्ञस्य का भाषा, समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत, किमासीत व्रजेत किम् ।

સ્થિતપ્રજ્ઞ પુરુષ કેમ બોલે, કેમ ચાલે, કેમ બેસે વગેરે. ભગવાન મહાવીરનો જવાબ નીચેની બે ગાથાઓમાં છે :

जयं चरे, जयं चिट्ठे, जयमासे, जयं सये ।
जयं भुञ्जन्तो, भासन्तो, पावं कम्मं न बन्धइ ।।

'એટાથી મનુષ્ય કે સાધક આ બધો વ્યવહાર જતનપૂર્વક કરે એટલે કે કોઈ જીવને હાનિ કે દુઃખ ન થાય એવી રીતે વર્તે, તો તેને પાપકર્મનું બંધન થતું નથી.'

આ એક જતના અથવા બીજી રીતે કહીએ તો વિવેક શબ્દમાં જીવનનો સાર ભગવાને મૂકી દીધો. આ વિવેક કેવી રીતે આવે? તો ભગવાને કહ્યું :

सव्व भूयप्प भूयस्स, सम्मं भूयाइ पासओ ।
पिहियासवस्स दन्तस्स, पावं कम्म न बन्धइ ॥

નાના-મોટા તમામ જીવોને પોતાના આત્મા સમાન ગણે – મારાતારાનો સૂક્ષ્મ ભેદ અંતરમાં ન હોય, તથા ઇન્દ્રિયનિગ્રહી અને સંયમી - હોય એવા સાધકને પાપકર્મનું બંધન થતું નથી. વળી ભગવાને કહ્યું :

पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही किंवा नाहिइ छेय-पावगं ॥

પ્રથમ જ્ઞાન અને પછી દયા. અજ્ઞાની પુરુષમાં સાચી દયા કે અહિંસા પ્રકટે નહિ, તે પાપ-પુણ્યનો ભેદ જાણે નહિ. આ જ્ઞાન એટલે आत्मवत् सर्वभूतेषु. આવું જ્ઞાન હોય તો આપોઆપ, मिती मे सव्व भूयेसु वेरं मज्जं न केणइ. જીવમાત્ર સાથે મારી મૈત્રી છે, કોઈ સાથે મારે વેર નથી, એ ભાવના અંતરમાં જાગે.

જૈનધર્મનો આ પાયાનો સિદ્ધાંત છે કે સર્વ જીવ સમાન છે. આ આત્મૌપમ્યની દૃષ્ટિમાં, જીવ એટલે માત્ર માનવી નહિ પણ કીટ અને પતંગથી માંડીને માનવ વગેરે સર્વ જીવનો સમાવેશ થાય છે. જૈનધર્મ એક જ એવો ધર્મ છે કે જેણે કીટક-પતંગ તો શું પણ વનસ્પતિ, પાણી અને અગ્નિ જેવી જીવનશૂન્ય ગણાતી ભૌતિક વસ્તુઓમાં પણ જીવનતત્ત્વ નિહાળ્યું. આ દર્શનની ગહનતા વર્તમાન વિજ્ઞાને હવે પુરવાર કરી છે. ત્યારે તો ભગવાનનું આત્મદર્શન જ હતું. જૈનધર્મની અહિંસાનો પાયો આ સર્વ જીવની સમાનતાનો સિદ્ધાંત છે.

અહિંસાનું બીજું પાસું અનુભવની ભૂમિકા છે. સર્વ જીવ જીવવા ઇચ્છે છે, કોઈ મરવા ઇચ્છતું નથી. તેથી નિર્ગ્રંથો ઘોર એવા પ્રાણીવધનો ત્યાગ કરે છે.

આવું આત્મદર્શન કે અનુભૂતિ કેમ થાય, તેમાં અવરોધો શા છે, અને તેને દૂર કેમ કરાય, તેનો સાધનામાર્ગ ભગવાને વિસ્તારથી સમજાવ્યો છે. મનુષ્યપ્રકૃતિમાં રહેલ કષાયો, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ વગેરે આ જ્ઞાનના અવરોધક છે. સતત જાગૃતિ, સંયમ અને તપ આ અવરોધોને દૂર કરવાના માર્ગ છે. ભગવાને કહ્યું છે :

सल्लं कामा, विसं कामा, कामा आसी विसोवमा ।
कामे य पत्थे माणा, अकामा जन्ति दोग्गइं ॥

વાસનાઓ-તૃષ્ણાઓ ભારે શલ્યરૂપ છે, ઝેર જેવી છે, ભયંકર સર્પ જેવી છે. જેઓ વાસનાઓને વશ પડી કામ-ભોગોને ઝંખ્યા કરે છે તેઓ કામ-ભોગોને પામતા નથી અને છેવટ દુર્ગતિ પામે છે.

खणमेत्त सोकूखा, बहुकाल दुकूखा ।
पगाम हुकूखा, अणिगाम सोक्खा ।
संसार मोक्खस्स, विप्क्ख भूया ।
खाणी अणत्थाण, उ कामभोगा ।।

કામ-ભોગો ક્ષણ માત્ર સુખ આપનારા છે અને લાંબા સમય સુધી દુઃખ આપનાર છે. આ કામ-ભોગો આત્માની પૂર્ણ સ્વતંત્રતા, એટલે કે મોક્ષના ભારે શત્રુઓ છે અને અનર્થોની મોટી ખાણસમાન છે.

સુખોપભોગની લાલસા પેઠે માણસમાં બીજી મોટી કામના પરિગ્રહની છે. પરિગ્રહની વાસના માણમ ધનથી, સત્તાથી અથવા કીર્તિથી સંતોષવા પ્રયત્ન કરે છે. પોતાની જાતનો વિસ્તાર કરવો, પોતાને મોટા માની મોટા દેખાવું એ માનવસ્વભાવનું લક્ષણ છે. કોઈ ધનદોલતથી મોટાઈ માને અને કોઈ સત્તાથી, કોઈ કીર્તિથી. આવા પ્રકારની મોટાઈ પારકાના ભોગે જ મળે છે. બીજાંને નાનાં કરીને, બીજાંનું લઈને, બીજાંના ઉપર સત્તા ભોગવીને. આવા પરિગ્રહ-મોહમાંથી છૂટવા માટે ભગવાને કહ્યું છે :

जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।
न य पुप्फं किलामेइ, सोय पीणेइ अप्पयं ।।

ભમરો ફૂલમાંથી રસ ચૂસે છે અને પોતાની જાતને નભાવે છે પણ ફૂલને કોઈ હાનિ કરતો નથી. શ્રેયાર્થી મનુષ્યનો જીવનવ્યવહાર આવો હોય છે : આસક્તિરહિત, પ્રમાદરહિત, સંયમી, મૈત્રી-કરુણા-મુદિતા એવી ભાવનાઓથી ઓતપ્રોત.

ભગવાન મહાવીરના જીવનદર્શનમાં અહિંસા, સંયમ, તપ અને અપરિગ્રહની જેમ અનેકાન્ત-દષ્ટિ પણ પ્રધાન છે. મતાગ્રહ કે પૂર્વગ્રહોનો અભાવ, સત્યજિજ્ઞાસા, સહિષ્ણુતા, બીજાના મતને સમજવાનો પ્રયત્ન—આ બૌદ્ધિક અહિંસા મહાવીરની વિશેષતા છે.

મહાવીરના આ જીવનદર્શનની વર્તમાન યુગમાં શી ઉપયુક્તતા છે ? આ જીવનદર્શનની ત્રિકાળ ઉપયુક્તતા છે. એ સનાતન સત્ય છે. આત્માનુભવની વાણી છે.

एस धम्मे ध्रुवे निच्चे, सासए जिणदेसिए ।

જિનશાસિત આ ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે. વર્તમાન જીવનની વિષમતાઓ, અશાન્તિ, સંઘર્ષો આ ધર્મની અવગણનાનું પરિણામ છે. આ ધર્મ સમાનતાનો છે. તેમાં સાચી લોકશાહી છે. તેમાં ઉચ્ચ-નીચના ભેદ નથી, કાળા-ગોરાના ભેદ નથી, ગરીબ-તવંગરના ભેદ નથી. આ ધર્મમાં સાચો સમાજવાદ છે. મૂડીવાદ, સામ્યવાદ કે વર્તમાન સમાજવાદ—એ બધાં વાદોમાં અપરિગ્રહની ભાવના નથી. એ ત્રણે વાદોની જીવનદૃષ્ટિ પરિગ્રહની છે, જીવનના ઉચ્ચ ધોરણને નામે અસંયમની છે. મૂડીવાદ બીજાના ભોગે, થોડાઓ માટે પરિગ્રહ કરે છે. સામ્યવાદ કે સમાજવાદ પરિગ્રહની સમવહેંચણી માગે છે. પણ બધાની દૃષ્ટિ તો પરિગ્રહની છે. જીવનની જરૂરિયાતો ઓછી કરવી, જીવનમાં સંયમ અને અપરિગ્રહ કેળવવો, એ ધર્મની દૃષ્ટિ છે. તેમાં સમાજનું સાચું કલ્યાણ છે. બધા ધર્મપુરુષો, તે મહાવીર હોય, બુદ્ધ હોય, ક્રાઇસ્ટ હોય કે મહંમદ હોય—સૌનો આ અનુભવ છે. માનવીનાં દુઃખો કોઈ ઈશ્વરે મોકલેલ નથી. માણસે પોતે, પોતાની પ્રકૃતિથી, પોતાનો સ્વાર્થથી, પોતાની કામનાઓથી, ઉત્પન્ન કરેલાં છે. મહાવીરે કહ્યું છે :

अप्पा कत्ता विकत्ता वा, दुक्खाण सुहाणय ।
अप्पा मित्तममित्तं च दुप्पट्ठिय सुपट्ठिओ ।।

આત્મા પોતે પોતાનાં દુઃખોનો અને સુખોનો પેદા કરનારો છે અને નાશ કરનારો છે. સન્માર્ગગામી આત્મા મિત્ર છે, દુર્માર્ગગામી આત્મા શત્રુ છે. મહાવીરનો આ સંદેશ છે.

૧૬–૪–'૭૧

## ૨૮

# ગોવધબંધી, અહિંસા, ગોસંરક્ષણ અને ગોવંશ-પ્રતિબંધક કાયદો

બંધારણની કલમ ૪૮ માં પ્રબંધ છે કે

'The state shall, in particular, take steps for preserving and improving the breeds and prohibiting the slaughter of cows and calves and other milch and drought cattle.'

'રાજ્યે, ખાસ કરી ગાય, વાછરડાં અને બીજાં દુધાળાં અને ઉપયોગી જનાવરોની ઓલાદ જાળવવા અને સુધારવા તથા તેમની કતલ અટકાવવા પગલાં લેવાં.'

સુપ્રીમ કોર્ટે તેનો અર્થ એવો કર્યો છે કે (૧) ગોવધ અને ભેંસનાં પાડા તથા પાડીના વધનો સંપૂર્ણ પ્રતિબંધ થઈ શકે. (૨) ભેંસ દૂઝણી હોય ત્યાં સુધી તથા ખૂંટ અને બળદ ઉપયોગી હોય ત્યાં સુધી તેમના વધનો પ્રતિબંધ થઈ શકે. (૩). તે ઉપયોગી કે દુધાળાં ન રહે ત્યારે તેમના વધનો પ્રતિબંધ બંધારણપુરઃસર નથી.

આ કલમ અન્વયે કેટલાંક રાજ્યોએ ગોવધબંધીના કાયદાઓ કર્યા. તેમાં ગોવધબંધી ઉપરાંત બળદ, ભેંસ, પાડા વગેરે જનાવરોના વધની પણ બંધી કરવામાં આવી હતી. કસાઈઓ અને મુસલમાનો વતી આ કાયદાઓને પડકારવામાં આવ્યા હતાં. તેમાં મુખ્ય બે મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા: (૧) કસાઈઓએ કહ્યું હતું કે આ કાયદાથી વેપારધંધો કરવાના તેમના મૂળભૂત હકને બાધ આવે છે. (૨) મુસલમાનોએ કહ્યું હતું કે બકરી ઈદને દિવસે ગોહત્યા કરવી એ ઇસ્લામધર્મનું ફરમાન છે અને તેથી આ કાયદાથી તેમના ધાર્મિક હકો અને માન્યતાઓના મૂળભૂત અધિકારને બાધ આવે છે. છેવટે ઈ. સ. ૧૯૫૮માં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે ગાયની સંપૂર્ણ વધબંધી કરવામાં આવે તેથી કસાઈઓના વેપારધંધાને કેટલેક અંશે બાધ આવે છે તે ખરું છે પણ તે હક્ક

ઉપર આવી આંશિક મર્યાદા ( Reasonable Restriction ) મૂકવાનો રાજ્યને અધિકાર છે. તે સાથે એમ પણ ઠરાવ્યું કે ગાય-ભેંસનાં બચ્ચાં, દુધાળી ભેંસ, ઉપયોગી બળદ કે ઉપયોગી પાડા અને સાંઢ ઉપર સંપૂર્ણ વધ-બંધી મુકાય તે પણ વાજબી છે. પણ તદ્દન વસૂકી ગયેલી ભેંસ, નિરુપયોગી થયેલ બળદ કે પાડા કે સાંઢની વધ-બંધી થાય તે વાજબી નથી. મુસલમાનોની ધાર્મિક માન્યતા વિશે કોર્ટે કહ્યું કે ગોવધ કરવો જ જોઈએ એવો કુરાનમાં કોઈ આદેશ હોય કે એવી કોઈ દૃઢ ધાર્મિક માન્યતા હોય તેવા કોઈ પુરાવા કોર્ટ સમક્ષ રજૂ થયા નથી. બલ્કે મુસલમાનોના સમયમાં અને ખાસ કરીને અકબરે સંપૂર્ણ ગોવધબંધી કરી હતી.

ગાય અને ઉપયોગી બળદ તથા પાડાની વધબંધી વાજબી ઠરાવતાં કોર્ટે કહ્યું હતું :

'The cow and the working bullocks have on their patient back the whole structure of Indian Agriculture.'

અર્થાત્ ગાય અને બળદની ખાંધ ઉપર દેશની ખેતીવાડીનો બધો આધાર છે.

સુપ્રીમ કોર્ટના આ ચુકાદા પછી કેટલાંક રાજ્યોએ સંપૂર્ણ ગોવધબંધી તથા દુધાળી અને ઉપયોગી ભેંસ, બળદ વગેરે જનાવરોની આંશિક વધબંધીના કાયદા કર્યા છે. કેટલાંક રાજ્યોમાં સંપૂર્ણ નહિ પણ આંશિક ગોવધબંધી થઈ છે. કેટલાંક રાજ્યોમાં બિલકુલ એવો કાયદો નથી. એક સુખદ આશ્ચર્ય-જનક હકીકત એ છે કે કાશ્મીરમાં આવો કાયદો વર્ષોથી છે.

આમ, ઉપયોગી પશુની કતલ ન થાય એવો કાયદો વર્ષોથી છે. તેમાં પ્રબંધ છે કે સરકારનિયુક્ત અધિકારી કોઈ પશુ – મુખ્યત્વે બળદ – બિલકુલ ઉપયોગી નથી એવું સર્ટિફિકેટ ન આપે ત્યાં સુધી તેનો વધ ન થાય. સરકાર આવો અધિકારી નિયુક્ત કરે છે અને કતલખાના ઉપર તે હાજર હોય છે. પણ કાયદાની કેવી વિડંબના થાય છે તેનો અનુભવ બકરી ઈદને દિવસે મારા મિત્ર શ્રી તુલસીદાસ વિશ્રામ ખીમજીને થયો અને તેમણે જે વર્ણન કર્યું તેથી મને કમકમાં આવ્યાં અને મારાં રુંવાડાં ઊભાં થઈ ગયાં.

દેવનાર કતલખાનામાં રોજનાં ૬૦૦૦ ઘેટાં-બકરાં ઉપરાંત અઠવાડિયે ૧૫૦૦ બળદની કતલ કરવાની છૂટ હોય છે. પણ બકરી ઈદના દિવસે ૪૦૦૦ બળદની કતલ કરવાની આ વર્ષે ( ૧૯૭૭–૭૮માં ) છૂટ આપી હતી. હવે આટલા

બધા બળદને બરાબર તપાસી એ તદ્દન નિરુપયોગી છે એવું સર્ટિફિકેટ આપવું હોય તો આઠ દિવસ લાગે. સેંકડો કસાઈઓ બબ્બે ફૂટ લાંબા ધારદાર છરાઓ લઈ ઊભા હોય, માંસ લઈ જવા ૨૦૦–૨૫૦ મોટરો લઈ સેંકડો માણસો આવ્યા હોય; ત્યાં બિચારો અધિકારી શું કરે? આંખો મીંચી સર્ટિફિકેટ કાઢી આપે. રૂ. ૧૧/– ભરી જેવું જોઈએ તેવું સર્ટિફિકેટ લઈ જાય. ધડાધડ કતલ થાય. ચારે તરફ લોહીની છોળો ઊડે, માંસના લોચાના કોથળા ભરી ભરી મોટરમાં લઈ જવાય. આ કાયદાનો અમલ કેવી બેદરકારીથી થાય છે તે બતાવવા એક સર્વોદય કાર્યકર્તાએ રૂ. ૧૧/– ભરી સર્ટિફિકેટ લીધું. શ્રી તુલસીદાસભાઈનાં કપડાં લોહીથી ખરડાયાં અને આ દૃશ્ય જોઈ તેમને ચક્કર આવી ગયાં. સારા બળદોની કતલ થતી જોઈ તેમનો જીવ કકળી ઊઠ્યો પણ શું કરે?

આ બાબતમાં માત્ર કાનૂન કરવાથી ગોવધબંધી કે ગોસંરક્ષણ થવાનું નથી. તેથી માત્ર ભૂમિકા તૈયાર થાય છે. લોકોની ફરજ છે કે આ બાબતમાં તેઓ પૂરો સહયોગ આપે. વિનોબાજીએ પણ આ વાત પર ભાર મૂક્યો છે.

એક એવો ખોટો ખ્યાલ છે કે માંસાહાર બંધ થશે તો લોકો ભૂખે મરશે કારણ કે અનાજ પૂરતું નથી. માંસાહાર સંપૂર્ણ બંધ કરવાની વાત નથી. માત્ર ગાય અને ગોવંશ પૂરતી વાત છે. એટલે આવી દલીલથી ભ્રમમાં પડવાની જરૂર નથી.

બીજો ખોટો ખ્યાલ એ છે કે ગાય દૂધ દેતી બંધ થાય કે વૃદ્ધ થાય પછી તેને નભાવવી આર્થિક રીતે નુકસાનકારક છે. માત્ર આર્થિક દૃષ્ટિ હોય તો દલીલોની ભ્રમજાળમાં પડી જવાય. અલબત્ત તેનો પણ સચોટ જવાબ છે. ધાર્મિક કે નૈતિક પ્રશ્નોને બાજુએ રાખીએ અને માત્ર આર્થિક દૃષ્ટિએ વિચારીએ તો પણ આ દલીલ સર્વથા પાયા વિનાની છે. પણ આધ્યાત્મિક અને નૈતિક દૃષ્ટિને પાયારૂપ ન બનાવીએ તો વિચારવમળમાં ગૂંચવાયા કરીએ. એ ખરું છે કે આ દૃષ્ટિએ બધી જીવહિંસા રોકવી જોઈએ. પણ બધી રોકી ન શકીએ માટે આટલું પણ ન કરવું એવી ભ્રમણામાં ન પડીએ.

થોડા વખતથી એક નવું તૂત ઊભું થયું છે. પશ્ચિમનું અનુકરણ કરી, ગાયોનું કૃત્રિમ ગર્ભાધાન કરવાનો ચાળો ઊપડ્યો છે. તેથી દૂધનું ઉત્પાદન વધે છે એમ કહેવાય છે. પશ્ચિમમાંથી ત્યાંના સાંઢોનું વીર્ય મંગાવી, ગાયોનું કૃત્રિમ ગર્ભાધાન કરવાનું શરૂ થયું છે અને કહેવાતા ગોસેવકોએ આ શરૂઆત

કરી છે. આ રીતે દૂધનું ઉત્પાદન કાંઈક વધે છે પણ બીજાં ભયંકર પરિણામો આવે છે. ગાય નિર્બળ થાય છે. તેનાં સંતાન નિર્બળ થાય છે. ગાય માત્ર દૂધ ઉત્પન્ન કરવાનું યંત્ર હોય તેમ તેના પ્રત્યે વર્તન થાય છે. કામવાસનાની તૃપ્તિ વિના સંતાનોત્પત્તિ કરવી તેનાં માનસિક, શારીરિક અને નૈતિક પરિણામો ભયંકર છે. વિનોબાજીએ આ વાતનો સખત વિરોધ કર્યો છે. પશ્ચિમમાં ગાય પ્રત્યે માત્ર આર્થિક દૃષ્ટિ છે. (Cow is meant only for milk and meat.) માંસ અને દૂધ માટે જ ગાયનો ઉપયોગ છે. ખેતીપ્રધાન ભારતમાં ગાયનો ઉપયોગ અને ઉપકારકતા પશ્ચિમ કરતાં તદ્દન જુદાં છે તે વાત પ્રત્યે દુર્લક્ષ થાય છે. ત્યાં બળદની જરૂર નથી. આપણે ત્યાં દર વર્ષે લાખો બળદની જરૂર છે. આપણું અર્થતંત્ર બળદ ઉપર નિર્ભર છે. પશ્ચિમમાં ગાયને વાછડો જન્મે તો તુરત કતલખાને મોકલે છે; કૃત્રિમ ગર્ભાધાનથી થતા વાછડા અતિ નિર્બળ હોય છે. તેથી આપણે ત્યાં કૃત્રિમ ગર્ભાધાન કરતી વ્યક્તિઓ, વાછડાને મારી નાખે છે અથવા મરવા દે છે. ગાય એક યંત્ર પેઠે સંતાન પેદા કરે અને સંતાન પ્રત્યે વાત્સલ્ય દાખવવાની કે તેનો ઉછેર કરવાની તેને તક ન અપાય તે કેટલી મોટી ક્રૂરતા છે તેનો થોડો વિચાર કરતાં પણ ધ્રૂજી ઊઠીએ. પણ વિરોધ છતાં, આ પ્રયોગ કહેવાતા ગોસેવકોએ શરૂ કર્યો છે.

આ વિષયે એટલા માટે લખ્યું છે કે જૈનો જીવદયા પાછળ લાખો રૂપિયા ખર્ચે છે. પણ મોટે ભાગે તેનો દુર્વ્યય થાય છે. કતલખાનેથી પશુ છોડાવવાં એ જ પુણ્ય મનાય છે પછી તે પશુનું શું થાય છે તે કોઈ જોતું નથી. પાંજરાપોળો મોટે ભાગે જૈનો અને વૈષ્ણવો ચલાવે છે. તે રેઢિયાળ રીતે ચાલે છે. તેમાં વ્યવસ્થા નથી, દીર્ઘદૃષ્ટિ નથી. પ્રજાકીય ધોરણે પુરુષાર્થ કરવાની જરૂર છે. વિનોબાજીએ ગો-સદનો રચવાં, ગોબરમાંથી ગેસનું ઉત્પાદન કરી તેનો ગામડે-ગામડે ઉપયોગ કરવો વગેરે યોજનાઓ ઘડી છે. જૈનો જીવદયા પાછળ લાખો રૂપિયા ખર્ચે છે, તેનો આવી રચનાત્મક દિશામાં ઉપયોગ થાય તે જરૂરનું છે. જીવદયા કરવાની પરંપરાગત રીત બદલાવી આવો સદુપયોગ થાય તે દિશામાં પ્રયત્નો કરવા જોઈએ. અહિંસાપ્રેમીઓ પોતાનો ધર્મ વિચારે અને કામે લાગે.

ગોવધબંધીના અનુસંધાનમાં સર્વ જીવ પ્રત્યે કરુણા અને અહિંસાનો વિચાર કરીએ. ધાર્મિક દૃષ્ટિએ દલીલ કરવાની રહેતી જ નથી, આ જ ધર્મ છે, માનવતા છે. પણ આપણે પ્રમાદથી, સ્વાર્થથી, વિનાકારણ, ટાળી શકાય એવી હિંસા કરીએ છીએ તે તરફ આપણું લક્ષ નથી. આપણા બંધારણમાં ફેરફારો થાય છે તેમાં નાગરિકની મૂળભૂત ફરજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો

છે. સ્વર્ણસિંઘ સમિતિએ આઠ ફરજો બતાવી હતી. તેમાંની ઘણી ફેરવી નાખી છે. એક ફરજ પાછી મૂકી છે. તે વાંચી ખૂબ આનંદ થયો. તે આ પ્રમાણે છે:

'It shall be the duty of every citizen of India to protect and improve the natural environment including the forests, lakes, rivers and wild life and to have a compassion for living creatures.'

ભારતના દરેક નાગરિકની ફરજ રહેશે કે વનો, સરોવરો, નદીઓ અને વન્યપ્રાણીઓ સહિત કુદરતી પ્રદેશોની રક્ષા કરવી અને તેને સુધારવી તેમજ બધા જીવો પ્રત્યે કરુણા રાખવી.

પ્રદૂષણથી માણસને ઘણી હાનિ થાય છે, એટલું જ નહિ પણ પારાવાર હિંસા થાય છે. આવું 'પ્રદૂષણ રોકવું' એટલું જ નહિ પણ (સક્રિય રીતે) બધા જીવો પ્રત્યે કરુણા રાખવી એ દરેક નાગરિકની મૂળભૂત ફરજ બને છે. તેનો અમલ થાય તો આ ભારતવર્ષમાં અહિંસાનો જયજયકાર થાય. સરકાર પણ અનેક પ્રકારે હિંસાનું કામ કરે છે. માંસની મોટા પાયા ઉપર નિકાસ થાય છે. દેડકાંઓનાં જીભ તથા પગ, પક્ષીઓ, સર્પ અને અન્ય પ્રાણીઓની ચામડી વગેરેની નિકાસ થાય છે તે હવે બંધ થાય અને નાગરિકની મૂળભૂત ફરજ–, સર્વ પ્રાણીઓ પ્રત્યે કરુણા–નો સરકાર પોતે અને આપણે સૌ અમલ કરી સુંદર દાખલો બેસાડીએ એવી પ્રાર્થના.

['ગોવધબંધી અને અહિંસા,' 'સર્વ પ્રાણી પ્રત્યે કરુણા' (એ બન્ને વિશે તા. ૧૬–૯–૭૬ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકીર્ણ નોંધ), 'ગોવધબંધી અને ગોસંરક્ષણ' (તા. ૧૬–૯–૭૭ના 'પ્રબુદ્ધ જીવન'માં લેખ) અને 'ગો અને ગોવંશપ્રતિબંધ કાયદો' (તા. ૧૬–૧૨–૭૮ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકીર્ણ નોંધ) પરથી સંકલિત]

२९

# મૂળ અધિકાર

## ( Fundamental Rights )

**આ**પણા દેશના બંધારણના ભાગ ત્રીજામાં નાગરિકના મૂળ અધિકારો આપવામાં આવ્યા છે. તા. ૨૭–૨–૬૭ને દિવસે સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપ્યો કે આ અધિકારો છીનવી લે અથવા ન્યૂન (take away or abridge) થાય એવો, બંધારણમાં કોઈ ફેરફાર કરવાની પાર્લામેન્ટને સત્તા નથી. પાર્લામેન્ટને આવી સત્તા છે તે સ્પષ્ટ કરવા, બંધારણની કલમ ૩૬૮માં ફેરફાર કરતો એક ખરડો ઈ. સ. ૧૯૬૯માં શ્રી નાથ પાઈએ લોકસભામાં રજૂ કર્યો હતો.

સામાન્યપણે લોકોમાં એવો ખ્યાલ છે કે મૂળ અધિકારોમાં ફેરફાર કરી શકાય નહિ. વિશેષ એવો પણ ખ્યાલ છે કે સુપ્રીમ કોર્ટ ચુકાદો આપે તે છેવટનો ગણાવો જોઈએ અને પછી તે ચુકાદો રદ થાય એવો કોઈ કાયદો પાર્લામેન્ટે કરવો ન જોઈએ. સુપ્રીમ કોર્ટના ચુકાદાને અવગણતો કોઈ કાયદો થાય તે લોકો અયોગ્ય ગણે છે. આ બધા અતિ અગત્યના પ્રશ્નો છે.

બંધારણમાં જે ફેરફાર કરવામાં આવ્યા છે તેને અનુક્રમે પહેલો, બીજો, ત્રીજો વગેરે સુધારા એમ કહેવામાં આવે છે. આવી રીતે આજ સુધી કુલ સત્તર સુધારાઓ થયા છે. તેમાં પહેલા, ચોથા, સાતમા, સોળમા તથા સત્તરમા સુધારાથી મૂળ અધિકારોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. પહેલો સુધારો થયો ત્યારે જ, મૂળ અધિકારો છીનવી લે અથવા ન્યૂન કરે એવો ફેરફાર કરવાની પાર્લામેન્ટને સત્તા નથી એવી અરજી સુપ્રીમ કોર્ટને કરવામાં આવી હતી. આ પ્રશ્નની પૂરી છણાવટ થઈ હતી અને સુપ્રીમ કોર્ટે તા. ૫–૧૦–૫૧ને રોજ સર્વાનુમતે ચુકાદો આપ્યો હતો કે બંધારણમાં આવો ફેરફાર કરવાની પાર્લામેન્ટને સત્તા છે. આ ચુકાદો આપનાર પાંચ ન્યાયાધીશો હતા : (૧) વડા ન્યાયમૂર્તિ હરિલાલ કણિયા, (૨) પતંજલિ શાસ્ત્રી, (૩) બી. કે. મુખરજી, (૪) એ. આર. દાસ અને (૫) ચંદ્રશેખર આયર. આમાંના કેટલાક પાછળથી એક પછી એક વડા ન્યાયમૂર્તિ થયા. આ કેસમાં અરજદાર શંકરીપ્રસાદ હતા.

આ ચુકાદાને માન્ય રાખી, ત્યારપછી, સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટો અને બીજી કોર્ટોમાં ઘણા ચુકાદાઓ અપાયા છે. ત્યારપછી ૧૯૬૪માં સત્તરમો સુધારો થયો જેણે મૂળ અધિકારોમાં કેટલાક ફેરફારો કર્યા. ફરીથી સુપ્રીમ કોર્ટને અરજી કરવામાં આવી કે આવા ફેરફાર કરવાની પાર્લામેન્ટને સત્તા નથી. આ કેસમાં અરજદાર સજ્જનસિંહ હતા. આ અરજીમાં શંકરીપ્રસાદના કેસના ચુકાદાને પડકારવામાં આવ્યો ન હતો. બંને પક્ષે સ્વીકાર્યું હતું કે ચુકાદો બરાબર છે. પણ બીજાં કારણોથી સત્તરમા સુધારાને પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે સર્વાનુમતે આ બીજાં કારણોને માન્ય રાખ્યાં નહિ. પણ આ કેસમાં ચુકાદો આપ્યો તે પાંચ જજોએ શંકરીપ્રસાદના ચુકાદાને પણ ફરીથી તપાસ્યો—જે જરૂરનું નહોતું—અને તેમ કરતાં, ત્રણ જજો—ગજેન્દ્રગડકર, વાંછુ અને રઘુવર દયાલે, શંકરીપ્રસાદના ચુકાદાનું પૂર્ણ સમર્થન કર્યું; બે જજો, મુધોલકર અને હિદાયતુલ્લાએ આ ચુકાદા વિશે શંકા ઉઠાવી; સત્તરમો સુધારો સુપ્રીમ કોર્ટે આ કેસમાં સર્વાનુમતે માન્ય રાખ્યો.

૧૯૬૫માં ગોલકનાથ નામની વ્યક્તિએ સુપ્રીમ કોર્ટને અરજી કરી ફરીથી મુદ્દો ઉઠાવ્યો કે સત્તરમો સુધારો કરવાની પાર્લામેન્ટને સત્તા ન હતી, શંકરીપ્રસાદના કેસનો ચુકાદો ખોટો છે અને સુપ્રીમ કોર્ટે ફરીથી તેની વિચારણા કરવી જોઈએ. સજ્જનસિંહના કેસમાં બે જજોએ શંકરીપ્રસાદના કેસના ચુકાદા વિષે શંકા ઉઠાવી હતી તેનો આધાર લઈ સુપ્રીમ કોર્ટે તે ચુકાદાની ગોલકનાથના કેસમાં ફરી વિચારણા કરી. આ વખતના વડા ન્યાયમૂર્તિ જસ્ટીસ સુબ્બારાવ દૃઢપણે એવા મતના હતા, કે પાર્લામેન્ટને આવી સત્તા હોવી ન જોઈએ. એટલે તેમણે ૧૧ જજોની બેંચ રચી, શંકરીપ્રસાદના ચુકાદાને બદલાવવા તક લીધી. બીજા કોઈ વડાન્યાયમૂર્તિ હોત તો કદાચ આવું બન્યું ન હોત. આ વખતે જે ૧૧ જજોએ આ કેસ સાંભળ્યો, તેમાંથી ૬ જજોએ શંકરીપ્રસાદ કેસના ચુકાદાને ખોટો ઠરાવ્યો. પાંચ જજોએ તેનું સમર્થન કર્યું. એટલે એકની બહુમતીથી શંકરીપ્રસાદના કેસનો ચુકાદો રદ થયો અને પાર્લામેન્ટને મૂળ અધિકારો છીનવી લેવાય અથવા ન્યૂન થાય એવો બંધારણમાં ફેરફાર કરવાની સત્તા નથી એમ એ વખતે સુપ્રીમ કોર્ટનો નિર્ણય થયો ગણાય.

આવી રીતે, ૧૬ વર્ષ પછી, સુપ્રીમ કોર્ટે એકની બહુમતીથી, પોતાનો અભિપ્રાય બદલાવ્યો.

સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો શંકરીપ્રસાદના કેસમાં પાંચ જજોએ સર્વાનુમતે ચુકાદો આપ્યો, સજ્જનસિંહના કેસમાં ત્રણ જજોએ તેનું પૂર્ણ સમર્થન

કર્યું, અને ગોલકનાથના કેસમાં પાંચ જજોએ તેનું સમર્થન કર્યું. એટલે ૧૩ જજોએ અભિપ્રાય આપ્યો કે પાર્લામેન્ટને આવી સત્તા છે અને ૮ જજોએ એવો અભિપ્રાય આપ્યો કે સત્તા નથી. તેમાં સજ્જનસિંહના કેસમાં જે બે જજો હતા–વાંછુ અને હિદાયતુલ્લા–તેઓ ગોલકનાથના કેસમાં પણ હતા, તેમાંથી વાંછુએ શંકરીપ્રસાદના કેસનું સમર્થન કરેલું તે અભિપ્રાય કાયમ રાખ્યો, જ્યારે હિદાયતુલ્લાએ શંકા ઉઠાવેલી તે પાકી થઈ અને શંકરીપ્રસાદવા ચુકાદાથી વિરુદ્ધ મત આપ્યો. એકંદરે આ પ્રશ્નની ચોક્કસપણે વિચારણા કરવાની જેને જરૂર પડી એવા ૧૯ જજોમાંથી ૧૨ જજોએ પાર્લામેન્ટને સત્તા છે એવો અભિપ્રાય આપ્યો, અને ૭ જજોએ સત્તા નથી એવો અભિપ્રાય આપ્યો. પણ ગોલકનાથના કેસના ૧૧ જજોમાં ૬ જજોનો એક અભિપ્રાય થયો – જેમાં હિદાયતુલ્લા એક છે – એટલે બહુમતી અભિપ્રાય છેવટનો ગણાયો.

પ્રશ્નના ગુણદોષનો વિચાર કરતાં પહેલાં, આટલી વિગતથી મેં આ પ્રશ્નનો ઇતિહાસ આપ્યો છે, તે એ બતાવવા માટે કે આ પ્રશ્ન કેટલો અટપટો છે અને તેને વિષે કેટલો તીવ્ર મતભેદ હોઈ શકે છે. વળી સુપ્રીમ કોર્ટના ચુકાદાને આપણે જરૂર માન આપીએ; પણ સુપ્રીમ કોર્ટના જજોમાં જ તીવ્ર મતભેદ હોય ત્યારે આ ચુકાદો છેવટનો અથવા અંતિમ સત્ય છે એમ માનવાને કારણ રહેતું નથી. દરેક જજે, પોતાનો અભિપ્રાય આપતાં, સબળ કારણો આપ્યાં છે, જે હવે પછી ટૂંકમાં બતાવીશ. આવા સંજોગોમાં, જો પાર્લામેન્ટ, બંધારણમાં ફેરફાર કરી, સ્પષ્ટ કરવા ઇચ્છે કે મૂળ અધિકારોમાં ફેરફાર કરવાની તેને સત્તા છે–જે સત્તા સુપ્રીમ કોર્ટે ૧૯૫૧માં માન્ય રાખી હતી–તો પાર્લામેન્ટ કોઈ ભારે અનર્થ કરી રહી છે અથવા સુપ્રીમ કોર્ટનો મોટો અનાદર કરી રહી છે એમ કોઈ સમજદાર વ્યક્તિ નહિ કહે. ન્યાયાલયોનો જરૂરી અને પૂર્ણ આદર કરવો જોઈએ–ખાસ કરી સર્વોચ્ચ અદાલતનો. નાગરિક હક્કોના એ ચોકીદાર છે અને રાજ્યના અન્યાયોથી પ્રજાને બચાવનાર છે. પણ તેની મર્યાદા પણ સમજી લેવી જોઈએ. પાર્લામેન્ટ અને ન્યાયાલયો પોતાની મર્યાદામાં સર્વોપરી છે. અંતે તો પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધિઓની સંસ્થા જ રાજ્યની નીતિ ઘડી શકે છે–તે યોગ્ય હોય કે અયોગ્ય. સંસ્થા પ્રત્યે તિરસ્કાર કેળવવાથી લોકશાહીને જ નુકસાન કરીશું.

*

હવે આ પ્રશ્નના ગુણદોષ ઉપર વિચાર કરીએ. તેમાં બે મુખ્ય મુદ્દા સમાયેલા છે :

(૧) બંધારણ મુજબ મૂળ અધિકારોમાં કોઈ અધિકાર રદ કરવાની અથવા ન્યૂન કરવાની સત્તા પાર્લામેન્ટને છે કે નહિ ?

(૨) આવી સત્તા પાર્લામેન્ટને હોવી જરૂરની અથવા ઇષ્ટ છે કે નહિ ?

સુપ્રીમ કોર્ટ સમક્ષ પહેલો પ્રશ્ન જ હતો. કોર્ટે કાયદાનો અર્થ કરવાનો છે. તેની યોગ્યતા અથવા અયોગ્યતા, જરૂરિયાત અથવા બિનજરૂરિયાત આ પ્રશ્નો રાજકીય નીતિના છે, જે પ્રજાના ચુંટાયેલ પ્રતિનિધિઓ – જેમને કાયદા ઘડવાની સત્તા છે – તેમણે નક્કી કરવાના છે.

Parliament represents the will of the people.

જો આટલી જ વાત છે તો આ બાબત આટલો બધો મતભેદ કેમ થયો ? આ પ્રશ્નનો નિર્ણય બંધારણની બે કલમો ઉપર આધાર રાખે છે. કલમ ૩૬૮-માં બંધારણમાં ફેરફાર કેવી રીતે થઈ શકે તેની પ્રક્રિયા (procedure) બતાવી છે. સામાન્ય કાયદો સામાન્ય બહુમતીથી થઈ શકે. બંધારણમાં ફેરફાર કરતા કાયદા માટે, તેની અગત્ય જોતાં, વિશિષ્ટ બહુમતીની જરૂર રહે છે. વળી બંધારણના કેટલાક ભાગો એવા છે જે રાજ્યો અને કેન્દ્ર વચ્ચેના સંબંધોને લગતા છે, તેમાં કાંઈ ફેરફાર કરવો હોય તો રાજ્યોની સંમતિ મેળવવાની રહે છે. કલમ ૩૬૮ મુજબ બંધારણના કોઈ પણ ભાગમાં – પછી તે મૂળ અધિકારોને લગતો હોય તો પણ – તેની પ્રક્રિયા મુજબ પાર્લામેન્ટ ફેરફાર કરી શકે છે. કલમ ૩૬૮માં એવો કોઈ ઉલ્લેખ નથી કે બંધારણના કોઈ ભાગમાં પાર્લામેન્ટ ફેરફાર કરી ન શકે. તો પછી મુશ્કેલી ક્યાં ઊભી થઈ ?

મૂળ અધિકારોને લગતો જે ભાગ છે તેની કલમ ૧૪ થી ૩૪ છે. તે ભાગની શરૂઆતમાં કલમ ૧૩ મી છે, જેમાં એમ જણાવ્યું છે કે આ ભાગમાં (મૂળ અધિકારોને લગતા ભાગમાં) જે અધિકારોનો ઉલ્લેખ છે તેમાંથી કોઈ અધિકાર છીનવી લેતો અથવા ન્યૂન કરતો (take away or abridge કરતો) કાયદો રાજ્ય (state)–જેમાં પાર્લામેન્ટનો પણ સમાવેશ થાય છે–કરી શકશે નહિ. અને એવો કોઈ કાયદો કરશે તો જેટલે દરજ્જે ઉલ્લંઘન કરતો હોય તેટલે દરજ્જે તે કાયદો રદ ગણાશે.

તો ટૂંકો મુદ્દો એટલો જ છે કે જે કાયદાનો આ કલમ ૧૩ માં ઉલ્લેખ છે તે કયો કાયદો ? કાયદા બે પ્રકારના છે : એક સામાન્ય બહુમતી–by legislative process–થી થાય તે. આ કાયદો બંધારણની રૂએ, બંધારણ મુજબ–under the constitution or in accordance with the

constitution કરેલ કાયદો છે. બીજા પ્રકારનો કાયદો તે બંધારણમાં જ ફેરફાર કરતો કાયદો–constitutional amendment. આવા પ્રકારનો કાયદો પાર્લામેન્ટ કરે ત્યારે માત્ર legislative process નથી, પણ constituent power–બંધારણ ઘડવાની અને તેમાં ફેરફાર કરવાની સત્તાનો અમલ કરે છે. જે જજોએ પાર્લામેન્ટને મૂળ અધિકારોમાં ફેરફાર કરવાની સત્તા છે એમ ઠરાવ્યું તેમણે કલમ ૧૩ નો એવો અર્થ કર્યો કે તેમાં જે કાયદાનો ઉલ્લેખ છે તે સામાન્ય કાયદો, બંધારણમાં ફેરફાર કરતો કાયદો નહિ. ગોલકનાથના કેસમાં જે ૭ જજોએ પાર્લામેન્ટને આવી સત્તા નથી એમ ઠરાવ્યું તેમણે એ અભિપ્રાય આપ્યો કે કલમ ૧૩ માં જણાવેલ કાયદામાં બંધારણમાં ફેરફાર કરતા કાયદાનો પણ સમાવેશ થાય છે, માટે પાર્લામેન્ટ એવો કોઈ કાયદો કરી શકતી નથી.

શંકરીપ્રસાદના કેસમાં ૧૯૫૧ માં આ પ્રશ્નનો પ્રથમ ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો તે તેમાંના બે ફકરાથી સ્પષ્ટ થશે:

"The State" includes parliament (article 12) and "law" must include a constitutional amendment.

Although "law" must ordinarily include Constitutional law, there is a clear demarcation between ordinary law which is made in the exercise of legislative power and Constitutional law which is made in exercise of constituent power.

"We have here two Articles, each of which is widely phrased, but conflicts in its operation with the other. Harmonious Construction requires that one should be read as controlled and qualified by the other."

શંકરીપ્રસાદના કેસમાં પાંચ જજોએ સર્વાનુમતે આ પ્રમાણે અર્થ કર્યો.

ગોલકનાથ કેસના ૭ જજો જેમણે વિરુદ્ધ અભિપ્રાય આપ્યો તેમાંના નીચેના ફકરાઓથી મતભેદ સ્પષ્ટ થશે :

"An amendment of the constitution is made only by legislative process with ordinary majority or special majority as the case may be. Therefore, amendments

under article 368 or under other articles are made only by Parliament by following the legislative proccss adopted by it in making other law. In the premises, an amendment of the Constitution can be nothing but "law".

"Our Constitution adopted a novel method in the sense that Parliament makes the amendment by legislative process subject to certain restrictions and that the Amendment so made being "law" is subject to Article 13 (2)."

જે પાંચ જજોએ શંકરીપ્રસાદના કેસનું સમર્થન કર્યું તેમની વતી જસ્ટીસ વાંછુએ કહ્યું :

"If we look at the quality and nature of what is done under article 368, we find that it is the exercise of Constituent power......and is very different from the exercise of ordinary legislative power...What emerges after the procedure under article 368 is gone through is not ordinary legislation but an amendment of the Constitution which becomes a part of the fundamental law itself."

ગોલકનાથના કેસમાં આપણા આખા બંધારણની ખૂબ ઝીણવટપૂર્વક અને વિસ્તારથી છણાવટ થઈ છે, બીજા દેશોનાં બંધારણોના ઉલ્લેખો થયા છે, અને વિદ્વત્તાપૂર્ણ અને સબળ દલીલો સહિતના ચુકાદાઓ બંને પક્ષે અપાયા છે.

સામાન્ય જનને આશ્ચર્ય થાય કે કાયદાના અર્થ કરવામાં વળી આટલો બધો તીવ્ર મતભેદ શો?

હકીકતમાં, કાયદાના અર્થ કરવામાં અનેક મુશ્કેલીઓ ઊભી થાય છે. તેની ભાષા બરાબર ન હોય, એ ભાષામાં ભાવ બરાબર આવ્યો ન હોય, એકથી વિશેષ અર્થ સંભવિત હોય. આ તો સામાન્ય મુશ્કેલી થઈ. વિશેષમાં, બધી બાબતોનો પ્રબંધ કાયદામાં થઈ શકતો નથી.

પલટાતા સંજોગો પ્રમાણે તેનો અર્થ કરવો પડે છે. ખાસ કરી, બંધારણીય પ્રશ્નો હોય ત્યાં આવી મુશ્કેલીઓ વિશેષ રહે છે. દાખલા તરીકે,

બંધારણની કલમ ૧૯ મુજબ દરેક નાગરિકને વેપાર અથવા ધંધો કરવાનો મૂળ અધિકાર છે. પણ એ જ કલમમાં આ મૂળ અધિકાર ઉપર, સમાજહિતમાં વ્યાજબી અંકુશો મૂકવાની રાજ્યને સત્તા છે. કંપની લૉમાં આવા અંકુશો છે. દાણચોરી ખૂબ થતી હોય તો વેપાર ઉપર અંકુશો મુકાય. એવી જ રીતે બીજા – વાણીસ્વાતંત્ર્ય, સભાઓ ભરવી – વગેરે અધિકારો વિશે પણ. હવે વ્યાજબી અંકુશો કોને કહેવા ? પાર્લામેન્ટને વ્યાજબી લાગે, કોર્ટને વ્યાજબી ન લાગે. legal અને judiciary વચ્ચે સંઘર્ષનું મૂળ આમાં રહ્યું છે. કાયદાના અર્થ કરવામાં માત્ર શબ્દોનો અર્થ થતો નથી. જજ પણ છેવટે એક ચોક્કસ અભિપ્રાય ધરાવતી વ્યક્તિ છે. અલબત્ત, પોતાના અભિપ્રાયોને કાયદાના અર્થ કરતી વખતે વચ્ચે લાવવા ન જોઈએ. આ કહેવું સહેલું છે. સુપ્રીમ કોર્ટે જ એક કેસમાં કહ્યું છે :

"In evaluating such elusive factors (like reasonable restriction) and forming their own conclusion of what is reasonable, in all the circumstances of a given case it is inevitable that the social philosophy and the scale of values of the judges participating in the decision should play an important part and the limit to their interference with legislative judgement in such cases can only be dictated by their sense of responsibility and self-restraint and the sobering reflection that the constitution is meant, not only for people of their way of thinking but for all and that the majority of the elected representatives of the people in authorising the imposition of the restrictions, considered them to be reasonable."

જે છ જજોએ પાર્લામેન્ટને આવી સત્તા નથી એવું ઠરાવ્યું તેમણે મૂળ અધિકારો શા છે, તેનું સ્વરૂપ, તેમાં ફેરફાર કેમ ન થઈ શકે, તેમ કરવા દેવાય તો કેવું અનિષ્ટ થાય વગેરે પ્રશ્નોની લંબાણથી ચર્ચા કરી છે: જે પાંચ જજોએ પાર્લામેન્ટને આવી સત્તા છે એમ ઠરાવ્યું તેમણે આ બધાનો સબળ જવાબ આપ્યો છે. શંકરીપ્રસાદના કેસમાં આવી ચર્ચા થઈ નથી. એ કેસના

જજોએ legal interpretetion મુખ્ય ધ્યેય રાખ્યું. મેં ઉપર જણાવ્યું તેમ બીજો પ્રશ્ન પાર્લામેન્ટને સત્તા હોવી જોઈએ કે નહિ તે રાજનીતિનો છે, પાર્લામેન્ટનો અધિકાર છે, કોર્ટનો નહિ. પણ જ્યાં એકથી વિશેષ અર્થ થઈ શકે અથવા કરી શકાય, ત્યાં અજાણપણે પણ પોતાનો અભિપ્રાય જજના નિર્ણયમાં અગત્યનો ભાગ ભજવે તેવું બને છે. આવી સત્તા હોવી ન જોઈએ માટે **નથી** એવા નિર્ણય ઉપર આવી જવાય. આમ કરવા જતાં, **જજો** કાયદાના અર્થ કરે છે એટલું **જ** નહિ પણ નવો કાયદો કરે છે જે તેમના અધિકારમાં નથી. ગોલકનાથના કેસની સમીક્ષા કરતાં, મહારાષ્ટ્ર રાજ્યના એડવોકેટ જનરલ સીરવાઈએ કટાક્ષમાં કહ્યું છે :

"But apparently. modern theories of judicial function in a dynamic society confers on the highest court of the country and on that court alone, a power to make laws for the country, including an amendment of its constitution, a power denied to Parliament...... It is submitted that such claim made for the judicial function has no place in our Constitution."

એક અમેરિકન જજે કહ્યું છે તેમ

"It is an exercise of the powers of a super legislature, not the performance of the Constitutional function of judicial review."

ગોલકનાથના કેસમાં જસ્ટીસ બચાવતે કહ્યું :

"Such a naked power of amendment of the Constitution is not given to the judges."

*

હવે પાર્લામેન્ટને આવી સત્તા હોવી જરૂરની અથવા ઇષ્ટ છે કે નહિ તે વિચારીએ. આ પ્રશ્ન સમજવા મૂળ અધિકારોનું સ્વરૂપ સમજવું પડશે. આ અધિકારો આ પ્રકારના છે : (૧) સમાનતા–Right to Equality, (૨) સ્વાતંત્ર્ય–Right to Freedom, (૩) શોષણવિરોધી અધિકાર–Right against Exploitation, (૪) ધર્મસ્વાતંત્ર્ય–Right to Freedom of Religion, (૫) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો–Cultural and

Educational Rights, (૬) મિલકતના હક–Right to Property, (૭) અદાલતી સંરક્ષણનો અધિકાર–Right to Constitutional Remedies. આમાંના કેટલાક હકો માનવીના મૂળભૂત અધિકારો–Human Rights–છે જે કોઈ પણ લોકશાહી રાજ્યતંત્રમાં દરેક માનવીને હોવા જોઈએ. વ્યક્તિના આ અધિકારોને સમાજહિતમાં ઘણી મર્યાદાઓ છે પણ એવી મર્યાદાઓ મૂકવાની રાજ્યની સત્તાને પણ મર્યાદા છે. આમાંના કેટલાક હક્કો ભારતની પરિસ્થિતિ અંગેના ખાસ છે. દા. ત., અસ્પૃશ્યતાનાબૂદી–સમાનતાના હકનું અંગ છે. આપણો દેશ બહુભાષી, બહુજાતીય, બહુધર્મી–multilingual, multi-racial, multi-religious છે. વળી ઘણી પછાત કોમો છે. આવી લઘુમતીઓના સાંસ્કૃતિક, શૈક્ષણિક અને ધાર્મિક હક્કોના રક્ષણ માટે અને તેમનું શોષણ ન થાય તે માટે કેટલાક અધિકારોને મૂળભૂત ગણ્યા છે.

આપણા બંધારણની એક વિશેષતા છે. તેમાં મૂળભૂત અધિકારો આપ્યા છે, એટલું જ નહિ પણ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો–Directive Principles of State Policy–પણ આપ્યા છે. રાજ્યની ફરજો–રાજ્યે શું કરવાનું છે તે પણ બતાવ્યું છે. બંધારણના ઉદ્દેશ મુજબ દેશના બધા નાગરિકો માટે સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ–Justice, Liberty, Equality and Fraternity–સિદ્ધ કરવાના છે. આ સિદ્ધિ માટે ઘણું કરવાનું રહે છે. સ્થાપિત હિતો, આ આદર્શની સિદ્ધિમાં અવરોધી હોય તો તેમને નાબૂદ કરવા પડે. બંધારણના ચોથા ભાગમાં રાજ્યની આ ફરજોનો ઉલ્લેખ છે. બંધારણની કલમ ૩૭માં કહ્યું છે કે આ સિદ્ધાંતો પણ fundamental in the governance of the country and it shall be the duty of the state to apply these principles in making laws. આ સિદ્ધાંતો મુજબ, દાખલા તરીકે, રાજ્યે પોતાની નીતિ એવી રાખવી કે સમાજની ભૌતિક સાધનસંપત્તિની માલિકી અને અંકુશ સાર્વજનિક હિત માટે હોય અને ઇજારાશાહી પેદા ન થાય; આર્થિક જરૂરિયાતના કારણે, પોતાની ઉંમર કે શક્તિને અયોગ્ય કામો નાગરિકે કરવાં ન પડે અને તેમની તાકાત અને તંદુરસ્તીનો ભોગ ન લેવાય. કામ કરવાના, શિક્ષણ પ્રાપ્ત કરવાના, બેકારી, વૃદ્ધાવસ્થા કે અશક્તિ જેવા સંકટકાળે સરકારી મદદ મેળવવાના હક નાગરિકને રહે. ચૌદ વર્ષની વય સુધીનાં બાળકો માટે ફરજિયાત અને મફત શિક્ષણની જોગવાઈ કરવી, દલિત વર્ગોની રક્ષા કરવી, ખેતીવાડી–પશુપાલન–ગૃહઉદ્યોગોને અદ્યતન ઢબે વિકસાવવાં, આવી ઘણી ફરજો રાજ્ય ઉપર

બંધારણમાં નાખવામાં આવી છે. કલ્યાણ રાજ્યનો આદર્શ હોય તો રાજ્યની આ ફરજો મૂળભૂત અને પાયાની તથા સર્વોપરી છે.

પણ મૂળભૂત હક્કો અને રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતોમાં એક મોટો ફરક છે. મૂળભૂત હકોનો અમલ કોર્ટ મારફત કરાવી શકાય. નિર્દેશક સિદ્ધાંતોનો અમલ કોર્ટ મારફત ન થઈ શકે. કારણ સ્પષ્ટ છે. મૂળભૂત હકોમાં રાજ્યે શું ન કરવું તેનો પ્રબંધ છે. નિર્દેશક સિદ્ધાંતોમાં રાજ્યોએ શું કરવું એનો પ્રબંધ છે. Fundamental rights represent the limits of state action; Directive principles of state policy are the obligations and the duties of the government as a good and social government. રાજ્યે શું ન કરવું તે માટે કોર્ટ હુકમ કરી અમલ કરાવી શકે છે; પણ શું કરવું તે કોર્ટ નક્કી પણ ન કરી શકે અને અમલ પણ કરાવી ન શકે. છતાં રાજ્ય માટે તો રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતો એટલા જ, કદાચ વિશેષ, અગત્યના છે. બે વચ્ચે વિરોધ થાય તો શું કરવું ? દા.ત., મૂળભૂત હકમાં મિલકતનો હક છે. એટલે કે દરેક નાગરિકને મિલકત મેળવવાનો અને ધરાવવાનો અધિકાર છે, અને વળતર આપ્યા વિના રાજ્ય કોઈની મિલકત લઈ શકતું નથી. પણ સંપત્તિની માલિકી અને અંકુશ સાર્વજનિક હિત માટે થાય અને ઇજારાશાહી ન થાય એ રાજ્યનીતિનો સિદ્ધાંત છે. કોર્ટ મૂળભૂત હકનો અમલ કરે; રાજ્યને સામાજિક હિતના સિદ્ધાંતનો અમલ કરવો છે અને મૂળભૂત હકનો કોર્ટે કરેલ અર્થ મુજબ, સિદ્ધાંતનો અમલ ન થાય તો મૂળભૂત હકમાં ફેરફાર કરવો જ રહ્યો. કોર્ટે એમ કહ્યું છે કે બનતાં સુધી harmonious intepretation કરવું. પણ એમ બન્યું નથી અને તેથી મૂળભૂત હકોમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. તે હવે પછી જરા વિગતથી વિચારીએ.

મૂળભૂત હકો ન્યૂન કરવાનો પાર્લામેન્ટને અધિકાર નથી એવું જે જજોએ કહ્યું છે તેમણે મૂળભૂત હકોને ભાવનાત્મક સ્વરૂપ આપવા કેટલાંક વિશેષણો લગાડ્યાં : Transcendental, Natural, Immutable, Sacro-sanct, Inalienable and inviolable. જાણે આ કોઈ ઈશ્વરદત્ત અધિકારો હોય જેમાં માનવીએ માથું મારવું એ ગુનો છે. અલબત્ત, કેટલાક અધિકારો એવા છે કે જે દરેક માનવીને હોવા જ જોઈએ અને રાજ્ય તે છીનવી ન શકે. દા. ત., વાણીસ્વાતંત્ર્ય, સમાનતા, ધર્મસ્વાતંત્ર્ય વગેરે. પણ આ હકો કોણ છીનવી લેવાનું છે ? કોઈ પણ પાર્લામેન્ટ એ કરવાનો પ્રયત્ન કરશે તો ઊખડી જશે. ૨૦ વર્ષમાં એવું કાંઈ થયું છે ? પણ આ વિષે વધુ વિગત આપવી જરૂરી લાગે છે.

પાર્લામેન્ટને મૂળભૂત હકો ન્યૂન કરવાનો અધિકાર નથી એવું જે જજોએ કહ્યું તેમની સમક્ષ બે મોટી મુશ્કેલીઓ આવીને ઊભી રહી. એક, એ કે ૧૯૫૧થી મૂળભૂત હકોમાં કેટલાક મહત્ત્વના ફેરફાર થયા છે, ખાસ કરી મિલકતના હકમાં જેને આધારે દેશમાં, ચીફ જસ્ટીસ સુબારાવના શબ્દોમાં કહીએ તો મોટો Agrarian Revolution થઈ ગયો. જમીનદારીઓ નાબૂદ થઈ અને લાખો એકર જમીનની હેરફેર થઈ. જો આ ફેરફાર કરવાનો પાર્લામેન્ટને હક ન હતો તો ૧૯૫૧થી કરેલ ફેરફારો બધા ગેરબંધારણીય ગણાવા જોઈએ અને તેને આધારે જમીનદારીઓ નાબૂદ થઈ છે તે પાછી લાવવી જોઈએ. આવો નિર્ણય કોર્ટ માટે પણ અશક્ય હતો. એવું કાંઈ કરવાનો પ્રયત્ન કરે તો મોટો બળવો થાય. એટલે બહુમતી ચુકાદો આપ્યો તે ૭ જજોએ એક નવો માર્ગ શોધ્યો.

આ નવો માર્ગ prospective overruling એટલે કે આજ સુધી પાર્લામેન્ટે જે કર્યું તે ગેરબંધારણીય હતું છતાં બંધારણીય ગણવું અને હવે પછી પાર્લામેન્ટને તેમ કરવાનો અધિકાર નથી એમ જાહેર કરવું. આ અમેરિકન doctrine છે. આપણા બંધારણને અનુકૂળ નથી, છતાં તેને લગાડી દીધું. ચીફ જસ્ટીસ સુબારાવે કહ્યું : "As this Court for the first time has been called upon to apply the doctrine evolved in a different country under different circumstances, we would like to more varily." આ નવા સિદ્ધાંત વિષે જસ્ટીસ વાંછુએ કહ્યું :

"We must say we are not prepared to accept the doctrine of prospective overruling."

જસ્ટીસ બચાવતે કહ્યું :

"If they (amendments of fundamental rights by Parliament) are void, they do not legally exist from their very inception. They cannot be valid from 1951 to 1967 and invalid thereafter."

પણ ચીફ જસ્ટીસ સુબારાવના અભિપ્રાય મુજબ તો આ સુધારાઓ ૧૯૬૭ પછી પણ ગેરકાયદેસર નથી. તેને તો કાયમ માટે કાયદેસર ઠરાવ્યા. જે સત્તરમા સુધારાને તેમણે ગેરકાયદેસર ગણ્યો અને જેને માટે ગોલકનાથે અરજી કરી હતી તે સુધારો કરવાનો પાર્લામેન્ટને અધિકાર નથી એમ કહી તે સુધારો કાયમ માટે સ્વીકાર્યો અને ગોલકનાથની અરજી કાઢી નાખી. ૭

જજોનો ચુકાદો કાયદામાં જેને obiter કહે છે, બિનજરૂરી અભિપ્રાય– તેવો રહ્યો.

આ નવા અમેરિકન Doctrineને બદલે આપણે ત્યાં બીજો સિદ્ધાંત છે: Stare Decisis. એક ચુકાદો લાંબો વખત સ્વીકારાયો હોય અને તેને પરિણામે બીજા ઘણા કાયદાઓ અને આર્થિક વ્યવહારો થયા હોય તો લાંબા સમય પછી તે ચુકાદો બરાબર ન હતો એમ લાગે તો પણ, તેને રદ કરવાથી અનેક અનર્થો પેદા થાય તો તેને કાયમ રાખવો. Let the decision stand. આ સંબંધે જસ્ટીસ વાંછુએ કહ્યું:

"The is the fittest possible case in which the principle of Stare Decisis should be applied."

"We would be very reluctant to over-rule the unanimous decision in Sankari Prasad's case or any other unanimous decision by the slender majority of one in a larger Bench constituted for the purpose."

૭ જજો સમક્ષ બીજી પણ મોટી મુશ્કેલી હતી. મૂળભૂત અધિકારો immutable છે એમ ઠરાવવું અઘરું હતું. ચીફ જસ્ટીસ સુબારાવે જ જણાવ્યું:

"An unamendable constitution is the worst tyranny of time or rather the very tyranny of time."

"...It is impossiple to conceive of an unamendable Constitution as anything but a contradiction in terms."

જસ્ટીસ હિદાયતુલ્લાએ કહ્યું કે રાજ્યને (the state જેમાં પાર્લામેન્ટ આવી જાય) હંમેશાં બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર છે જ. તો પછી અહીં કેમ નથી? કારણ કે, તેમના કહેવા મુજબ, બંધારણ ઘડતી વખતે રાજ્યે સ્વેચ્છાએ આ અધિકાર જતો કર્યો છે. તો હવે શું કરવું? તેમની સૂચના મુજબ બીજી Constituent Assembly બોલાવવી જોઈએ. કોણ બોલાવે? પાર્લામેન્ટ જ.

"The State must reproduce the power which it has chosen to put under restraint, Parliament must amend

article 368 to convoke another constituent assembly; that assembly may be able to abridge or take away fundamental Rights, if desired."

આ દલીલનો જવાબ આપતાં એડવોકેટ જનરલ સીરવાઈ કહે છે :

"On principle, it is difficult to understand how, if a freely elected Parliament cannot be trusted to amend Part III as provided by Article 368, another body, set up by the same parliament, can aquire higher Authority, Therefore, a Constituent Assembly is either legally impossible or wholly unnecessary."

૭ જજોએ આવો ચુકાદો કેમ આપ્યો ?

એક તો એમ કહેવાય કે તેમણે બંધારણનો સાચો અર્થ કર્યો છે. પણ ૧૩ જજોએ બીજો અભિપ્રાય આપ્યો છે અને માત્ર બંધારણનો અર્થ જ કરવો હતો તો બીજી બધી ચર્ચા અસ્થાને હતી. પણ એમને એમ પણ હતું કે આવી સત્તા પાર્લામેન્ટને હોય તે યોગ્ય નથી. કેમ ? ચીફ જસ્ટીસ સુબારાવે કહ્યું છે :

"Such a restrictive power gives stability to the Country and prevents it from passing under a totaliterian or dictatorial regime."

"Should we hold that...Parliament had power to take away fundamental rights, a time might come when we would gradully and imperceptibly pass under a totalitarian rule."

જસ્ટીસ હિદાયતુલ્લાએ કહ્યું છે :

"The apprehnsion is that democracy may be lost if there is no liberty based on law and law based on equality. The protection of the Fundamental Rights is necessary so that we may not walk in fear of democracy itself."

એટલે લોકશાહીના રક્ષણ માટે પાર્લામેન્ટને આવી સત્તા હોવી ન જોઈએ એમ તેમણે માન્યું.

પ્રજાના ચૂંટાયેલ પ્રતિનિધિઓનો અવિશ્વાસ કરવો એ જો લોકશાહી હોય તો ક્યાં સુધી એવી લોકશાહી ટકવાની? છેવટ મૂળભૂત અધિકારો બંધારણમાં કોણે મૂકયા છે? પ્રજાના ચૂંટાયેલ પ્રતિનિધિઓએ કે કોર્ટે? અને જો પાર્લામેન્ટ ઉપર આવા અંકુશ મૂકવામાં આવે અને પાર્લામેન્ટને જરૂર લાગે તેવા ફેરફાર કરી ન શકે તો તેનો શો વિકલ્પ રહ્યો? બળવો કરવો અથવા બંધારણને ફગાવી દેવું. આવા સંજોગો ઉત્પન્ન કરવાથી લોકશાહી ટકશે? જસ્ટીસ વાંચુએ આ દલીલને "Argument of Fear" કહ્યો. તેમણે કહ્યું છે:

"Making our constitution rigid will not stop the frightfulness which is conjured up before us... an interpretation which makes our constitution rigid...will make a violent revolution followed by frightfulness... a nearer possibility than an interpretation which will make it flexible.

"The power of amendment... is a safety valve which to a large extent provides for stable growth and makes violent revolution more or less unnecessary.

"Even if it (Parliament) abuses the power of constitutional amendment, the check... is not in courts, but in the people who elect members of the Parliament."

છ જજોએ જે ભય બતાવ્યો એવો ભય રાખવાનું કોઈ કારણ છે? મૂળભૂત અધિકારોમાં ફેરફાર કરતાં જે સુધારા ૧૬ વર્ષના ગાળામાં પાર્લામેન્ટે કર્યા છે – પહેલો, ચોથો, સોળમો અને સત્તરમો સુધારો – તેમાં મિલકતના હકને લગતી ૩૧મી કલમના ફેરફાર બાદ કરીએ, તો મૂળભૂત હકના બાકીના બધા સુધારા જસ્ટીસ હિદાયતુલ્લાના મત મુજબ પણ બંધારણ મુજબ કાયદેસર છે. એટલે કોઈ મૂળભૂત હક – મિલકતને લગતા હક સિવાય – પાર્લામેન્ટે ઓછો

કર્યો નથી કે રદ કર્યો નથી. આ બધા સુધારા ખૂબ વિગતથી તપાસ્યા પછી જસ્ટીસ હિદાયતુલ્લાએ કહ્યું :

"In the result, none of the amendments in the Articles in parts other than that dealing with Right to property is outside the amending process because article 13 (2) is in no manner breached."

તો પ્રજાના જે પ્રતિનિધિઓએ મૂળભૂત હકો બંધારણમાં મૂક્યા, જેમણે ૧૬ વર્ષમાં મિલકતના હક સિવાય બીજા કોઈ હકને આંચ આવે એવો ફેરફાર કર્યો નથી તેમનો અવિશ્વાસ કરી, આવી સત્તા પાર્લામેન્ટને હશે તો લોકશાહી ખતરામાં છે એમ કહેવું વ્યાજબી છે ?

હવે મિલકતને લગતા હકમાં પાર્લામેન્ટે શા માટે ફેરફાર કરવા પડ્યા ? પહેલાં તો મિલકતને લગતો મૂળભૂત હક હોઈ શકે ? જસ્ટીસ હિદાયતુલ્લાએ કહ્યું છે :

"Our constitution accepted the theory that Right of Property is a fundamental right. In my opinion, it was an error to place it in that category.... of all the fundamental rights it is the weakest."

મિલકતનો હક કોઈ કુદરતી હક નથી. It is not a natural right. બલ્કે, સાચો સિદ્ધાંત, સબ ભૂમિ ગોપાલકી, છે. બંધારણ ઘડાતું હતું ત્યારે હું વિધાનસભાનો સભ્ય હતો. આ વિષય ઉપર ખૂબ ચર્ચા થયેલ. છેવટે એક compromise formula તરીકે કલમ ૩૧મી મુકાઈ. જવાહરલાલ નહેરુને ભય હતો કે આ કલમ કોંગ્રેસને તેની નીતિનો પૂરો અમલ કરતાં કદાચ અવરોધક થાય. પણ એમ વિશ્વાસ હતો કે કોર્ટ આ કલમનો એવો અર્થ નહીં કરે કે જમીનદારીનાબૂદી વગેરે કાર્યક્રમને ખલેલ પહોંચે. પણ દુર્ભાગ્યે એમ જ બન્યું. જસ્ટીસ હિદાયતુલ્લાએ કહ્યું છે :

"All would have been well if the Courts had constructed aricle 31 differently."

જમીનદારીનાબૂદીના કાયદાને પડકારતી અરજીઓ કોર્ટમાં થઈ ત્યારે કોર્ટે એવો અર્થ કર્યો કે કલમ ૩૧ માં મિલકતના હકને જે રક્ષણ આપ્યું

છે તે જોતાં આ કાયદાઓ ગેરબંધારણીય છે. એટલે કલમ ૩૧માં ફેરફાર કરી એ હક ન્યૂન કરવા સિવાય પાર્લામેન્ટને કોઈ માર્ગ ન હતો – સિવાય કે જમીનદારીનાબૂદીનો બધો કાર્યક્રમ જતો કરે. તેથી પ્રથમ સુધારો–First Amendment થયો. આવો સુધારો કરવાની પાર્લામેન્ટને સત્તા નથી એવી અરજી સુપ્રિમ કોર્ટમાં થઈ અને સદ્‌ભાગ્યે શંકરીપ્રસાદના કેસમાં પાંચે જજોએ સર્વાનુમતે ઠરાવ્યું કે આવી સત્તા છે. ૭ જજોએ અત્યારે જે અર્થ કર્યો છે તે ત્યારે કરવામાં આવ્યો હોત તો શું થાત તે કલ્પવું મુશ્કેલ છે. ત્યારપછી જમીનદારી અને જમીનવિતરણ અંગે Land legislationના ઘણા કાયદાઓ દરેક રાજ્યે કર્યા. તેને પડકારતી અરજીઓ થઈ. ફરીથી કલમ ૩૧માં સુધારો કર્યો અને સદ્‌ભાગ્યે સજ્જનસિંહના કેસમાં ફરીથી સુપ્રિમ કોર્ટે આ સુધારાઓ મંજૂર રાખ્યા. પહેલો અને ચોથો સુધારો થયો ત્યારે પણ હું લોકસભાનો સભ્ય હતો અને ખૂબ ચર્ચા પછી એ સુધારા થયા હતા. હવે આપણને કહેવામાં આવે છે કે આ બધા સુધારા ૧૯૫૧ થી થયા તે ગેરકાયદેસર હતા. પણ તે કાયદાઓ રદ કરવાની તો સુપ્રિમ કોર્ટની પણ હિંમત નથી. પણ હવે પછી કાયમને માટે એવી સત્તા નથી એવું જાહેર કર્યું.

આ બધી ભાંજગડ મિલકતને લગતા મૂળભૂત હકમાં કરેલ સુધારા અંગે જ છે. અને જે હક વિશે જસ્ટીસ હિદાયતુલ્લા એમ કહે છે કે બંધારણમાં એને સ્થાન જ મળવું નહોતું જોઈતું તેના જ રક્ષણ માટે જાણે આ બધો વિવાદ છે. વાણીસ્વાતંત્ર્ય, ધર્મસ્વાતંત્ર્ય, સમાનતા, અસ્પૃશ્યતાનાબૂદી, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો, આ બધા કોણ છીનવી લેવાનું છે? ૨૪ વર્ષમાં આટલી મોટી બહુમતી હતી તો પણ ન કર્યું તો કોઈ પક્ષ હવે કરી શકવાનો છે?

મૂળભૂત અધિકારો ન્યૂન કરવાની સત્તા પાર્લામેન્ટને શા માટે હોવી જોઈએ તેનો બીજો દાખલો આપું. ધાર્મિક માન્યતાઓને મૂળભૂત હક તરીકે રક્ષણ આપ્યું છે. મુંબઈ રાજ્યમાં એક કાયદો થયો હતો કે કોઈને જ્ઞાતિ બહાર મુકાય નહિ. વડા મુલ્લાજી સાહેબે કહ્યું કે જ્ઞાતિ બહાર મૂકવાનો તેમનો અધિકાર ધાર્મિક હક છે તેથી આ કાયદો તેમને બંધનકર્તા નથી. સુપ્રિમ કોર્ટે વડા મુલ્લાજીની તરફેણમાં ચુકાદો આપ્યો છે. અત્યારે તો આ પડ્યું છે પણ ધાર્મિક માન્યતાઓના હકના રક્ષણનો આવો જ અર્થ કરવામાં આવે તો તે હકને લગતી કલમમાં ફેરફાર કરવો પણ પડે. સુપ્રિમ કોર્ટે કરેલ અર્થ

હંમેશ સાચા જ હોય છે એમ નથી અથવા તો કાયદાની ભાષા અધૂરી કે અસ્પષ્ટ હોય, તો શું ફેરફાર ન કરવો?

પાર્લામેન્ટને આવી સત્તા હશે તો ભારે અનર્થ થશે એમ માની લઈ ગોલકનાથના કેસમાં બહુમતી જજમેન્ટમાં બંધારણનો ખોટો અર્થ થયો, તે કારણે પરસ્પરવિરોધી એવું જજમેન્ટ લખાયું અને એક નાજુક પરિસ્થિતિ ઊભી થઈ. એડવોકેટ જનરલ સીરવાઈએ સાચું કહ્યું છે:

"It is submitted that the majority Judgement is clearly wrong, is productive of the greatest public mischief and should be over-ruled at the earliest opportunity."

નાથપાઈનું બિલ કાંઈ નવું કરતું નથી. માત્ર પૂર્વવત્ સ્થિતિનું સ્પષ્ટીકરણ કરે છે અને પાર્લામેન્ટની સત્તાનું પુનરુચ્ચારણ કરે છે. નાથપાઈના બિલમાં જોઈન્ટ સિલેક્ટ કમિટીએ ફેરફાર કર્યા છે તે પણ જરૂરના નથી. તે બિલ પાસ થવાથી બધા મૂળભૂત અધિકારો રદ્ થઈ જવાના છે એવો કોઈ ભય નથી. નાથપાઈનું બિલ જે રીતે પૂર્વવત્ સ્થિતિ કાયમ કરવાનો પ્રયત્ન કરે છે તે માર્ગ પણ બંધ કરવાનો જસ્ટીસ હિદાયતુલ્લાએ નિર્દેશ કર્યો છે. તેમણે કહ્યું છે:

"It may be said that this is not necessary (to call a Constituent Assembly) because article 368 can be amended by Parliament to confer constituent powers over the fundamental Rights. This would be wrong and against art. 13 (2). Parliament cannot increase its powers in this way and do indirectly which it is intended not to do directly."

આ વિશે લોકોમાં ઓછી સમજણ હોય તે સ્વાભાવિક છે. આ વિષયનો અભ્યાસ કર્યા પછી મારા મનને કોઈ સંદેહ નથી કે ગોલકનાથના કેસનું બહુમતી જજમેન્ટ પ્રજાહિતને ભારે અનર્થકારી છે અને પરિસ્થિતિ જેટલી વહેલી સુધારી લેવાય તેમાં દેશનું અને પ્રજાનું કલ્યાણ છે.

૯–૩–'૬૯

# ૩૦

# અનામત બેઠકો--બંધારણની જોગવાઈ

આપણા બંધારણના સિદ્ધાંતોમાં પાયાના બે સિદ્ધાંતો છે. દરેક નાગરિકને (૧) સમાનતા–સામાજિક પ્રતિષ્ઠા અને વિકાસ માટેની તકની – Equality of status and opportunity; અને (૨) ન્યાય : સામાજિક, આર્થિક અને રાજકીય – Justice : Social, Economic and Political પ્રાપ્ત થવાં જોઈએ. આ બન્ને સિદ્ધાંતોનો અમલ કરવામાં સમતુલા જાળવવી પડે છે. અસમાન વ્યક્તિઓ અથવા વર્ગો વચ્ચે સાચી સમાનતા લાવવી હોય, એટલે ન્યાય કરવો હોય, તો સબળની સામે નિર્બળને રક્ષણ આપવું પડે. એવું રક્ષણ ન આપીએ અને બન્ને સમાન છે એમ માની લઈએ તો સબળ વધારે સબળ થાય અને નિર્બળ વધારે નિર્બળ થાય. આવા રક્ષણનો હેતુ નિર્બળને સબળ બનાવવાનો છે. નિર્બળને આવું રક્ષણ અપાય તેમાં, દેખીતી રીતે, સબળને અન્યાય થતા હોય તેમ લાગે અને અસમાનતાનો બચાવ, સમાનતાને નામે કરવામાં આવે. રાજ્યે બધાં નાગરિકો સાથે સમાન ભાવે વર્તવું તેનો અર્થ એટલો જ નથી કે નવી અસમાનતા પેદા ન કરવી અને યથાવત્ સ્થિતિ ચાલુ રાખવી. પણ વર્તમાન અસમાનતાને દૂર કરવા સક્રિય પગલાં લેવાની ફરજ તેમાં સમાવિષ્ટ છે.

The state has an affirmative duty to make compensatory legislation to put two really unequal persons on a footing of equality.

કારખાનાના માલિક અને મજૂર વચ્ચે સમાનતા છે એમ માની લઈ મજૂરને કોઈ રક્ષણ આપવામાં ન આવે તો તેનું શોષણ જ થાય. તેઓ બાર કલાક મજૂરી કરાવે કે પેટપૂરતું વેતન ન આપે. કામના કલાક બાંધી આપવા અથવા લઘુતમ વેતન નક્કી કરવું, એ ન્યાય માટે આવશ્યક છે. વિદેશી માલ સામે દેશના ઉદ્યોગને રક્ષણ આપવા ભારે જકાત નાખવી પડે. મોટા ઉદ્યોગને રક્ષણ આપવું પડે. આવા ઘણા દાખલા છે. સ્વતંત્રતા મળી ત્યારે આપણા દેશની પરિસ્થિતિ એવી હતી કે પ્રજાનો મોટો વર્ગ પછાત, ગરીબ, સદીઓથી

કચડાયેલ હતા. ઐતિહાસિક સંજોગો, જ્ઞાતિપ્રથા, પરતંત્રતા વગેરે અનેક કારણોએ મોટા ભાગની પ્રજા પીડિત હતી. આવા વર્ગોને ઊંચે લાવવા ખાસ રક્ષણ આપવાની જરૂર હતી તેથી બંધારણમાં એવી જોગવાઈ કરવામાં આવી છે. સમાનતાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે. સાથે ન્યાય કરવા, અપવાદો મૂક્યા છે.

ત્રણ વર્ગોને મુખ્યત્વે આવા રક્ષણના અધિકારી ગણ્યા છે : અનુસૂચિત જાતિઓ (Scheduled Castes), અનુસૂચિત જનજાતિઓ (Scheduled Tribes) (મુખ્યત્વે આદિવાસીઓ), અને પછાત વર્ગો (Backward Classes).

આ ત્રણે વર્ગોને શિક્ષણ અને સરકારી નોકરીમાં રક્ષણ આપવા, રાજ્યને સત્તા આપી છે. આને માટે કોઈ સમયમર્યાદા બાંધી નથી. અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓને લોકસભા અને ધારાસભાઓમાં અનામત બેઠકો પણ આપી છે. શરૂઆતમાં આની મુદત ૧૦ વર્ષની હતી. તે વધારી ૨૦ વર્ષની કરી, ૩૦ વર્ષની કરી અને જાન્યુઆરી ૧૯૮૦માં ૪૦ વર્ષની, એટલે કે જાન્યુઆરી ૧૯૯૦ સુધીની કરી છે.

આ સંબંધે બંધારણની કેટલીક જોગવાઈ જોઈએ.

કલમ ૧૫ (૧):

The state shall not discriminate against any citizen on grounds only of religion, race, sex, place of birth or any of them.

કલમ ૧૬ (૨):

There shall be equality of opportunity for all citizens in matters relating to employment or appointment of any office under the state.

કલમ ૨૯ (૨):

No citizen shall be denied admission into any educational institution maintained by state or receiving aid out of state funds on ground only of religion, race, caste, language or any of them.

શિક્ષણસંસ્થાઓમાં અને સરકારી નોકરીમાં, આ થયો સમાનતાનો સિદ્ધાંત.

હવે અપવાદો :

કલમ ૧૫ (૩) (૪) :

(3) Nothing in this article shall prevent the state from making any special provision for women and children.

(4) Nothing in this article or in clause (2) of article 29 shall prevent the state from making any special provision for the advancement of any socially or educationally bakward classes of citizens or for scheduled castes and the scheduled tribes.

કલમ ૧૬(૪) :

Nothing in this article shall prevent the state from making any provision for the reservation of appointments or posts in favour of any backward class of citizens which, in the opinion of the state, is not adequately represented in the services under the state.

કલમ ૪૬ :

The state shall promote with special care the educational and economic interests of the weaker sections of the people and, in particular, of the scheduled castes and scheduled tribes and shall protect them from social injustice and all forms of exploitation.

કલમ ૩૩૫ :

The claims of the members of the scheduled castes and the scheduled tribes shall be taken into consideration, consistently with the maintenance of efficiency

of administration in the making of appointments of services and posts in conneciton with the affairs of the union or of a state.

બંધારણની આ જોગવાઈઓ અનેક મહત્ત્વના મુદ્દાઓ ઉપસ્થિત કરે છે:

(૧) અનુસૂચિત જાતિ અને જનજાતિ કોને કહેવી ?.

(૨) પછાત વર્ગ કોને કહેવો ? પછાત એટલે શું ? વર્ગ એટલે શું ?

(૩) આ બધાંને રક્ષણ આપવા, વિશેષાધિકાર કેવી રીતે આપવો, કેવા પ્રકારનો, કેટલી હદ સુધી, કેટલા સમય સુધી ?

(૪) બીજા વર્ગોને અન્યાય ન થાય, ગુણવત્તા અથવા કાર્યક્ષમતાને આંચ ન આવે, છતાં પછાત વર્ગોને રક્ષણ મળે તેનો સુમેળ કેમ થાય ?

અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓનો નિર્ણય બંધારણ મુજબ રાષ્ટ્રપતિએ કરવાનો છે. બંધારણની શરૂઆત થઈ પછી તુરત રાષ્ટ્રપતિએ આ નિર્ણય જાહેર કર્યો છે. તેમાં પાર્લામેન્ટ સુધારોવધારો કરી શકે પણ અન્યથા તે અંતિમ છે. આમાં મુખ્યત્વે અતિ પછાત જાતિઓ અને આદિવાસીઓનો સમાવેશ થાય છે.

પછાત વર્ગની કોઈ વ્યાખ્યા કે તે નક્કી કરવાનું ધોરણ બંધારણમાં આપ્યું નથી. દરેક રાજ્યે પોતાના રાજ્યની પ્રજાની સ્થિતિ અનુસાર નક્કી કરવાનું છે. કોઈ રાજ્યમાં વધારે હોય તો કોઈમાં ઓછા, કોઈમાં એક વર્ગ પછાત હોય તો કોઈમાં બીજો. આ નક્કી કરવાનું કામ અતિ વિકટ રહ્યું છે.

રક્ષણ કેટલું આપવું, કેટલી હદે, કેટલા સમય માટે, તેનો નિર્દેશ બંધારણમાં નથી.

પછાતપણું એટલે માત્ર ગરીબાઈ કે આર્થિક પછાતપણું નહિ, પણ સામાજિક અને શિક્ષણના પછાતપણા – socially and educationally backwardness – ઉપર ભાર છે. સામાજિક રીતે અને શિક્ષણમાં પછાત હોય તે મોટે ભાગે ગરીબ હોય છે. પણ એ અસંભવ નથી કે સામાજિક રીતે અને શિક્ષણમાં પછાત હોય છતાં ગરીબ ન હોય. અન્યથા ગરીબ હોય છતાં સામાજિક રીતે અને શિક્ષણમાં પછાત ન હોય. સામાજિક રીતે પછાત એટલે શું ? સમાજમાં તેની પ્રતિષ્ઠા ન હોય, નીચા ગણાતા હોય, તેના વ્યવસાયને કારણે, રહેઠાણને કારણે અથવા અન્યથા. ગરીબાઈને જ પછાતપણાનું ધોરણ સ્વીકારીએ

તો મોટી બહુમતી પ્રજા ગરીબ છે. ધ્યેય છે equality of status and opportunity નો, economic equality નો નહિ. અલબત્ત, સામાજિક અને શિક્ષણનું પછાતપણું જાય તો આર્થિક સ્થિતિ સુધરે, પણ સામાજિક રીતે અને શિક્ષણમાં સામાન્ય રીતે પછાત ન હોય એવા મધ્યમ વર્ગની આર્થિક સ્થિતિ આપોઆપ સુધરતી નથી.

આવું રક્ષણ આપ્યા પછી તે કાયમનું થઈ જાય તેવો સંભવ છે.

Backwardness has a tendency to perpetuate itself and it becomes a vested interest.

એક વર્ગને પછાત ગણીએ તો તેનાં બધાં માણસો ગરીબ હોય તેમ નથી. પાંચ ટકા સુખી પણ હોય. રક્ષણનો લાભ આ પાંચ ટકા લઈ જાય. બીજા એમ જ રહી જાય.

આવું રક્ષણ ધીમે ધીમે ઓછું થવું જોઈએ. ઓછું કરવા જતાં વિરોધ અને સંઘર્ષ થાય.

માન્યતા એમ હતી કે ૨૦/૩૦ વર્ષના ગાળા પછી આવા રક્ષણની જરૂર નહિ રહે. આ માન્યતા ખોટી પડી છે.

લોકસભા અને વિધાનસભાની અનામત બેઠકો ૧૦ વર્ષ આપી હતી. તેનાં ૨૦, ૩૦ અને હવે ૪૦ વર્ષ થયાં. તેને રદ કરવી મુશ્કેલ છે, પણ તેનો લાભ તે વર્ગોના ૫–૧૦ ટકાને જ મળે છે.

જગજીવનરામ, પહાડિયા, અંજૈયાહ, મકવાણા, તેમને અને તેમનાં સંતાનોને પછાત શા માટે ગણવાં ?

છતાં તેમના વર્ગના ૯૦/૯૫ ટકા પછાત છે જ. આ પ્રશ્ન કેટલો જટિલ છે તે બતાવવા પૂરતું આટલું લખ્યું છે. તેનાં ઘણાં પાસાં છે, આંટીઘૂંટી છે. પરિણામે ઘણા કેસ થયા છે. સુપ્રિમ કોર્ટના ઘણા ચુકાદાઓ છે અને તે બધા સુસંગત જ છે તેમ નથી.

અહીં બે દાખલા આપીશ : એક શિક્ષણનો અને બીજો સરકારી નોકરીનો.

જુલાઈ ૧૯૫૮માં કર્ણાટક સરકારે હુકમ બહાર પાડયો કે બ્રાહ્મણો સિવાય બધી કોમોને પછાત ગણવામાં આવશે અને તેમને માટે શિક્ષણસંસ્થાઓમાં ૭૫ ટકા બેઠકો અનામત રાખી. તેમાં અનુસૂચિત જાતિઓ માટે ૧૫ ટકા,

અનુસૂચિત જનજાતિ માટે ૩ ટકા અને ૫૭ ટકા બીજાઓ માટે. આ હુકમને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો. હાઈકોર્ટે તેને બિનબંધારણીય ગણી રદ કર્યો.

મે–જૂન ૧૯૫૯માં બીજો હુકમ બહાર પાડ્યો. તેમાં બ્રાહ્મણ, વાણિયા અને કાયસ્થ સિવાયના બધા હિન્દુઓ, બધા મુસલમાનો, ખ્રિસ્તીઓ અને જૈનોને પછાત વર્ગના ગણ્યા અને ૬૫ ટકા અનામત બેઠકો રાખી. આ હુકમ પણ હાઈકોર્ટે રદ કર્યો.

પછી પછાત વર્ગ કોને ગણવા તેની ભલામણ કરવા કમિટી નીમી. કમિટીએ એક કામચલાઉ રિપોર્ટ આપ્યો. આ ભલામણ મુજબ ૧૯૬૦માં ત્રીજો હુકમ કર્યો, જેમાં ૪૦ ટકા પછાત વર્ગો માટે અને ૬૦ ટકા ગુણવત્તાના ધોરણે, પણ અનામત ઉપરાંત ગુણવત્તાના ધોરણમાં હરીફાઈ કરવાની છૂટ આપી. વળી પછાત વર્ગો, જ્ઞાતિ–caste–નાં ધોરણે નક્કી કર્યા હતા. આ હુકમ પણ હાઈકોર્ટે રદ કર્યો.

કમિટીનો છેવટનો રિપોર્ટ આવ્યો તે મુજબ જૂન, ૧૯૬૧ માં ચોથો હુકમ બહાર પડાયો. છેવટના રિપોર્ટમાં પણ પછાત વર્ગો જ્ઞાતિના ધોરણે નક્કી કર્યા અને ૪૮ ટકા અનામત બેઠકો આપી. શિક્ષણમાં પછાતપણું નક્કી કરવા એમ ઠરાવ્યું કે રાજ્યમાં શિક્ષણનું સામાન્ય ધોરણ દર એક હજારે ૬.૯ છે તો તેથી ઓછું શિક્ષણ જે કોમમાં હોય તેને પછાત ગણવી. ૬.૯ હોય તો પછાત, ૭ હોય તો નહિ. દરેક કોમમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે તે નક્કી કરવું અત્યંત મુશ્કેલ છે. લિંગાયતમાં શિક્ષણનું ધોરણ ૭.૧ ટકા હતું, તેથી કમિટીએ લિંગાયતને પછાત ન ગણ્યા. પણ રાજ્ય સરકારને આ ફાવ્યું નહિ એટલે નવી ફોર્મ્યુલા કરી લિંગાયતને પછાત ગણ્યા. અનામત બેઠકો ૪૮ ટકા રાખી. વળી એક નવી રીત કાઢી. પછાત અને વધુ પછાત એવા બે વર્ગો કર્યા. તે પ્રમાણે ૮૧ વર્ગ પછાત ગણ્યા અને ૧૩૧ વધારે પછાત.

આ બધા હુકમોમાં મેડિકલ, એન્જિનિયરિંગ અને ટેક્નિકલ કોલેજોમાં વિદ્યાર્થીઓને દાખલ કરવાનો પ્રશ્ન હતો. આ ચારે હુકમમાં અને પછી પાંચમો કાઢ્યો તેમાં પણ અનુસૂચિત જાતિઓ માટે ૧૫ અને જનજાતિઓ માટે ૩ ટકા કાયમ રહ્યા છે. તેમજ અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ કોને ગણવી તે વિશે પણ તકરાર ન હતી. બધામાં તકરાર હતી પછાત વર્ગ કોને ગણવો અને તેમને કેટલા ટકા અનામત બેઠકો આપવી તેની.

જુલાઈ, ૧૯૬૨માં પાંચમો હુકમ બહાર પાડયો. તેને પણ પડકારવામાં આવ્યો. મામલો છેક સુપ્રિમ કોર્ટ સુધી ગયો. સુપ્રિમ કોર્ટે આ પાંચમા હુકમને પણ રદ કર્યો. સુપ્રિમ કોર્ટનો આ ચુકાદો આધારભૂત ગણાય છે, જેમાં પછાત કોને કહેવા, વર્ગ કોને કહેવો, કેટલા ટકા અનામત આપવી વગેરે મુદ્દાઓની વિગતથી છણાવટ કરી છે. તે લખું તે પહેલાં પાંચમો હુકમ શું છે તે જણાવું. પછાત અને વધારે પછાત એવા વર્ગો કાયમ રાખ્યા. અનામત બેઠકો ૬૮ ટકા રાખી, જેમાં ૧૮ ટકા અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે રહી. સોરવાઈ લખે છે:

"The questions thus raised were of extreme importance for they involved the two fundamental rights – under articles 15 (1) and 29 (2) on the one hand and promotion of the educational and economic interests of the weaker sections of the people. There was also the national interest which must suffer if qualified and competent students were unreasonably excluded from higher university education."

સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું: (૧) પછાત વર્ગોનું પછાતપણું અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ જેટલું હોવું જોઈએ. (૨) પછાતપણાના વર્ગો પાડી ન શકાય; તો ઘણા સ્તર થઈ જાય. (૩) પછાતપણું સામાજિક અને શિક્ષણનું બંને પ્રકારનું હોવું જોઈએ. (૪) પછાત વર્ગ જ્ઞાતિના ધોરણે નક્કી ન થાય, class is not caste. જ્ઞાતિ ધ્યાનમાં લેવાય પણ તે જ ધોરણ ન હોય. (૫) પછાતપણા માટે એ વર્ગનો વ્યવસાય પણ લક્ષમાં લેવાય. જેમ કે ઢેડ, ચમાર, ભંગી, ઘાંચી, મોચી, વગેરે. (૬) શિક્ષણના પછાતપણા માટે ૬.૯ ટકાનું ધોરણ વ્યાજબી નથી. પાંચ ટકાથી ઓછું ધોરણ હોવું જોઈએ. (૭) ૬૮ ટકા અનામત ઘણી વધારે છે. ૫૦ ટકાથી વધારે ન જોઈએ. આ બધાં કારણે પાંચમો ઑર્ડર પણ રદ કર્યો. સુપ્રિમ કોર્ટે કહ્યું કે પછાત વર્ગની પ્રગતિ થાય તે રાષ્ટ્રના હિતમાં છે, પણ બીજા વર્ગના હિતની અવગણનાથી રાષ્ટ્રનાં હિતો જોખમાય છે. વળી શિક્ષણનું ધોરણ નીચે ઊતરવા દેવું ન જોઈએ. આ બધાં દૃષ્ટિબિંદુનો સમન્વય સહેલો નથી. આ કેવી રીતે કરવું તે કોર્ટે બતાવ્યું નથી. કોર્ટે કહ્યું, તે અમારું કામ નથી, રાજ્યનું કામ છે.

આમ, ૧૯૫૮થી ૧૯૬૩ સુધી વાત અધ્ધર રહી. પછી શું થયું તેની મને ખબર નથી.

આવા અનેક કેસ દરેક રાજ્યમાંથી થયા છે. હવે બીજો દાખલો નોકરીનો લઈએ. જમ્મુ-કાશ્મીર રાજ્યના શિક્ષકોનો પ્રશ્ન હતો. આ રાજ્યમાં કાશ્મીરી પંડિતોની વસ્તી બે ટકા છે, પણ તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું વધારે હોવાથી શિક્ષકો તરીકે અને અન્ય સરકારી નોકરીઓમાં તેમનું પ્રમાણ ઘણું વધારે હતું. ૧૯૫૬માં રાજ્યે નોકરીના નિયમો ઘડચા. નિયમોમાં ગુણવત્તાનુ ધોરણ હતું પણ તેના અમલમાં ૫૦ ટકા મુસલમાનો, ૪૦ ટકા પછાત હિન્દુઓ અને ૧૦ ટકામાં શીખ, કાશ્મીરી પંડિત વગેરે. સુપ્રિમ કોર્ટમાં કેસ થયો. ૧૯૬૮માં ચુકાદો આવ્યો. નિયમો રદ કર્યા. ૮૧ શિક્ષકો જેમને પ્રમોશન આપ્યું હતું તેમને પાછા ધકેલ્યા. પણ તેમ કરતાં, રાજ્યે છટકબારી શોધી અને યથાવત્ સ્થિતિ રાખી, એટલે બીજો કેસ થયો. તેમાં ૨૪૯ શિક્ષકોનો પ્રશ્ન હતો. તેમને બઢતી આપી હતી તે બિનબંધારણીય અને ગેરકાયદેસર ઠરી. આ ચુકાદો ૧૯૭૨માં આવ્યો. પછી શિક્ષકોની ગુણવત્તાના ધોરણે પસંદગી કરવા રાજ્યે ૧૧૦૦ શિક્ષકોના ઇન્ટરવ્યુ ગોઠવ્યા. આવી કહેવાતી પસંદગી સામે કેસ થયો. ૨૪૫ શિક્ષકોનો પ્રશ્ન હતો. ૪૦૦ શિક્ષકો વતી કેસ થયો હતો. અરજદારોએ પુરવાર કર્યું કે આ ઇન્ટરવ્યુ અને પસંદગી ફારસ હતાં. કોર્ટે કહ્યું :

"The whole process of selection is wrong and unsatisfactory and needs to be set aside."

પછાત વર્ગ કેવી રીતે નક્કી કરવા તેની કોર્ટે ચર્ચા કરી છે. પરંપરાગત વ્યવસાયનાં ધોરણો નક્કી કરવાનો પ્રયત્ન કેટલો બેહુદો હતો તે બતાવ્યું છે. પરંપરાગત વ્યવસાય કોને કહેવો ? કમિટીએ આપેલ કેટલાક દાખલા આ પ્રમાણે છે :

(1) Bearer, boy, waiter, (2) book-binders, (3) grass sellers, (4) old garment–sellers, (5) tonga drivers વગેરે. કોર્ટે કહ્યું, આ બરાબર નથી. તેમાં કાંઈ પરંપરાગત નથી.

We think there must be a proper revision of traditional occupations.

આ ચુકાદો ૧૯૭૩માં આવ્યો. આ ૮ વર્ષ મામલો કોર્ટે રહ્યો. પરિણામે કોર્ટે કહ્યું છે :

"The net result of it has been to deprive schools of their headmasters — considerable damage must have been done to overall discipline in the schools."

શિક્ષણસંસ્થામાં પ્રવેશ કરતાંય સરકારી નોકરી અંગે વધારે કેસો થયા છે. પ્રોમોશન, સિનિયોરિટી, સિલેક્શન એવા અનેક મુદ્દાઓ ઉપસ્થિત થયા છે. રાજ્યોએ આડેધડ નિયમો કર્યે રાખ્યા છે. કેટલાક રદ કર્યા છે. પરિણામે બઢતી આપી હોય તેવાને નીચે ઉતાર્યા છે, કોઈને ઊંચે ચડાવ્યા છે.

આ બે દાખલાઓ સમગ્ર પ્રશ્નની જટિલતા અને બંધારણીય જોગવાઈના અમલની મુશ્કેલીઓ બતાવે છે. સમગ્ર પ્રશ્ન તલસ્પર્શી પુનર્વિચારણા માગે છે. એક વખત પછાત એટલે સદા પછાત એમ નથી, હોવું ન જોઈએ. આ પ્રશ્ન ઘણો અભ્યાસ માગે છે. પણ હવે આંખમીંચામણાં થાય તેમ નથી. કેટલાંય કમિશનો અને કમિટીઓ નિમાયાં. તેમની ભલામણોએ વધારે ગૂંચવણો પેદા કરી છે. ગુજરાતમાં બક્ષી કમિટી નીમી હતી. તેણે દાટ વાળ્યો છે.

હાલમાં મારાં મંતવ્યો આ પ્રમાણે છે:

(૧) આ ત્રીસ વર્ષમાં આપણે પછાત વર્ગો (આ શબ્દમાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓનો સમાવેશ કરું છું) ની નોંધપાત્ર પ્રગતિ કરી શક્યા નથી. સામાજિક રીતે શિક્ષણમાં અને આર્થિક રીતે લગભગ હતાં ત્યાં જ છે. સવર્ણોનું માનસિક વલણ પછાત વર્ગો પ્રત્યેનું હજી એવું જ રહ્યું છે: ઘૃણા, તિરસ્કાર અને બળજબરીનું. અંતમાં પ્રશ્ન છે સમગ્ર પ્રજાના માનસિક પરિવર્તનનો.

(૨) દેશની વસ્તી વધીને ૬૮ કરોડની થઈ છે. પછાત વર્ગો વધ્યા છે. મધ્યમ વર્ગની, ખાસ કરી નીચલા થરનાની પણ એ જ હાલત છે.

(૩) પછાત વર્ગોમાં જાગૃતિ આવી છે, પણ ગરીબાઈ અને શોષણને કારણે તેઓ નિર્બળ છે.

(૪) શિક્ષણ અને નોકરીની માંગ ખૂબ વધી છે. શિક્ષણસંસ્થાએ અને સરકારી નોકરીની મર્યાદા છે, માંગ ઘણી વધારે છે. પછાત વર્ગોની માંગ વધે અને તેમને અનામત બેઠકો મળે તે કારણે, મધ્યમ વર્ગ વધારે વંચિત રહે છે. સરકારી નોકરી વ્યાપક અર્થમાં લેવાય છે: પંચાયતથી માંડી

સચિવાલય સુધી, રાષ્ટ્રીય બેન્કો, વીમા કંપની, શાળાઓ, સરકારી, પબ્લિક કંપનીઓ વગેરે.

(૫) પછાત વર્ગો શિક્ષણનો એટલો લાભ લેતા નથી. આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે, તેમના કુટુંબનો દરેક સભ્ય મજૂરી કરે તે છોડવી પોસાય તેમ નથી. શિક્ષણ લીધા પછી નોકરી મળતી નથી અને પોતાનો વ્યવસાય કરવો નથી. ગામડાં છોડી આ લોકો શહેરમાં જાય છે.

(૬) અનામતને બધા સ્તરે વ્યાપક બનાવવાથી શિક્ષણનું ધોરણ ઊતરે છે અને કાર્યક્ષમતા ઘટે છે.

(૭) વર્તમાન અનામતપ્રથાથી પછાત વર્ગના ૫-૧૦ ટકાને લાભ થયો છે, બીજા હતા ત્યાં જ રહ્યા છે.

(૮) વર્તમાન પ્રથામાં ઘણી વિકૃતિઓ અને અતિશયતા છે, જેને કારણે ઘણાં અનિષ્ટો પેદા થયાં છે.

(૯) હરિજન શબ્દનો બંધારણમાં ક્યાંય ઉલ્લેખ નથી. હરિજનોનો સમાવેશ અનુસૂચિત જાતિઓ અથવા પછાત વર્ગોમાં થાય છે, પણ વાતાવરણ એવું સર્જાયું છે કે જાણે માત્ર હરિજનો જ પછાત વર્ગ છે અને આંદોલન હરિજનો સામે જ છે.

આ બધાં કારણે વર્તમાન અનામતપ્રથામાં મૂળભૂત ફેરફાર કરવાની જરૂર છે :

(૧) પછાત વર્ગો ઓછામાં ઓછા રાખવા. પછાતવર્ગ ગણવા માટે, પછાતપણું અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ જેટલું હોવું જોઈએ. ગણવા જઈએ તો પ્રજાના ૭૦-૭૫ ટકાને પછાત ગણી શકાય. આ હેતુ નથી.

(૨) શિક્ષણસંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં અનામત બેઠકો રાખવી તે સાથે બીજા ઉપાયો યોજવા જોઈએ : શિક્ષણસંસ્થાઓ વધારવી, આર્થિક સહાય આપવી, રહેવાની સગવડ ઊભી કરવી વગેરે.

(૩) શિક્ષણસંસ્થામાં પ્રવેશ માટે અને નોકરીમાં દાખલ થવા પૂરતું જ અનામત રહે. પછી ગુણવત્તાનું ધોરણ રાખવું.

(૪) અનુસ્નાતક શિક્ષણમાં અનામત ન હોય.

(૫) નોકરીમાં નીચલા વર્ગો-ક્લાસ ૩ અને ૪ માં પ્રવેશ મળે. પ્રોમોશન, સિલેક્શન, પહેલા-બીજા ક્લાસમાં નોકરી વગેરે ગુણવત્તાના ધોરણે રહે.

(૬) પછાત વર્ગો માટેનું શિક્ષણ વ્યવસાયલક્ષી કરવું. તેમાંના ઉચ્ચ શિક્ષણ લેવાને લાયક પ્રમાણમાં બહુ જ ઓછા હોય. ખરેખર તેજસ્વી વિદ્યાર્થીઓ હોય તેમને જ ઉચ્ચ શિક્ષણની તક આપવી.

(૭) અનામત બેઠકોની સમયમર્યાદા નક્કી કરવી જોઈએ.

(૮) અંતે સમગ્ર રાષ્ટ્રનું હિત લક્ષમાં રાખવાનું છે, કોઈ એક વર્ગનું નહિ. અનામત કાયમ ન હોય. પછાતપણું તો રહેવાનું જ છે. તે દૂર કરવાના બીજા ઉપાયો યોજવા જોઈએ.

આવા ફેરફાર કરવામાં વિરોધ થશે. અત્યારે જે વધારે પડતું થઈ ગયું છે તેને વાજબી ધોરણે મૂકતાં દૃઢતાથી કામ લેવું પડશે. રાજકીય હેતુ, ચૂંટણી વગેરેથી પર થવું પડશે.

દરેક રાજ્ય તાત્કાલિક પગલાં લઈ, અતિશયતા અને anomalies હોય તે તુરત દૂર કરી શકે છે. રાષ્ટ્રીય ધોરણે વિચારી, રાષ્ટ્રીય નીતિ નક્કી થાય. તે આવશ્યક છે.

૨૩–૩–'૮૧

## માનવ સંબંધો

ભારતીય વિચારધારામાં એક વિચારપ્રવાહ એવો છે કે બધાય સંબંધો મિથ્યા છે—જૂઠા છે. કોઈ કોઈનું સગું નથી. એકલાં આવ્યાં છીએ અને એકલાં જવાનું છે. સદ્‌ભાગ્યે માણસને આ ઉપદેશની બહુ અસર થતી નથી. કોઈ પ્રસંગને અનુલક્ષીને ક્ષણિક વૈરાગ્ય આવે એ જુદી વાત છે. એ વાત ખરી છે કે આ બધા સંબંધો અનિત્ય છે, એટલે કે એક દિવસ એનો અંત આવવાનો છે. પણ તે કારણે આવા સંબંધો જૂઠા અથવા મિથ્યા નથી, એ જ માનવજીવન છે. એનો અર્થ એટલો જ છે કે એમાં આસક્તિ ન કેળવવી. પણ માણસના જીવનની કૃતાર્થતા માત્ર માનવ સાથે જ નહિ પણ સમસ્ત પ્રાણી-સૃષ્ટિ સાથે તાદાત્મ્ય સાધવામાં છે. જે માણસ ખોટા વિચારોથી અથવા સ્વાર્થથી સંકુચિત મન રાખી, આવી જંજાળથી દૂર રહેવું એમ માને છે એનું જીવન ઝાડના સૂકા ઠૂંઠા જેવું છે. અલબત્ત, સ્વાર્થના સંબંધો કેટલીયે વખત દુઃખમય નીવડે છે. પરમાર્થના સંબંધો પણ કષ્ટમય હોય છે, એટલે કે પારમાર્થિક કાર્યો કરવામાં પણ કષ્ટ વેઠવું પડે છે, પણ એ કષ્ટ જ જીવનનો આનંદ છે. માણસ પોતાના સંબંધો કેમ, કેટલા વિસ્તારી શકશે તે એની શક્તિ અને પરિસ્થિતિ પર આધાર રાખે છે.

કહ્યું છે કે આ જીવનના રહસ્યનો તાગ પામી શકાતો નથી, પણ એ અનુભવ-સિદ્ધ હકીકત છે કે સક્રિય પ્રેમ અને કરુણા સિવાય જીવનમાં બીજો આનંદ નથી. જ્યાં આપણાંથી કંઈ ન થઈ શકે ત્યાં પણ આપણું અંતર દ્રવે અને થઈ શકે એટલું, કંઈક કરવાની ભાવના રહે. પણ મોટી વાતો છોડી દઈએ તો પણ આપણી આસપાસ, દૃષ્ટિ ખુલ્લી હોય તો એટલું બધું કરવાનું છે કે, જે થાય છે એ ઓછું પડે છે.

૧૦–૧૧–'૮૨